BAOU
Education
for all

स्वाध्यायः परमं तपः

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

NAAC ACCREDITED A++ GRADE 3.55/4

## પ્રથમ વર્ષ સેમેસ્ટર - 1

## GL - AEC - 104

# ગુજરાતી ભાષા – સાહિત્ય - ભાગ – 1

**B.A. (Honours)**

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

# MGT-04
# માસ્ટર ઑફ આર્ટ્સ-ગુજરાતી

# GL - AEC - 104

## ભાષાસજ્જતા અને લેખનકૌશલ

| | |
|---|---|
| એકમ-1<br>લેખનની તાલીમ | 06 |
| એકમ-2<br>શબ્દવિષયક સજ્જતા | 10 |
| એકમ-3<br>વાક્યવિષયક સજ્જતા | 23 |
| એકમ-4<br>પરિચ્છેદ લેખનની તાલીમ અને શૈલીવિષયક સભાનતા | 30 |
| એકમ-5<br>પરિચ્છેદનું આકલન (કોમ્પ્રિહેન્શન) | 40 |
| એકમ-6<br>સંક્ષેપીકરણની તાલીમ | 47 |
| એકમ-7<br>વિચાર વિસ્તારની તાલીમ | 69 |
| એકમ-8<br>અહેવાલલેખનની તાલીમ | 77 |
| એકમ-9<br>નિબંધની તાલીમ | 89 |
| પરિશિષ્ટ | 133 |

## નિષ્ણાત સમિતિ


| | |
|---|---|
| **ડૉ.યોગેન્દ્ર વ્યાસ** | પૂર્વ અધ્યક્ષ,<br>ભાષા- સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી,<br>અમદાવાદ. |
| **ડૉ. અરવિંદ ભાંડારી** | પૂર્વ અધ્યક્ષ,<br>ભાષા-વિજ્ઞાન વિભાગ,<br>ભાષા-સાહિત્ય ભવન, ગુજરાતી યુનિવર્સિટી,<br>અમદાવાદ. |
| **ડૉ. ઉષા ઉપાધ્યાય** | અધ્યક્ષ,<br>ગુજરાતી વિભાગ,<br>મહાદેવ દેસાઈ સમાજ સેવા મહાવિદ્યાલય,<br>ગૂજરાત વિદ્યાપીઠ,<br>અમદાવાદ. |


## લેખક


| | |
|---|---|
| **ડૉ.યોગેન્દ્ર વ્યાસ** | પૂર્વ અધ્યક્ષ, ભાષાસાહિત્ય ભવન,<br>ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. |
| **શ્રી દશરથ જાદવ**<br>(સહ લેખક) | અધ્યાપક, ગુજરાતી વિભાગ<br>ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સટી,<br>અમદાવાદ |


## પરામર્શક (વિષય)


| | |
|---|---|
| **ડૉ. નીલોત્પલા ગાંધી** | અધ્યક્ષ,<br>ભાષાવિજ્ઞાન વિભાગ,<br>ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. |


## પરામર્શક (ભાષા)


| | |
|---|---|
| **પિંકી પંડ્યા** | અધ્યક્ષ,<br>ગુજરાતી વિભાગ,<br>એફ.ડી.આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, જમાલપુર,<br>અમદાવાદ. |


## સંયોજન સહાય


| | |
|---|---|
| *શ્રી સુરેન્દ્ર સી. શાહ* | કુલ સચિવ (ઈ/ચા)<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી<br>આર.સી. ટૅક્નિકલ કોલેજ, સોલા રોડ, અમદાવાદ-૬૦ |



**: પ્રકાશક :**

કુલસચિવ (ઈ./ચા), ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
આર.સી.ટેકનિકલ કોલેજ, સરખેજ-ગાંધીનગર હાઈવે, સોલા રોડ, અમદાવાદ-૬૧



© સર્વ હક સ્વાધીન આ પુસ્તિકાના લખાણ યા તેના કોઈ પણ ભાગને
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની લેખિત સંમતિ
વગર મિમિયોગ્રાફી દ્વારા યા અન્ય કોઈ પણ રીતે પુનઃ મુદ્રિત કરવાની મનાઈ છે

## આ એકમો વિશે

આમ તો અભ્યાસક્રમ મુજબ તમારે આ પેપરમાં 'નિબંધ' કેવી રીતે લખવો એની તાલીમ મેળવવાની છે. પરંતુ તમારામાંથી કેટલાંક વિદ્યાર્થીઓ સ્નાતક કક્ષાએ ગુજરાતી વિષય ભણ્યા વિના પણ સીધા અનુસ્નાતક કક્ષાએ ગુજરાતી વિષય ભણો છો. તેથી તમારે નિબંધ લખતા પહેલા કેવાં કેવાં લખાણોની તાલીમમાંથી પસાર થવું પડે અને કઈ કક્ષાની ભાષા સજ્જતા કેળવવી પડે તેનો સઘન પરિચય કરવો અત્યંત આવશ્યક છે. ઉપરાંત જે વિદ્યાર્થીઓ ગુજરાતી વિષય લઈને સ્નાતક થયાં છે અને આ ગુજરાતીના અનુસ્નાતક અભ્યાસક્રમમાં જોડાયાં છે તેમને પણ પોતે ભણ્યાં હોય તેવાં લેખનકૌશલનાં કેટલાંક પાસાંઓનો પુનઃપરિચય થાય અને એ રીતે પુનરાવર્તન થાય એ આવશ્યક ગણાય. આ દૃષ્ટિએ નિબંધ લેખનની શરૂઆત કરવા માટે તેની પૂર્વ તૈયારી રૂપે ભાષાની જે-જે બાબતોની સજ્જતા કેળવવી પડે તે બધી બાબતોનો આ પાઠ્યક્રમમાં સમાવેશ કર્યો છે.

ખાસ કરીને પુષ્કળ મહાવરા વિના ભાષા ઉપર પ્રભુત્વ આવવું મુશ્કેલ ગણાય. તમારે જે એસાઈનમેન્ટ તૈયાર કરીને મોકલવાનાં રહેશે એમાં આ પાઠ્યક્રમના બધા જ એકમો ઉપર તમારે ધ્યાન કેન્દ્રિત કરવાનું રહેશે. લેખનની સમગ્ર તાલીમના ભાગરૂપે શબ્દવિષયક સજ્જતા, વાક્ય વિષયક સજ્જતા, પરિચ્છેદ લેખનની તાલીમ અને શૈલીવિષયક સભાનતા, પરિચ્છેદનું આકલન, સંક્ષેપીકરણની તાલીમ, વિચાર વિસ્તારની તાલીમ અને અહેવાલ લેખનની તાલીમ આવશ્યક ગણાય. આ બધી તાલીમમાંથી સરસ રીતે અને પુષ્કળ મહાવરા સાથે તમે પસાર થાવ ત્યારે તમે પચાસ ગુણનો નિબંધ લખવા જેટલાં સજ્જ થઈ શકો. તમે સામાન્ય રીતે ત્રણસો-ચારસો શબ્દોનો નિબંધ લખવા ટેવાયેલાં હશો. એટલા નાના નિબંધ પણ મુદ્દાસર અને વ્યવસ્થિત કઈ રીતે લખી શકાય તે પણ તમારે શીખવું તો પડશે જ. પછી ક્રમશઃ પાંચસો, સાતસો, હજાર અને દોઢ-બે હજાર શબ્દોમાં નિબંધલેખન કરવું હોય તો કઈ રીતે થઈ શકે તેનો મહાવરો છેલ્લા એકમની મદદથી તમે કરી શકશો. આ મહાવરો જ તમને અંતિમ પરીક્ષામાં પચાસ ગુણ માટેનો લાંબો નિબંધ લખવા માટે સક્ષમ બનાવી શકશે. જેટલો મહાવરો વધુ કરશો એટલું તમારું નિબંધલેખન વધુ અસરકારક થશે. અંતે તો નિબંધ લેખન એ જ તમારી લેખનશક્તિની સૌથી મોટી કસોટી હોય છે તે ભૂલવું જોઈએ નહીં.

# પ્રકરણ : ૧ લેખનની તાલીમ

**એકમની રૂપરેખા**


૧.૦ હેતુઓ

૧.૧ પ્રસ્તાવના

૧.૨ લેખનની તાલીમ

૧.૩ ભાષાકીય કાર્યક્ષમતા

૧.૪ વર્ગશિક્ષણ

૧.૫ તૈયારી અને તાલીમ

૧.૬ તમારી પ્રગતિ ચકાસો


## ૧.૦ હેતુ

આ પ્રકરણ દ્વારા તમે લેખનની તાલીમનું મહત્ત્વ સમજી શકશો. લેખનની તાલીમ માટે ભાષાકીય કાર્યક્ષમતા જરૂરી છે તે સમજી શકશો. આ માટેનું વર્ગશિક્ષણ કેવું હોવું જોઈએ તે જાણી શકશો. આ માટેની તૈયારી અને તાલીમ હોવા જોઈએ તે જાણી શકશો.

## ૧.૧ પ્રસ્તાવના

આપણાં સ્નાતક યુવાનો પણ પોતાની પ્રથમ ભાષા અથવા માતૃભાષા ગુજરાતીમાં ઠીક કહી શકાય એવું લખી શકતાં નથી. એ માટે શિક્ષકોએ દર વરસે લગભગ સરેરાશ દોઢસોથી બસો કલાક ગુજરાતી અને ૬ વરસ સુધી ભણાવ્યું છે. તકલીફ એ છે કે ગુજરાતી નિમ્નકક્ષાએ કે ઉચ્ચકક્ષાએ ગમે તે રીતે ભણાવીએ તે પણ એક વિષય તરીકે ભણાવીએ છીએ. અવગમનના, અભિવ્યક્તિના સાધન તરીકે નહીં.

આ કારણે બને છે એમ કે ઇતિહાસ અને ભૂગોળની જેમ ગુજરાતી ભણતી વખતે પણ બાળકો માહિતી યાદ રાખવાનો પ્રયત્ન કરે છે. પરીક્ષામાં પણ એ માહિતી કેટલા પ્રમાણમાં યાદ છે તેની કસોટી કરી મૂલ્યાંકન કરવામાં આવે છે. ખરેખર તો ભૂગોળ અને ઇતિહાસ ભણતી વખતે પણ ગુજરાતી ભાષા ભણી શકાય - જો વિદ્યાર્થીને થોડો ભાષાસભાન બનાવી દેવામાં આવ્યો હોય તો.

એટલે ખરેખર તો વિદ્યાર્થીની ભાષાસજજતા કેળવવાનો પ્રયત્ન પ્રાથમિક શિક્ષણથી શરૂ થવો જોઈએ. પણ તે કક્ષાએ આપણે ભાષાજ્ઞાન અને અક્ષરજ્ઞાન વચ્ચે તફાવત કરતા નથી અને અક્ષરજ્ઞાન અથવા સાવ સ્થૂળ લેખન-વાચનની આવડતને ભાષાજ્ઞાન ગણીએ છીએ. આ કારણે દસમા ધોરણ સુધી સુવાચ્ય, સુરેખ, સુંદર હસ્તાક્ષર અને લેખન રૂઢિ વિષયક સજજતાને (એટલે કે બે શબ્દો વચ્ચે જગ્યા છોડવી, જોડણીની ચીવટ રાખવી, યોગ્ય વિરામ ચિહ્નો મૂકવાં) કેન્દ્રમાં રાખીએ છીએ.

આ બાબતનું મહત્ત્વ જરાય ઓછું નથી પણ આટલામાં ભાષાશિક્ષણ સમાપ્ત થતું નથી. આપણે જાણીએ છીએ કે બાળકનો શબ્દભંડોળ ક્રમશઃ સમૃદ્ધ થાય, વિવિધ સમાસો, રૂઢિપ્રયોગો, કહેવતો વાપરી શકે, અનેક પ્રકારની વાક્યરચનાઓ વાપરી શકે અને આ બધા દ્વારા યોગ્ય રીતે પરિચ્છેદો લખીને, દરેક પરિચ્છેદોને ક્રમબદ્ધ ગોઠવીને પોતાના વિચારો, ભાવો, અનુભવો, સંવેદનો અને વક્તવ્યને ક્રમબદ્ધ અને અસરકારક રીતે અભિવ્યક્ત કરી શકે ત્યારે ભાષાશિક્ષણ બરાબર થયું કહેવાય.

## ૧.૨ લેખનની તાલીમ

આ માટે આપણે બાળકોને નમૂનારૂપે ઉત્તમ સાહિત્યકારોની કવિતાઓ, વાર્તાઓ, નિબંધો, નાટકો વગેરે ભણાવીએ છીએ અને શબ્દભંડોળ, સમાસો, રૂઢિપ્રયોગો, કહેવતો, વાક્યપ્રકારો વગેરેનો વ્યાકરણમાં પરિચય કરાવીએ છીએ. આ બધાનો પરિચય થયો એટલે કે ભાષા વિશે જાણવું એ બાબતને ભાષાને જાણવી એમ માની લઈએ છીએ. ભાષા વિશે જાણવું અને ભાષાનો વપરાશ કરી જાણવો એ બંને જોડાયેલી છતાં તદ્દન સ્વતંત્ર અને અલગ બાબતો છે. ભાષાનો સતત સભાન વ્યૂહરચનાયુક્ત વપરાશ જ ભાષાસજજતા વધારી શકે. જેમ ક્રિકેટની રમતના નિયમોનું સંપૂર્ણજ્ઞાન ધરાવનાર સતત સભાન શિસ્તબદ્ધ

તાલીમ વિના સારું ક્રિકેટ રમી શકે નહીં તેવું જ ભાષાના વપરાશની તાલીમ વિના ભાષાનો અસરકારક વપરાશ શક્ય ન બને.

ન્યાય આપવા ખાતર કહેવું જોઈએ કે અભ્યાસક્રમમાં દરેક શ્રેણી દરમિયાન આ તાલીમ ગોઠવવાની ભલામણ કરવામાં આવી જ છે. કારણ કે અભ્યાસક્રમ ઘડનારા અને ભણાવનારા શિક્ષકોના મનમાં ભાષાસજ્જતા કેળવવાનો ખ્યાલ છે જ. અભ્યાસક્રમમાં સતત સૂચવવામાં આવે છે કે વિદ્યાર્થીની ભાષાસજ્જતા કેળવવાનો આશય છે. આ માટે નિબંધ, પત્ર, અહેવાલ, સંવાદ વગેરેની વિદ્યાર્થીઓની કક્ષા અનુસાર લેખનતાલીમ ગોઠવવાની ભલામણ છે. દરેક શ્રેણી દરમિયાન આખા વરસમાં પંદરથી વીસ કૃતિઓ-નિબંધ, પત્ર, અહેવાલ વગેરે પ્રકારોનો આધાર લઈ લખે એવી અપેક્ષા રખાઈ છે.

## ૧.૩ ભાષાકીય કાર્યક્ષમતા

એટલે 'ભાષાકીય કાર્યક્ષમતા' વધારવા અને તેને અસરકારક બનાવવા માતૃભાષાના અભ્યાસક્રમમાં વ્યાકરણ, લેખન અને પાઠ્યપુસ્તક (ગદ્ય-પદ્ય-સંગ્રહ) એ ત્રણે બાબતોની સમતુલા જાળવવાનો આગ્રહ રખાયો છે, પણ વાસ્તવમાં શિક્ષકો પોતે જ પરીક્ષકો હોવાને કારણે અને તૈયાર સામગ્રી વર્ગમાં પીરસવાની ટેવવાળા હોવાને કારણે ગદ્ય-પદ્ય સંગ્રહના શિક્ષણને જ ભાષાશિક્ષણના કેન્દ્રમાં મૂકે છે. સ્મૃતિ આધારિત પરીક્ષાઓ વિદ્યાર્થીઓને પણ કોઠે પડી ગઈ હોવાને કારણે તેઓને પણ આ રાજમાર્ગ ગમે છે. પરિણામ એ આવે છે કે નવમા-દસમા ધોરણમાં આવતા સુધીમાં વિદ્યાર્થીઓ પ્રશ્ન પૂછતા થઈ જાય છે કે : 'ગુજરાતી તો અમને નાનપણથી આવડે છે. એ ભણવાની અમારે જરૂર શી છે ?' ને પછી તો પરીક્ષામાં પાસ થવા પૂરતું જ એનું મહત્ત્વ રહે છે.

ઢાંકણીમાં પાણી લઈ ડૂબી મરવા જેવી વાત તો એ છે કે પોતાની માતૃભાષામાં પોતે યોગ્ય અભિવ્યક્તિ સાધી શકતાં નથી. ઠીક કહી શકાય એવું ગ્રેજ્યુએટ થયા છતાં લખી શકતાં નથી તેની કોઈને શરમ નથી. 'ખરાબ અક્ષર એ જો અધૂરી કેળવણીની નિશાની' હોય તો માતૃભાષામાં ઠીક કહી શકાય તેવું લખી શકવાની આવડતના અભાવ વિશે આપણે શું કહીશું ?

આપણી પાસે બચાવ છે. માત્ર દસ નહીં, બાર બાર વરસ પ્રયત્ન કર્યા છતાં એ આવડત ન કેળવાઈ તો શિક્ષકો અને વિદ્યાર્થીઓનો શું વાંક ? પ્રશ્ન એ છે કે ખરેખર એ આવડત કેળવવા પ્રયત્ન બેમાંથી એકે પક્ષે કર્યો છે ? ગદ્ય-પદ્ય સંગ્રહ ભણાવવાનું સરળ છે. અલબત્ત, વ્યાકરણ ભણાવવાનું અઘરું છે જ એટલે માત્ર તેના નિયમો ચાર-છ તાસમાં ભણાવીને એ નિયમો યાદ રાખવાનું સૂચવી દેવામાં આવે છે. સૌથી અઘરું લેખનકાર્ય છે. વિદ્યાર્થીઓને અભ્યાસને અભાવે લખવાનો કંટાળો આવે છે એટલે આમતેમથી ઉતારા કરી નાખે છે અને શિક્ષક એ લખાણો તપાસતાં હાંફી જાય છે એટલે એ પણ ...

ખેર, આ બધું આપણે બધાં જાણીએ છીએ. બી. એડ્. માં ગુજરાતી મેથડમાં ભણાવવામાં આવે છે કે પાઠ્યપુસ્તક અને વ્યાકરણ તો ભાષાસજ્જતા વધારવા માટેનાં સાધનો છે. પણ સાધનોને જ સાધ્ય માની લેવામાં આવે છે. જેમ પદ્ય-ગદ્ય કૃતિઓ અસરકારક ભાષાના નમૂનાઓના પરિચય તરીકે નહીં પણ એમાંની માહિતી માટે ભણાવાય છે તેમ વ્યાકરણની ઔપચારિક, તાત્ત્વિક ચર્ચાની છણાવટ કરીને તેના નિયમો ભણાવાય છે, એટલે કોઈપણ તદ્ધિત પ્રત્યયની, અનુગ કે નામયોગીની કે સમાસની વ્યાખ્યા પૂછવામાં આવે તો, વિદ્યાર્થી કદાચ તરત જવાબ આપી શકશે પણ એનો વિનિયોગ શીખવવાની કાળજી સહેજ પણ લેવાતી નથી. કારણ દેખીતું છે. 'સ્વસ્થ' શબ્દની સંધિ સુ + અસ્થ છૂટી પાડીને અડધો ગુણ રળી લેવાનું સહેલું છે, પણ એવી સંધિ એ શબ્દમાં થઈ જ નથી એ જાણવું વિદ્યાર્થી કે શિક્ષક માટે અઘરું છે.

## ૧.૪ વર્ગશિક્ષણ

ભાષણિયું વર્ગશિક્ષણ શિક્ષક અને વિદ્યાર્થીને જચી ગયું છે. ભાષાસજ્જતા એ અભ્યાસથી કેળવવી પડે એવી બાબત છે એવી સમજનો લગભગ અભાવ અને છાપાં સિવાય બીજું ઇતરવાચન કે વિશેષવાચન કરવા માટેની બેદરકારી આવાં અનેક કારણોસર વિદ્યાર્થીઓ માટે લેખનકાર્ય એ ગદ્ધાકામ અથવા વેઠ બની ગયું છે. આમ તો નાનપણમાં દાદીમા કે દાદા પાસે હોંશેહોંશે વાર્તા, જોડકણાં, હાલરડાં, પરીકથાઓ વગેરે સાંભળતાં બાળકોનો વાચન શોખ જરાક કાળજી રાખીને કેળવી શકાય. જેટલા પ્રમાણમાં જેટલી

સારી રીતે આ બધું સાંભળેલું-વાંચેલું બાળકે આત્મસાત કર્યું હોય તેટલી એની અભિવ્યક્તિ સમૃદ્ધ અને અસરકારક થવાની.

ગદ્ય-પદ્ય સંગ્રહની કૃતિઓ ભણી જવી, વ્યાકરણના નિયમો યાદ રાખીને પરીક્ષામાં લખી નાખવા અને ફાવે તેમ ગમે તેમ નિબંધ ઘસડી નાખવો એ ઘરેડમાંથી બાળકને પહેલા ધોરણથી જ બહાર કાઢવો જોઈએ. પણ મોડું થાય તે પહેલાં દસમા ધોરણ સુધીમાં જે શિષ્ટભાષા વિદ્યાર્થી શીખ્યો છે તેનો ચોક્સાઈથી, અસરકારક વિનિયોગ કરતાં શીખે તે માટેની તાલીમ ગોઠવવી જ રહી.

આ તાલીમ ગોઠવવા માટે ગદ્ય-પદ્ય સંગ્રહ બહુ ઉપયોગી થાય એમ લાગતું નથી. દસમા ધોરણ સુધીમાં એની માતૃભાષાના શબ્દભંડોળની, વાક્ય રચનાઓની, પરિચ્છેદલેખનની અને લેખન વિષયક પરંપરાની અમુક સજ્જતા કેળવાઈ છે એમ માનવું વધુ પડતું નથી. આ બધી સજ્જતાઓ ભેગી થઈને ભાષાસજ્જતાનું નિર્માણ કરે છે. આ કારણે એક સરવૈયારૂપે આ ચારે સજ્જતાઓનું કંઈક અંશે વિનિયોગલક્ષી પુનરાવર્તન થઈ જવું જરૂરી છે. પૂર્વગો અને ઉપસર્ગો, કૃત અને તદ્ધિત પ્રત્યયો, સમાનાર્થી અને વિરુદ્ધાર્થી શબ્દો, ફારસી-અરબી અને અંગ્રેજી શબ્દો, સમાસો, કહેવતો અને રૂઢિપ્રયોગો વગેરે એ ભણીને આવ્યો છે. એની સજ્જતાનો લેખનમાં વિનિયોગ થઈ શકે તેવા સ્વાધ્યાયો હવે ગોઠવવા જોઈએ. એ જ રીતે અનુગો અને નામયોગીઓની કામગીરી એ જાણે છે અને પોતાની ભાષામાં કેવી જુદા જુદા પ્રકારની વાક્ય રચનાઓ થાય છે તેનાથી માહિતગાર છે. આ બધા શબ્દો, વાક્યોનો વિનિયોગ કરી કેવી જુદી જુદી શૈલીમાં પોતાનું કથન વ્યક્ત કરી શકાય તે વિશેના પરિચ્છેદો લખતાં હવે તેણે શીખવાનું છે અને અંતે આ બધું ભેગું કરીને સમાજમાં લેખનની જે પરંપરા અસ્તિત્વમાં છે તે પરંપરા પ્રમાણે તેણે કાગળ ઉપર મૂર્ત કરવાનું છે. આ બધી સજ્જતાઓ કેળવીને લખેલું લખાણ અસરકારક- ચોટદાર અવગમન સાધી શકાતું હોય.

## ૧.૫ તૈયારી અને તાલીમ

અલબત્ત આ બધી તૈયારી અને તાલીમ એકસાથે ગોઠવવી પડશે અને આ બધી તાલીમ એકસાથે ગોઠવવામાં દેખીતી રીતે લખાણ પોતે જ સૌથી વધુ મહત્ત્વની બાબત બની રહેશે. દસમા ધોરણ સુધીમાં તે જે નિયમો ભણ્યો છે તેનું પુનરાવર્તન થઈ શકે અને વિનિયોગલક્ષી તાલીમ મળે તેવા સ્વાધ્યાયો આ પુસ્તકને અંતે પરિશિષ્ટરૂપે આપ્યા છે. એ સ્વાધ્યાયો વિદ્યાર્થીની ભાષાસજ્જતામાં વધારો અવશ્ય કરે જ. ગદ્ય-પદ્ય સંગ્રહના પાઠો ભણતી વખતે એ સ્વાધ્યાયો કઈ રીતે કરી શકાય તેના નમૂના ત્યાં આપ્યા છે. એટલે એકસાથે ગદ્ય-પદ્ય સંગ્રહની કૃતિઓ ભણતા જવું, એ કૃતિઓને કેન્દ્રમાં રાખીને તૈયાર કરેલા સ્વાધ્યાયોની મદદથી ભાષાસજ્જતા વધારતા અને ચકાસતા જવી અને એ ભાષાસજ્જતાનો ઉપયોગ કરીને નિબંધ, પત્ર, પરિચ્છેદ, વિચારવિસ્તાર અને સંક્ષેપીકરણ જેવાં લખાણો લખતાં જવું. પહેલાં ગદ્ય-પદ્ય સંગ્રહની કૃતિઓ ભણી જવી, પછી વ્યાકરણનાં શીખી ગયેલાં અનેક પાસાઓનું પુનરાવર્તન કરતા સ્વાધ્યાયો કરી જવા અને છેલ્લે નિબંધ, પત્ર વગેરે જેવાં લખાણો લખી નાખવાં એ તો એના જેવું થવાનું કે પહેલાં એકલા ભાત ખાઈ જવા, પછી રોટલીઓ ચાવી જવી, ઉપર શાક ખાવું ને છેલ્લે દાળ પી જવી. આપણે તો એવા પ્રકારની ભાષાશિક્ષણની યોજના ઘડવા માગીએ છીએ કે વિદ્યાર્થી ભાષાસજ્જ બને, એની કક્ષા અનુસારની ભાષા વાપરતો થાય. આ માટે ગદ્ય-પદ્યની કૃતિઓ, વ્યાકરણનું જ્ઞાન અને વિદ્યાર્થીનાં લખાણ એ ત્રણેયની વચ્ચે અનુબંધ રચાવો જોઈએ. એ ત્રણેયની વચ્ચે તાલમેળ હોવો જોઈએ. આમ નથી થતું તેથી વિદ્યાર્થી નવા ને નવા શબ્દો, રૂઢિપ્રયોગો, સમાસો વગેરે જાણે છતાં તે તેની કારગત (કૃષ્ણૌદ્દી) ભાષાસમૃદ્ધિ બની શકે નહીં. તેનો વપરાશ એ ભાગ્યે જ કરે અને તેનું લખાણ તેની કક્ષાના પ્રમાણમાં ફિક્કું, મોળું, નબળું, બિનઅસરકારક લાગ્યા કરે. એટલે વિદ્યાર્થી ગદ્ય-પદ્યની કૃતિઓમાંથી જે નવા ને નવા શબ્દો (તત્સમ્, તદ્ભવ, પરભાષાના) ભણતો જાય, સમાસો, રૂઢિપ્રયોગો, કહેવતો, પદો ભણતો જાય, તેની નોંધ કરતો થાય અને એ બધાનો પોતાનાં લખાણોમાં વિનિયોગ કરે. આમ કરવાથી શરૂઆતમાં તેનું લખાણ કંઈક કૃત્રિમ થવા સંભવ છે પણ તાલીમની પ્રક્રિયાનું આ અનિવાર્ય પાસું છે. ક્રિકેટની તાલીમ મેળવનાર જાણે છે કે તે ક્યારેક ટેસ્ટ મેચ રમતાં-રમતાં પણ 'કોપી બુક સ્ટાઈલ' માં રમી બેસશે. પણ એ કંઈ ટીકાપાત્ર બાબત નથી. સ્વસ્થતાથી અને આત્મવિશ્વાસથી સારું, પ્રશંસાપાત્ર લાંબા સમય સુધી રમવું હોય તો કોપી બુક સ્ટાઈલથી પોતે રમી બેસે એનો સંકોચ રાખવાની જરૂર નથી. એવું જ વિદ્યાર્થી

પોતે તાલીમાર્થી હોય ત્યાં સુધી મુક્ત રીતે લખતો લેખક નથી જ. એનું લખાણ નિયંત્રિત, સૂચિત, માર્ગદર્શનયુક્ત હોય તો જ લખાણની તાલીમ મળે. નહીં તો મુક્ત રીતે લખવા જતાં એના વિચારો કક્ષાઅનુસાર પક્વ હોય પણ ભાષા કક્ષાઅનુસાર સબળ ન હોય તેવી સ્થિતિ સર્જાય છે. દસ વરસ સુધી જે પગથિયાં ચડાવીને એને જે ભાષાસમૃદ્ધિ સુધી લઈ આવીએ છીએ તે ભાષાસમૃદ્ધિનો એ ઉપયોગ ન કરે એવું મોટાભાગે બને છે. એટલે ભલે કૃત્રિમ લાગે પણ જે ત્રણ, ચાર કે પાંચ પદ્ય-ગદ્ય કૃતિઓ ભણાવી હોય તેની ભાષાસામગ્રીનો ઉપયોગ થઈ શકે તેવું લખાણ (નિબંધ, પત્ર, સંક્ષેપીકરણ વગેરે) લખવાનું તેને સૂચવવું જોઈએ.

આવી તાલીમ કઈ રીતે ગોઠવી શકાય તેના કેટલાક નમૂનાઓ હવે પછીનાં પ્રકરણોમાં આપ્યા છે. નિબંધલેખન માટે વર્ગમાં નિબંધ લખાવવા ઉપરાંત ઘરકામમાં પણ નિબંધ લખવાનું સૂચવી શકાય. નિબંધમાં સમાવી શકાય તેવા વિચારમુદ્દાઓની સાથે શબ્દો, સમાસો, કહેવતો, રૂઢિપ્રયોગો, સમાનાર્થી, વિરુદ્ધાર્થી શબ્દો વગેરે સામગ્રી પણ આપવી. એ સામગ્રીનો વિનિયોગ કરીને જુદા જુદા વિદ્યાર્થીઓ કેવા જુદા જુદા નિબંધો લખે છે તે વર્ગમાં વાંચી સંભળાવવા. વિદ્યાર્થીઓ પોતે પણ પુસ્તકને અંતે આપવામાં આવેલી આવી યાદીઓનો ઉપયોગ કરીને અને એથી ય આગળ વધીને પોતે આવી યાદીઓ તૈયાર કરીને એ ભાષાસામગ્રીને પોતાની કારગત ભાષાસામગ્રી બનાવે. પરીક્ષામાં આ રીતે નિબંધો પણ લખવાનું સૂચવવું મુશ્કેલ છે છતાં પત્રલેખન, વિચારવિસ્તાર, પરિચ્છેદલેખન કે સંક્ષેપીકરણમાં તો પરીક્ષામાં પણ આ રીતે યાદીઓ આપીને જ, એ ભાષાસામગ્રીનો ઉપયોગ કરીને જ ઉત્તરો લખવાનું સૂચવવું અને એને આધારે ભાષાસજ્જતાનું મૂલ્યાંકન/ગુણાંકન કરવું. આ અંગેના એના નમૂનાઓ પણ પાછળનાં પ્રકરણોમાં આપ્યા છે.

## ૧.૬ તમારી પ્રગતિ ચકાસો

૧. લખાણમાં અસરકારકતા લાવવા માટે ભાષાની કઈ સજ્જતા કેળવવી અનિવાર્ય છે ?

---------------------------------------------

---------------------------------------------

---------------------------------------------

---------------------------------------------

૨. નિબંધ લેખનમાં ધ્યાનમાં રાખવાની બાબતો નોંધો.

---------------------------------------------

---------------------------------------------

---------------------------------------------

---------------------------------------------

## એકમ : ૨ શબ્દ વિષયક સજ્જતા

**એકમની રૂપરેખા**


૨.૦ હેતુઓ

૨.૧ ભાષામાં

૨.૨ શબ્દ ઘડતર

૨.૩ વિરૂદ્ધાર્થી શબ્દો

૨.૪ ઉચ્ચારણ અથવા વર્ણનું સામ્ય ધરાવતા શબ્દો

૨.૫ તળપદા શબ્દો

૨.૬ તમારી પ્રગતિ ચકાસો


## ૨.૦ હેતુ

આ એકમ દ્વારા તમે ભાષામાં શબ્દની ભૂમિકા શું છે તે સમજશો. ભાષામાં શબ્દો કઈ રીતે બને છે તે જાણી શકશો. એ ઉપરાંત સરખા તેમજ વિરોધી અર્થ ધરાવતા શબ્દોનું કાર્ય સમજી શકશો. વળી સરખા ઉચ્ચાર ધરાવતા શબ્દો જુદા સંદર્ભમાં જુદા અર્થમાં કેવી રીતે વપરાય છે તે જોઈ શકશો. ભાષામાં તળપદા શબ્દોનું મહત્ત્વ શું છે તે પણ જાણી શકશો.

## ૨.૧ પ્રસ્તાવના

ભાષાસજ્જતા વધારવી એમ કહીએ છીએ ત્યારે કઈ સજ્જતા વધારવાની વાત છે તે જાણવું જરૂરી છે. ભાષાનો વપરાશ કરીએ છીએ તે વપરાશની સજ્જતા વધારવાની વાત છે. ભાષાનો વપરાશ કરીએ છીએ ત્યારે જાણતા હોઈએ તે શબ્દો, વાક્યો અને લેખનમાં પરિચ્છેદો અને સમાજમાં પ્રચલિત લેખનની પરંપરાનો વપરાશ કરીએ છીએ. આ વપરાશ કઈ રીતે વધુ સારી રીતે કરી શકાય તે જાણવું જરૂરી છે. ભાષાનાં આ બધાં પાસાંઓનો વપરાશ વધુ સારી રીતે કરી શકાય તે માટે કેટલાક સ્વાધ્યાયો હવે જોઈએ.

## ૨.૨ ભાષામાં શબ્દની ભૂમિકા

ભાષા વાપરવાની હોય ત્યારે સૌથી પહેલી જરૂર પડે છે શબ્દોની. શબ્દો જ આપણી પાસે ન હોય તો વાક્યો કઈ રીતે બનાવી શકાય ? આ જગતની બધી મૂર્ત અને અમૂર્ત બાબતોને આપણે ઓળખીએ છીએ શબ્દોની મદદથી. એ શબ્દોની મદદથી અનુભવને સમજીએ છીએ. એ શબ્દોની મદદથી થયેલા અનુભવને, મેળવેલી માહિતીને આપણે વળી પાછા એ શબ્દોની મદદથી જ યાદ રાખીએ છીએ અને ફરી વખત એ અનુભવ કે મેળવેલી માહિતી તાજી કરીએ છીએ. તેને વિશે કોઈને કંઈક કહીએ છીએ તે પણ શબ્દોની મેળવણી, ગોઠવણીની મદદથી.

એટલે આ શબ્દો કેવી રીતે બને છે, કેવી રીતે એનું ઘડતર થાય છે, કેવી જુદી જુદી રીતે તેનો વપરાશ થાય છે તે જાણવું જરૂરી છે. આ અભ્યાસને બે વરસમાં વહેંચવાનો હોવાથી પ્રત્યયોની મદદથી ઘડાતા જુદા જુદા શબ્દોનો અભ્યાસ અગિયારમા ધોરણમાં કરવાનો રાખ્યો છે. વળી એકનો એક લાગતો શબ્દ જુદા જુદા સંદર્ભમાં વપરાય ત્યારે કેવા જુદા જુદા અર્થ વ્યક્ત કરે છે તેનો (એટલે કે અનેકાર્થી શબ્દોનો), બોલવામાં ઉચ્ચારણનું કે લખવામાં વર્ણોનું સામ્ય ધરાવતા જુદા જુદા શબ્દો જુદા જુદા સંદર્ભમાં બરાબર સમજ્યા વિના વપરાઈ જાય તો કેવો અર્થનો અનર્થ થઈ જાય તેનો, અને ભાષામાં ચલણી થઈ ગયેલા રૂઢિપ્રયોગો કઈ રીતે ઉપયોગમાં લેવાય તો વધુ અસરકારક પ્રભાવ ઊભો કરી શકે તેનો અભ્યાસ કરવાનો રાખ્યો છે. તો બારમા ધોરણમાં એક સરખો અર્થ વ્યક્ત કરતા શબ્દો જુદા જુદા સંદર્ભોમાં કઇ રીતે વાપરી શકાય, મોટા મોટા શબ્દસમૂહો માટે કેવા કેવા તળપદા અને શિષ્ટ શબ્દો અથવા પારિભાષિક અને સામાજિક શબ્દો વાપરીને લેખનમાં સઘનતા, ચોકસાઈ અને સચોટતા લાવી શકાય તેનો અભ્યાસ કરવાનો રાખ્યો છે.

**અનેકાર્થી શબ્દો :**

નીચેનાં વાક્યો વાંચો :

૧. આ વરસે વીજળીનો કાપ લાંબો સમય રહ્યો.

૨. તું આ વીજળીનો વાયર કાપ.

૩. મા-બાપના થોડાય દાબ વિના છોકરાઓ બગડી જાય.

૪. તું મારા પગ દાબ.

૫. મારી સમજ મુજબ મેં લખ્યું.

૬. તું વાતનો મુદ્દો સમજ.

૭. પાણીનું તાણ ઘણું જોરદાર હતું.

૮. તું બહુ તાણ નહીં.

ઉપરનાં આઠ વાક્યોમાં કાપ, દાબ, સમજ અને તાણ એ ચાર શબ્દો બે બે વખત વપરાય છે. પણ તમે જાણો છો કે પહેલા વાક્યમાં કાપનો જે અર્થ છે તે બીજા વાક્યમાં નથી. ત્રીજામાં દાબનો જે અર્થ છે તેનાથી ચોથા વાક્યમાં દાબનો અર્થ જુદો છે. ચોથામાં સમજ નામ છે તો પાંચમાં ક્રિયાપદ. છઠ્ઠા વાક્યમાં તાણ એટલે પ્રવાહ અને સાતમામાં તાણ એટલે ખેંચ. આમ તો ખેંચ શબ્દ પણ પ્રવાહની ગતિના અર્થમાં વપરાય છે. આપણે એવા ઘણા શબ્દો વાપરીએ છીએ કે વાક્યમાં અમુક સ્થાને વપરાય ત્યારે એ સંજ્ઞા કે નામ તરીકેનો ભાગ ભજવે અને અમુક બીજા સ્થાને વપરાય ત્યારે ધાતુ કે ક્રિયાપદ તરીકે ભજવે, બંને જગ્યાએ એ જુદો જુદો અર્થ દર્શાવે. "ચાલ, બોલ, ઊડ, ઊપજ, હાંફ, આલેખ, માપ" જેવા અનેક શબ્દો આવો જુદો જુદો અર્થ બતાવે છે.

હવે નીચેનાં વાક્યો વાંચો :

૧. આજે અમારો મહારાજ મોડો આવ્યો તેથી રસોઈ મોડી થઈ.

૨. મંદિરમાં રોજ મહારાજ કથા વાંચે છે.

૩. મહારાજ અશોક દયાળુ અને ધાર્મિક રાજા હતો.

ઉપરનાં ત્રણેય વાક્યો વાંચીને તમે કહી શકશો કે પહેલામાં મહારાજ શબ્દનો અર્થ રસોઈયો છે તો બીજામાં કથાકાર છે. ત્રીજા વાક્યમાં એ શબ્દ સમાસરૂપે આવે છે અને અર્થ થાય છે મોટો એવો રાજા. હવે તમને માત્ર મહારાજ શબ્દનો અર્થ પૂછવામાં આવે તો તમારે આ ત્રણે અર્થ આપવા પડે અને એટલે મહારાજ એ અનેકાર્થી શબ્દ થયો.

કોઈપણ ભાષામાં આવા અનેકાર્થી શબ્દો અનેક હોવાના. ગુજરાતીમાં પણ "છક્કો, પાયો, લાખ, ચાંદ, મીઠું, ગાળ, કથા" એવા અસંખ્ય શબ્દો જુદા જુદા વાક્યમાં વપરાય ત્યાં જુદો જુદો અર્થ સૂચવતા હોવાના. આવા શબ્દોનો અર્થ એમના વાક્યસંદર્ભ ઉપરથી જ નક્કી કરી શકાય.

ક્યારેક વાક્યસંદર્ભ ઉપરથી પણ આવા શબ્દોનો અર્થ નક્કી થઈ શકે નહીં. દા.ત. અશોક પાસે બે સત્તા છે. આ વાક્યમાં 'સત્તા'નો અર્થ શું છે તે આ વાક્ય બીજાં ક્યાં વાક્યોના સંદર્ભમાં બોલાય છે અથવા વપરાય છે તેને આધારે નક્કી થઈ શકે. જો પત્તાં રમવાનો સંદર્ભ હોય તો 'સત્તા' નો અર્થ થાય સત્તાનાં બે પત્તાં, પરંતુ પૈસાની સત્તા અને અધિકારની સત્તા એવો સંદર્ભ હોય તો ત્યાં સત્તાનો અર્થ થાય શક્તિ.

આવા અનેકાર્થી શબ્દોને અનેક જુદા જુદા સંદર્ભ ધરાવતાં વાક્યોમાં વાપરવાનો અભ્યાસ કરવાથી તેમના વપરાશ ઉપર પ્રભુત્વ મેળવી શકાય.

## ૨.૩ શબ્દઘડતર

આપણે ઉપર કાપ, સમજ જેવા શબ્દો વાક્યમાં અમુક સ્થાને વપરાય તો ત્યારે સંજ્ઞા કે નામનો અને અમુક સ્થાને વપરાય તો ધાતુ કે ક્રિયાપદનો ભાગ ભજવે એમ જોયું. પરંતુ કેટલાક ધાતુઓ વાક્યમાં માત્ર ક્રિયાપદની કામગીરી બજાવતા હોય પણ એમને અમુક પ્રત્યય લાગતાં, એ પ્રત્યયની મદદ મળતાં સંજ્ઞા તરીકેની કામગીરી બજાવે. દા.ત. 'હડસેલ, ઝઘડ, ફણગ, માંજ' જેવા ધાતુઓ વાક્યમાં ક્રિયા બતાવવાની, ક્રિયાપદની કામગીરી કરે છે. તેમને ઓ પ્રત્યય લાગતાં 'હડસેલો, ઝઘડો, ફણગો, માંજો' જેવા શબ્દો અસ્તિત્વમાં આવે. આ શબ્દો વાક્યમાં સંજ્ઞા કે નામ તરીકેની કામગીરી કરે છે. એવી જ રીતે



૨

'રમ, બસ, ઉકલ, લડ, સરજ' જેવા ધાતુઓ વાક્યમાં ક્રિયાપદ તરીકે વપરાય ત્યારે તેમને ત પ્રત્યય લાગીને 'રમત, બચત, ઉકલત, લડત, સરજત' જેવા શબ્દો બને જે વાક્યમાં સંજ્ઞા કે નામની કામગીરી બજાવે છે.

આ રીતે વાક્યમાં ક્રિયાપદની કામગીરી કરનાર ધાતુને નાર નામનો પ્રત્યય લાગતાં જે શબ્દ બને તે વાક્યમાં વિશેષણની કામગીરી બજાવે છે. 'કર, છોડ, બોલ, ચાલ, દોડ, રમ, જો, કહે, વાંચ, તર, પડ' જેવા કોઈપણ ધાતુને આ નાર પ્રત્યય લાગે ત્યારે 'કરનાર, છોડનાર, બોલનાર, ચાલનાર, દોડનાર, રમનાર, જોનાર, કહેનાર, વાંચનાર, તરનાર, પડનાર' જેવા શબ્દો ઘડાય જે વાક્યમાં વિશેષણની કામગીરી બજાવે છે.

એ રીતે સંજ્ઞા કે નામ તરીકે વાક્યમાં કામગીરી કરતા શબ્દોને અમુક પ્રત્યય લાગતાં તેઓ અન્ય સંજ્ઞાની અથવા વિશેષણની કામગીરી બજાવતા શબ્દો બને છે. દા.ત. ઈક પ્રત્યય 'રસ, ક્ષણ, સાહિત્ય, આવેગ, નિસર્ગ, સમાજ, ધર્મ, મુખ, વર્ષ, મર્મ, વાચા, અંગ' જેવા અનેક શબ્દોને આ પ્રત્યય 'લાગતાં રસિક, ક્ષણિક, સાહિત્યિક, આવેગિક, નૈસર્ગિક, સામાજિક, ધાર્મિક, મૌખિક, વાર્ષિક, માર્મિક, વાચિક, આંગિક જેવા શબ્દો બને જે વાક્યમાં વિશેષણ તરીકે વપરાય.

પરંતુ આ બધું તો તમે દસમા ધોરણ સુધીમાં ભણી ગયા છો. આવા પ્રત્યયોની મદદથી બનેલા શબ્દોનો ઉપયોગ તમારા લખાણમાં કરીને તમારા લખાણને વધુ સમૃદ્ધ અને ચોટદાર બનાવવાની તાલીમ તમારે લેવાની છે.

## ૨.૪ વિરુદ્ધાર્થી શબ્દો

ક્યારેક આવા પ્રત્યયો શબ્દની આગળ લાગીને મૂળ શબ્દથી વિરુદ્ધ અર્થનું સૂચન કરતો શબ્દ બનાવે છે. વિ, અ, વણ, બે, ગેર જેવા પ્રત્યયો આવી કામગીરી બજાવે છે તે તમે જાણો છો. આવા પ્રત્યયો જેને લાગી શકે તેવા શબ્દોની યાદી કરી યથાસ્થાન તેને લેખનમાં વાપરવાની તાલીમ તમારે લેવી જોઈએ. દા.ત. ક્યારેક તમે જે પરિચ્છેદ લખો છો તેમાં સળંગ બધાં વિધિવાક્યો જ વપરાયાં છે. તેમાં એક વાક્ય નિષેધવાક્ય વપરાઈ ગયું છે. તે નિષેધવાક્ય એ 'જરાય જવાબદારીપૂર્વક વર્ત્યો નહીં' એવું હોય. આ વાક્ય તમારા પરિચ્છેદની સમતુલા બગાડતું લાગે તો તમે એ વાક્યને વિધિવાક્યમાં ફેરવવા માટે બે પ્રત્યયનો ઉપયોગ કરી શકો અને 'તે તદ્દન બેજવાબદારીથી વર્ત્યો' એવું વાક્ય વાપરી પરિચ્છેદની કથનરીતિની સમતુલા સાચવી શકો. આવા શબ્દો ઉપરાંત અર્થની દૃષ્ટિએ વિરુદ્ધાર્થી શબ્દો હોય તેમનો ઉપયોગ પણ કરી શકો. દા.ત. પ્રત્યક્ષ શબ્દને અ પ્રત્યય લગાડી અપ્રત્યક્ષ શબ્દ બનાવી શકાય પણ અપ્રત્યક્ષને બદલે એ જ અર્થનો પરોક્ષ શબ્દ પણ વાપરી શકાય. આવા સંસ્કૃત તત્સમ શબ્દો વાપરતી વખતે એના અર્થની તમને બરાબર ચોક્કસ ખબર છે કે નહીં તેની ખાતરી કરી લેવી જોઈએ. આવા વિરુદ્ધાર્થી શબ્દોની યાદી બનાવી એનો પણ વાક્યોમાં વિનિયોગ કરતાં તમને આવડવો જોઈએ. આવા શબ્દોની એક નાનકડી યાદી પાછળના પ્રકરણમાં આપી છે. તમે પણ તમારા ઉપયોગ માટે તમારી પોતાની આવી યાદી બનાવો.

## ૨.૫ ઉચ્ચારણ અથવા વર્ણનું સામ્ય ધરાવતા શબ્દો

લેખનમાં ક્યારેક ઉચ્ચારણનું કે વર્ણનું સામ્ય ધરાવતા શબ્દોને એકબીજાને બદલે વાપરી બેસવાની ભૂલ થઈ જાય છે. આ બાબતે પણ અભ્યાસીએ જાગૃત રહેવું જોઈએ અને તેમની યાદીઓ બનાવીને તેનો ચીવટથી અભ્યાસ કરવો જોઈએ. દા.ત. ગુજરાતી ભાષામાં એવા ઘણા શબ્દો છે કે જેનો અંત ય નામના વ્યંજનથી આવતો હોય. કેટલાક ભાષકો એ ય નો ઉચ્ચાર કરતા નથી. આ કારણે "રાજ્ય અને રાજ, કૌશલ્ય અને કૌશલ જેવા બંને વિકલ્પો પ્રચલિત હોય છે એ રીતે વાદ્ય અને વાદ, લક્ષ્ય અને લક્ષ, પદ્ય અને પદ, મદ્ય અને મદ, સદ્ય અને સદ' જેવા શબ્દોનો પણ એક જ અર્થ થાય છે એમ માનવાની ભૂલ થઈ જાય છે. પણ આને કારણે વાક્યોનો અર્થ બદલાઈ જતો હોય છે. આ કારણે લક્ષ્ય એટલે નિશાન કે ધ્યેય એવો અર્થ થાય અને લક્ષ એટલે ધ્યાન એવો અર્થ થાય તે કદાચ જાણતા હોવા છતાં વાક્યમાં એકબીજાને બદલે આ શબ્દોને વાપરીને ભૂલ કરી બેસવામાં આવે છે.

ઉચ્ચારણમાં અનુનાસિક સ્વરોને બદલે સાદા સ્વરો ઉચ્ચારવાનું વલણ વધતું જાય છે. દા.ત. આજે છાપું નથી આવ્યું. આ વાક્યમાં છાપું અને આવ્યું એમ ઉચ્ચારણ થતાં હતાં પરંતુ આજે મોટાભાગનાં ભાષકો છાપુ અને આવ્યુ એમ જ બોલે છે. ભાષામાં થતા પરિવર્તનનું આ પરિણામ છે. પરંતુ લેખનમાં આ રીતે અનુસ્વાર કરવાનું રહી જાય તો વાક્યનો અર્થ કેટલેક ઠેકાણે બદલાઈ જાય તેની જાણ તમને હોવી જોઈએ. દા.ત. 'તમે રમેશને મંજૂરી આપી ?' જેવા વાક્યમાં મ ઉપર અનુસ્વાર ભૂલી જઈએ તો વાક્ય બની જાય : 'તમે રમેશને મજૂરી આપી ?' ગુજરાતી-લેખનમાં ઘ અને ધ અને ૨ ના લખાણને કારણે પણ કેટલીક ગૂંચવણો થતી હોય છે. ઘડો અને ધડો, ઘો અને ઘો, ધા અને ઘા જેવા શબ્દો અરસપરસ બદલાઈને કંઈ જુદો જ અર્થ વ્યક્ત કરી બેસે એવું બને છે. દા.ત. એણે ઘડો લેવા જેવો છે માં ઘને ધ લખીએ તો ? એણે ધડો લેવા જેવો છે એમ સાવ જુદા જ અર્થનું વાક્ય બની જાય. આ રીતે દ્ય એનો ઉચ્ચાર દ અને તેના પછી તરત ય એમ થાય છે, પણ દૃષ્ટિમાં દ્ય નો ઉચ્ચાર દ પછી તરત ૨ એવો થાય છે. આ કારણે ઘણીવાર દ્યુતિ અને ધુતિ જેવા શબ્દોમાં ગૂંચવાડા થાય છે. તમે તમારી જાતે આવા તમારા ઉપયોગ માટેની યાદી બનાવી શકો.

જુદા જુદા પ્રત્યયોની મદદથી ઘડાતા શબ્દો, અનેકાર્થી, વિરુદ્ધાર્થી, ઉચ્ચારણ કે વર્ણનું સામ્ય ધરાવતા ભિન્ન અર્થવાળા શબ્દો તથા રૂઢિપ્રયોગો અને કહેવતોને તમારા લખાણમાં યોગ્ય રીતે વાપરવાની આવડત તમારે અગિયારમા ધોરણમાં કેળવી લેવી જોઈએ. એ આવડતનો ઉપયોગ તમારે આ વરસે અને આવતે વરસે તમારાં લખાણોમાં કરવો જોઈએ.

બારમા ધોરણમાં સમાનાર્થી અને અંશતઃ સમાનાર્થી, ધ્યાનપાત્ર તળપદા, ધ્યાનપાત્ર શિષ્ટ, સામાસિક અને પારિભાષિક શબ્દોનો ઉપયોગ વધુ ચોકસાઈથી સભાન રીતે કરતાં શીખવવાનું છે. આ ઉપરાંત મોટા મોટા શબ્દસમૂહો માટે તમને એક જ શબ્દ વાપરતાં આવડે એ જરૂરી છે જેથી સંક્ષેપીકરણ જેવા લખાણમાં એનો ઉપયોગ કરી શકાય. આ માટે નમૂનાની યાદીઓ પાછળ આપી છે તેની મદદથી તમે તમારા ઉપયોગ માટેની યાદીઓ બનાવી લો અને આપેલા સ્વાધ્યાયોની મદદથી એવા શબ્દોના વપરાશની સજ્જતા વધારવાનો અભ્યાસ કરો.

શબ્દોના વપરાશની આ સજ્જતા તમને નિબંધ, પત્ર, સંક્ષેપીકરણ અને પરિચ્છેદ લેખનમાં કઈ રીતે ઉપયોગી થાય તે જાણી લો તો તેનો ઉપયોગ કરીને તમે તમારું લખાણ વધુ સમૃદ્ધ અને પ્રભાવક બનાવી શકો.

તમે સમાનાર્થી અને અંશતઃ સમાનાર્થી શબ્દોની યાદીઓ ગોખી જાવ તો તેથી કંઈક વિશેષ લાભ થવાની શક્યતા નથી. પરંતુ આ સરખો અર્થ ધરાવતા અથવા થોડેવત્તે અંશે સરખો અર્થ ધરાવતા શબ્દો જુદા જુદા સંદર્ભોમાં ચોકસાઈથી અને તેનો ચોક્કસ સંદર્ભ જાણીને સભાનરીતે વાપરવાથી તમારા લખાણમાં ચાર ચાંદ લગાવી શકો. દા.ત. 'મુસાફરખાનું, ધર્મશાળા, અતિથિગૃહ, વિશ્રામગૃહ, આરામગૃહ, પથિકાશ્રમ' એ છએ શબ્દો આપણી ભાષામાં સમાનાર્થી શબ્દો છે. જ્યાં મુસાફરો અથવા યાત્રીઓ અથવા તે નગરમાં કે ગામમાં કાયમ વસવાટ માટે ન આવ્યા હોય પણ કામચલાઉ થોડા દિવસ માટે રહેવા આવ્યા હોય તેવા માણસો જ્યાં રહે તેવી સાર્વજનિક સંસ્થાઓ દ્વારા અપાતી રહેઠાણની સગવડો ધરાવતાં મકાનો એવો આ છએ શબ્દોનો સામાન્ય અર્થ થાય છે. પરંતુ 'કલેક્ટરનો મુકામ.... હતો' એવા વાક્યમાંની ખાલી જગ્યામાં મુસાફરખાનામાં કે ધર્મશાળામાં શબ્દો મૂકો તે ન ચાલે. કલેક્ટર અતિથિગૃહ કે વિશ્રામગૃહમાં જ મુકામ કરે. 'નર્મદાના પરકમ્માવાસીઓને ગામમાં .... ઉતારો આપવામાં આવ્યો' એવા વાક્યમાં અતિથિગૃહ કે વિશ્રામગૃહ કે મુસાફરખાનામાં એ શબ્દો ન ચાલે. ત્યાં ધર્મશાળા કે બહુ તો પથિકાશ્રમમાં શબ્દ જ મૂકવો જોઈએ. 'થોડાક ફકીરો મોડી રાતે ગામમાં આવ્યા. તેમણે એક .... માં પડાવ નાખ્યો' તો ત્યાં મુસાફરખાનામાં કે સરાયમાં પડાવ નાખ્યો એમ લખવું જોઈએ. 'પ્રસરવું અને ફેલાવું' સમાનાર્થી શબ્દો છે. રંગો આકાશમાં પ્રસરી ગયા - રંગો આકાશમાં ફેલાઈ ગયા એ બંને વાક્યોનો સરખો અર્થ થાય પરંતુ 'અશોકે તેનું સામ્રાજ્ય ચારે બાજુ પ્રસરાવ્યું' એમ ભાગ્યે વપરાય. ત્યાં ફેલાવ્યું એ શબ્દ વાપરવો જોઈએ. પર્યાયો હોવા છતાં અમુક સંદર્ભમાં અમુક જ પર્યાય વપરાય તેવી પરંપરા ભાષામાં હોય છે.

## ૨.૬ તળપદા શબ્દો

એ જ રીતે આપણા વપરાશમાં ઘણા તળપદા અને શિષ્ટભાષાના શબ્દો આવે છે. "બુંગણ, આથર, જાજમ અને શેતરંજી" એ ચાર શબ્દોનો અર્થ એકસરખો થાય છે. એમાં બુંગણ અને આથર તળપદા શબ્દો છે. આ ચારેય શબ્દોનો અર્થ થાય થોડું જાડું જમીન ઉપર પાથરવા માટેનું મોટું પાથરણું. 'હવે કાઠી દરબારો જાડા મોટા પાથરણા પર બેઠા' એવો સંદર્ભ હોય તો ત્યાં જાડા મોટા પાથરણા માટે બુંગણ એવો સૌરાષ્ટ્રનો તળપદો શબ્દ વાપરવો જોઈએ. 'હવે રાજપીપળાના ભીલ સરદારો જાડા મોટા પાથરણા પર બેઠા' એવો સંદર્ભ હોય તો દક્ષિણ ગુજરાતમાં જાડા મોટા પાથરણા માટે વપરાતો તળપદો શબ્દ આથર વાપરવો જોઈએ. પણ એ સાતે કવિઓ જાડા મોટાં પાથરણા પર બેઠા એવો શિષ્ટ સાહિત્યના પુસ્તકમાં કોઈ સંદર્ભ હોય તો ત્યાં શેતરંજી શબ્દ વાપરી શકાય. 'રાંડ અથવા વિધવા' આમ તો સમાનાર્થી-એક તળપદો અને એક શિષ્ટ ભાષાનો શબ્દ છે. પણ ક્યાંક તુચ્છતા, તિરસ્કાર અને અપમાનનું સૂચન કરવું હોય તો 'આ ઓલ્યા રૂખડિયાની વિધવા છે ને ?' એમાં 'વિધવા' શબ્દ વાપરીએ તો તિરસ્કાર અને અપમાનનો ભાવ ન સૂચવી શકાય, ત્યાં તો 'આ ઓલ્યા રૂખડિયાની રાંડ છે ને ?' એવો પ્રયોગ જોઈએ. મેઘાણી જેવા લેખકમાં આવો રાંડ જેવો શબ્દપ્રયોગ છે એટલે એ ગ્રામ્ય, બરછટ, અશિષ્ટ લખનારા એમ ન ગણાય. પણ કેટલા ઉત્તમ લેખક કે યોગ્ય સંદર્ભમાં યોગ્ય શબ્દો વાપરે છે એમ મનાય. મેઘાણીને 'ઓલ્યા'ને બદલે 'પેલા' અને 'રાંડ'ને બદલે 'વિધવા' વાપરી શકાય છે એની ખબર નહોતી એમ તો ના જ હોય ને ? એટલે તમારા લખાણના સંદર્ભ પ્રમાણે તમને મહત્ત્વના તળપદા અને મહત્ત્વના શિષ્ટ શબ્દો વાપરતાં આવડવું જોઈએ.

એ જ રીતે તમારા લખાણના સંદર્ભ પ્રમાણે મોટા મોટા શબ્દસમૂહો કે શબ્દજૂથો માટે જો એક શબ્દ વાપરી શકાતો હોય તો તે વાપરતાં આવડવું જોઈએ. દા.ત. પ્રકાશનું લંબ સિવાયનું કોઈપણ કિરણ એક પ્રકાશ્ય ઘનતાવાળા માધ્યમમાંથી અન્ય પ્રકાશ્ય ઘનતાવાળા માધ્યમમાં પડે (આપાત થાય અથવા પ્રવેશે) ત્યારે તેની ગતિની દિશામાં ફેરફાર થાય છે. આ આખી વાત તમારે ભૌતિકવિજ્ઞાનની વાત કરતા કોઈ સંદર્ભમાં કહેવી હોય તો 'પ્રકાશનું વક્રીભવન થાય છે' એટલું કહી દો તો ચાલે. એટલે વક્રીભવન એ ભૌતિક વિજ્ઞાનમાં વપરાતો પારિભાષિક શબ્દ થયો. તમારા પાઠ્યપુસ્તકમાં "પ્રૂફ, ગેલી, તામસીવૃત્તિ, સંશયાત્મા, અવકાશ, અપવૃત્તિ, પ્રમાદ, પીનલ કોડ, કયામત, શરાફ, સેન્ચુરી, બાઉન્ડરી, સિક્સર, કૉમેન્ટેટર, આઉટ, સ્કૉર" વગેરે પારિભાષિક શબ્દો છે. એ જ રીતે 'સરકારે ગોળીબાર શા કારણે થયો તેની તપાસ માટે એક પંચ નીમ્યું હતું.' જેવા વાક્યને 'સરકારે ગોળીબારનાં કારણો જાણવા તપાસપંચ નીમ્યું હતું' એમ સઘન બનાવવા તપાસપંચ શબ્દ વાપરતાં ફાવવું જોઈએ. તપાસપંચ એ મોટા શબ્દસમૂહ માટે વપરાયેલો સામાસિક શબ્દ ગણાય.

જો તમે પાંચમા ધોરણથી જ આવા અનેકાર્થી, વિરુદ્ધાર્થી, સમાનાર્થી, પારિભાષિક, સામાસિક શબ્દોની યાદીઓ બનાવી હોત અને તેનો તમારી ભાષામાં વપરાશ કરવાની સભાનતા અને ચીવટ રાખી હોત, તમે ભણો કે વાંચો કે સાંભળો તે રૂઢિપ્રયોગો અને કહેવતો નોંધી લઈને તેનો વપરાશ વધારતા જવાનો ઉદ્યમ કેળવ્યો હોત તો તમારી ભાષાસજ્જતા કેટલી વધી હોત ! ખેર, હજુ પણ તમારી પાસે સમય છે. પાછળ નમૂનાની યાદીઓ આપી છે તે રીતે તમે તમારું પોતાનું શબ્દભંડોળ તૈયાર કરો અને આપવામાં આવેલા સ્વાધ્યાયો જેવા સ્વાધ્યાયોની મદદથી એ શબ્દભંડોળના વપરાશની સજ્જતા વધારો.

## ૨.૭ તમારી પ્રગતિ ચકાસો

૧. નીચે આપેલાં વાક્યોની ખાલી જગ્યામાં કૌંસમાંથી યોગ્ય શબ્દ મૂકી આપો.

 ૧. લજ્જાને કારણે શકુંતલા ............ આંખે જોતી હતી. (ત્રાસી, ત્રાંસી)

 ૨. એની ............ સફળતાની ખાતરી હોવાથી પરીક્ષા આપ્યા પછી તે ............ થઈને ઊંઘ્યો. (નિશ્ચિત, નિશ્ચિંત)

 ૩. કોલંબસે એક અગત્યના ............ ની શોધ કરી હતી. (ખડ, ખંડ)

 ૪. એક તો તે નશામાં હતો અને વળી પાછો ............ માંગતો હતો. (ભાગ, ભાંગ)

૫. ઈન્દ્રનો ............ જોઈને એની આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ. (પ્રસાદ, પ્રાસાદ)

૬. એ ગીત સારું ગાય છે પણ ............ માં એને રસ નથી. (વાદ, વાદ્ય)

૭. મેશ આંખમાં ............ તો બળે છે. (આજે, આંજે)

૮. એ ............ તો બસ જોયા જ કરીએ જાણે ! (આંખો, આખો)

૯. એ ............ ની શોભાનું વર્ણન કરો. (તરંગ; તુરંગ)

૧૦. કીર્તિદેવે કહ્યું, ઉત્તરમાંથી ............ ઝડપભેર આવે છે. (પવનો, યવનો)

૨. **નીચે આપેલાં વાક્યોમાંથી ભૂલ સુધારીને એ વાક્યો ફરીથી લખો.**

૧. યુદ્ધમાં હાર્યા છતાં સૈનિકનું ખમીસ એવું ને એવું હતું.

---------------------------------------------

૨. વાસનમાંથી શીતળ સમીર આવતો હતો.

---------------------------------------------

૩. ખાડમાં પડેલી કીડીઓ તડકો પડતાં બહાર નીકળી જાય છે.

---------------------------------------------

૪. ગાંડી મોડી આવી તેથી સ્ટેશનેથી પાછા ફરતાં અમને મોડું થયું.

---------------------------------------------

૫. સતનારાયણનો પ્રાસાદ મધુર હતો.

---------------------------------------------

૬. સરઢવથી આપણા આજ્ઞાંકિત વિદ્યાર્થીના પ્રમાણ વાંચશો.

---------------------------------------------

૭. એણે પોતાના ઘરનું નામ જયઅંબેભુવન રાખ્યું.

---------------------------------------------

૮. પરીક્ષામાં નાપાસ થતાં તેની આ શાલ તો બગડી.

---------------------------------------------

૯. મીઠાના સત્યાગ્રહ માટે ઠેર ઠેરથી મોટાં સરકસો નીકળતાં.

---------------------------------------------

૧૦. પરીક્ષામાં પહેલાં આવેલા વિદ્યાર્થીને ઇનામ મળ્યું.

---------------------------------------------

૧૧. આશ્રમમાં આવેલા અતિથિનું સ્વગત કરવાનું શકુંતલા ભૂલી ગઈ.

---------------------------------------------

૧૨. એની તૈયારી બરાબર ન હતી તેથી પરીક્ષાના દિવસોમાં તે ઘણો સંચિત હતો.

---------------------------------------------

૧૩. વિશનગરમાં બે મોટી કોલેજો છે.

---------------------------------------------

૧૪. એણે થોડીવારમાં ઉમેદવારનું પાણી પામી લીધું.

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

૧૫. તેણે માનેલો સાંઢ જોયો.

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

૧૬. અમારી ગણિતની તૈયારી ઢીકાઢીક ગણાય.

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

૧૭. પરીક્ષામાં તેં કેવુંક ઘોળ્યું છે ?

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

૧૮. આ સાળાનો છોકરો એસ.એસ.સી. બોર્ડમાં પ્રથમ આવ્યો.

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

૧૯. દુર્વાસા ઋષિ ગુસ્સે થયા તેથી તેમણે શકુંતલાને સાપ આપ્યો.

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

૨૦. ઉપેક્ષા મુજબ તમારું પરિણામ ન આવ્યું.

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

૨૧. આજે વલોણું કર્યું તેથી ઘરમાં ગોરી ભરીને છાસ છે.

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

૨૨. તમે પહેલા આવ્યા ત્યારે હું ઘરમાંથી નીકળી ગયેલો. સારું થયું કે આજે મળી ગયો.

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

૨૩. સરત ન હોત તો એ આટલું ઝડપથી દોડત નહીં.

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

૨૪. માથે ત્રણ ભવનનો નાથ બેઠો છે પછી ચિંતા શાની ?

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

૨૫. અમે એક ઉપહારગૃહમાં ગયા અને ત્યાં પેટ ભરીને નાસ્તો કર્યો.

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

૩. **નીચે આપેલા અનેકાર્થી શબ્દો, ઓછામાં ઓછા બે જુદા જુદા અર્થો વ્યક્ત થતા હોય તેવાં બે જુદાં જુદાં વાક્યોમાં વાપરી બતાવો.**

તરંગ, તાણ, પંજો, લય, ધણી, છક્કો, લાખ, ખેંચ, પાયો, હીરો, કાંટો, કલમ.

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

૪. **નીચે આપેલા અર્થના રૂઢિપ્રયોગો વાક્યોમાં વાપરો.**

ત્યાગ કરવો, સખત માનસિક શ્રમથી મગજ અત્યંત થાકી જવું, સાચું ખોટું કહીને ઉશ્કેરવું, ખૂબ ગુસ્સો વ્યક્ત કરવો, આડુંઅવળું સમજાવી દેવું, ચડતી-પડતીનો અનુભવ કરવો, પોતાના પક્ષને નુકસાન કરવામાં સામાપક્ષને મદદરૂપ થવું, સારી વસ્તુમાં પણ અવગુણ શોધવા, લાંબા અને ન પળાય તેવા વાયદાઓ

કરવા, સાચી પરિસ્થિતિનું ભાન થવું, જ્ઞાન મેળવ્યા છતાં વ્યાવહારિક ડહાપણ ન આવવું, છૂપી વાત કહી દેવી.

---------------------------------------------

---------------------------------------------

---------------------------------------------

---------------------------------------------

---------------------------------------------

---------------------------------------------

---------------------------------------------

---------------------------------------------

---------------------------------------------

---------------------------------------------

---------------------------------------------

---------------------------------------------

---------------------------------------------

---------------------------------------------

---------------------------------------------

---------------------------------------------

---------------------------------------------

---------------------------------------------

**૫. નીચેના વિરુદ્ધાર્થી શબ્દોનાં જોડકાં ગોઠવો.**

અભિમાની બૂરાઈ ............................

સંવાદ અપશુકનિયાળ ............................

ભલાઈ નિરાભિમાની ............................

નિષ્ફળ અજાણ્યા ............................

પરિચિત અસંભવિત ............................

જાણીતા સફળ ............................

સંભવિત અપરિચિત ............................

શુકનિયાળ વિસંવાદ ............................

**૬. નીચે આપેલાં વાક્યોની ખાલી જગ્યામાં કૌંસમાંથી યોગ્ય શબ્દ મૂકો.**

૧. અમને હતું કે નરેન્દ્રકુમારે મનીષા મરી જતાં .............. જીવન જીવવું પડશે. (વિધુરનું, સ્ત્રીવિહોણું, અપરિણીતનું)

૨. બાળકો વિનાના પરિણીત પુરુષને .............. કહેવામાં આવે છે. (વાંઢો, વાંઝિયો,

હીજડો)

૩. અમારે ગામડે તો ગોંદરામાં અગિયારશે .............. નાખવામાં આવે. (ઘાસ, નીરણ, ખડ, ચારો)

૪. બીજે દિવસે બધા ગામ લોકોએ ............... કરીને નક્કી કરી નાખ્યું. (ચર્ચા, સલાહમશવરા, સંતલસ, વિચારણા)

૫. થાકેલો છતાં .............. એ ગામના ધૂળિયા રસ્તા પર ચાલ્યો જતો હતો. (લાંબા ડગ ભરતો, લાંબે પગલે, લાંબી ડાંફે)

૬. ગામડામાં ઘરેણાં પણ .............. માં મૂકવાનો રિવાજ છે. (લાકડાની પેટી, ઘરેણાંની પેટી, મજૂસ)

૭. પોતાના ગામડિયાં મા-બાપના હેતાળ આવકાર માટે તેનું મન .............. લાગ્યું. (ઝંખવા, તલસવા, તરસવા)

૮. ડેલીનું ભારેખમ ખીલા જડેલું .............. કિચૂડ કિચૂડ કરતું બંધ થઈ ગયું. (કમાડ, બારણું, દ્વાર)

૯. વેરીભઈનો મણિયો તો ક્યારનો .............. માં ગયો, હેંડતો થા હેંડતો. (સ્મશાન, મસાણ, મહાંણાં)

૧૦. હીરાએ મણિભાઈને કહ્યું, 'લ્યો તાણ, એ તો મું, મને જ .............. શકતા નંઈ.' (ઓળખી, વરતી, પહેચાની)

૧૧. મુલ્લાજીએ મારા અબ્બાજાનને દુઃખના વખતમાં .............. શાંત પાડ્યા. (હમદર્દી બતાવી, દિલાસો આપી, આશ્વાસન આપી)

૧૨. આ વળી કઈ અપ્સરા સ્વર્ગલોકમાં ભૂલી પડી એ જાણવા માટે .............. પૂર્વક ઈન્દ્રએ .............. કરી. (જિજ્ઞાસા, કુતૂહલ, પૂછપરછ, પૃચ્છા)

૧૩. આ દશ્ય લાગલગાટ ત્રણ-ચાર દિવસ જોવાનું મળતાં ગાંધીજીની .............. માં બેઠાં બેઠાં એક કાવ્ય મને સૂઝ્યું. (કુટિર, ઝૂંપડી, પર્ણકૂટિ)

૧૪. પણ આ સંશય જો મૂળમાં શ્રદ્ધાત્મક ન હોય તો એ અનિષ્ટ છે. કેમકે 'પર' વસ્તુના અસ્તિત્વની શ્રદ્ધા ઉન્નતિ માટે .............. છે. (જરૂરી, આવશ્યક)

૧૫. જેને પાલવે તે જ મેદાનમાં આવે .............. સૌને છે પણ ભૂખ્યા જ ભાણે બેસે. (આમંત્રણ, નિયંત્રણ, નોતરું)

૧૬. સાડીની તો પરદેશમાં પણ .............. છે. (આબરૂ, પ્રતિષ્ઠા, કિંમત)

૧૭. હાલો હવે, ઇમ કાંય .............. માં પુરાવાની જરૂર નથી. (જેલ, કેદ, હેડ)

૧૮. તમને ઓલ્યો રામજી ભેળો થાય તો અમને .............. દેજો. (સમાચાર, માહિતી, વાવડ)

૭. નીચેના શબ્દસમૂહો માટે પારિભાષિક અથવા સામાસિક શબ્દો આપો.

ખાસ માનીતો મુખ્ય વિદ્યાર્થી, જેના મનમાં સતત શંકાઓ જાગ્યા કરે છે તેવો, આકાશ અને ધરતી જ્યાં મળતાં દેખાય તે જગ્યા, જન્મ અને મરણમાંથી છુટકારો, વણતૂટેલા આખા ચોખા, આંખના ખૂણામાંથી જોવાની મોહક રીત, સરકાર તરફથી ખેડૂતોને ધીરવામાં આવતાં નાણાં, ઘરેણાં કે કોઈ મિલકત ઉપર વ્યાજે પૈસા આપવાનો ધંધો કરનાર માણસ, ધાર્મિકક્રિયાને અંતે બ્રાહ્મણને અપાતું દાન, ઈચ્છા પ્રમાણેના પદાર્થો આપનાર વૃક્ષ, પોતાને હાથે લખાયેલું પોતાનું જીવનવૃત્તાંત, સૂર્ય જેવું મુખ ધરાવનાર, ગગનને ચૂમનાર, શેરની લે-વેચનો ધંધો જે જગ્યાએ થાય છે તે બજાર, તક સાધીને પોતાનું કામ કાઢી લેનાર, ગગન એ જ સરોવર.

-------------------------------------------

-------------------------------------------

----------------------------------------

----------------------------------------

----------------------------------------

----------------------------------------

----------------------------------------

----------------------------------------

----------------------------------------

----------------------------------------

૮. નીચે આપેલાં વાક્યોમાં કૌંસમાં આપેલા શબ્દોમાંથી પસંદ કરીને યોગ્ય પર્યાય મૂકો.

૧. હરિત .............. ની શોભાથી મેદાન રળિયામણું લાગતું હતું. (તણખલાં, તૃણ, તરણાં)

૨. રમેશે મોહનને ખૂબ ધમકાવીને .............. ની તોલે કરી મૂક્યો. (તૃણ, તરણા, તણખલાં)

૩. .............. ઓથે ડુંગર રે, ડુંગર કોઈ દેખે નહીં. (તરણાં, તણખલાં, તૃણ)

૪. એને મોંમાં .............. લેવડાવ્યું ત્યારે બધાને શાંતિ થઈ. (તરણું, તણખલું, તૃણ)

૫. વિષ્ણુને ચાર .............. છે. (હાથ, ભુજા, બાહુ)

૬. .............. બળ વિના આવું મોટું કામ ભાગ્યે થાય. (હાથ, ભુજા, બાહુ)

૭. પાકિસ્તાનનો વિજય .............. વ્હેંતમાં હતો પણ છેલ્લી ઘડીએ ભારત જીત્યું. (ભુજા, હાથ, બાહુ)

૮. માણસ મર્યા પછી એના કામની .............. એને અમર રાખે છે. (ફોરમ, સૌરભ, સુવાસ)

૯. માણસનું જીવન એક અદ્ભુત .............. છે. (કિતાબ, ચોપડી, ગ્રંથ, પોથી)

૧૦. ધાર્મિક .............. વાંચવાથી માણસનું મન શાંત થાય છે. (કિતાબો, ચોપડીઓ, ગ્રંથો)

૧૧. કથા વંચાઈ રહ્યા પછી કથાકારની .............. ઉપર લોકો પૈસા ચડાવે છે. (કિતાબ, ચોપડી, પોથી)

૧૨. જેઓ .............. દઈને કામ કરતા નથી તેઓનું કામ શોભતું નથી. (હૃદય, ઉર, દિલ)

૧૩. માણસની .............. અમર છે. (આશા, ઇચ્છા)

૧૪. એ એના દિલના .............. ની વાત કોઈને શી રીતે કરે ?
(દરદ, વ્યાધિ, રોગ)

૧૫. એને .............. નો રોગ લાગુ પડ્યો ત્યારથી તે ચિંતિત છે.
(દિલ, હૃદય, ઉર)

૧૬. .............. અને દુશ્મન તો ઊગતાં જ ડામવા સારાં. (રોગ, વ્યાધિ, મર્ઝ)

૧૭. સદ્‌ગુણો એ જ માણસ માટે ઉત્તમ .............. છે. (દ્રવ્ય, ધન, દોલત)

૧૮. જ્યાં .............. હોય ત્યાં વિપત્તિ જલદી આવે છે.
(દ્રવ્ય, ધન, સંપત્તિ, દોલત)

૧૯. એણે .............. બરાબર લીધું અને ગોળી છોડી. (લક્ષ્ય, ધ્યેય, નિશાન)

૨૦. કોઈ ............... વિનાનું જીવન સુકાન વિનાની હોડી જેવું ગણાય.

(લક્ષ્ય, ધ્યેય, નિશાન)

૨૧. એ ............... માં વહેલો ઊઠીને વાંચવા બેસે છે.

(પ્રભાત, સવાર, પરોઢ)

૨૨. એ ............... આખી રાત ગલીઓમાં ભટકતો રહ્યો પણ કોઈએ એને પથિકાશ્રમનો રસ્તો બતાવ્યો નહીં. (મુસાફર, પથિક, વટેમાર્ગુ)

૨૩. રેલવેના ............... એ પોતાની ટિકિટ ખરીદીને પાસે રાખીને મુસાફરી કરવી જોઈએ. (મુસાફરો, પથિકો, વટેમાર્ગુઓ)

૨૪. અમે અમદાવાદ સરકારી કામે ગયા ત્યારે ત્યાં સરકારી ............... માં અમારો ઉતારો હતો. (મુસાફરખાના, વિશ્રામગૃહ, ધર્મશાળા)

૨૫. બાબુ વીજળી ............... લાવવાની વાત આવતાં શરમથી લાલઘૂમ થઈ ગયો. (પત્ની, વહુ, ભાર્યા)

૨૬. કાનજી વાઘરી દારૂ પીને આવતો ત્યારે નશામાં ને નશામાં તેની ............ ને ઝૂડી ઝૂડીને અધમૂઈ કરી નાખતો. (પત્ની, ભાર્યા, બૈરી)

૨૭. એ વીણા વગાડવામાં ............... હતો. (હોશિયાર, કુશળ, પ્રવીણ)

૨૮. સાફો રંગવાના કસબમાં જે ............... એ બતાવતો એનાથી લોકો નવાઈ પામતા. (કુશળતા, પ્રાવીણ્ય, હોશિયારી)

૨૯. દોલતમંદો ગરીબોનાં ............... ના પ્યાસા હોય છે તેવી માન્યતા પણ છે. (રુધિર, ખૂન, રકત)

૩૦. ગરીબોનું ............... ચૂસી ચૂસીને એકઠી કરેલી સંપત્તિ વિપત્તિનું કારણ બને છે. (લોહી, રક્ત, રુધિર, શોણિત)

૩૧. ઇન્દ્રરાજા અપ્સરાઓ સાથે સ્વર્ગના ............... માં ફરવા નીકળ્યા.

(બગીચા, ઉદ્યાન, બાગ)

૩૨. મોગલ બાદશાહોએ કાશ્મીરમાં જે ............... કરાવ્યા છે તેને કારણે એ દુનિયાનું સ્વર્ગ બન્યું છે. (બાગ, બગીચા, ઉદ્યાન)

૩૩. એનું ............... ભણવામાં ચોંટતું નથી. (મગજ, ભેજું, ચિત્ત)

૩૪. ગણિતના દાખલાઓ કરી કરીને મારા ............... નું દહીં થઈ ગયું છે.

(ભેજા, મગજ, ચિત્ત)

૩૫. કચકચ કરીને એ મારું ............... ખાઈ ગયા. (ભેજું, ચિત્ત, મગજ)

૩૬. ઇલાની .............. દંતપંક્તિ એના સ્મિતના માધુર્યમાં વધારો કરતી હતી. (શ્વેત, ધોળી, સફેદ)

૩૭. આફ્રિકામાં કેટલેક હજુ પણ ............... નો કાયદો ચાલે છે.

(વન, જંગલ, અરણ્ય)

૩૮. ............... મન અને ધનથી તેણે દેશ સેવા કરી. (શરીર, કાયા, તન)

૩૯. અતિશય સ્થૂળ ............... બધા રોગોનું ઘર બને છે. (તન, શરીર, કાયા)

૪૦. શિયાળામાં ઉત્તર તરફથી ઠંડા ............... વાય છે. (પવન, સમીર, વાયુ)

૪૧. બીલીપત્રનાં પાકાં ફળો મરડા માટે રામબાણ .............. છે.
(ઔષધિ, ઓસડ, દવા)

૪૨. સવારનું .............. પડ્યું હોય ને એ ઘાસ પર આળોટીએ તો શરીરને બહુ સુખ થતું.
(ઓસ, ઝાકળ)

૪૩. શ્યામજીએ રોમન કવિ હેરિસનું આ વાક્ય પોતાના .............. માં ટાંકેલું.
(ટેકા, સમર્થન)

૪૪. આપ આ મનીષાના પરાક્રમ વિશે છાપામાં વાંચી અભિનંદન આપવા .............. હશો એમ અમે માનેલું. (આવતા, પધારતા)

૪૫. હવે હું આપનાથી કંટાળ્યો છું. આપ હવે અહીંથી .............. તો સારું.
(ચાલતા થાવ, જતા રહો, પધારો, ટળો).

(૯) નીચેનામાંથી કયા શબ્દો સમાસો છે અને કયા શબ્દસમૂહો માટે તે વપરાયા છે તે કહો :

| | | | |
|---|---|---|---|
| ગુણકારી | દુર્લભ | પાદર | ગોફણ |
| ત્રિગુણાતિત | દામોદર | મોભ | શિશિર |
| મોહની | ત્રિભંગ | હરિકેન | ઈતિહાસ |
| ખડધાન | નિર્મુખ | ચીમની | ભથવારી |
| અક્ષયપાત્ર | બ્રહ્મભોજન | ખડિયો | દધિમંથન |
| કામધેનુ | કલ્પવૃક્ષ | જીવનરસાયન | તરકોશી |
| ભભૂતિયો | ધર્મલિપિ | વાટવો | અકથ્ય |
| ઘોડાગાડી | શહીદ | ક્રીડાંગણ | અજોડ |
| આગળિયો | ઉલાળો | અનામત | સુસંગત |
| અપૂર્વ | મજૂર | ખીણ | વનસ્થલી |
| કરિયાવર | કૃતઘ્ન | રક્તદ્યુતિ | દંપતી |
| ધર્મશાળા | સાઠમારી | તારામૈત્રક | ઘોડાપૂર |
| દ્વંદ્વયુદ્ધ | ચકચાર | વંટોળિયો | સંવાદ |
| ઘરોબો | સમાધિ | મનોરમ | જગદીશ |
| ઊલટતપાસ | મોક્ષ | હેમકટોરા | ધરાવાસી |
| શિબિર | ફરિયાદી | વિધવા | વિધુર |
| મેળાવડો | સાક્ષર | અખોવન | તગાવી |
| નિરક્ષર | વારસ | માધુકરી | અગર |
| તટસ્થ | સ્વૈરવિહાર | નિઃશસ્ત્ર | સાર્વજનિક |
| આત્મદીપ | સ્વાવલંબી | છાવણી | પુણ્યપ્રકોપ |
| અનિમેષ | પિષ્ટપેષણ | પ્રતિનિધિ | સરઘસ |
| અનંત | તકસાધુ | અંધશ્રદ્ધા | કાલત્રય |
| ગૌરીવ્રત | સમારંભ | વિવેક | આત્મજ્ઞાન |
| રૂઢિચુસ્ત | યજમાન | પગરણું | સમિતિ |
| દક્ષિણા | ગૃહઉદ્યોગ | હૂંડી | અવલોક |
| સિદ્ધાર્થ | પ્રજાસત્તાક | સંસ્કાર | અનુકરણ |

| | | | |
|---|---|---|---|
| પટ્ટશિષ્ય | સામ્રાજ્ય | મહાત્ત્વાકાંક્ષા | સમકાલીન |
| પરિશીલન | મુખપત્ર | આત્મસંયમી | નખશિખ |
| વનરાજિ | ક્ષણિક | અન્યમનસ્ક | ગગનચુંબી |
| સ્વગત | રામબાગ | કાંસ | લઘુતાગ્રંથિ |
| ઊર્ધ્વગમન | શરણાગતિ | સ્વયંસેવક | ઉદ્યોગપતિ |
| હાલરડું | ટોડલો | કારખાનું | શિલ્પ |
| પોંખણ | કાર્યાલય | મર્ત્યલોક | વાગ્ધારા |
| શબવાહિની | જનાનો | પરંપરા | ઉત્સવ |
| ગાફેલ | તકાજો | આત્મશ્રદ્ધા | મૃગજળ |
| સ્વાધીન | વિદાય | સાક્ષાત્કાર | અક્ષયપાત્ર |
| સપૂત | આશ્રમ | દિગ્વિજયી | આકાશગંગા |
| પહોર | ઉઝરડો | ગ્રહમંડળ | ઈચ્છાશયન |
| દુ:સહ | કૂચ | જોગાનુજોગ | નતમસ્તક |
| ધૂમકેતુ | ગ્રહગણ | સંપાદક | અભયવાણી |
| ક્ષિતિજ | ગોઠિયો | ઉપવન | અસ્થિફૂલ |

આચારસંહિતા બિનસાંપ્રદાયિકતા

# પ્રકરણ :૩ વાક્યરચના વિષયક સજ્જતા

**એકમની રૂપરેખા**


૩.૦ હેતુઓ

૩.૧ પ્રસ્તાવના

૩.૨ વાક્યની ભૂમિકા

૩.૩ નિષેધ વાક્ય

૩.૪ પદક્રમ

૩.૫ સંયુક્ત અને સંકુલ વાક્યો

૩.૬ વાક્યોનું લખાણ

૩.૭ તમારી પ્રગતિ ચકાસો


## ૩.૦ હેતુ

આ એકમ દ્વારા તમે ભાષામાં વાક્યની ભૂમિકા શું છે તે જાણી શકશો. વિધાન વાક્ય અને નિષેધ વાક્યના કાર્ય જાણી શકશો. વાક્યમાં પદક્રમનું મહત્ત્વ શું છે તે સમજી શકશો. સાદા, સંયુક્ત અને સંકુલ વાક્યોના ઉપયોગ જાણી શકશો અને એ ઉપરાંત વાક્યો લખાણમાં કઈ રીતે લખાય છે તે જાણી શકશો.

## ૩.૧ પ્રસ્તાવના

ભાષાસજ્જતાનું બીજું પગથિયું છે વાક્યરચનાઓની આવડત. શબ્દોનો ઉપયોગ કરીને વાક્યો બનાવતાં, એકની એક વાત જુદાં જુદાં વાક્યોની મદદથી કહેતાં, આપણે જે વાત કહેવી છે તેના કરતાં કંઈ જુદી જ અથવા ભળતી જ વાત કહેવાઈ ન જાય તેની ચોક્સાઈ રાખતાં આપણે શીખવું જોઈએ.

## ૩.૨ વાક્યની ભૂમિકા

તમારાં લખાણોમાં ઘણીવાર 'તેને અને તેણે વચ્ચે, કોને કોણે વચ્ચે, તમારે અને તમને વચ્ચે, અમારે અને અમને વચ્ચે, તારે અને તને વચ્ચે, મારે અને મને વચ્ચે' અરસપરસ અદલાબદલી થઈ જાય છે. આનાં કેટલાંક કારણો પણ છે પરંતુ એની ચર્ચાની અહીં જરૂર નથી. આ બધા શબ્દોના ઉપયોગથી તમે વાક્ય બનાવો ત્યારે તમે કંઈ એકને બદલે બીજું લખી ન બેસો તેની ચીવટ રાખવી જોઈએ. દા.ત. 'જયશ્રીને સવારમાં બે કપ ચા જોઈએ જ.' આ વાક્યમાં જયશ્રી એ સંજ્ઞાને સ્થાને તું, હું, તમે, તે, અમે એવું કોઈપણ સર્વનામ મૂકીએ તો :

મને સવારમાં બે કપ ચા જોઈએ જ.

અમને સવારમાં બે કપ ચા જોઈએ જ.

તમને સવારમાં બે કપ ચા જોઈએ જ. જેવાં વાક્યો થાય છે. હવે આપણે :

મારે સવારમાં બે કપ ચા જોઈએ જ.

અમારે સવારમાં બે કપ ચા જોઈએ જ.

તમારે સવારમાં બે કપ ચા જોઈએ જ. જેવાં

વાક્યો પણ આ જ અર્થમાં છૂટથી વાપરીએ છીએ. મને સવારમાં બે કપ ચા જોઈએ/મારે સવારમાં બે કપ ચા જોઈએ એ બંને વાક્યો એકસરખી રીતે સ્વીકાર્ય વાક્યો છે. આ ઉપરથી આપણે એમ માની લઈએ કે મને /મારે. તને/તારે, અમને/અમારે અને તમને/તમારે એ સર્વનામો બધાં વાક્યોમાં એકબીજાને વિકલ્પે

વાપરી શકાય છે તો એ ન ચાલે. જેવો મને એ સર્વનામનો મારે સાથે, તને નો તારે સાથે, તમને નો તમારે સાથે એવો જ સમાંતર સંબંધ તેને નો તેણે સાથે છે. આ કારણે અને મોટે ભાગે તો ણ ને સ્થાને ન ઉચ્ચારવાની ટેવને કારણે તેણે ને સ્થાને તેને અને તેને ને સ્થાને તેણે વાપરી બેસાય છે.

તેને અને તેણે ના વપરાશની ચીવટ જેટલી જ ચીવટ કોને અને કોણે ના વપરાશમાં રાખવી જોઈએ. 'કોને કોને બોલાવ્યા છે?' જેવો પ્રશ્ન કોણે કોણે બોલાવ્યા છે? "જેવા પ્રશ્નથી તદ્દન સામા છેડાનો અર્થ વ્યક્ત કરે છે. કોણે કોને શીંગડું માર્યું? જેવો પ્રશ્ન હોય તો કોને નો અર્થ અને કોણેનો અર્થ જુદો છે. એ ન સમજીએ તો 'છોકરીને ગાયે શીંગડું માર્યું' જેવું વાક્ય બનાવીને જવાબ આપવાને બદલે 'છોકરીએ ગાયને શીંગડું માર્યું' જેવું વાક્ય બનાવી બેસીએ.

છોકરીને શી ઇચ્છા છે? અને તારી શી ઇચ્છા છે? જેવાં વાક્યો છોકરીની શી ઇચ્છા છે? તને શી ઇચ્છા છે? જેવાં વાક્યોની સમાંતર છે અને બંને વાક્યોનો અર્થ એક જ થાય છે. દા.ત. "રમેશ મુંબઈ જવા ઇચ્છે છે. રમેશે મુંબઈ જવું છે. રમેશને મુંબઈ જવું છે. રમેશની મુંબઈ જવાની ઇચ્છા છે." જેવાં ચારે વાક્યો એક સરખો અર્થ વ્યક્ત કરે છે. પરંતુ આ ચારમાંથી કોઈ એકની જ પસંદગી કરવા પાછળ આ વાક્ય વાપરનારનો ચોક્કસ ઇરાદો હોય છે. હું ઊંઘી ગયો/મને ઊંઘ આવી ગઈ. હું વિચારમાં પડ્યો/મને વિચાર આવ્યો. મેં ચા ઢોળી/મારાથી ચા ઢોળાઈ ગઈ. જેવાં વાક્યો એકસરખો અર્થ વ્યક્ત કરે છે છતાં ભાષક જ્યારે બેમાંથી એક વાક્ય પસંદ કરે ત્યારે કોઈ ચોક્કસ સંદર્ભ અથવા એનો એ વાક્ય પસંદ કરવા પાછળ ચોક્કસ ઇરાદો હોય છે. એથીયે એક ડગલું આગળ જઈએ. હું વચ્ચે બોલ્યા વિના રહી શક્યો નહીં/મારાથી વચ્ચે બોલ્યા વિના રહેવાયું નહીં. આ બંને વાક્યો એક સરખો અર્થ વ્યક્ત કરે છે. પરંતુ એવો સંદર્ભ હોય કે ક્યાંક જમણવાર હતો ને કોઈના આગ્રહ વિના માત્ર સ્વાદ પડવાને કારણે જ કોઈ વ્યક્તિ વધારે પડતું ખાઈ બેઠી તો તે એમ તો નહીં જ કહે કે 'હું વધારે ખાઈ બેઠો.' પોતાની અવશતા, મજબૂરી દર્શાવવા એમ જ કહેશે 'મારાથી વધારે ખવાઈ ગયું.' તમે નોંધી શકશો કે, 'હું ઊંઘી ગયો, હું વિચારમાં પડ્યો, મેં ચા ઢોળી, વચ્ચે બોલ્યા વિના રહી શક્યો નહીં, હું વધારે ખાઈ બેઠો' જેવાં કર્તરીરચના ગણતાં વાક્યોમાં જે ક્રિયા થઈ છે તેનો કરનાર 'હું' પોતાની જવાબદારી સ્વીકારે છે. જ્યારે મને ઊંઘ આવી ગઈ, મારાથી ચા ઢોળાઈ ગઈ વગેરે વાક્યોમાં કર્તાની એ ક્રિયા કરવા પાછળ સભાનતા ન હતી, મજબૂરી, અવશતા હતી તેમ દર્શાવાયું છે. તમે નોંધજો કે તમારાથી કાચનો પ્યાલો તૂટી જાય તો તમે અવશ્ય કહેવાના, 'મારાથી કાચનો પ્યાલો ફૂટી ગયો.' પણ અન્ય કોઈથી તૂટી જાય તો 'તેણે કાચનો પ્યાલો ફોડ્યો' અથવા 'તેં કાચનો પ્યાલો કેમ ફોડ્યો ?' એમ કહેવાના. અમુક સંદર્ભમાં તમે કર્તરી વાક્યરચનાઓ વાપરવાનો આગ્રહ રાખવાના અને અમુકમાં કર્મણિ. તમને કર્તરીમાંથી કર્મણિ અને કર્મણિમાંથી કર્તરિ વાક્ય રચનાઓનું રૂપાંતર કરતાં આવડે જ છે. તેનો વધુ મહાવરો કરવો જોઈએ.

## ૩.૩ નિષેધવાક્ય

એ જ રીતે નિષેધવાક્યમાંથી વિધિવાક્યમાં અર્થ બદલ્યા વિના રૂપાંતર કરતાં શીખવું જોઈએ. પરિચ્છેદલેખનમાં આવી તાલીમ ઉપયોગી બને. ઉપરાંત સંક્ષેપીકરણ, નિબંધ, પત્ર વગેરેમાં પણ આ તાલીમ ઉપયોગી થાય. દા.ત. તમે ઘણે ઠેકાણે નીચે પ્રમાણે વાક્યો વાંચ્યાં હશે : "બૂટ-ચંપલ પહેરી અંદર આવવું નહીં. બૂટ-ચંપલ પહેરી અંદર આવવાની મનાઈ છે." પહેલું નિષેધવાક્ય છે. બીજું વિધિવાક્ય છે. છતાં બંને આવનાર માટે સરખાં અપમાનકારક છે. કોઈ આ જ વાત વધારે રોચક રીતે અને આવકારતા હોય તે રીતે લખી શકે : 'બૂટ-ચંપલ બહાર ઉતારી અંદર પધારો.' આ વાક્યમાં અર્થ પેલો જ છે પણ વાંચનારના મનમાં પેલાં વાક્યોની સરખામણીએ આ વાક્ય વાંચતાં અપમાન થયાનો ભાવ જાગતો નથી.

'બેની વાતમાં ત્રીજાએ બોલવું જરૂરી નથી.' એમ તમે કોઈને કહો તો તેને જરા માઠું લાગવા સંભવ છે.

તેને બદલે, બેની વાતમાં ત્રીજાએ બોલવું શું જરૂરી છે ? એમ કહો તો? અથવા બેની વાતમાં ત્રીજાએ બોલવાની શી જરૂર ? એમ કહો તો ? અથવા તો બેની વાતમાં ત્રીજાએ બોલવું બિનજરૂરી છે. એવું વિધિવાક્ય કહીને પણ એની એ વાત જુદી રીતે કરી શકાય. 'તમે હાજર નથી હોતા ત્યારે ઓફિસમાં વ્યવસ્થા સચવાતી નથી.' એ વાક્ય તમારી ગેરહાજરીમાં ઓફિસમાં અવ્યવસ્થા પ્રવર્તે છે એ રીતે પણ રજૂ થઈ શકે.

તમે એ પણ જાણો છો કે અર્થ બદલીને પણ આવાં રૂપાંતરો શક્ય છે. પણ અહીં તો અર્થ બદલ્યા વિના વિધિવાક્યનું નિષેધવાક્યમાં, સાદાવાક્યનું પ્રશ્નાર્થવાક્યમાં રૂપાંતર કરવાની વાત છે. જે રીતે કર્તરિમાંથી કર્મણિમાં રૂપાંતર કરીએ છીએ ત્યારે કહેવાની વાતની લઢણ-રીત બદલાય છે એવું જ આનું છે.

## ૩.૪ પદક્રમ

ગુજરાતી વાક્યમાં પદક્રમ (પદવિન્યાસ) ક્યારેક અર્થ બદલવામાં ભાગ ભજવતો નથી. દા.ત. 'છોકરીને ગાયે શિંગડું માર્યું.' એ વાક્ય ગાયે છોકરીને શીંગડું માર્યું એ રીતે લખીએ તો અર્થમાં કોઈ ફેરફાર થતો નથી. પરંતુ વિશેષણો, ક્રિયાવિશેષણો, ભાર આગ્રહ વિનંતી સૂચવતા નિપાતો વગેરેનો ક્રમ વાક્યમાં બદલાઈ જાય તો વાક્યનો અર્થ બદલાઈ જાય છે. પહેલાં જે ઉદાહરણ જોયું તેમાં છોકરીને એ પદનો ક્રમ ગાયે એ પદ પહેલાં રાખીએ કે પછી તેથી વાક્યના અર્થમાં ફેરફાર થતો નથી. પરંતુ 'આખરે મનહરે કડક રોટલી ખાધી' જેવા વાક્યમાં કડક એ શબ્દ મનહરની પહેલાં વાપરી બેસીએ તો 'આખરે કડક મનહરે રોટલી ખાધી' એમ અર્થ બદલાઈ જાય.

ક્યારેક કૃદંતો વિશેષણની કામગીરી બજાવતાં હોય ત્યારે વાક્યમાં તેમના ક્રમની ચીવટ અત્યંત જરૂરી હોય છે. દા.ત. તું દાઝેલી રોટલી સાણસીથી ઉપાડી થાળીમાં મૂકે છે. આ વાક્યમાં દાઝેલી એ કૃદંત સાણસીની પહેલાં મૂકીએ અથવા થાળીની પહેલાં મૂકીએ તો તું રોટલી દાઝેલી સાણસીથી ઉપાડી થાળીમાં મૂકે છે અને તું રોટલી સાણસીથી ઉપાડી દાઝેલી થાળીમાં મૂકે છે એમ જુદો જુદો અર્થ ધરાવતાં વાક્યો મળે.

જ, તો, પણ, ય. ફક્ત, માત્ર, કેવળ જેવા નિપાત ગણાતા ભાર કે આગ્રહ સૂચવતા શબ્દો પણ વાક્યમાં બહુ મહત્ત્વનો ભાગ ભજવે છે. દા.ત. 'વડાપ્રધાને આ મુદ્દો તો ચર્ચ્યો છે' જેવા વાક્યમાં તો નું સ્થાન બદલાય અને ' આ મુદ્દો તો વડાપ્રધાને ચર્ચ્યો છે' જેવું વાક્ય વપરાય તો અર્થ બદલાઈ જાય. એવું જ, પણ, ય, ફક્ત, માત્ર, કેવળ એ નિપાતોનું છે. નીચેનાં ઉદાહરણોમાં એ જોઈ શકાશે.

આ કામ તમારાથી જ થઈ શકશે. (તમારા સિવાય બીજાથી નહીં) આ કામ જ તમારાથી થઈ શકશે. (આ કામ સિવાય બીજું નહીં) માત્ર/ફક્ત/કેવળ ઈશ્વરનો ભરોસો છે. (ઈશ્વર સિવાય બીજો નહીં) ઈશ્વરનો માત્ર/ફક્ત, કેવળ ભરોસો છે. (ભરોસા વિના બીજું કંઈ નહીં) તેણે પણ ગાયું. (અન્યોની સાથે તેણે પણ ગાયું) તેણે ગાયું પણ. (અન્ય ક્રિયાઓની સાથે તેણે ગાવાની ક્રિયા પણ કરી.)

વાક્યમાં આ પદક્રમ સાચવવાની જેટલી કાળજી રાખો એટલી પદસંવાદ જાળવવાની કાળજી પણ રાખવી જોઈએ. આપણે નાનપણથી ગુજરાતી ભાષાનો વપરાશ કરીએ છીએ અને એ આપણી પ્રથમ ભાષા અથવા માતૃભાષા છે છતાં 'ક્યારેય હું માદું પડ્યું' જેવું વાક્ય વાપરી બેસીએ છીએ. આતો ઠીક પરંતુ ક્યારેક લખતાં લખતાં લાંબા વાક્યો લખાઈ જાય ત્યારે ગૂંચવાડો થાય છે દા.ત. અમે આગ્રા ગયાં ત્યાં મોગલ શહેનશાહોનો વૈભવ અને સમૃદ્ધિ જોવા મળ્યો. આ વાક્યમાં ક્રિયાપદને જે લિંગવચનનાં રૂપો લાગ્યાં છે તે વૈભવ પ્રમાણે લાગ્યાં છે. ખરેખર તો વૈભવ અને સમૃદ્ધિ બંને આ વાક્યમાં કેન્દ્રમાં છે તેથી શહેનશાહોનાં વૈભવ અને સમૃદ્ધિ જોવા મળ્યાં એમ વાક્ય જોઇએ.

## ૩.૫ સંયુક્ત અને સંકુલ વાક્યો

બે કે વધુ વાક્યોને સંયુક્ત અને સંકુલ વાક્યો રૂપે જોડવાની આવડત કેળવવી જોઇએ. સંકુલ અને સંયુક્ત વાક્યોને સાદાં વાક્યો રૂપે છૂટાં છૂટાં લખવાનો મહાવરો પણ પાડવો જોઈએ. સંકુલ વાક્ય કોને કહેવાય તેની વ્યાખ્યા જ માત્ર આવડે એ પૂરતું નથી પણ લખાણમાં આવાં વાક્યો કઈ રીતે વધુ ઉપયોગી છે, સંયુક્ત વાક્યો કઈ રીતે કરકસરપૂર્ણ છે, તેનો પણ અભ્યાસથી પરિચય કેળવવો જરૂરી છે.

## ૩.૬ વાક્યોનું લખાણ

છેલ્લે લખાણને કાગળ ઉપર રજૂ કરવા વિશે પણ એક સૂચના નોંધી લેવી જોઈએ. દરેક ભાષામાં લખાણ વિશેની કેટલીક પરંપરાઓ ચાલી આવતી હોય છે. તમને ગ્રંથાલયોમાંથી કોઈ સો એક વરસ પહેલાં છપાયેલું પુસ્તક મળી આવે તો વાંચી જોજો. સો-દોઢસો વરસ જૂના દસ્તાવેજો અથવા હસ્તપ્રતો વાંચવાનો પ્રયત્ન કરી જોજો. તમને નવાઈ લાગે એટલી વિવિધતા અને વિસંગતિ તમને એ જૂનાં લખાણોમાં જોવા મળશે. લખાણમાં એકવાક્યતા અને સાતત્ય જળવાય એ કારણે જોડણીની, વિરામચિહ્નો યોગ્ય જગ્યાએ મુકાય એની, બે શબ્દો વચ્ચે જગ્યા રહે તેની ખાસ ચીવટ રાખવી જોઈએ. અમૂક બાબતોમાં મતભેદ થાય તો નવજીવન પ્રેસમાં છપાયેલાં બે-ત્રણ પુસ્તકોમાં એ કેવી રીતે છપાયું છે તે જોઈ લેવું. આમાં સાચું શું અને ખોટું શું એની ચર્ચા નકામી ગણાય કારણ કે એ પરંપરાએ સ્વીકાર્યું હોય અને સમાજમાં સ્વીકૃત હોય એટલે ઘણું. માશી સાચું કે માસી ? ગુજરાત સાચું કે ગૂજરાત? એવી ચર્ચામાં સમય બગાડવાનો અર્થ નથી. એસ.એસ.સી. એમ લખતી વખતે એસ પછી, બીજા એસ પછી અને છેલ્લે સી પછી પૂર્ણવિરામ મુકાય છે. પણ બી. એસસી. એમ લખતી વખતે બી પછી પૂર્ણવિરામ મુકાય છે પણ એસ પછી પૂર્ણવિરામ શા માટે મુકાતું નથી ? આવી જિજ્ઞાસા થાય અને એ વિશે જાણો તો સારું છે. પણ ધારો કે એ વિશે ન જાણો અને છતાં એ પ્રમાણે બધા લખે છે માટે લખો તો પણ ખોટું નથી. કારણ કે આ જ રીતે કેમ લખાય અને આ જ રીતે કેમ ન લખાય એવા બધા પ્રશ્નોના ખુલાસા મળી શકે એમ નથી. અમારા બાપ-દાદા અને સમાજમાં બધા એમ લખે છે માટે આપણે પણ એમ લખવાનું.

૩.૭ તમારી પ્રગતિ ચકાસો

**નીચેનાં વાક્યોમાં વિભક્તિ અને અનુગોની ભૂલ સુધારી વાક્યો ફરીથી લખો :**

(૧) મણિલાલ ગાંધીજીના પગના તળિયાં ઘીમાં લગાવી રહ્યા હતા.

(૨) ગાયને છોકરીએ શીંગડું માર્યું.

(૩) રમેશથી અમને ઘણી આશાઓ રાખી હતી.

(૪) પહેલાં કૂવાથી પાણી કાઢ્યું પછી હાથ મોં ધોયા.

(૫) તેમણે ગોબ્રાહ્મણ માટે સંતાન જેવો પ્રેમ હતો.

નીચેના પરિચ્છેદોમાંથી અમુક વાક્યો ઉપાડી લઈને એ પરિચ્છેદોની નીચે આપવામાં આવ્યાં છે. આ વાક્યોના બે કે ત્રણ વિકલ્પો આપવામાં આવ્યા છે. તેમાંથી સંદર્ભમાં અનુરૂપ એક પસંદ કરીને પરિચ્છેદ ફરીથી લખો. પહેલાં આખો પરિચ્છેદ વાંચ્યા પછી સંદર્ભ અનુસાર વાક્યો પસંદ કરો.

(+) સુકન્યા બારીમાં ઊભી હતી. એક રાજકુમાર ઘોડા પર બેસી ત્યાંથી પસાર થયો. ............... ક ............ રાજકુમાર ઘણો સોહામણો હતો. ............... ખ .......... એના રૂપ ઉપર તે મોહિત થઈ ગઈ. ............... ગ ............ પોતાના મનની વાત તેણે સખીને કરી. રાજકુમાર રૂપાળો છે જાણી ........... ઘ ............સખી સુકન્યાનો સંદેશો લઈ રાજકુમારને મળવા ગઈ. રાજકુમારને મળતામાં ...............ચ.......

ક. સુકન્યાને એ દેખાયો.

સુકન્યાએ તેને જોયો.

સુકન્યાની તેના પર નજર પડી.

ખ. તેને રાજકુમાર પસંદ પડ્યો.

તેણે રાજકુમારને પસંદ કર્યો.

તેણે રાજકુમારની પસંદગી કરી.

ગ. તેણે રાજકુમારને પરણવાનો વિચાર કર્યો.

તેણે રાજકુમારને પરણવાનું વિચાર્યું.

તેને રાજકુમારને પરણવાનો વિચાર આવ્યો.

ઘ. સખીને તેની વાતમાં રસ પડ્યો.

સખીએ તેની વાતમાં રસ લીધો.

ચ. રાજકુમારે સખીને મોહિત કરી.

રાજકુમારથી સખી મોહિત થઈ.

મેં મારા મિત્રને સવારે અગિયાર વાગે મળવાનું વચન આપ્યું હતું. તેણે આમંત્રણ આપેલું તેથી ............ ક .......... હું ઘેરથી સમયસર નીકળ્યો પરંતુ ............ ખ ............ મારા મિત્રને ત્યાં પહોંચ્યો ત્યારે એક વાગી ગયો હતો. ............... ગ ............ મારી વાટ જોવાતી હતી. મેં મોડું થવાનું કારણ આપ્યું અને દિલગીરી વ્યક્ત કરી ............ ઘ ............

ક. હું તેમની સાથે જમવાનો હતો.

મારે તેમની સાથે જમવાનું હતું.

ખ. ગાડી મોડી થવાને કારણે હું મોડો થયો.

ગાડી મોડી થવાને કારણે હું મોડો પડ્યો.

ગાડીને મોડું થવાને કારણે મને મોડું થયું.

ગ. બધાંએ જમવા માટેની તૈયારી કરી લીધી હતી.

બધાંની જમવા માટેની તૈયારી થઈ ગઈ હતી.

ઘ. મારા ખુલાસાનો તેમણે સ્વીકાર કર્યો.

મારો ખુલાસો તેમણે સ્વીકાર્યો.

(ઈજા) પિતાના મૃત્યુના સમાચાર એટલા આઘાતજનક હતા કે તત્કાળ તો ........ ક ........... થોડીવાર પછી પરિસ્થિતિનો સાચો ખ્યાલ આવતાં ......... ખ ........ અમે બહુ મોટી ઓથ ગુમાવી હતી. આંસુભરી આંખે આ સમાચાર લઈને આવેલા મારા નાનાભાઈને .............. ગ ............ એને બાથમાં લેતાં જ ........... ઘ ............ વાતાવરણ ગમગીન અને ગંભીર થઈ ગયું હતું ............ ચ ......... જાણે કે .......... છ ............

ક. હું રડી શક્યો પણ નહીં.

મારાથી રડાયું પણ નહીં.

ખ. મારી આંખોમાં આંસુ ઊભરાઈ આવ્યાં.

મારી આંખો આંસુથી ઊભરાઈ ગઈ.

ગ.  આશ્વાસનનો એક પણ શબ્દ કહી શકયો નહીં.

આશ્વાસનનો એક પણ શબ્દ કહી શકાયો નહીં.

ઘ.  હું છૂટે મોંએ રોઈ પડ્યો.

મારાથી છૂટે મોંએ રોઈ પડાયું.

ચ.  આકાશ પણ અનરાધાર વરસતું હતું.

આકાશમાંથી પણ અનરાધાર વરસાદ વરસતો હતો.

છ.  તે પણ રડ્યા વિના રહી શક્યો નહીં.

તેનાથી પણ રડ્યા વિના રહેવાયું નહીં.

નીચેનાં વાક્યોમાં પદક્રમ આઘોપાછો (આગળ પાછળ, અવળસવળ, ઊલટાસૂલટી) થઈ ગયો છે તથા પદસંવાદ ક્યાંક બરાબર નથી તો યોગ્ય પદક્રમ સાથે અને પદસંવાદ ગોઠવીને વાક્યો ફરીથી લખો :

(૧) શુદ્ધ ગાયનું દૂધ પીવાથી છોકરો જાડું થાય છે.

(૨) પોતાની પતિની એક મા બાળકને ગેરહાજરીમાં ઉછેરે છે.

(૩) કેટકેટલી આશાઓ અને અરમાનોની એક વિધવાની ઈમારત તમે એક જમીનદોસ્ત વડે કારતૂસ કરી નાખ્યું.

(૪) જે દીવાને ટચૂકડાં તાપણે રંડાપો એ માવડી ગુજારતી હતી એ એક જ ફૂંકે તમે દીવડો હોલવ્યો નાખ્યો.

(૫) અવારનવાર હૈયાં કાઢી અમારાં નવોદિત બહાનાં એકબીજાની ખબર કાઢી લેતાં હતા.

(૬) ભાગીરથીની આંસુમાં આંખો આવી.

(૭) આઠદસ છોકરાઓનું ટોળું મોંમાં રેડિયો ખોસીને બેઠા હતા.

(૮) ખેડૂતોના વાંકોચૂકો હાથ ફરતા હતા એટલે ક્યાંક મહેનતુ છોડ કે નીંદામણ દેખાતો નહોતો.

(૯) પોતાની પ્રેમાળ નજર આગળ તેની સ્ત્રી અને હૂંફાળું ઘર તરવરવા લાગી.

(૧૦) મણિભાઈ નિર્લેપ ગામ છોડીને બહાર નીકળ્યો.

(૧૧) સ્ટેશન પર અધીરા આંટા મનથી મારી રહ્યા હતા હું.

(૧૨) એક ગાડી વટાવી સ્ટેશન આવી પહોંચશે ઈલાને લઈ.

(૧૩) પપ્પાને સિંહની ખાતરી હતી કે એકાદ ત્રાડ સાંભળીને જ મરી જશે મનીષા અને નરેન્દ્રકુમારે વિધુરનું જીવન જીવવું પડશે.

(૧૪) ધાડપર મીઠાના ડુંગર પાડવા એ પગપાળા લઈને સ્વયંસેવકોને નીકળ્યા.

(૧૫) ખૂનખાર કબૂતરોનું યુદ્ધ જોવા વિદ્યાર્થીઓનાં ટોળાં ઊમટ્યું હતું.

(૧૬) અધીરાઈ પીવાની મને કંઈ દવા નહોતી.

(૧૭) દહાડો આખો પેન્સિલકામ કરીને એવી થાકી ગઈ હતી કે એ મારી હથેળીને પથારી સમજી એમાં સૂઈ ગઈ.

(૧૮) અગિયારમા ધોરણમાં પ્રત્યયોની મદદથી ઘડાતા જુદા જુદા શબ્દોનો અભ્યાસ કરવાનો છે.

(૧૯) દુર્ભાગ્યે એ લખાઈ રહે એ પહેલાં મારા પિતાશ્રીનું મૃત્યુ થયું.

(૨૦) એક સરખાં લીલાં આંબા ઉપરથી પાંદડાં અને કેરી નીચે પડી.

(૨૧) પ્રખ્યાત તબીબ અને કોંગ્રેસ (ઈ)નાં સંસદસભ્ય ફિલ્મી કલાકાર વૈજયંતિમાલાના પતિ ડૉ.

બાલીનું આજે મુંબઈ ખાતે અવસાન થયું હતું.

(૨૨) રાષ્ટ્રપતિએ તેમના સંપ્રદાયના યુવાનોની સુધારણા માટેના પ્રયાસોની પ્રશંસા કરી હતી.

**નીચેનાં વાક્યો ભેગાં કરી એક વાક્ય બનાવો.**

(૧) તેણે મણમણના થઇ ગયેલા પગ ઘસડ્યા. કૂતરાની ચાટ આગળ એ જરાક થંભ્યો. રસ્તામાં ખાવા લીધેલું ગાંઠિયાનું પડીકું તેણે ઊંધું વાળ્યું. તે મૂઠીઓ વાળીને ત્યાંથી નાસી છૂટ્યો.

(૨) એ રોજ દાળ, ભાત, રોટલીને ગંધાતું શાક ખાતાં. એમ એમનું શહેરી જીવન વીતવા લાગ્યું. એ જીવન એમને કોઠે પડી ગયું હતું.

(૩) ધીમે ધીમે જીવનનો શ્રમ પુષ્કળ વધ્યો. એને પરિણામે ગોવિંદને ક્ષય લાગુ પડ્યો.

(૪) એટલામાં નારણ ભટ્ટ આવ્યા. તેમણે ખડિયો નીચે મૂકયો. એ આગળ વધ્યા. એ ગોવિંદને ભેટી પડ્યા.

(૫) રેડિયો જોરજોરથી વાગતો હતો. એની આસપાસ આઠદસ છોકરાઓનું ટોળું બેઠું હતું. એમણે લગભગ રેડિયોમાં મોં ખોસ્યું હતું.

(૬) તે ભારતમાં જુદાં જુદાં દેશી રાજ્યોના દીવાનપદે રહ્યા. ત્યાં તેમને કડવા અનુભવો થયા. આ કારણે તે દેશ છોડી ગયા. સાથે પત્નીને પણ લઈ ગયા.

(૭) સમાજશાસ્ત્રના એ નિષ્ણાત હતા. પુરાતત્વમાં એ નિષ્ણાત હતા. સંસ્કૃતના તો તે પારંગત હતા જ.

(૮) એ સમયે ઇંગ્લેંડની ઓક્સફોર્ડ યુનિવર્સિટીમાં સંસ્કૃતના એક અધ્યાપકની જરૂર ઊભી થઈ. સર મોનિયર વિલિયમ્સે એ માટે સ્વામી દયાનંદજીને લખ્યું. તેમણે શ્યામજીની ભલામણ કરી. શ્યામજી ઈ.સ. ૧૮૭૯માં ઈંગ્લેંડ ઉપડી ગયા.

(૯) અમે તમારા વાસમાં દોડી આવતા. અમે તમારું ઢોલક સાંભળવા આવતા. અમે તમારું ઢોલક સાંભળતા. એ સાંભળી મને નાચવાનું મન થઈ જતું.

(૧૦) આ યુવાન એન્જિનિયર છે. તે કારખાના વિશે સારું જ્ઞાન ધરાવે છે. તેમણે અમેરિકામાં એન્જિનિયરિંગનો અભ્યાસ કર્યો છે.

**નીચેનાં વાક્યોમાંથી નાનાં વાક્યો છૂટાં પાડી સાદાં વાક્યો લખો :**

(૧) હું રડી પડી, ડસડસી જઈ, દોડતો ઘેર આવી એકશ્વાસે દાદરો ચડી જઉં છું.

(૨) મણિભાઈ આશ્રમમાં રહી, રેંટિયો કાંતી દેશસેવા કરશે.

(૩) હું અસમિયા છું છતાં હિન્દી, નેપાળી, અંગ્રેજી બોલું છું.

(૪) અમે સાથે ચા-નાસ્તો કરી ફરવા નીકળ્યાં.

(૫) મારા ગામમાં એક દિવસ શેરીમાં અચાનક બૂમ પડી કે રૂઘનાથ ફોજદાર કોદરને હંટરે હંટરે મારે છે.

# પ્રકરણ : ૪ પરિચ્છેદ લેખનની તાલીમ અને શૈલી વિષયક સભાનતા

**એકમની રૂપરેખા**


૪.૦ હેતુઓ

૪.૧ પ્રસ્તાવના

૪.૨ ગદ્યના પ્રકારો

૪.૩ વર્ણનનું ગદ્ય

૪.૪ વિવરણાત્મક ગદ્ય

૪.૫ વાદાત્મક ગદ્ય

૪.૬ ભાવાત્મક ગદ્ય

૪.૭ તમારી પ્રગતિ ચકાસો


## ૪.૦ હેતુ

આ પ્રકરણ દ્વારા જુદા જુદા પ્રકારના લખાણો વિશે તમે માહિતી મેળવી શકશો. લખાણમાં મુદ્દાઓ અને ઉપમુદ્દાઓને કઈ રીતે વિકસાવવા અને એને અનુરૂપ કેવા પ્રકારનું ગદ્ય પ્રયોજવું તે અંગે સમજી શકશો. ગદ્યના જુદા જુદા પ્રકારો - જેવા કે વર્ણનનું ગદ્ય, વિવરણાત્મક ગદ્ય, વાદાત્મક ગદ્ય, ભાવાત્મક ગદ્ય વિશે માહિતી મેળવી શકશો.

## ૪.૧ પ્રસ્તાવના

નિબંધ, પત્ર, વિચારવિસ્તાર, અહેવાલ કે આખરે તમારા પ્રશ્નના ઉત્તર જેવા કોઈ પણ સળંગ લખાણમાં તમે પરિચ્છેદો પાડો છો. તમે જાણો છો કે તમને ફાવે ત્યાં પરિચ્છેદ પૂરો કરીને પછીના વાક્યથી નવો પરિચ્છેદ શરૂ કરી શકાય નહીં. તમારી પાસે શબ્દો, સમાસો, રૂઢિપ્રયોગો, કહેવતો અને અનેક પ્રકારની વાક્ય રચનાઓ છે. એ બધી ભાષાસામગ્રીનો સળંગ લખાણમાં ઉપયોગ કરતી વખતે, એ સળંગ લખાણમાં સમાવવામાં આવેલા મુદ્દાઓ અનુસાર પરિચ્છેદો પાડવાની કાળજી લેવામાં આવે છે.

નિબંધ જેવા સળંગ લખાણમાં ભાષાસામગ્રીનો ઉપયોગ કરતી વખતે, નિબંધમાં સમાવવામાં આવેલા મુદ્દાઓ પ્રમાણે પરિચ્છેદો પાડવામાં આવે છે. સંક્ષેપીકરણની તાલીમવાળા પ્રકરણમાં પરિચ્છેદ નં. ૪ ના સંક્ષેપીકરણ વખતે ઉચિત પરિચ્છેદો પાડતી વખતે પહેલો પરિચ્છેદ શેઠના વર્ણન માટે, બીજો ગામના વર્ણન માટે અને ત્રીજો શેઠ અને ગામના સંબંધ વિશેના વર્ણન માટે ફાળવવામાં આવ્યો છે. તે તમે હવે પછીના પ્રકરણમાં જોશો. (જુઓ સંક્ષેપીકરણનું પ્રકરણ) આ ઉપરથી કહી શકાય કે એક મુદ્દા માટે અથવા એક ઉપમુદ્દા માટે એક પરિચ્છેદનું લખાણ ફાળવવાની રૂઢિ અથવા પરંપરા છે.

સળંગ લખાણમાં સમાવવામાં આવતા મુદ્દાઓ અથવા ઉપમુદ્દાઓ એક જ પ્રકારના હોતા નથી. સંક્ષેપીકરણના પરિચ્છેદ નં. ૪નું ઉદાહરણ આગળ ચલાવીએ : શેઠ વિષેનું વર્ણન અને ગામ વિશેનું વર્ણન ઉપરછલ્લી રીતે એક પ્રકારનાં લાગે છે, પણ શેઠની વાત કરવામાં આવી તે નવી વાત હતી. એટલે કે વાતની શરૂઆત શેઠની વાતથી થાય છે,એટલે કે શેઠ વિશે કશુંક કહેવાનું છે અને પછી એ શેઠને વિશે કંઈક કહેવાનું હોવાથી એ શેઠ જે ગામમાં રહે છે તેને વિશે કંઈક કહેવાયું છે. આખા કથનમાં શેઠનો સ્વભાવ, શેઠનું ગામમાં સ્થાન, શેઠની સમાજમાં જે ભૂમિકા છે તે - આ ત્રણની વાત કેન્દ્રમાં છે. એટલે કે શેઠ એ આખા પરિચ્છેદનું કેન્દ્ર અથવા વિષયવસ્તુ અથવા મુદ્દો છે. એ શેઠનો સ્વભાવ એ એનો પ્રથમ ઉપમુદ્દો છે. ગામ સાથેનો તેમનો સંબંધ બીજો ઉપમુદ્દો છે અને તેમની સામાજિક ભૂમિકા એ ત્રીજો ઉપમુદ્દો છે. પહેલા ઉપમુદ્દાને નિરૂપતી વખતે જે કહેવાનું છે તેની પ્રસ્તાવના અથવા પ્રથમ પરિચય કરાવવાનો ઉદ્દેશ હોવાથી એના વર્ણનમાં જે ભાષા વાપરી તે કથનની રીતની વાપરી, કથનની રીત એટલે આપણે

બોલચાલમાં જે રીત પ્રયોજીએ તે રીત. આ કારણે 'એક શેઠ હતા' એ રીતે પ્રથમ પરિચ્છેદની શરૂઆત કરી. જો ગામ વિષેની વાત કરવાની હોત તો 'એક ગામ હતુ.' એ રીતે શરૂઆત થાત. ને તો ગામ કેન્દ્રમાં આવત અને પરિચ્છેદનો મુખ્ય મુદ્દો ગામ બનત. પણ ગામ વિશેની વાત એ ઉપમુદ્દો છે અને શેઠ જે ગામમાં રહેતા હતા એ ગામની વાત છે - માટે બીજા પરિચ્છેદમાં જે વર્ણન છે તે કથનની રીતનું નથી વણ વસ્તુલક્ષી વર્ણન છે.

## ૪.૨ ગદ્યના પ્રકારો

આ ઉપરથી તમને સમજાયું હશે કે રજૂ થનાર મુદ્દો ક્યા પ્રકારનો છે તેને આધારે એ પરિચ્છેદમાં ઉપયોગમાં લેવાનારી ભાષાસામગ્રીને આપણે અમુક રીતના અથવા પ્રકારના ગદ્યમાં ગોઠવીએ છીએ અથવા ઢાળીએ છીએ. એ સાથે એમ પણ બનતું હોય છે કે ગદ્યનો ઉપયોગ કરવા માગીએ છીએ તેને આધારે આપણે ભાષાસામગ્રી પસંદ કરતા હોઈએ છીએ. ભાષાસામગ્રીની પસંદગી અને ગદ્યરીતિ અથવા જેને ગદ્યશૈલી કહેવામાં આવે છે તેનો ઉપયોગ અરસપરસ એકબીજા ઉપર આધાર રાખે છે. આપણે રોજબરોજ જે ભાષામાં વાતચીત કરીએ છીએ તે ભાષા સામાન્ય રીતે લખાણમાં વાપરવાની નથી. એ તો કદાચ તળબોલી હોવાનો પણ સંભવ છે. લખાણમાં તો શિષ્ટ સમાજમાં વપરાતી, છાપાં, રેડિયો, ટી.વી., સાહિત્ય વગેરેમાં પ્રયોજાતી ભાષા વાપરવાની છે. આ ભાષાના વપરાશને તળબોલીની અથવા રોજરોજની ભાષાશૈલીની સરખામણીએ શિષ્ટ શૈલી ગણાય અને લખાણ હોવાથી તેને શિષ્ટગદ્યશૈલી કહેવાય.

આમ તો જેટલા પ્રકારના મુદ્દા એટલા પ્રકારનું જુદું જુદું ગદ્ય ઉપજે. તાત્ત્વિક રીતે તો એમ બનતું હોય છે કે જે પ્રકારનો મુદ્દો અથવા ઉપમુદ્દો નિરૂપવાનો હોય તે પ્રકારની ભાષા સામગ્રી અને ગદ્ય પ્રયોજાઈ જાય. પણ તાલીમ લેતી વખતે એટલી સહજ રીતે એ બધું પ્રયોજાય તેવી અપેક્ષા રાખી શકાય નહીં. આ કારણે થોડું કૃત્રિમ રીતે મુદ્દાનો પ્રકાર, ભાષાસામગ્રી અને ગદ્યનો પ્રકાર ગોઠવીને તાલીમ માટેના સ્વાધ્યાયો રચવાનો આપણો પ્રયાસ હોય છે. આ માટે જરાક વ્યાપક રીતે આપણે ગદ્યશૈલીના જુદા જુદા પ્રકારો કરીએ છીએ. આવા પ્રકારો કરવા એ કૃત્રિમ બાબત છે એટલું સમજી લેવું જરૂરી છે. કારણ કે કોઈ પણ ગદ્યશૈલી આપણે નિયમો બનાવીએ એ અનુસાર પ્રયોજાતી નથી. છતાં તાલીમની સગવડ ખાતર આ કૃત્રિમતા અનિવાર્ય છે.

સંસ્કૃત ભાષા જ્યારે લેખનમાં વપરાતી તે સમયે સામાસિક શબ્દોનો જે ગદ્યમાં પુષ્કળ ઉપયોગ કરવામાં આવે તે એક પ્રકારની અને સંકુલ તથા સંયુક્ત વાક્ય રચનાઓના પુષ્કળ ઉપયોગવાળી તે બીજા પ્રકારની ગદ્યરીતિ છે એવાં વર્ગીકરણો કરવામાં આવતાં. આજે પણ તાલીમની અને સ્વાધ્યાયોની સગવડ માટે વર્ણનાત્મક, કથનાત્મક, ભાવાત્મક, વિવરણાત્મક, વાદાત્મક વગેરે જેવી શિષ્ટ ગદ્યશૈલીઓ પ્રયોજી શકાય એમ કહેવામાં આવે છે.

તાલીમની દૃષ્ટિએ જુદી જુદી ગદ્યશૈલીઓનો પરિચય આપણે કરીશું.

## ૪.૩ વર્ણનનું ગદ્ય

આ કક્ષાએ તમારે મોટેભાગે વર્ણનો કરવાનાં આવે છે એ તમે જાણો છો. નિબંધ, પત્ર, વિચારવિસ્તાર એ બધામાં જે પરિચ્છેદો આવે છે તે કશાકનું મોટેભાગે વર્ણન કરતા પરિચ્છેદો હોય છે. સામાન્ય રીતે વ્યક્તિ-તેનું વ્યક્તિત્વ, કામગીરી અને પ્રવૃત્તિઓ, સ્થળ-તેનું પર્યાવરણ અને તમારા ઉપર પડેલી તેની અસર અને તેની સામાજિક ઉપયોગિતા, વસ્તુઓ-તેમની રચના, કામગીરી અને ઉપયોગિતા, ઘટનાઓ-તેમનો સમય, સ્થળ પ્રકાર અને તેની તમારા પર પડેલી તાત્કાલિક અને લાંબાગાળાની અસરો, સંસ્થાઓ-તેમની રચના કે બંધારણ, કામગીરી અને પ્રવૃત્તિઓ, તેમનાથી થતા સામાજિક લાભ વગેરેનું વર્ણન કરતા પરિચ્છેદો તમારે લખવાના આવે. પણ પરિચ્છેદમાં તો ક્યારેક વ્યક્તિનું વર્ણન કરતી વખતે તેની કામગીરીનું અથવા તો માત્ર વ્યક્તિત્વનું જ વર્ણન કરવાનું આવે. ઉદાહરણરૂપે ઈવા ડેવની 'તમને ગમી

ને !' વાર્તામાં એક આખો પરિચ્છેદ ઇલા નામની સ્ત્રી પાત્રના વ્યક્તિત્વનું વર્ણન કરનારો છે.

'ગાડી અટકી. બારણામાં ઊભેલી ઇલાને મેં જોઈ. હું મુગ્ધ બની ગયો. નાની બહેનની વાત સાચી હતી. ઇલાનું સૌષ્ઠવ ખૂબ જ પ્રમાણસર હતું. બંગાળી સાડીમાં સજ્જ તેની દેહલતા અત્યંત કમનીય લાગતી હતી. અમારી આંખ મળી, ચમકી ને એક સાથે હસી ઊઠી : અંતરતમ ઊર્મિઓનો પડઘો પાડતી. અમે બેઉ પાસે આવ્યાં. એ ફરી હસી : 'મીઠું, આંખોનું બધું જ લાવણ્ય છલકાવતી, દાંતની બધી જ શોભા પ્રદર્શતી. કેશમાં ગૂંથેલી વેણીએ એને ગયા વખત કરતાં પણ વધું આકર્ષક બનાવી હતી.'

ઉપરનો પરિચ્છેદ વ્યક્તિના બાહ્ય સ્વરૂપનું વર્ણન કરે છે તો વ્યક્તિત્વનું એક બીજું પાસું પણ છે અને તે વ્યક્તિનું આંતરિક પાસું. એના સ્વભાવ અને ગુણનું પાસું જે એની કામગીરી અથવા પ્રવૃત્તિના વર્ણનથી પણ ઉપસાવી શકાય. વ્યક્તિત્વનું આંતરિક પાસું વર્ણવતો નીચેનો એક પરિચ્છેદ ધીરુબહેન પટેલની 'માત્માના માણસ' વાર્તામાં મળે છે :

'બા તો તરત જ ઠેક પરસાળમાં ઊમરા લગી, ભલી હશે તો ચોકી લગી દોડી આવવાની : 'આયો ભઈલા ! આયહાય...... કેવો થઈ ગયો છે !' કરતીકને આંખે આંસુડાં ભરી દેશે. ઝટપટ ઘૂમટાથી આંખો લૂછીને પાણીનો લોટો ભરી લાવશે. સોનું તે શી ચીજ છે, એવો ચળકચળક કરતો પિત્તળનો લોટો. એની બાના હાથે ઉટકાયેલો ચોખ્ખો ચણક લોટો ! ને એમાં ભરેલું ઠંડુ પાણી ! માણસ બીજું શું માગે આ દુનિયામાં ?'

હવે એ જ વાર્તામાંનું, મણિભાઈ વગડામાંથી પસાર થતો હતો તેનું વર્ણન વાંચો :

'આછો વગડો હવે પૂરો થવાની તૈયારીમાં હતો. આઘેથી તમાકુનાં લીલાછમ ખેતર દેખાતાં હતાં. મહેનતુ ખેડૂતોના હાથ રોજરોજ ફરતા હતા એટલે ક્યાંય વાંકોચૂકો છોડ અને નીંદામણ દેખાતું ન હતું. ધરતીએ પોતાના પેટાળમાં રહેલાં જીવતાં જાગતાં નીલમ જાણે બહાર પ્રગટાવ્યાં હતાં.'

આ ત્રણે પરિચ્છેદમાં વર્ણાત્મક શૈલી છે એમ કહી શકાય. વર્ણનની જુદી જુદી શૈલી અથવા રીતની કેટલીક લાક્ષણિકતાઓ નીચે પ્રમાણે નોંધી શકાય :

૧) વર્ણનની વિગતો એ ક્રમમાં આવે કે સામાન્ય રીતે સૌથી વધારે અસર કરનારી-ચોટદાર વિગત છેલ્લે આવે.

૨) આખા પરિચ્છેદમાં એક જ કાળનો અને લગભગ એકસરખી વાક્યરચનાઓનો ઉપયોગ કરવામાં આવે. આમ કરવામાં ન આવે તો આખું વર્ણન તાલમેલ વિનાનું બની જવા સંભવ રહે છે. શ્રી જ્યોતીન્દ્ર દવે જેવા કસાયેલા લેખકના 'બાટલીનું ઉદ્‌ઘાટન' જેવા નિબંધના એક પરિચ્છેદમાં આમ બન્યું છે : 'મને યાદ આવ્યું કે મારે અત્યારે ગમે તેમ કરીને લેખ તૈયાર કરવાનો છે.' એ પ્રથમ વાક્ય વર્તમાનકાળમાં બરાબર છે પણ પછીનાં વાક્યો ભૂતકાળમાં જોઈએ. એટલે..... થી શરૂ થતું 'લખવા બેઠો' એમ ભૂતકાળમાં છે પણ પછી, 'વાત મગજમાંથી નીકળી શકતી નથી.' 'મારી મનોદશા છે,' 'મન શાંત થાય એમ નથી.' એ ત્રણે વર્તમાનકાળને બદલે પૂર્ણક્રિયાસૂચક - 'નીકળી શકતી ન હતી,' 'મનોદશા હતી,' 'મન શાંત થાય એમ ન હતું' એમ વાપરતાં વધુ સમતોલ લાગશે.

૩) આખા પરિચ્છેદમાં સામાન્ય રીતે એક જ સ્તર અથવા કક્ષાના શબ્દો, સમાસો, રૂઢિપ્રયોગો વપરાતા હોય છે. દા.ત. પહેલા પરિચ્છેદમાં સંસ્કૃત તત્સમ શબ્દો મુગ્ધ, સૌષ્ઠવ, સજ્જ, દેહલતા, કમનીય, અંતરતમ ઊર્મિ, લાવણ્ય, શોભા પ્રદર્શતી, કેશ-તો બીજા અને ત્રીજા પરિચ્છેદમાં તદ્‌ભવ અને તળપદા શબ્દો નોંધી શકાય.

૪) પહેલા બે પરિચ્છેદો કોઈકને મોંએ વર્ણવાયા છે. એટલે એમાં કથનાત્મક વર્ણન અથવા કથનાત્મક શૈલી છે એમ કહી શકાય. જ્યારે ત્રીજા પરિચ્છેદમાં વસ્તુલક્ષી વર્ણન છે. એ વર્ણનમાંનું છેલ્લું વાક્ય આત્મલક્ષી વર્ણન કરનારું બની ગયું છે કારણ કે ત્યાં બીજું કોઈ એમ પણ લખી શકે કે

'ધરતીએ પોતાના પ્રિયતમ દેવે ભેટ આપેલી લીલીછમ સાડીના પાલવથી પોતાના સૌંદર્યને જાણે નવો નિખાર આવ્યો હતો.' તમે નોંધી શક્યાં હશો કે આત્મલક્ષી વર્ણનમાં અલંકારોનો ઉપયોગ વધુ સ્વાભાવિક રીતે થાય છે.

તમે જ્યારે જુદા જુદા મુદ્દાઓ અથવા વિષય ઉપર પરિચ્છેદ લખવાની તાલીમ લો ત્યારે તમારે તમે ભણ્યા હો તેવા શબ્દો વગેરેની મદદથી, અમુક એક જ કાળમાં વર્ણનાત્મક ગદ્યમાં, પરિચ્છેદો લખવાનો મહાવરો પાડવો જોઈએ. એ માટેના સ્વાધ્યાય આ પ્રકરણમાં પાછળ આપ્યા છે. તમે એ પણ નોંધ્યું હશે કે પરિચ્છેદ લેખનમાં વિરામચિહ્નો બહુ અગત્યનો ભાગ ભજવે છે. કહેનારના મનના ભાવ પહેલા બે પરિચ્છેદોમાં વિરામચિહ્નોની મદદથી સરસ રીતે રજૂ થયા છે. પ્રથમ પરિચ્છેદમાં ઇલાનું વર્ણન ઉત્તરોત્તર લાંબી થતી જતી પહેલી છ લીટીમાં પૂર્ણવિરામ ધરાવતાં વાક્યોની મદદથી કર્યું પણ કહેનારને પૂર્ણ સંતોષ ન થયો. સાતમી અને નવમી લીટીમાં જુદી જ રીતે – સાતમીમાં પહેલાં બે અલ્પવિરામ ચિહ્નો, પછી ગુરુવિરામ અને પછી પૂર્ણવિરામ, તો નવમીમાં પહેલાં ગુરુવિરામ પથી બે અલ્પવિરામ ચિહ્નો અને અંતે પૂર્ણવિરામ એમ સમતુલા સાચવીને વિરામચિહ્નો વાપર્યાં. સાતમી અને નવમીની સમતુલા સાચવવા વચ્ચે એ બેને જોડનારી (જાણે કે ત્રાજવાની દાંડી કે કાંટો હોય તેવી) આઠમી લીટી 'અમે બેઉ પાસે આવ્યાં' મૂકી, છેલ્લે એ વધુ આકર્ષક બનેલી વ્યક્તિ વિશે દશમી લીટી એકશ્વાસે ઘણા શબ્દો વાપરીને કહી નાખી અને પછી પૂર્ણવિરામરૂપે પૂર્ણવિરામ મૂક્યું.

આ વિરામચિહ્નોની સાથે આ પરિચ્છેદની કાળની રચના પણ નોંધવી જોઈએ. સાદી રીતે કહીએ તો આખા પરિચ્છેદમાં ભૂતકાળનો વપરાશ છે. બધાં વાક્યોમાં જે પૂર્ણક્રિયાસૂચક રૂપો વપરાયાં છે તે કહેનારને આ સૌંદર્યથી થયેલા પૂર્ણ સંતોષને વ્યક્ત કરે છે એવું સૂચન જોઈ શકાય. અલબત્ત, એ સૌદર્યના વર્ણનનો પૂર્ણ સંતોષ ભલે છેલ્લી, દસમી લીટીમાં કહેનારે અનુભવ્યો છે. આખો પરિચ્છેદ પ્રમાણસર સૌષ્ઠવવાળો થયો છે. તેમાં આ વિરામચિહ્નો અને પૂર્ણક્રિયાસૂચક રૂપો ધરાવતાં વાક્યોએ અગત્યનો ભાગ ભજવ્યો છે.

બીજા પરિચ્છેદમાં પણ વિરામચિહ્નો વર્ણનને વધુ ચોટદાર બનાવે છે. પહેલાં બે વાક્યોમાં પ્રેમાળ, હરખઘેલી માનું ચિત્ર ઉપસે છે. પહેલા વાક્યના અલ્પવિરામ પાસે જાણે કે મા ઉમરા લગી આવીને સહેજ અટકીને, પછી છેક ચોક લગી દોડી આવી ત્યારે જ એને કંઈક ઠીક લાગ્યું પણ પછી 'આંખે આંસુડાં ભરી દીધાં' ત્યારે જ પૂર્ણવિરામ પ્રાપ્ત થયો. ચોથા અને પાંચમા વાક્યમાં ધન્યતાને વ્યક્ત કરતાં ઉદ્‌ગારચિહ્નો છે અને છેલ્લા છઠ્ઠા વાક્યમાં પ્રશ્નાર્થચિહ્નો છે. આ દુનિયામાં ઉત્તમ ચીજ, જે મેળવ્યા પછી બીજું કંઇ મેળવવાનું બાકી ન રહે તેવી ઉત્તમ ચીજ કઇ તેનો પ્રશ્નાર્થ છે. અને તે પ્રશ્નાર્થમાં જ ઉત્તરની પૂર્ણતાનું પૂર્ણવિરામ – ચોખ્ખીચણક શીતળ મમતા સિવાય આ દુનિયામાં માણસ બીજું કંઈ ન માગે એવું પૂર્ણવિરામ છે.

પહેલાં બે વાક્યોમાં ભવિષ્યકાળ છે પણ પછી માત્ર રહે છે માની મમતા ત્રણે કાળને આવરી લેતી. તેથી જ પછીનાં વાક્યોમાં કોઈ કાળનું નિરૂપણ નથી. માની મમતા માણસના ભવિષ્યનું આશ્વાસન જ નથી હોતી, ભૂતકાળનું સમાધાન જ નથી હોતી, વર્તમાનના અસ્તિત્વનો આધાર પણ હોય છે. એ કાલાતિત છે એનું સૂચન છેલ્લાં વાક્યો કોઈ કાળમાં વાપર્યા વિના, કાલત્રયને આવરી લઈને, સનાતન સત્યો રજૂ કરતાં વાક્યો વાપરીને, લેખિકાએ કર્યું છે.

શૈલી વિશેની આવી ઝીણી સૂઝ કેળવવી એ તમારું અંતિમ લક્ષ્ય છે. આ કક્ષાએ એની શરૂઆત કરી શકાય. એ સૂઝ તો દસપંદર વરસના સતત સજાગ અભ્યાસથી કેળવાય. છતાં આ કક્ષાએ એનો પરિચય હોય અને બારમા ધોરણમાં તો તમે ધારો તે શૈલીના પરિચ્છેદ લખવાનો પ્રયાસ કરી શકો એવી અપેક્ષા રહે.

## ૪.૪ વિવરણાત્મક ગદ્ય

કશાકનું વર્ણન કરવાનું જેમ તમને કહેવામાં આવે તેમ કોઈક મુદ્દા વિશે સમજાવવાનું કહેવામાં પણ આવે. તમે તમારા પ્રશ્નપત્રોમાં સામાન્ય રીતે 'નું સોદાહરણ વર્ણન કરો' અથવા 'સવિસ્તર સમજાવો' અથવા 'ચર્ચા કરો' એવા પ્રશ્નો વધુ જોવાનાં. આમાંનું 'સવિસ્તાર સમજાવો'ની જે વાત છે તે માટે એક ખાસ પ્રકારનાં લખાણનો તમારે ઉપયોગ કરવો પડવાનો. ઉદાહરણ તરીકે, 'આવેગ' એટલે શું એ તમે સમજાવો છો. એ માટેનો નીચેના પરિચ્છેદ જોઈએ :

'આવેગ એટલે જેના ઉપર પોતાનું નિયંત્રણ નથી હોતું એવી ઘટનાઓ કે સામી વ્યક્તિનાં વર્તન-વ્યવહારના પ્રતિભાવ રૂપે સહજ રીતે જન્મતી લાગણીઓ. પેટમાં દુઃખે છે અથવા પગમાં કાંટો વાગે છે અને દુઃખે છે તેમાં અને કોઈને પગમાં કાંટો વાગ્યો હોય તે જોઈને આપણને દુઃખની લાગણી જન્મે છે તેમાં તફાવત છે. પગમાં કાંટો વાગ્યો હોય અને દુઃખ થાય તે શારીરિક પીડા છે પણ દીકરાના પગમાં કાંટો વાગ્યો હોય અને એ જોઈને તત્કાળ માને જે દુઃખ થાય તે આવેગ છે. ભય, ચિંતા, તિરસ્કાર, અપરાધભાન, દુઃખ વગેરે આવેગો છે.'

તમને થાય કે ઉપરના પરિચ્છેદમાં આવેગનું વર્ણન કરવામાં આવ્યું છે. આવેગનું વર્ણન અને આવેગનું વિવરણ જુદી જુદી વસ્તુ છે. આવેગના વર્ણનમાં અમુક આવેગ જે વ્યક્તિના વર્તનમાં દેખાતો હોય તેનું વર્ણન હોઈ શકે. દા.ત. ભયના આવેગનું વર્ણન નીચેના પરિચ્છેદદમાં વાંચો :

'તે જંગલમાંથી પસાર થઈ રહ્યો હતો ને તેણે વાઘની ત્રાડ સાંભળી. એ રસ્તાની બાજુ પરના ઝાડ ઉપર એકદમ ચડી ગયો. તેનું હૃદય ધકધક થવા લાગ્યું. તેણે દૂરથી વાઘની લાલ આંખો જોઈ. તેના શરીરે પરસેવો વળી ગયો. તેના આખા શરીરમાંથી કાતિલ ધ્રુજારીનું મોજું પસાર થઈ ગયું. ઝાડની ડાળી પર તેના હાથની પક્કડ વધુ મજબૂત થઈ ગઈ. તેનું મોં સૂકાવા લાગ્યું અને આંખો ફિક્કી પડી ગઈ.

ઉપરના પરિચ્છેદમાં ભયના આવેગનું વર્ણન છે. આ ભયના આવેગનું વિવરણ નીચેની રીતે પણ શક્ય છે :

'ભયનો આવેગ એટલે કોઈ બિહામણું દશ્ય જોતાં થતી પોતાના પ્રાણ જોખમમાં મુકાવાની લાગણી. જન્મતાની સામે જ, પ્રાણ ધારણ કરતાંની સાથે જ, આ વૃત્તિ જન્મે છે. કોઈ બિહામણું દશ્ય કે પ્રાણી કે ઘટના નજર સામે આવે ત્યારે તરત જ ત્યાંથી નાસી જવા પગ અધીરા બની જાય. શરીરે પરસેવો થાય, હૃદય જોરથી ધબકવા માંડે, મોં સુકાય, આંખો ફિક્કી થાય, શરીર ધ્રુજવા માંડે વગેરે શારીરિક અસરો અથવા વિકારો જોવા મળે.'

વર્ણનના ગદ્યની સરખામણીએ વિવરણના ગદ્યની સરખામણી કરતાં નીચેની લાક્ષણિકતાઓ જુદી પડશેઃ

૧) વર્ણનના ગદ્યમાં જેનું વર્ણન કરવાનું છે તે દશ્ય, ઘટના વગેરેનું વર્ણન ભૂતકાળ કે ભવિષ્યકાળમાં થઈ શકે. વિવરણ સાદો વર્તમાનકાળ ધરાવતાં વાક્યોમાં અથવા તો કોઈ કાળનું સૂચન ન કરતાં માત્ર હકીકતદર્શક વાક્યોમાં થાય.

૨) વિવરણ કરતી વખતે જે મુદ્દાને સમજાવવાનો છે તેને સામાન્ય રીતે અન્ય મુદ્દાઓ સાથે સરખાવીને એની વિશિષ્ટ લાક્ષણિકતાઓનો તફાવત પણ જુદો તારવી બતાવવામાં આવે, એટલે સરખામણી અને તફાવત ઉપસાવતી ભાષાના શબ્દો વાપરવાના આવે.

૩) ક્યારેક કારણો અને અસરોનું વર્ણન કરતી ભાષા વાપરવાની આવે.

૪) ક્યારેક ઉદાહરણો અને દષ્ટાંતો પ્રયોજવામાં આવે.

૫) ક્યારેક વર્ગીકરણ અને પૃથક્કરણની ભાષા વાપરવાની આવે.

૬) આ બધાં કારણોસર એટલે કે, આ બધાંનો અર્થ એટલો કે, કહેવાનો સારાંશ એટલો કે, કહેવાનો મતલબ એટલો કે, આ ઉપરથી સમજાયું હશે કે, ટૂંકમાં કહીએ તો, જેવાં પદો વિવરણના ગદ્યમાં મળવાનાં.

૭) સામાન્ય રીતે અલ્પવિરામો ધરાવતાં અને પૂર્ણ વિરામોથી સમાપ્ત થતાં વાક્યો વપરાય.

## ૪.૫ વાદાત્મક ગદ્ય

જ્યારે કશાક્‌ની ચર્ચા કરો જેવો પ્રશ્ન પુછાયો હોય ત્યારે તમારા લખાણમાં વાદાત્મક એટલે કે વાદવિવાદ કરનારા અથવા ચર્ચા કરનારા ગદ્યનો ઉપયોગ થવો જોઈએ. દાખલા તરીકે, 'યુવાનો અને ટી.વી.' વિશે તમે નિબંધ લખ્યો છે. આ લખાણમાં એક મુદ્દો 'ટી.વી.ના શૈક્ષણિક ઉપયોગો' હોઈ શકે. તે વિશે તમે વર્ણન પણ કરી શકો, દલીલો પણ કરી શકો. વર્ણનની સરખામણીએ દલીલની ભાષા કઈ રીતે જુદી પડે તે ઉદાહરણોથી સમજવાનો પ્રયત્ન કરીએ. 'ટી.વી. ના શૈક્ષણિક ઉપયોગો' વિશે પહેલાં વર્ણન કરતો પરિચ્છેદ જોઈએ.

'ટી.વી. એક શૈક્ષણિક સાધન છે. અક્ષરજ્ઞાનથી માંડીને કૃષિ અને ઈલેક્ટ્રોનિક્સના વિષયોની સમજ તેનાથી આપી શકાય. એ દશ્ય-શ્રાવ્ય માધ્યમ છે. વ્યક્તિ માત્ર સાંભળવા ઉપરાંત પદાર્થને અથવા સમજૂતીને પ્રત્યક્ષ જુએ તો સમજવામાં અને યાદ રાખવામાં સરળતા થાય છે. ટી.વી ના પડદા ઉપર વિષયને અથવા મુદ્દાને રજૂ કરવા માટે વિવિધ તરીકાઓનો ઉપયોગ થઈ શકે છે. ખાસ તો ભાષણરૂપે અથવા નાટકના રૂપમાં સંવાદો અને અભિનય સાથે વિષયને રજૂ કરવામાં આવે છે. એ ઉપરાંત પદાર્થ કે વિષયનાં ચિત્રો કે એના નાના નમૂનાઓ રજૂ કરવાને બદલે જે તે પદાર્થને કે વિષયને જ વાસ્તવિકરૂપે રજૂ કરી શકાય એ તેનો મોટો લાભ છે. ઉદાહરણ તરીકે, 'તમાકુની ખેતી', વિશેની સમજ આપવી હોય તો તમાકુના ખેતર ઉપર કઈ રીતે કામ થાય તે પ્રત્યક્ષ બતાવી શકાય.'

હવે આ જ પરિચ્છેદમાંનો મુદ્દો વાદાત્મક ગદ્યમાં લખીએ :

'ટી.વી.ના મનોરંજનની ભુલભુલામણીમાં પ્રેક્ષકો ખોવાઈ જાય એ ભય સાચો છતાં તેની શૈક્ષણિક ઉપયોગિતા વિશે બેમત નથી. એ દશ્ય-શ્રાવ્ય માધ્યમ હોઈ અક્ષરજ્ઞાનથી માંડી કૃષિ અને ઈલેક્ટ્રોનિક્સ સુધીના વિષયોની સમજ તથા જ્ઞાન તેનાથી આપી શકાય એમાં સૌ સંમત છે. એ તો બધાં જાણે છે કે સાંભળવા ઉપરાંત પદાર્થ કે સમજૂતી પ્રત્યક્ષ હોય તે યાદ રાખવામાં જ નહીં સમજવામાં પણ વધુ સરળતા થાય છે. ટી.વી. ના પડદા ઉપર વિવિધ તરીકાઓથી માહિતી કે જ્ઞાનનું પ્રસારણ કરવાથી સંવાદો અને અભિનયથી એને વધુ જીવંત બનાવાય છે, અને નાના નમૂનાઓ રજૂ કરવાને બદલે આખા વિષયને વાસ્તવિક રૂપે રજૂ કરી શકાય. કૃષિદર્શનનો કાર્યક્રમ એનો બોલતો પુરાવો છે. આમ, ટી.વી. પ્રસારણની મદદથી શિક્ષણને વધુ વ્યાપક, અસરકારક ને સરળ બનાવી શકાય એ ઉઘાડી વાત છે.'

પહેલા અને બીજા પરિચ્છેદને સરખાવતાં વાદાત્મક ગદ્યનાં નીચેનાં લક્ષણો સ્પષ્ટ થશે :

૧) વર્ણનાત્મક ગદ્યની સરખામણીએ વાદાત્મક ગદ્ય કોઈ મુદ્દા માટે દલીલો કરતું હોય તે રીતે રજૂ થાય છે.

૨) દલીલો માટેના મુદ્દાને સમર્થિત કરવા પેટા મુદ્દાઓ અને પેટા દલીલોનો ઉપયોગ કરવામાં આવે છે. દલીલોનો ઉપયોગ કરતી વખતે એમ માનીને ચાલવામાં આવે છે કે આ મુદ્દાનો એક સામો પક્ષ (વિરોધીપક્ષ અથવા વિપક્ષ) છે અને તે પણ પોતાની અમુક દલીલોનું સમર્થન કરે છે. આ કારણે 'એ વિશે બે મત નથી', 'એમાં કોઈને શંકા નથી', 'એ વિશે સૌ સંમત છે,' એ વિશે તો વિરોધીઓ પણ સંમત થશે,' 'એમ શંકાને સ્થાન નથી,' 'એની વિરુદ્ધમાં કોઈ દલીલ નથી,' 'એ તો દીવા જેવું છે,' એ તો ઉઘાડું છે,' 'એક ને એક બે જેવી વાત છે,' 'એ તો સર્વવિદિત છે,' વગેરે જેવાં પદો એમાં ક્યાંક ક્યાંક આવી જવાનાં.

૩) જે દલીલો રજૂ કરવામાં આવે તેના માટે પુરાવા રજૂ કરવામાં આવે. આ કારણે 'સાબિત થઈ ચૂકેલું છે,' 'બોલતો પુરાવો છે,' 'પુરાવાની જરૂર નથી છતાં' 'હાથ કંકણને આરસીની શી જરૂર ?' વગેરે જેવાં પદો વપરાય.

૪) અંતે તારણો અથવા સારાંશ આપવામાં આવે. આ તારણો ઉપર ખૂબ તર્કબદ્ધ રીતે અવાયું છે

તેવી ભાષાનો પણ ઉપયોગ કરવામાં આવે. આ માટે છતાં, તો પણ, પરંતુ, ઉપરાંત જેવાં સંયોજકોથી બે વિરોધી લાગતા વિચારોને રજૂ કરતાં (ખાસ તો વાક્યરચનાની દૃષ્ટિએ એક વિધેયાત્મક અને એક નકારાત્મક અથવા પહેલું નકારાત્મક અને બીજું વિધેયાત્મક એ રીતનાં) વાક્યો સાથે મૂકવામાં આવે અને પોતાની દલીલો ઉપર ભાર મૂકવામાં આવે. દા.ત. ઉપરના બીજા પરિચ્છેદનું પહેલું વાક્ય જે રીતે છતાંથી જોડાઈને આવે છે તે શરૂઆતથી જ પોતાની વાત ભાર દઈને કહેવા માંડે છે. એમાંનું પહેલું વિધેયાત્મક છે અને બીજું ઉપરછલ્લી રીતે નકારાત્મક છે. બાકી બે નકાર ભેગા કરીને પોતાની વાત વધુ વિધેયાત્મક છે એમ ઠસાવવાનો યત્ન છે.

૫) ક્યારેક સરખામણી - દૃષ્ટાંતો વગેરેનો પણ ઉપયોગ કરવામાં આવે.

## ૪.૬ ભાવાત્મક ગદ્ય

જ્યારે લખનારના ભાવ કંઈક વધુ ગતિથી, કંઈક વધુ અસભાનપણે રજૂ થયા હોય તે રીતે, અવશ રીતે, કંઈક વધુ તીવ્ર લયમાં રજૂ કરવાના હોય ત્યારે ભાવાત્મક ગદ્યનો ઉપયોગ થાય છે. કંઈક અમૂર્ત ભાવો, અસ્પર્શ્યાં (એટલે કે અલ્પ સ્પર્શેલાં સાવ આછાં અનુભવાયેલાં ને તેથી પૂરાં પારદર્શક રીતે નહીં સમજાવેલાં) સંવેદનો, કે અકથ્ય લાગણીઓ રજૂ કરવાની હોય ત્યારે ભાવાત્મક ગદ્યનો ઉપયોગ થઈ જાય છે. કસાયેલાં લેખકો માટે પણ આ મુશ્કેલ ગદ્ય છે છતાં તમારે એનો પરિચય કરવો જોઈએ.

વર્ણનાત્મક ગદ્યના નમૂનાઓથી તમે પરિચિત છો. ઈવા ડેવની 'તમને ગમીને !' વાર્તામાંથી ઈલાનું વર્ણન કરતો પરિચ્છેદ આપણે જોયો છે. તેની સાથે નીચેના પરિચ્છેદની ભાષા સરખાવો :

'ગાડી અટકી. બારણામાં ઊભેલી ઈલા દેખાઈ. મુગ્ધ થઈ જવાયું. નાની બહેનની વાત જરાયે ખોટી નહોતી. શું પ્રમાણસર સૌષ્ઠવ ! બંગાળી સાડીમાં સજ્જં એ કમનીય દેહલતા ! અમારી આંખ મળી, ચમકી ને એક સાથે હસી ઊઠી : જાણે અંતરતમ ઊર્મિઓનો પડઘો પડ્યો ! પાસે આવતાંમાં એ ફરી હસી : મીઠું, બધું જ લાવણ્ય આંખોમાં છલકાવતી, બધી જ શોભા શ્વેત દાંતોમાં દર્શાવતી. આજે કેશમાં ગૂંથેલી વેણીમાં એ કેટલીક આકર્ષક લાગતી હતી !

વર્ણાત્મક ગદ્યની સરખામણીએ ભાવાત્મક ગદ્યની લાક્ષણિકતાઓ નીચે પ્રમાણે નોંધી શકાય :

૧) ભાવની અવશતા રજૂ થાય, પોતે ઈચ્છયું કે ધાર્યું નહીં છતાં એવી લાગણી, ભાવ કે સંવેદનો અનુભવી બેઠો એ રીતે વાક્યરચનાઓ આવે. ઉપરના પરિચ્છેદમાં વાક્ય નં. ૨ અને ૩ એ રીતે રૂપાંતર પામ્યા છે. ઈલાને મેં જોઈ. → ઈલા દેખાઈ. હું મુગ્ધ બની ગયો. → મુગ્ધ થઈ જવાયું. નાની બહેનની વાત સાચી હતી. એ વાક્યને વધુ ધારદાર, વધુ ભાવપૂર્ણ બનાવવા બે નકાર ભેગા કર્યા અને તેનું રૂપાંતર કર્યું, નાની બહેનની વાત જરાય ખોટી નહોતી.' 'જરાય વિશેષણે એમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો.

૨) ક્રિયાપદોનો બને એટલો ઓછો ઉપયોગ. પૂર્ણવિરામોને સ્થાને શક્ય હોય ત્યાં ઉદ્‌ગાર દર્શાવતાં વાક્યો આવે. પાંચમાં અને છઠ્ઠા વાક્યને એ રીતે ઉદ્‌ગાર વાક્યોમાં પરિવર્તિત કર્યાં.

૩) ઉચિત વિશેષણો ભાવને વધારે તીવ્ર બનાવે. આવા ગદ્યમાં વિશેષણો વધુ વપરાય. જુઓ, પરિચ્છેદમાં 'શ્વેત' વિશેષણ ઉમેરાયું.

૪) ટૂંકાં અને ક્યારેક તો અધવચ્ચેથી છોડી દીધેલાં વાક્યો ઉપયોગમાં લેવાય.

૫) ઉપરના પરિચ્છેદમાં છેલ્લા વાક્યમાં લખનારને પોતાને લાગ્યું એમ લખનારને સંડોવીને લખાણને અંગત બનાવવાનો પ્રયત્ન કર્યો છે. ભાવાત્મક લખાણ અંગત હોય એ રીતે સામાન્ય રીતે આવે.

સામાન્ય રીતે ભાવાત્મક ગદ્યના નમૂનામાંથી તમારે વર્ણનાત્મક ગદ્ય લખવાનો પ્રયાસ કરવો જોઈએ. એ તાલીમ પ્રમાણમાં સરળ છે. સ્વાધ્યાયમાં તમને એવા ભાવાત્મક ગદ્યના નમૂના આપ્યા છે તેમાંથી વર્ણનાત્મક ગદ્યમાં એનું રૂપાંતર કરવાનું છે.

ઉદાહરણ તરીકે, શ્રી બકુલ ત્રિપાઠીના "વૈકુંઠ નથી જાવું." માંની ભાવાત્મક ગદ્યની થોડી નીચેની લીટીઓ જોઈએ.

'નાનું ગામ. એક દિવસ શેરીમાં અચાનક બૂમ પડી. રૂઘનાથ ફોજદાર કોદરજીને મારે છે ! હંટરે હંટરે !'

એનું વર્ણનાત્મક ગદ્યમાં નીચેની રીતે રૂપાંતર થાય :

'અમારું ગામ નાનું હતું. એક દિવસ શેરીમાં અચાનક બૂમ પડેલી' કે રૂઘનાથ ફોજદાર કોદરજીને હંટરે હંટરે મારે છે.'

## ૪.૭ તમારી પ્રગતિ ચકાસો

**(૧) નીચેના પરિચ્છેદોમાં ખાલી જગ્યામાં ઉચિત સર્વનામો અથવા સંયોજકો મૂકો. ફરીથી આવતા એના એ સંજ્ઞાપદ માટે ઉચિત સર્વનામ મૂકો અને પરિચ્છેદમાં ઘાટા અક્ષરવાળી જગ્યાએ યોગ્ય સંયોજકો કે સર્વનામ ન વપરાયાં હોય તો ત્યાં તેમને સ્થાને યોગ્ય સંયોજક કે સર્વનામ વાપરો.**

(અ) કહેનાર ભલે કહે કે થિયેટરો ... પાનના ગલ્લા યુવાનો પર નભે છે. જાહેર જીવનમાં કોઈને ય ... વગર ચાલ્યું છે ? યુવાનો છે તો સભા અને સરઘસ છે, હળતાળો ... આંદોલનો છે, ક્રાંતિ ... વિપ્લવ છે. ટોળામાં કે હોબાળામાં, ગાળ ખાવામાં ... ગોળી ખાવામાં યુવાનો મોખરે હોય છે. તેમણે દેશ અને દુનિયાના નકશા બદલ્યા છે, અન્યાય કે અનીતિ, અસત્ય પણ અપ્રમાણિકતા દંભ છતાં આડંબર સામે અવાજ ઉઠાવનાર ... બગાવત કરનાર સૌથી પહેલાં યુવાનો હોય છે. યુવાનો છે **અથવા** ઉત્સાહ છે. યુવાનો છે પણ જીવન છે.

(બ) વિજ્ઞાનીઓએ પેટમાં પહોંચ્યા પહેલાં પચી જાય એવો ખોરાક તૈયાર કર્યો છે. વિજ્ઞાનીઓએ ખેતરોમાં મબલખ પાક થાય તેવાં ખાતરો શોધ્યાં છે. ... ખરેખર તો માનવજાતનો વિકાસ થાય તે માટે શોધો થાય છે... વિજ્ઞાનીઓની શોધો માનવજાતનો વિનાશ થાય તેવી થતી જાય છે. **તેમણે** કોણ સમજાવે કે **તારી** શોધો ખોટા હાથમાં પહોંચે છે **અથવા** આમ બને છે. વિજ્ઞાનીઓ પણ સત્તા સંપત્તિના લોભમાં પડ્યા છે. સત્તા અને સંપત્તિની દોડમાં શાસકો સાથે વિજ્ઞાનીઓ પણ હરીફાઈમાં ઊતર્યા છે. **તેમણે** કોણ સાચું સમજાવે અથવા કોને પડી છે ?

(ક) હું અડધો એક કલાક બેઠો **એટલે** બાબુ ન દેખાયો. થોડી વારે બાબુની ભેંસ દેખાઈ. ભેંસ ખીલે આવીને ઊભી રહી **અથવા** બાબુનાં દર્શન ન થયાં. 'ચ્યોંક વાતો કરવા રોકાણો હસી.' ભાભી બોલ્યાં પણ **એમણે** ભેંસને ખીલે બાંધી. **હું** એ ઊભા થઈને ચાલવા માંડ્યું. મનમાં એમ કે રસ્તે બાબુ મળશે. રસ્તે શંકર મળ્યો. **એણે** મેં પૂછ્યું તો કહે **છતાં** બાબુ તો મોટરે લટકીને ગયો તે રાતે આવશે. **આપણે** સમજી ગયો.

(ડ) 'હળવદમાં તેમના ગામના શેઠ છે, પરમાણું મોકલી આપો. અસલ હાથી-દાંતનાં બલોયાં ઊતરાવીને મોકલાવી દો.

મોતીચંદ મૂળ તો ચોટીલાનો વાણિયો. **અથવા** હળવદમાં.. વેપાર ચાલે છે. પાસે બે પૈસાનો જીવ થઈ ગયેલો. રામા ખાચરના ખોરડા સાથે અસલથી નાતો જાળવતો આવે છે. પરમાણા પ્રમાણે બલોયાંની જોડ ઊતરાવીને એને મોકલી. બહેને પહેરવાં માંડ્યાં, **ઉપરાંત** બલોયાં હાથે ચડ્યાં નહીં. દોરાવા સાંકડાં પડ્યાં. બીજે દિવસે માણસો જઈને બે બીજાં બલોયાં ઊતરાવી લાવ્યાં, **તેથી** ત્યાં તો વળી દોરાવા મોટાં થયાં.'

(ઇ) પોતાના શરીર પર કાદવ ઊડે તે **સૌને** ગમતું નથી અને **છતાં કાદવ** માટે મનમાં કોઈને કોઈને સહાનુભૂતિ હોતી નથી. નદીકાંઠે કાદવ સૂકાઈને **કાદવનાં** ચોસલાં પડે છે ત્યારે **કાદવનાં ચોસલાં** કેટલાં સુંદર દેખાય છે ! કાદવ જોવો હોય તો એક ગંગા નદીને કાંઠે **તેથી** એક સિંધુને કાંઠે, અને તેટલાથી તૃપ્તિ ન થાય તો સીધા ખંભાત જવું. **ખંભાતમાં** મહી નદીના મુખ આગળ નજર પહોંચે

ત્યાં સુધી બધે સનાતન કાદવ જ જોવાને મળે. એક નવાઈની વાત તો જુઓ. પંક શબ્દ ઘૃણાસ્પદ લાગે છે એટલે પંકજ શબ્દ કાને પડતાં જ કવિઓ ડોલવા અને ગાવા માંડે છે. મલ(ળ) તદ્દન મલિન ગણાય ઉપરાંત કમલ(ળ) શબ્દ સાંભળતાવેંત પ્રસન્નતા... આહ્લાદકત્વ ચિત્ત આગળ ખડાં થાય છે.

(૨) **નીચેના પરિચ્છેદમાં વાક્યના પદોનો યોગ્ય ક્રમ ગોઠવી, જ્યાં પદસંવાદ યોગ્ય ન હોય ત્યાં પદસંવાદ સાધી, કાળની દૃષ્ટિએ અને કથનરીતિની દૃષ્ટિએ વાક્યો વચ્ચેનો મેળ સાધો.**

(અ) એક બળદનું શીંગડું નો ઘા બીજા બળદને વાગ્યું હતું. લોકો ઘાયલ બળદને સરકારી ઢોરોના દવાખાને લઈ ગયો. ડોક્ટરે દવાખાનામાં દવા લગાડી બળદને પાટો બાંધી આપ્યો. લોહી નીકળતા બળદના ઘા ઉપર માખીઓ બેસતી હતી. દવાખાને પહોંચ્યા પછી ડોક્ટર દસ મિનિટે આવ્યા. બળદને તપાસી ડોક્ટરે ઘા ઉપર દવા લગાડી પાટો બાંધવાની જરૂર છે એમ સમજાવ્યું. પાટો બંધાઈ જાય છે પછી બધા લોકો વિખરાઈ જાય છે. બળદનો માલિક પાછો બળદ લઈને પોતાને ઘેર જાય છે.

(બ) પ્રથમ પરિચય પછી ઉત્તરોત્તર અમે નિકટ આવતા ગયા અને ખાસ એકબીજાના મિત્રો બની ગયા. એક દિવસ તો મારે મુંબઈની મુલાકાત દરમિયાન તેમને ત્યાં જવાનું અને જવાનું જ એ નિયમ. એ ઉમદા માણસ છે અને ઉમદા મિત્ર છે. કવિતા નવી લખી હોય તે એ ખાસ વાંચીએ. એ કવિ છે. એમનાં પત્ની વાર્તાકાર છે. આખું કુટુંબ સંસ્કારી અને સાહિત્યરસિયું છે. એક દિવસ એ કહે છે, આપણે એક કવિ સંમેલન કરવા ઈચ્છીએ છીએ, તમે એમાં ભાગ લેશો ? મેં દિલગીરી વ્યક્ત કરી કહ્યું, 'પહેલાં' કવિતા લખતો પણ અત્યારે એક પણ યાદ ન હતી. 'ઓહ ! કેવા સુંદર હતા એ દિવસો જ્યારે હું કવિતા લખીશ.'

(ક) કોઈ આંધળાનો હાથ પકડી કોઈ ઓરડીમાં લઈ જઈ એ ઓરડીમાંનો દરેક વસ્તુનો સ્પર્શ કરાવી તે ઓરડીનું બોધ કે પરિચય તેને કરાવી શકાય. પણ તેને દૃષ્ટિ જ આપી દઈએ તો? તો તો તે પોતાના મેળે ઓરડીનો પરિચય મેળવી લેશે. આવું જ સાહિત્યકાર કરે છે. તે ભાવકનો હાથ પકડી સૌંદર્યનો બોધ કે પરિચય કરાવતો નથી પરંતુ કૃતિ દ્વારા ભાવકને દૃષ્ટિ જ આપી દે છે. પછી દૃષ્ટિ પામેલો ભાવક કલાકૃતિમાં જ નહીં પરંતુ જીવનના બધા અનુભૂતિઓમાં સૌંદર્યનાં દર્શન કરતો હતો.

(ડ) એકવાર પ્રેમમાં પડેલી કન્યાનું મન લીલા વન જેવું હોય છે, એની અંદર ભારે વાસંતી હવા બેચેનીથી ભટકતી રહે છે. ઊર્મિઓની કોયલ ટહુકો બનીને આખા વનમાં અજંપાથી ઊડ્યા કરે છે. એ કન્યા ઘરમાં અને સમાજમાં રહેવા છતાં ક્યાંક ખોવાઈ ગઈ હતી. એની શોધખોળ કરવાની કોઈને પડી નહોતી કારણ કે બધાંની જેમ જમે છે, રમે છે, ભણે છે, હરે છે, ફરે છે. મા-બાપ તો એમ જ માનતાં હશે તે હજુ તો એની ઉંમર શી છે ? સોળ-સત્તર વરસ એ તે કંઈ ઉંમર કહેવાય ? ને તે ય પ્રેમમાં પડી શકાય એવી ?

(ઇ) પત્રિકા ઉપરાંત મારી ઉપર કેટલીક બીજી પણ જવાબદારીઓ આવી પડી. લોકોના ઉત્સાહને સતત પ્રેરણા મળતો રહે એવી પ્રભાતફેરી તેમ જ સરઘસના કાર્યક્રમોની મેં જવાબદારી ઉપાડવા માંડ્યો. આવી રીતે એક મોટા સરઘસનું આયોજન અમે અગાઉથી જાહેર કરી દીધું અને મેં એની જવાબદારી લીધી. સરઘસ ઘણું મોટું બને છે અને એની જવાબદારી હું લઉં છું. આખે રસ્તે ગીતો અને નારા ગજવતા અમે સાર્વજનિક કોલેજ સુધી પહોંચીએ છીએ. ત્યાં પોલીસે પાંચ મિનિટમાં વિખેરાઈ જવાનો અમને હુકમ આપે છે.

(૩) **સૂચના અનુસાર સિત્તેરથી એંસી શબ્દોમાં પરિચ્છેદ લખો :**

(અ) 'પુષ્કળ ભાર ખેંચી જતા નિર્બળ ગધેડા' વિશે નીચેના શબ્દોની મદદથી વર્ણનાત્મક ગદ્યમાં, સિત્તેરથી એંસી શબ્દોમાં સાદા વર્તમાનકાળનો ઉપયોગ કરી એક પરિચ્છેદ લખો :

નિર્બળ, હાડપીંજર, રાંટા પગ, બણબણતી માખીઓ, શરીર પર વાગેલા ઘા, નીચું માથું, ધીરજ, પીડા, છાલકું, ડફણાંનો માર, ગુમાવવું, જિગર ચિરાઈ જવું.

(બ) 'લગ્નની ચોરીમાં પ્રવેશતી લગ્નોત્સુક કન્યા' વિશે ભાવાત્મક ગદ્યમાં, સિત્તેરથી એંસી શબ્દોમાં, સાદા વર્તમાનકાળમાં નીચેના શબ્દોની મદદથી એક પરિચ્છેદ લખોઃ

કોડભરી, પરવાળા જેવા હોઠ, કમળની પાંદડીઓ જેવી આંખો, જમીનસરસી નજર, પાનેતર, ઘૂમટો, ઘરેણાં, ધૈર્ય, ઉર, ચંચળતા, ગાંભીર્ય, વેદના, હર્ષોલ્લાસ, આપ્તજન, ઉલ્લાસ, મનના ઘોડા દોડવા.

(ક) 'આરોગ્ય' વિશે વિવરણાત્મક ગદ્યમાં, સિત્તેરથી એંસી શબ્દોમાં, નીચેના શબ્દોની મદદથી સાદા વર્તમાનકાળમાં એક પરિચ્છેદ લખો :

તંદુરસ્તી, પહેલું સુખ તે જાતે નર્યા, શરીરમાદ્યમ ખલુ ધર્મ-સાધનમ, પેટની ગરબડ. અલ્પાહાર, વ્યાયામ, શ્રમ, નિયમિતતા, કુટેવો, વ્યસનો, અસ્વચ્છતા, આચરણ.

(ડ) 'ચૂંટણી' વિશે વાદાત્મક ગદ્યમાં સીત્તેરથી એંસી શબ્દોમાં નીચેના શબ્દોની મદદથી સાદા વર્તમાનકાળમાં એક પરિચ્છેદ લખો :

લોકશાહી, પ્રજાસત્તાક દેશ, આંખો મીંચીને, ફરિયાદ, અજ્ઞાનતા, ટોળાશાહી, ઔદાર્ય, પ્રતિષ્ઠિત, વિભાવના, અગ્રણી, નિર્વિવાદપણે, સ્પષ્ટીકરણ, પ્રતિસ્પર્ધી, મુક્તપણે, અવરોધ, ધોળું એટલું દૂધ નહીં, અવાજ ઉઠાવવો.

(૪) **સૂચના અનુસાર નીચેના પરિચ્છેદનું રૂપાંતર કરો :**

(અ) નીચેના ગદ્યને વર્ણનાત્મક ગદ્યરૂપે ફરીથી લખો :

જોયો અમારી યાંત્રિક સંસ્કૃતિ અને વીસમી સદીની સુધરેલી પ્રગતિનો પ્રભાવ ? માણસને ક્ષયમાં મારી નાખવો ને ભવિષ્યની પ્રજાને હીનવીર્ય કરી નાખવી એ જ એનું લક્ષ્ય, ગુલામ હીનવીર્ય પ્રજા કરતાં બળવાન ને જંગલી પ્રજા વધુ સારી. માંદલી સુખસગવડો કરતાં બરછટ છતાં તંદુરસ્ત બેહાલી બહેતર. સુંવાળી ગુલામી કરતાં કાંટાળી સ્વાધીનતા સો દરજ્જે સારી.

(બ) નીચેના ગદ્યને વાદાત્મક ગદ્યરૂપે ફરીથી લખો :

પુરુષ સત્તાલોભી અને સ્વૈરવિહારી હોય તો તે અંગે ઉપાય કરવા જોઈએ. એ માટે થઈને સ્ત્રીની સ્વતંત્રતાને છીનવી લેવી એ ન્યાયી નથી. પુરુષ સ્વતંત્ર હોવાથી ઘર જોખમાતું નથી તેમ સ્ત્રી સ્વતંત્ર થતાં ઘર જોખમાવાનો ભય રાખવાની જરૂર નથી. સ્વતંત્ર થતાં સ્ત્રીઓ ઉદ્ધત બને તેવો ભય છે. એમ તો સ્ત્રી પુરુષની પ્રતિસ્પર્ધી નથી તેથી સ્વતંત્રતાથી પુરુષે ભય પામવાની જરૂર નથી.

(ક) નીચેના ગદ્યને ભાવાત્મક ગદ્યરૂપે લખો :

ટૂંટિયુંવાળીને કોદર ધૂળમાં પડ્યો છે. કાળીપીળી ધૂળ પરસેવાથી કાળી ચામડી પર ચોંટી છે. પીઠે સોળ ઊઠ્યા છે. રસ્તો સૂમસાન છે. ટૂંટિયુંવાળીને કણસતો કણસતો કોદર પડ્યો છે. આજેય જેલ જેવા મારા ઘરના અને અસહાયતાના સળિયામાંથી ટૂંટિયુંવાળીને પડેલા કણસતા કોદરને ફરી ફરીને જોયા કરું છું.

(ડ) નીચેના ગદ્યને ભાવાત્મક ગદ્યરૂપે લખો :

કાયદાના સવિનય ભંગથી આપણે અજાણ નથી. પણ માર્શલ લો થાય, ગુરખા આવે, ટ્રોની એટકીન્સ આવે, ભાલાં મારે, ગોળી છોડે, પેટે ચલાવે એ બધી બીક છે. ગોળીબાર કરે તો આપણે પીઠ ફેરવવાના નથી. પણ આ બધા માટે આપણે તાલીમ લીધી નથી.

# પ્રકરણ :૫ પરિચ્છેદનું આકલન (કોમ્પ્રિહેન્શન)

**એકમની રૂપરેખા**


૫.૦ હેતુઓ

૫.૧ પ્રસ્તાવના

૫.૨ પરિચ્છેદની સમજણ

૫.૨.૧ નમૂનો-૧

૫.૩ પરિચ્છેદના વાચનની રીત

૫.૪ બીજીવારનું વાચન

૫.૪.૧ નમૂનો-૩

૫.૪.૨ નમૂનો-૪

૫.૪.૩ નમૂનો-૫

૫.૪.૪ નમૂનો-૬

૫.૪.૫ નમૂનો-૭

૫.૫ તમારી પ્રગતિ ચકાસો


## ૫.૦ હેતુ

આ પ્રકરણ દ્વારા તમે આકનશક્તિ કઈ રીતે વિકસાવી શકાય તે જાણી શકશો. આપેલ પરિચ્છેદને સમજવો કેવી રીતે તે જાણી શકશો. સમજણ માટે વાચન કેવી રીતે કરવું તેની માહિતી મેળવી શકશો અને એ માટે નમૂનાના કેટલાક પરિચ્છેદો જોઈ શકશો.

## ૫.૧ પ્રસ્તાવના

લેખન-કૌશલ માટે જ નહીં પણ કોઈપણ પરીક્ષાની તૈયારી કરનારે આકલનશક્તિ વિકસાવવી જરૂરી છે. આ શક્તિને સમજણની શક્તિ પણ કહી શકાય. તમે જે વાંચ્યું છે તેમાંથી તમે શું સમજ્યાં છો તેની એ ચકાસણી હોય છે. વળી તમે જે સમજ્યાં છો તેને ટૂંકા જવાબરૂપે રજૂ કરવાની તમારી ફાવટની પણ તેમાં ચકાસણી થતી હોય છે. એ રીતે એ લેખનકૌશલ માટે અત્યંત ઉપયોગી ગણાય. જેમ પરિચ્છેદલેખનની તાલીમ મહત્ત્વની છે તેમ પરિચ્છેદના આકલનની તાલીમ પણ મહત્ત્વની છે. એકરીતે જોઈએ તો પહેલાં પરિચ્છેદના આકલનની તાલીમ મેળવી હોય તો પરિચ્છેદ લેખનનું કામ સરળ બને.

## ૫.૨ પરિચ્છેદની સમજણ

તમે જાણો છે કે દરેક પરિચ્છેદમાં કોઈ એક મુદ્દો અથવા પેટા મુદ્દો એટલે કે કોઈ મહત્ત્વની બાબત રજૂ થઈ હોય છે. દરેક લેખકની એ મહત્ત્વની વાતને રજૂ કરવાની રીત જુદી હોય છે પરંતુ દરેક લેખક એ મહત્ત્વની વાતને કોઈને કોઈ રીતે પરિચ્છેદમાં ઉપસી આવે એવી રજૂઆત કરે છે. તમારે એ ઉપસી આવતી અથવા તરત નજરે ચડતી વાતને શોધી કાઢવાની છે. એ મહત્ત્વની વાત અથવા મુખ્ય મુદ્દો એ પરિચ્છેદનું શીર્ષક બની રહે છે. બાકીની બાબતો પેલી મહત્ત્વની બાબતની સમજૂતીરૂપે, સમર્થનરૂપે, દૃઢીકરણરૂપે એમ જુદી જુદી રીતે આવતી હોય છે. નીચેનો પરિચ્છેદ વાંચો.

### ૫.૨.૧ નમૂનો-૧

૧. 'માણસનું મન ચંચળ મર્કટ જેવું છે. તે ફાંફાં માર્યા કરે છે. તેને જેમ વધારે આપીએ તેમ તે વધારે માગે છે. વધારે લઈને પણ તે સુખી થતું નથી. તેની ભોગ ભોગવવાની ઈચ્છા સતત વધતી જ જાય છે. એક

માગણી સંતોષાય એટલે તરત બીજી ઈચ્છા જન્મે છે. એનો અંત જ નથી. પૂર્વજોએ જોયું કે કામનાઓ કે ઈચ્છાઓનો અંત નથી તેથી માણસ દુઃખી છે. શાસ્ત્રોએ કહ્યું કે, સુખદુઃખ મનનાં કારણ છે તે આ અનુભવ ઉપરથી. તેથી તેમણે મનને નિયંત્રણમાં રાખવાની અથવા કેળવવાની વાત કરી.'

ઉપરના પરિચ્છેદમાં 'માણસના મન' વિશે વાત થઇ છે તેથી 'માણસનું મન' એ તેનું શીર્ષક થશે. એ મન કેવું છે અને એ તેવું છે તેથી તેનાં શાં શાં પરિણામો આવે છે તે વાત લેખકને કહેવી છે. એ પરિણામો ન આવે તે માટે આપણા અનુભવી અને શાણા પૂર્વજોએ શી શીખ આપી તેની વાત પણ તેઓ કરે છે.

જો આપણે આ ત્રણ વાત સમજ્યા હોઈએ તો નીચે પ્રમાણેના પ્રશ્નોના સહેલાઈથી જવાબો આપી શકીએ.

૧. પરિચ્છેદને યોગ્ય શીર્ષક આપો.

૨. માણસના મનને ચંચળ મર્કટ જેવું કેમ કહ્યું છે ?

૩. વધારે લઈને પણ મન કેમ સુખી થતું નથી ?

૪. માણસ દુઃખી શા માટે છે ?

૫. મનને કેળવવું એટલે શું ?

**ઉત્તરો :**

૧. 'માણસનું મન' એ આ પરિચ્છેદ માટે યોગ્ય શીર્ષક છે.

૨. મર્કટ એટલે કે વાંદરો જેમ એક ડાળીએથી બીજી ડાળીએ કૂદકા મારે છે, સ્થિર બેસી શકતો નથી તે રીતે મન એક ઈચ્છા ઉપરથી બીજી ઈચ્છા ઉપર પહોંચે છે અને સ્થિર રહી શકતું નથી તેથી તેને મર્કટ જેવું ચંચળ કહ્યું છે.

૩. વધારે લઈને પણ મન સુખી થતું નથી કારણ કે સંતોષ નથી. સંતોષ ન હોવાથી ગમે તેટલું વધુ મળે તો પણ સુખ આવતું નથી.

૪. કામનાઓ અને ઈચ્છાઓનો અંત ન હોવાને કારણે માણસ દુઃખી છે.

૫. મનને કેળવવું એટલે મનને બુદ્ધિના નિયંત્રણમાં રાખવું.

## ૫.૩ પરિચ્છેદના વાચનની રીત

ઉપરના ઉત્તરો વાંચતાં સમજાશે કે પરિચ્છેદને અને એમાં રજૂ થયેલી મહત્ત્વની વાતને બરાબર સમજ્યાં હોઈએ તો જ આવા જવાબો આપી શકાય. પરિચ્છેદમાં રજૂ થયેલી વાતને સમજવા માટે એક બીજી રીત પણ અજમાવી શકાય. પરિચ્છેદને બે વાર વાંચવો જોઈએ. બીજી વખતે વાંચતી વખતે એમાં જે જે મહત્ત્વની વાતો લાગે તેની નીચે લીટી દોરવી. એ લીટી દોરેલી વાતોની વચ્ચે શો સંબંધ છે તે સમજવાની મથામણ કરીએ એટલે મુખ્ય મુદ્દો કયો છે તે સમજાઇ જાય. નમૂના તરીકે એક બીજો પરિચ્છેદ વાંચો.

૨. "શરીરની કેળવણી એટલે શરીરનાં અંગો સહજ રીતે અને સરળતાથી તેમને સોંપાયેલાં કામ કરી શકે તેમ કરવું. આંગળીઓ થાક્યા વિના લખી શકે, ફૂલ ચૂંટી શકે, દોરામાં પરોવી હાર બનાવી શકે, દાણા વીણી શકે વગેરેને આંગળીઓની કેળવણી કહેવાય. એ જ રીતે બુદ્ધિની કેળવણી એટલે ઉપયોગી અને બિનઉપયોગી વચ્ચેનો ભેદ કરી શકે, હિતકારક અને અહિતકારક શું તે સમજી શકે વગેરે. બુદ્ધિને આવી કેળવણી મળી હોય તો તે શાંત અને ન્યાયદર્શી હોય. તે કુદરતના કાયદાઓ અને નિયમોને સમજે. તેનો પોતાના અને માનવજાતના લાભમાં ઉપયોગ કરે."

ઉપરનો પરિચ્છેદ બીજી વખતે વાંચતી વખતે - 'શરીરની કેળવણી - સહજ અને સરળતાથી સોંપાયેલાં કામ - આંગળીઓ થાક્યા વિના લખી શકે - બુદ્ધિની કેળવણી - ઉપયોગી બિનઉપયોગી વચ્ચેનો ભેદ - હિતકારક - અહિતકારકની સમજ - આવી બુદ્ધિ શાંત અને ન્યાયદર્શી - કુદરતના કાયદા - નિયમોને સમજે - લાભમાં ઉપયોગ કરે' આટલા શબ્દોની નીચે લીટીઓ દોરવાની આવે. આ લીટીઓ દોરીએ

એટલે સમજાય કે શરીર અને બુદ્ધિની કેળવણી અને તેનાં પરિણામ વિશેની વાત કરી છે. એ ઉપરથી સમજાય કે શરીર અને બુદ્ધિનું વ્યક્તિના નિયંત્રણમાં હોવું અથવા શરીર અને બુદ્ધિ ઉપર વ્યક્તિનો પોતાનો કાબૂ એ ખરી કેળવણી. જરૂર પડ્યે પોતાના લાભમાં કામ કરી શકે તેવી રીતની તાલીમ એ કેળવણી. આટલું સમજાય એટલે આખા પરિચ્છેદનું આકલન થઈ ગયું જાણવું. આકલન થઈ જાય એટલે નીચેના જેવા પ્રશ્નોના ઉત્તરો તરત જ સૂઝે.

૧. પરિચ્છેદને યોગ્ય શીર્ષક આપો.

૨. તકલી કાંતવા માટે મન ઉપરાંત શરીરનાં બીજાં કયાં અંગોની કેળવણી જરૂરી છે ?

૩. હિતકારક અને અહિતકારક શું એ ભેદ પારખવાની શક્તિને ગુજરાતીમાં કઈ શક્તિ કહે છે?

૪. કુદરતના કાયદા-નિયમોને સમજવાથી માણસની બુદ્ધિ શાંત અને ન્યાયદર્શી કઈ રીતે બને?

૫. પોતાના અને માનવજાતના લાભમાં બુદ્ધિનો ઉપયોગ કઈ રીતે થાય ?

આ પ્રશ્નો તમને થોડા અઘરા લાગવાનો સંભવ છે. પણ તમે પરિચ્છેદ અને તેમાં લીટીઓ દોરેલા શબ્દો ફરીથી વાંચી જાવ. પરિચ્છેદનું શીર્ષક તો બધાને તરત જ સૂઝે એવું છે. 'શરીરની અને બુદ્ધિની કેળવણી' બીજો પ્રશ્ન પણ સરળ છે. આંગળાંની અને બુદ્ધિની કેળવણીમાં આંગળીની કેળવણીની વાત આવી છે. એક હાથની આંગળીઓ તકલીને ગોળ ફેરવે - બીજા હાથની આંગળીઓ અને હાથ પોતે પૂણીને ઉપર-નીચે લયબદ્ધ રીતે લઈ જાય. આમ કરવામાં બુદ્ધિએ ધ્યાનને બરાબર કેન્દ્રિત કરવું પડે અને વચ્ચે કીટી-કસ્તર (બિનઉપયોગી) આવે તેનું ધ્યાન રાખવું પડે. આટલું સમજાય પછી તમારો જવાબ આટલો લાંબો જરૂરી નથી. તમે ટૂંકાણમાં રજૂઆત કરી શકો. ત્રીજા જવાબ માટે તમારું ભાષા-જ્ઞાન તમને મદદે આવે. વિવેક-શક્તિ જેવો શબ્દ આ ઉંમર સુધીમાં તમે સાંભળ્યો જ હોય. પથ્યાપથ્ય (હિતકારક અને અહિતકારક)ને સમજવાની શક્તિને જ વિવેક કહે છે. ચોથા સવાલનો જવાબ શોધવા તમે થોડો વિચાર કરશો તો તરત સમજાશે કે કુદરતના કાયદા-નિયમો સમજાય તો તેની વ્યવસ્થા અને તંત્ર સમજાય, તે ન સમજવાથી જ અશાંતિ થાય છે અને કોઈને અન્યાય થઈ જાય છે. પાંચમા સવાલનો જવાબ તો ઉપરના જવાબમાં આવી જાય - તમારે તેની રજૂઆત જુદી રીતે કરવી પડે. પોતાના અને માનવજાતના હિતમાં બુદ્ધિનો ઉપયોગ એટલે તેના લાભમાં બુદ્ધિનો ઉપયોગ - એ તો દેખીતું છે.

આ રીતે વિચારની પ્રક્રિયા પણ ઘડાય છે અને પરિચ્છેદમાં રજૂ થયેલી મહત્ત્વની અને તેની સાથે સંકળાયેલી બીજી બાબતોને સમજવાની મથામણથી બુદ્ધિ પણ કસાય છે.

## ૫.૪ બીજીવારનું વાચન

હવે નીચેના પરિચ્છેદો વાંચી, બીજીવાર વાંચતી વખતે તેમાં રજૂ થયેલી મહત્ત્વની બાબતો નીચે લીટીઓ દોરતાં દોરતાં એ મહત્ત્વની બાબતોને સમજો. એ સમજ્યા પછી આખા પરિચ્છેદમાં રજૂ થયેલી મુખ્ય મુખ્ય બાબતો તમારા મનમાં ઊતરી જશે. એને આધારે પરિચ્છેદની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તરો આપી શકાશે. તમારી સગવડ માટે અને દિશાસૂચન માટે પહેલા બે પરિચ્છેદોમાં અગત્યના મુદ્દાઓની નીચે લીટી કરીને આપવામાં આવેલી છે અને પહેલા ચાર પરિચ્છેદોના પ્રશ્નોના તો જવાબો પણ આપેલા છે. પણ પછી તેમને આધારે તમે અન્ય પરિચ્છેદોની નીચે આપેલા પ્રશ્નોના જવાબો જાતે લખવાની મથામણ જરૂરથી કરજો.

### ૫.૪.૧ નમૂનો-૩

'આ શરીર પણ એક અતિશય નાજુક યંત્ર છે. ખુદ રેંટિયો પણ યંત્ર જ છે. મારો વાંધો યંત્રો સામે નહીં, પણ યંત્રોની મદદથી થતા શોષણ સામે છે. સમય અને શ્રમનો બચાવ હું પણ ઈચ્છું છું પણ તેનો લાભ આખી માનવજાતિને થવો જોઈએ. યંત્રોથી ગણ્યાગાંઠ્યા લોકો પાસે સંપત્તિનો સંચય થાય છે તેની સામે મારો વાંધો છે. યંત્રો લોભનાં સાધનો થઈ પડ્યાં છે. એની મદદથી કામદારો પાસે ગજા ઉપરાંત કામ

લેવાય છે અને તેમને નિચોવી લેવામાં આવે છે.'

પરિચ્છેદ અને તેમાંના અમુક શબ્દોની નીચે કરેલી લીટીઓ જોઈ તમારે થોડો વિચાર કરવો પડશે. એ લીટીઓ આ પરિચ્છેદની મહત્ત્વની બાબતો તરફ તમારું ધ્યાન દોરે છે. આ પરિચ્છેદમાં યંત્રોની અને તે સામેના વિરોધની વાત છે. આ વાતને રજૂ કરતી વખતે લેખક શરીર અને રેંટિયાને પણ યંત્ર કહે છે. એમનો વાંધો તેથી યંત્ર સામે નથી પણ યંત્રોનાં દૂષણો સામે છે. યંત્રો થોડા લોકોના સમય અને શ્રમનો બચાવ કરે અને કામદારોનું શોષણ કરે તે સામે લેખકનો વિરોધ છે. આટલું સમજી લો પછી નીચેના પ્રશ્નોના ઉત્તરો સરળતાથી આપી શકશો.

૧. શરીર અને રેંટિયો યંત્રો કઈ રીતે છે ?

૨. યંત્રોથી શોષણ કઈ રીતે થાય છે ?

૩. સમય અને શ્રમના બચાવનો લાભ આખી માનવજાતિને યંત્રો કઈ રીતે આપી શકે ?

૪. યંત્રો લોભનાં સાધનો કઈ રીતે છે ?

૫. કામદારોને શા માટે નિચોવી લેવાય છે ?

ઉત્તરો :

૧. શરીર અને રેંટિયાના જુદા જુદા ભાગો એકબીજાની સાથે તાલમેળ સાધીને આપોઆપ કામ કરે છે તે કારણે તે યંત્રો ગણાય.

૨. યંત્રો અમુક ગણ્યાગાંઠ્યા લોકો જ વસાવી શકે છે અને બીજાઓની મજબૂરીનો લાભ લે છે તે રીતે શોષણ થાય છે.

૩. યંત્રો બધાને માટે સુલભ હોય તો એનો લાભ આખી માનવજાતિને મળે.

૪. યંત્રોની મદદથી વધુ ને વધુ ધનસંપત્તિ એકઠી કરવાનું વલણ જન્મે છે તેથી તે લોભનાં સાધનો થાય છે.

૫. ધનના લોભે કામદારો પાસે ગજા ઉપરાંત કામ લઈ તેમને નિચોવી લેવાય છે.

### ૫.૪.૨ નમૂનો-૪

ભાષાનું પ્રયોજન એકબીજાને પોતાનું મનોગત સમજાવવાનું છે. એમાં બોલનાર કરતાં સાંભળનારની સગવડ વધારે મહત્ત્વની છે. 'આંખના ખાસ દાક્તર'માં સંસ્કૃત, અરબી અને અંગ્રેજી ભાષાઓના તદ્દ્ભવો છે. ધંધો કરવાની ઈચ્છાવાળો કોઈ માણસ 'અક્ષિ ચિકિત્સા વિશેષજ્ઞ' એવું પાટિયું નહિ મારે. દાક્તરને બદલે એ વૈદ્ય કે હકીમ પણ નહીં લખે. ભાષા પોતે સાધ્ય નહીં, પણ સાધન છે તે આ ઉપરથી સમજાશે.

૧. ભાષાનું પ્રયોજન શું છે ?

૨. ભાષા વાપરતી વખતે બોલનારે સાંભળનારની સગવડને શા માટે મહત્ત્વ આપવું જોઈએ?

૩. 'આંખ' અને 'દાક્તર' શબ્દ મૂળ સંસ્કૃત અને અંગ્રેજીમાં કઈ રીતે વપરાય છે ?

૪. દાક્તરને બદલે વૈદ્ય કે હકીમ લખે તો વાંચનારના મનમાં શું ભ્રમ થઈ શકે ?

૫. ભાષા સાધ્ય નહીં, સાધન છે તે શેના ઉપરથી સમજાય છે ?

ઉત્તરો :

૧. ભાષાનું પ્રયોજન એકબીજાને પોતાનું મનોગત સમજાવવાનું છે.

૨. સાંભળનાર માટે જ બોલનાર ભાષા વાપરે છે તેથી બોલનારે સાંભળનારની સગવડને મહત્ત્વ આપવું જોઈએ.

૩. આંખ શબ્દ સંસ્કૃતમાં અક્ષિ રૂપે અને દાક્તર શબ્દ અંગ્રેજીમાં ડોક્ટર રૂપે વપરાય છે.

૪. દાક્તરને બદલે વૈદ્ય લખે તો તે આયુર્વેદનો અને હકીમ લખે તો તે યુનાની પદ્ધતિનો ચિકિત્સક છે તેવો ભ્રમ થાય.

૫. 'આંખના ખાસ દાક્તર'માં સંસ્કૃત, અરબી અને અંગ્રેજી શબ્દોની ભેળસેળ છે છતાં વપરાય છે એ ઉપરથી સમજાય છે કે ભાષા સાધ્ય નથી પણ સાધન છે.

### ૫.૪.૩ નમૂનો-૫

આપણા વિચારો બે પરસ્પર વિરોધી દિશામાં કામ કરે છે. એકબાજુ હિંદુ-મુસલમાન-ખ્રિસ્તી વગેરે પ્રજાને સંગઠિત કરવી છે. તો બીજી બાજુ પોતપોતાની પ્રાચીનતાનો પુનરુદ્ધાર કરવો છે અને પુરાણ - શાસ્ત્રો મુજબ જીવવું છે. એકબાજુ અખંડ ભારતનો આદર્શ છે, બીજી બાજુ પરદેશી ગણાયેલા સંસ્કાર, ભાષા વગેરેની આભડછેટ છે. સાથે રહેવા છતાં મનભેદ છે. આથી સુલેહ શાંતિ-સંપ-વિદ્યા અને પ્રગતિ શક્ય નથી. સંકુચિત મિથ્યાભિમાન ન જાય ત્યાં સુધી એકતા નથી.

૧. પ્રાચીનતાનો પુનરુદ્ધાર આપણે કઈ રીતે કરવા માગીએ છીએ ?

૨. પ્રાચીનશાસ્ત્રો મુજબ જીવવું છે એટલે કઈ રીતે જીવવું છે ?

૩. અખંડ ભારતનો આદર્શ એટલે શું ?

૪. મનભેદ હોવાને કારણે શું શક્ય નથી ?

૫. સંકુચિત મિથ્યાભિમાન એકતામાં કઈ રીતે નડે છે ?

ઉત્તરો :

૧. પુરાણાં શાસ્ત્રો મુજબ જીવીને આપણે પ્રાચીનતાનો પુનરુદ્ધાર કરવા માગીએં છીએ.

૨. પ્રાચીનશાસ્ત્રોએ દર્શાવેલા કર્મકાંડ અને જીવનરીતિ પ્રમાણે જીવવું છે.

૩. જ્યાં બધા ધર્મ અને સંપ્રદાયના, બધી ભાષા બોલતાં, વિવિધ રીતરિવાજ અને જીવનરીતિ ધરાવતી પ્રજા સંપીને એક સાથે રહે એ અખંડ ભારતનો આદર્શ છે.

૪. મનભેદ હોવાને કારણે સુલેહ-શાંતિ-સંપ-વિદ્યા અને પ્રગતિ શક્ય નથી.

૫. સંકુચિત મિથ્યાભિમાનને કારણે આપણી જીવનરીતિ - પરંપરાને અન્યોની પરંપરા - જીવનરીતિથી શ્રેષ્ઠ માનવા માંડીએ છીએ તેથી તે એકતામાં નડે છે.

### ૫.૪.૪ નમૂનો-૬

'દેશ તેવો વેશ' એ કહેવતમાં ઘણું ડહાપણ છે. વેશનો અર્થ કેવળ કપડાં નહીં પણ ભાષા, વર્તન, શિષ્ટાચાર વગેરે પણ ખરાં. અમેરિકામાં કાયમનો વસવાટ કરનાર પણ વિચિત્ર અભિમાનને વશ થઈ તે પ્રજા સાથે ઓતપ્રોત થવાને બદલે પોતાની જૂની જીવનરીતિ પકડી રાખે છે. આને કારણે પોતાના દેશમાંથી પોતે જ્યારે અમેરિકા પહોંચ્યા તે સમયનું પ્રાચીન જીવન જીવ્યા કરે છે. આધુનિક સમય સાથે તાલ મેળવવાનું તે ચૂકી જાય છે. સંકુચિત વાડામાં પુરાઈ રહેવાથી લઘુતાગ્રંથિ જન્મે છે. પ્રગતિ રૂંધાય છે.

૧. 'દેશ તેવો વેશ' એ કહેવતમાં કયું ડહાપણ છે ?

૨. 'દેશ તેવો વેશ'નો વ્યાપક અર્થ સમજાવો.

૩. પોતાની જૂની જીવનરીતિ પકડી રાખવાથી શું નુકસાન થાય ?

૪. લઘુતાગ્રંથિ શાથી જન્મે છે ?

૫. પ્રગતિ શાથી રૂંધાય છે ?

ઉત્તરો :

૧. 'દેશ તેવો વેશ' કહેવત વ્યવહારુ ડહાપણ શીખવે છે જેને અનુસરવાથી વ્યક્તિની પ્રગતિ ઝડપી બને છે.

૨. 'દેશ તેવો વેશ'નો વ્યાપક અર્થ વેશ ઉપરાંત ભાષા, વર્તન, શિષ્ટાચાર છે.

૩. જૂની જીવનરીતિ પકડી રાખવાથી ભૂતકાળમાં જીવાય છે, આધુનિક સમય સાથે તાલ મેળવી શકાતો નથી અને પ્રગતિ રુંધાય છે.

૪. સંકુચિત વાડામાં પુરાઈ રહેવાથી લઘુતાગ્રંથિ જન્મે છે.

૫. 'દેશ તેવો વેશ' કહેવત અનુસાર ન જીવવાથી પ્રગતિ રૂંધાય છે.

### ૫.૪.૫ નમૂનો-૭

નીચેનો પરિચ્છદ વાંચી, તેમાં આપેલા વિચારો પ્રમાણે તેની નીચે પૂછેલ પ્રશ્નોના જવાબ આપો.

વ્યક્તિએ સૌથી પહેલાં કેવી સ્પર્ધામાં દાખલ થવું તેનો વિચાર કરવો પડે છે. જે ક્ષેત્રમાં અસ્વિકાર જ થવાનો હોય, જ્યાં ફક્ત પોતાના અભિમાનને પોષવા માટે જ સ્પર્ધામાં દાખલ થવાનો વિચાર કરવામાં આળતો હોય અથવા વ્યક્તિ પોતાની શક્તિઓ માટે વધારે પડતી આશાવાદી હોય ત્યારે ખોટી સ્પર્ધામાં જોડાય છે અને નિષ્ફળતા પ્રાપ્ત કરે છે, આવા સમયે વ્યક્તિ નિષ્ફળતા પામતાં હતાશ થાય છે અથવા બીજાનો દોષ જોવાનો શરૂ કરે છે. આમ વ્યક્તિએ ખોટી સ્પર્ધામાં દાખલ ન થવું જોઈએ. દરેક વ્યક્તિએ મહત્ત્વાકાંક્ષા રાખવાનો હક્ક છે પરંતુ આ મહત્ત્વાકાંક્ષા અવાસ્તવિક હોય, પોતાની શક્તિઓ માટે ખોટું અભિમાન રાખવામાં આવતું હોય ત્યારે વ્યક્તિ સ્પર્ધામાં ટકી ન જ શકે.

આ સંજોગોથી વિરુદ્ધ સંજોગો અર્થાત્ પોતાની શક્તિઓ કરતાં ખૂબ જ નીચી જગ્યાએ પણ સ્પર્ધામાં ઉતરવાનો અર્થ નથી. સ્પર્ધકને બરાબર ઓળખો :- સ્પર્ધામાં ટકી રહેવા માટે હરીફની જેટલી બને તેટલી માહિતી મેળવવી જોઈએ. હરીફના સારા અને નરસા ગુણોને વાસ્તવિક રીતે સ્વીકારતાં શીખવું જોઈએ. મોટે ભાગે સ્પર્ધક હરીફને નકારાત્મક રીતે જ જુએ છે અને તેની ટીકા કર્યા કરે છે. આવા વર્તનથી વ્યક્તિ ખરેખર તો પોતાનો જ સમય બગાડે છે અને પોતાનો વિકાસ અટકાવી દે છે. સ્પર્ધામાં ટકવા માટે હરીફને નીચી નજરે ન જુવો. તેનાં ઉમદા તત્ત્વોની જાણકારી મેળવો. એ ઉમદા તત્ત્વો સામે તમે કેવી રીતે ટકી શકશો અને તેના માટે શું પગલાં લેશો તેનો પૂરો વિચાર કરો. તે જ પ્રમાણે હરીફની ઉણપો વિશે વિચારો અને તે ઊણપોનો હરીફાઈમાં તમારા ફાયદા માટે કેવી રીતે ઉપયોગ કરશો તેનો પણ વિચાર કરો.

જે સ્પર્ધકમાં બધા કરતાં કંઈક વધારે હોય તે જ સ્પર્ધામાં સફળ થાય છે. હરીફાઈમાં ટકવા માટે તમારામાં કાંઈક અદ્વિવતિય તત્ત્વ હોવું જરુરી છે. આ અદ્વિવતિય તત્ત્વ જ તમને બીજા કરતાં જુદા પાડશે અને લોકોનું તમારા તરફ ધ્યાન ખેંચાશે. હરીફાઈમાં હંમેશાં વિકાસના પંથ તરીકે જોશો તો તમને હરીફાઈનો ડર નહિ રહે અને ઘણો સ્વવિકાસ કરી શકશો.

પ્રશ્નો : (૧) હરીફાઈ કયા સંજોગોમાં અને કઈ રીતે માનવીનો વિકાસ કરે છે ?

(૨) સ્પર્ધામાં ટકવા માટે શું પૂર્વતૈયારી કરવી જોઈએ ?

(૩) સ્પર્ધામાં નિષ્ફળતા કયા કયા સંજોગોમાં થાય છે ?

**જવાબો :**

૧) નીચેના સંજોગોમાં હરીફાઈથી માનવીનો વિકાસ થાય છે.

- હરીફના ગુણો - વિશેષતાઓ જોઈ હરીફાઈમાં આગળ વધવા એવા ગુણો - વિશેષતાઓ કેળવવામાં આવે તો વ્યક્તિના પોતાના ગુણો - વિશેષતાઓ વધે એ રીતે વિકાસ થાય.
- હરીફ કરતાં પોતાની ઊણપો કઇ છે તે ચકાસી એ ઊણપો દૂર કરવામાં આવે તેવા સંજોગોમાં પોતાના દોષો જાય એ રીતે વિકાસ થાય.
- હરીફાઈને કારણે વ્યક્તિ સદા સજાગ રહે.

૨) સ્પર્ધામાં ટકવા નીચેની પૂર્વ તૈયારી કરવી જોઈએ.

- પોતાના સ્પર્ધકની વિશેષતાની માહિતી મેળવી પોતે એવી વિશેષતાઓ એના કરતાંય વધુ કેળવવા મથવું જોઈએ. એ ઉમદા તત્ત્વો સામે કઇ રીતે ટકી શકાય તેનું આયોજન કરો.
- હરીફની ઊણપો જાણી એનો તમારા લાભમાં કઇ રીતે ઉપયોગ કરશો તે વિચારો.
- કશુંક અદ્વિતિય તત્ત્વ તમારામાં વિકસે તે માટે મથો.

૩) સ્પર્ધામાં નિષ્ફળતા નીચેના સંજોગોમાં મળે છે.

- વ્યક્તિ પોતાની શક્તિઓ માટે વધુ પડતી આશાવાદી હોય ત્યારે નિષ્ફળતા મળે.
- સ્પર્ધકની શક્તિઓ (વિશેષતાઓ) - ઊણપોનો બરાબર વિચાર ન કરીને સ્પર્ધાનું આયોજન કર્યું હોય તો નિષ્ફળતા મળે.
- તમારામાં કાંઈક અદ્વિતિય તત્ત્વ ન હોય તો નિષ્ફળતા મળવાની શક્યતા વધી જાય.

(પી.એસ.આઈ. સીધી ભરતી પરીક્ષા, ૯-૨-૧૯૯૮માં પુછાયેલ)

## ૫.૫ તમારી પ્રગતિ ચકાસો

ભીલોના પ્રદેશમાં થતાં વૃક્ષોમાં ઉપયોગિતાની દૃષ્ટિએ ખજૂર મુખ્ય છે. સ્વયં ઊગી નીકળતાં આ વૃક્ષોને તેઓ 'ખજૂરાં' કહે છે. ઊંચી લીલી છત્રીઓ જેવાં લાગતાં આ ઝાડ તેઓની 'કામધેનુ' જેવાં છે. ઉનાળાના કપરા દિવસોમાં તેઓ આ વૃક્ષનાં ફળ ખાય છે. તેના લાંબા થડનો ઉપયોગ 'ખોલરા' (ઘર)ના મુખ્ય મોભ તરીકે કરે છે. ખજૂરનાં લાંબા થડને કોરીને ખેતરમાં લઈ જવાની પાણીની નીક બનાવે છે. ખજૂરનાં પાન ઊભાં ચીરીને ખાટલા ભરવાનાં દોરડાં અને બળદની રાશ બનાવે છે. ઉનાળામાં જ્યારે બધો જ ઘાસચારો ખૂટી જાય છે ત્યારે તેનાં પાન કાપીને ઢોરોને ખવડાવવામાં આવે છે. તેનાં ફળના રસમાંથી નીરો બનાવાય છે.

પ્રશ્નો :

(૧) 'ખજૂરાં' એટલે શું અને ભીલો માટે તે કોના જેવાં ગણાય ?

(૨) ખજૂરના લાંબા થડના મુખ્ય કયા બે ઉપયોગ ગણાય ?

(૩) ખજૂરનાં પાનનો ભીલો કેવી રીતે ઉપયોગ કરે છે ?

(૪) ખજૂરનાં ફળનો શો ઉપયોગ છે ?

(૫) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

# પ્રકરણ : ૬ સંક્ષેપીકરણની તાલીમ

**એકમની રૂપરેખા**


૬.૦ હેતુઓ

૬.૧ પ્રસ્તાવના

૬.૨ ભાષા પ્રભુત્વ

૬.૩ સારલેખન

૬.૪ ભાષા વિનિયોગમાં કરકસર

૬.૪.૧ નમૂનો-૧

૬.૪.૨ નમૂનો-૨

૬.૪.૩ નમૂનો-૩

૬.૪.૪ નમૂનો-૪

૬.૪.૫ નમૂનો-૫

૬.૪.૬ નમૂનો-૬

૬.૪.૭ નમૂનો-૭

૬.૪.૮ નમૂનો-૮

૬.૪.૯ નમૂનો-૯

૬.૪.૧૦ નમૂનો-૧૦

૬.૪.૧૧ નમૂનો-૧૧

૬.૪.૧૨ નમૂનો-૧૨

૬.૪.૧૩ નમૂનો-૧૩

૬.૫ સંક્ષેપીકરણ માટે આવશ્યક સૂચનાઓ

૬.૫.૧ નમૂનો-૧૪

૬.૫.૨ નમૂનો-૧૫

૬.૫.૩ નમૂનો-૧૬

૬.૫.૪ નમૂનો-૧૭

૬.૫.૫ નમૂનો-૧૮

૬.૫.૬ નમૂનાના જવાબ

૬.૬ તમારી પ્રગતિ ચકાસો


## ૬.૦ હેતુ

આ પ્રકરણ દ્વારા તમે સંક્ષેપીકરણની તાલીમ મેળવી શકશો. ભાષામાં સચોટતા અને ચોકસાઈ આવે તે માટે સારલેખનની તાલીમ જરૂરી છે. એ માટે ભાષા પ્રભુત્વ કેળવવાની જાણકારી મેળવી શકશો. તે માટેના કેટલાક નમૂનારૂપ પરિચ્છેદો દ્વારા આ અંગેની માહિતી મેળવી શકશો.

## ૬.૧ પ્રસ્તાવના

સામાન્ય રીતે કોઈ લેખકના લખાણમાંથી સો-દોઢસો શબ્દોનો એક પરિચ્છેદ પસંદ કરવામાં આવે અને પછી એ પરિચ્છેદમાં કહેવાઈ હોય એ વિગતો સાદા ચાલીસ-પચાસ તમારા શબ્દોમાં ફરીથી લખવાનું કહેવામાં આવે એને સંક્ષેપીકરણ કહે છે. આપણે જ નહીં પણ કેટલીકવાર મોટા લેખકો ભાષાને શણગારવા,

વાતમાં વધારે મોણ નાખવા, પોતાની વાત બરાબર સમજાવવા જરૂર હોય એ કરતાં વધારે શબ્દોનો વપરાશ કરી બેસે છે. ભાષાને કરકસરથી વાપરવી જરૂરી એટલા માટે છે કે એનાથી સચોટતા અને ચોકસાઈ આવે છે. લખનાર-વાંચનાર અથવા બોલનાર-સાંભળનારનો સમય તો બચે જ છે પણ બિનજરૂરી લંબાણ ક્યારેક તમારા મુદ્દાને વેરવિખેર કરી નાખે છે. અસરકારક લખાણ બનાવવા માટે પણ ભાષામાં કરકસર જરૂરી છે. આ કારણે ભાષાનો ઉપયોગ કરકસરથી કરવાની તાલીમ મેળવવા માટે આ જાતનો સ્વાધ્યાય જરૂરી બને છે. સંસ્કૃત વ્યાકરણકાર તો લખાણમાં એક માત્રાની કરકસર કરી શકાય તો ય ઘરમાં પુત્રનો જન્મ થયો હોય એવો આનંદ પામતા. મિતભાષીપણું અસરકારક બને છે એનું કારણ એમાંનું ટૂંકાણ, સઘનતા, સચોટતા અને તીક્ષ્ણતા હોય છે. માત્ર વિજ્ઞાન કે ગણિતનાં ક્ષેત્રમાં જ નહીં પરંતુ વેપાર, રાજકારણ, સમાજજીવન અને કુટુંબજીવનમાં પણ ભાષાનો બને એટલો ઓછો છતાં સચોટ અને અસરકાર ઉપયોગ સફળતાનું કારણ બને છે. ભાષાનો કરકસરપૂર્ણ ઉપયોગ ભાષા ઉપર પ્રભુત્વ મેળવવા માટેનું એક અગત્યનું પગથિયું છે.

## ૬.૨ ભાષાપ્રભુત્વ

ભાષાપ્રભુત્વ એટલે ભાષાનો તમારા લાભ માટે ઉત્તમમાં ઉત્તમ રીતે ઉપયોગ કરવાની આવડત. આ આવડત કેળવવા માટે માણસ તરીકે આપણે સૌએ પ્રયત્ન કરવો જોઈએ. કારણ કે સમાજમાં સફળ થવા માટે આ આવડત બહુ મહત્ત્વનો ભાગ ભજવે છે. અંગ્રેજી ભાષા ઉપર પ્રભુત્વ મેળવવા આપણે મથીએ છીએ. માતૃભાષા પર પ્રભુત્વ આપણે માટે સહજ હોય છે તેથી તેના ઉપર પ્રભુત્વ મેળવવાનું પ્રમાણમાં સરળ હોય છે પણ તેથી વધુ પડતાં આત્મવિશ્વાસમાં, તેના અભ્યાસમાં બેકાળજી રાખવી જોખમકારક ગણાય. પોતાની ભાષાનો ચોકસાઈથી અને કરકસરથી ઉપયોગ ન કરી શકનારને આપણે કેવો કહીશું?

માતૃભાષાના ઉપયોગમાં બેદરકારીનો નમૂનો કદાચ તમે પોતે પણ હોઈ શકો. આ સંક્ષેપીકરણના અભ્યાસનું જ ઉદાહરણ લો. કદાચ એમ બનતું હશે કે તમે અને તમારા શિક્ષક સુધ્ધાં એમ માનતા હશે અને શીખવતા હશે કે, સંક્ષેપીકરણ એટલે આપેલાં વાક્યોમાંથી બે તૃતીયાંશ શબ્દો કાઢી નાખીને, બાકીનાં વાક્યો બરાબર ગોઠવીને ફરીથી લખી નાખવાનો સ્વાધ્યાય. પણ આ માન્યતા ભૂલભરેલી છે. માત્ર પરીક્ષામાં સાત કે આઠ ગુણ મેળવવા માટે જ નહીં પરંતુ જીવનમાં સફળ થવા માટે ભાષાનો કરકસરથી ઉપયોગ કરવાની આવડત કેળવવા માટે આ સ્વાધ્યાય જરૂરી છે. વિગતો પડતી મૂક્યા વિના અથવા બિનજરૂરી વિગતો જ માત્ર પડતી મૂકીને ટૂંકામાં કહેવાની આ આવડત છે.

## ૬.૩ સારલેખન

સંક્ષેપીકરણ એટલે સારલેખન એવો અર્થ પણ થાય છે. સારાંશની સાથેસાથે એમાં બને એટલી મૂળની ભાષાની ખૂબીઓ સાચવવાની કાળજી રાખવી જોઈએ. એકની એક વાત જુદા જુદા હેતુ માટે જુદી જુદી રીતે કરી શકાય. એ માટેની ઘણી ખૂબીઓ અથવા પ્રયુક્તિઓ ભાષામાં હોય છે. ભાષાના આ તરીકાઓનો ઉપયોગ કરીને લખાણને માત્ર સારગર્ભ નહીં પરંતુ ચોકસાઈવાળું, સઘન બનાવવાનો ઉદ્દેશ છે. વિદ્યાર્થીઓ અને અભ્યાસીઓને આ ટેવ તેમના અન્ય વિષયોના અભ્યાસમાં પણ ઘણી મદદરૂપ થઇ શકે. તમારે ઇતિહાસ, ભૂગોળ, વિજ્ઞાન, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, જેવા વિષયો ભણવાના હોય તો એમાંનું લખાણ પણ તમે તમારી રીતે આમ સઘન કરી લો. એમાંની વિગતો ઓછા સમયમાં વાંચીને જલદીથી અને સરળતાની યાદ રાખી શકાય. આ કારણે ઇતિહાસ, ભૂગોળ, વિજ્ઞાન, અર્થશાસ્ત્ર જેવા વિષયના પરિચ્છેદો લઈને એમાંના મુખ્ય યાદ રાખવા જેવા મુદ્દાઓ અથવા વિગતોની કઈ રીતે યાદી બનાવવી અને તેનું સંક્ષેપીકરણ કઈ રીતે કરવું એના પણ થોડા નમૂના આપ્યા છે. જોકે સાહિત્યમાંથી લીધેલા પરિચ્છેદમાં અલંકાર અને ખાસ પ્રકારની શૈલીને ઠેકાણે સંક્ષેપીકરણ મૂળ કરતાં અડધાથી ય ઘણાં ઓછા શબ્દોમાં થઈ શકે. જ્યારે આવા વિષયોમાં વિગતો નિરૂપવા તરફ જ લેખકનું ધ્યાન હોવાથી અને એક પણ વિગત પડતી મૂકવાનું આપણે માટે પણ શક્ય ન હોવાથી સંક્ષેપીકરણ એટલે મૂળ કરતાં ત્રીજા ભાગના શબ્દો

ધરાવતું લખાણ એવો આગ્રહ રાખી શકાય નહીં. વળી કેટલાંક લખાણો તો એવાં સંક્ષેપમાં સઘન રીતે લખાયાં હોય છે કે તેનું સંક્ષેપીકરણ શક્ય જ ન હોય એટલે સંક્ષેપીકરણ બધા પરિચ્છેદોનું કરી શકાય એમ પણ મનાય નહીં. આ કક્ષાએ તો સંક્ષેપીકરણ ભાષાપ્રભુત્વ મેળવવા માટેની કસરત અથવા કવાયત બની રહે એવી વ્યૂહરચના ગોઠવવી જોઈએ. તમે જાણો છો તે ભાષાસામગ્રીનો વારંવાર જુદી રીતે ઉપયોગ કરીને તેના પર પ્રભુત્વ મેળવી શકાય. મૂળ પરિચ્છેદના સંક્ષેપીકરણ માટે જુદી જુદી વ્યૂહરચના અપનાવી શકાય. કોઈક પરિચ્છેદ વાંચતાં એમ લાગે કે આ પરિચ્છેદમાં વપરાયેલા શબ્દસમૂહો માટે કોઈ એક એક શબ્દ, પારિભાષિક શબ્દ કે સમાસ છે તો એવા શબ્દ જુદા તારવી અથવા તેમની નીચે લીટી દોરી તેવા શબ્દસમૂહો માટે વાપરી શકાય તેવા શબ્દો કે સમાસો કે રૂઢિપ્રયોગોની નોંધ કરવી. જુદાં જુદાં વાક્યોમાં એકની એક વાત કહેવાનું લાગે તો પરિવર્તનો ટાળીને એ વાક્યોને ભેગાં કરી લેવાં. ક્યાંક એમ લાગે કે જુદાં જુદાં વાક્યોને ભેગાં કરવાથી વધારાનાં વિશેષણો, ક્રિયાવિશેષણો કે ક્યારેક ક્રિયાપદો ટાળી શકાશે તો ત્યાં વાક્યોને ભેગાં કરી લેવાં ને જે પરિચ્છેદમાં આમાંથી કશું થઈ શકે એમ ન હોય તેવા પરિચ્છેદનો તમારા શબ્દોમાં માત્ર સાર આપી દેવો.

જુદી જુદી રીતે સંક્ષેપીકરણ કઈ રીતે કરી શકાય તેના થોડા નમૂનાઓ હવે પછીનાં પાનાંઓમાં આપ્યાં છે. તમે એ નમૂનાઓની મદદથી તમારી પોતાની રીતે પણ સંક્ષેપીકરણ કરવાનો પ્રયત્ન કરો અને અંતે આપવામાં આવેલાં સંક્ષેપીકરણો સાથે તમારાં સંક્ષેપીકરણોને સરખાવો.

## ૬.૪ ભાષાવિનિયોગમાં કરકસર

તમે અત્યાર સુધીમાં સમાસ, સંધિ, પ્રત્યયો, સંયુક્ત ક્રિયાપદ-સાદાં ક્રિયાપદ, વિશેષણો-ક્રિયાવેશેષણો, કહેવતો-રૂઢિપ્રયોગો એવું ઘણું બધું વ્યાકરણમાં ભણી ગયાં છો. એ બધું જે ભણ્યાં છો તેનો વિનિયોગ કરીને તમારે ભાષાને કરકસરથી વાપરતાં શીખવાનું છે. કદાચ એમાંનું કશું અત્યારે તમને યાદ નહીં જ હોય છતાં તમે ખંતપૂર્વક અને સંકલ્પપૂર્વક અહીં આપવામાં આવેલા સ્વાધ્યાયોનો અભ્યાસ કરશો તો તમારી ભાષાના વપરાશ ઉપરની પકડ અને તમારી ભાષાસૂઝ આ પ્રકારના કરકસરયુક્ત ભાષાવપરાશના અભ્યાસથી જરૂર વધશે. આ સ્વાધ્યાયો માત્ર વાંચી જવા માટે નથી પણ એકવાર વાંચીને એ પછી આપેલાં સૂચનો પ્રમાણે કાગળ ઉપર તમારી જાતે એ સ્વાધ્યાયો લખવાના પણ રહેશે ને તો જ આ આવડત કેળવાશે.

### ૬.૪.૧ નમૂનો-૧

(૧) કુરુક્ષેત્રમાં ધર્મના રક્ષણ માટે, અધર્મીઓનો અને અન્યાયીઓનો નાશ કરવા માટે યુદ્ધ લડાતું હતું. સામે પક્ષે પોતાનાં સગાંવહાલાંઓ અને મિત્રોને જોઈ અર્જુનને ભારે આઘાત અને ખેદની લાગણી થઈ. તેણે શ્રીકૃષ્ણને કહ્યું કે હે સખા આંખમાં કણાની જેમ ખૂંચતા અને સતત પીડા આપતા કૌરવોની સાથે તો મારા કાકાઓ, મામાઓ, પિતામહો, ગુરુઓ, બાંધવો અને મિત્રો પણ છે. એ બધાંને યુદ્ધમાં મારવાના છે તે વિચારે મને શરીરે પરસેવો વળે છે, મારું મોં સૂકાય છે અને મારાં બધાં અંગો ધ્રુજે છે. મારે તો આવું યુદ્ધ કરવું નથી. ત્યારે શ્રીકૃષ્ણે કહ્યું કે, "હે મૂર્ખ, તું કર્તવ્ય શું છે તે વિશે મૂંઝવણમાં પડ્યો છે. તું પંડિતો જેવાં વચનો બોલે છે પણ કાયરની પેઠે આચાર કહે છે. આ આચાર તને શંકાકુશંકાના બે પર્વતનાં બહુ ઊંચા શિખરોની ઊંડી જગ્યામાં ધકેલી દેશે. તું મનુ ભગવાનના વંશમાં જન્મેલો હોવા છતાં તેં તને આ જગતમાં મળવો મુશ્કેલ એવો, જેની જગતમાં જોડ મળી શકે નહીં તેવો માનવ-જન્મ મળ્યો છે છતાં તું આવું મૂર્ખાઈભરેલું ભાષણ કરીને પોતાની જાતને છેતરે છે. આ જગત તો જ્યાં મુસાફરો સતત આવે, રાત રોકાય અને સવારે ચાલ્યા જાય તેવી જગ્યા છે. આ જીવન તો ઈશ્વરે તને એ પાછું ન માગે ત્યાં સુધી સાચવી રાખવા માટે સોંપેલું છે. તું જેમને જીવતા જાણે છે અને જુએ છે તેઓ તો અવશ્ય મરેલા જ છે. એ તારી આંખ આગળ સ્પષ્ટ દેખાય એવી બાબત તું જોઈ શકતો નથી. તું દરેક વસ્તુમાં સારું પરિણામ જોનાર બને અને તે દૃષ્ટિ જ જીવનને પુષ્ટ કરે એવું ઉત્તમ ઔષધ છે એ જાણ. તું તારા કર્તવ્યમાં નિષ્ઠાવાળો બન

અને યુદ્ધ કર."

નીચે આપેલી સૂચનાઓ અનુસાર ઉપરના પરિચ્છેદનું સંક્ષેપીકરણ કરો :

(ક) નીચે આપેલાં પદો માટે આપેલામાંથી કોઈ એક શબ્દ કે સમાસ કે પદ પસંદ કરીને પરિચ્છેદ ફરીથી લખો :

- ધર્મના રક્ષણ માટે અને અધર્મીઓનો, અન્યાયીઓનો નાશ કરવા માટે લડાતું યુદ્ધ - દ્વન્દ્વયુદ્ધ, ધર્મયુદ્ધ, સંઘર્ષયુદ્ધ.
- પોતાનાં સગાંવ્હાલાઓ અને મિત્રો - દુર્જનો, પરજનો, સ્વજનો.
- ભારે આઘાત અને ખેદની લાગણી - અવસાદ, વિષાદ, દુઃખ.
- આંખમાં કણાની જેમ ખૂંચતાં અને સતત પીડા આપતાં - ખૂંચતા, ખટકતા, પીડાતા.
- મારા કાકાઓ, મારા મામાઓ, પિતામહો, ગુરુઓ, બાંધવો અને મિત્રો - ગુરુજનો, સ્વજનો, બાંધવો.
- બધાંને યુદ્ધમાં મારવાના છે તે - સંહારવાનાં, વિનાશવાનાં, મારવાનાં
- શરીરે પરસેવો વળવો, મોં સૂકાવું અને અંગો ધ્રૂજવાં - અજંપો થવો, ઉદ્વેગ થવો, ઉદ્વિગ્ન થવું.
- કર્તવ્ય શું છે તે વિશે મૂંઝવણમાં પડવું - કિંકર્તવ્યમૂઢ થવું, મૂઢ થવું.
- આચાર કરે છે. - આચરે છે, વર્તે છે.
- બે પર્વતોનાં બહુ ઊંચા શિખરોની વચ્ચેની ઊંડી જગ્યા - કોતર, ખાઈ, તરાડ.
- મનુ ભગવાનના વંશમાં જન્મેલો - મનુષ્ય, મનુજ, મનુવંશજ
- આ જગતમાં મળવો મુશ્કેલ એવો - દુર્લભ, અલભ્ય, અલભ.
- જેની જગતમાં જોડ મળી શકે નહીં તેવો - બેજોડ, અજોડ, અપૂર્વ.
- મૂર્ખાઈ ભરેલું ભાષણ - મૂર્ખ રીતે બોલીને, મૂર્ખ ભાષણ કરીને.
- પોતાની જાતને છેતરવી - આત્મપ્રતારણા, આત્મવંચના.
- જ્યાં મુસાફરો સતત આવે, રાત રોકાય અને સવારે ચાલ્યા જાય તેવી જગ્યા - સરાય, મુસાફરખાનું, ધર્મશાળા.
- પાછું માંગે ત્યાં સુધી સાચવવા સોંપેલું તે- અનામત, થાપણ.
- આંખ આગળ સ્પષ્ટ દેખાય તેવી બાબત- આબેહૂબ, તાદૃશ્ય, પ્રત્યક્ષ
- દરેક વસ્તુમાં સારું પરિણામ જોનાર - આશાવાદી, સત્યવાદી, આદર્શવાદી.
- જીવનને પુષ્ટ કરે તેવું ઉત્તમ ઔષધ - ધાત્રીરસાયન, જીવનરસાયન
- કર્તવ્યમાં નિષ્ઠાવાળો - કર્તવ્યમૂઢ, કર્તવ્યનિષ્ઠ.

(ખ) વાક્ય નં. ૨, ૩, ૪, ૫ ભેગાં કરો.
વાક્ય નં. ૬, ૭, ૮ ભેગાં કરો.
વાક્ય નં. ૯, ૧૦ ભેગાં કરો.

**અપેક્ષિત સંક્ષેપીકરણ :**

કુરુક્ષેત્રમાં ધર્મયુદ્ધ લડાતું હતું. વિપક્ષે સ્વજનોને જોઈ વિષાદ થતાં અર્જુને શ્રીકૃષ્ણને કહ્યું કે, આંખમાં

ખટકતા કૌરવોની સાથે સ્વજનોને સંહારવા પડશે એ વિચારથી તેને ઉદ્વેગ થાય છે તેથી લડવું નથી.

મનુજ અને અલભ્ય, અજોડ માનવજન્મ પામ્યા છતાં અને પંડિતો જેવાં વચનો બોલવા છતાં, શંકાકુશંકાની ખાઈમાં ધકેલાતાં, મૂર્ખભાષણ કરતા આત્મવંચક અને કાયરની જેમ વર્તતા તેને શ્રીકૃષ્ણે સમજાવ્યું કે જગત ધર્મશાળા છે અને જીવન ઈશ્વરની થાપણ છે. જેમને જીવતા જાણીએ છીએ તેઓ પણ મરેલા જ છે તે પ્રત્યક્ષ બાબત જોવી જોઈએ. આશાવાદી દૃષ્ટિ જ જીવનરસાયન છે માટે કર્તવ્યનિષ્ઠ બની યુદ્ધ કરવું.

ઉપરના સંક્ષેપીકરણ વિશેની નીચેની બાબતોની ખાસ નોંધ લો :

(ક) મોટાં પદો માટે આપવામાં આવેલા વિકલ્પોમાંથી, ક્યાંક બે કે ત્રણે વિકલ્પોમાંથી ગમે તે પસંદ કરીએ તો ચાલે એમ હોવા છતાં સંસ્કૃત તત્સમ હોય એવા શબ્દ, સમાસ કે શબ્દસમૂહની પસંદગી કરી કારણ કે આ શ્રીકૃષ્ણ અને અર્જુન વચ્ચેનો સંવાદ છે અને એ સંસ્કૃત ભાષાના શબ્દોની પસંદગીને કારણે વધુ રોચક-વાસ્તવિક લાગે. આ કારણે સંહારવા, ઉદ્વેગ થવો, મનુજ, અલભ્ય, અજોડ, માનવજન્મ, ધર્મશાળા, થાપણ, પ્રત્યક્ષ વગેરે જેવા શબ્દો-સમાસો પસંદ કરવામાં આવ્યા. મુસાફરખાનું કે અનામત ઘણા યોગ્ય શબ્દો છતાં ધર્મશાળા, થાપણ જેવા શબ્દો એ દૃષ્ટિથી જ પસંદ કર્યા.

(ખ) આવા સંસ્કૃત શબ્દો પસંદ કરવામાં આવ્યા તેથી સાદાં વાક્યોને સંયુક્ત અને સંકુલ વાક્યોમાં ફેરવી નાખીને સંવાદાત્મક ગદ્ય છે તેને વર્ણનાત્મક ગદ્યમાં ફેરવી નાખ્યું. મૂળ પરિચ્છેદમાં સંવાદાત્મક ગદ્ય છે. જ્યારે સંક્ષેપમાં વર્ણનાત્મક અને કથનાત્મક ગદ્યનો ઉપયોગ થયો છે.

### ૬.૪.૨ નમૂનો-૨

ગાંધીજીએ મીઠાના સત્યાગ્રહ માટેની કૂચ આરંભી ત્યારે આખા દેશની પ્રજામાં અન્યાય સામે ન્યાય બુદ્ધિથી ઉપજેલો ક્રોધ ફાટી નીકળ્યો. મનુષ્યોનો સાગર જેવો વિશાળ સમુદાય ઠેર ઠેર એમના સ્વાગત માટે ઊમટતો. અન્યાય અને જુલમની સામે અડગ રહેવાની આંતરિક શક્તિવાળા, ચુસ્તપણે શિસ્ત પાળનારા, પ્રાણ જાય તો ભલે જાય તેવી ભાવનાવાળા થોડાક સત્યાગ્રહીઓને લઈને એ આગળ વધતા હતા. પ્રભાતના સમયે દેશપ્રેમનાં ગીતો ગાતાં ગાતાં અનેક લોકોનાં સરઘસો અનેક ગામેગામ નીકળતાં હતાં. તે સમયે દેશપ્રેમનાં જલદ લખાણોવાળું એક છાપું છૂપી રીતે બહાર પાડવાની કામગીરી કવિ શ્રી સ્નેહરશ્મિ સંભાળતા હતા. દાંડીના દરિયાકિનારે મીઠું પકવવાની ક્યારીઓ સુધી પહોંચતા પહોંચતામાં તો સરકારના માણસો સત્યાગ્રહીઓ ઉપર છૂપો હુમલો કરશે એવી બધાંને બીક હતી. પણ કશી ફિકર રાખ્યા વિના માત્ર ઈશ્વરમાં અડગ અને અચળ વિશ્વાસને જોરે ગાંધીજી દાંડી પહોંચી ગયા. ખરું શું છે અને ખોટું શું છે તે સમજવાની શક્તિના અભાવવાળા, કોઈના દોરી સંચાર પ્રમાણે જ કામ કરવા ટેવાયેલા અને સરકારના અને સત્તાના જોરે અભિમાન દાખવતા પોલીસોએ લાઠીઓના બેસૂમાર મારનો વરસાદ વરસાવ્યો. કેટલાકે વતનને ખાતર પ્રાણની આહૂતિ આપી હશે છતાં આ બહાદૂરોએ મીઠાનો કાયદો તોડ્યો જ. નમક સત્યાગ્રહ સમયનાં આ બધાં સ્મરણો ક્યારેય ભૂલી શકાય એમ નથી.

ઉપરના પરિચ્છેદનું સંક્ષેપીકરણ કરતી વખતે નીચેની સૂચનાઓ ધ્યાનમાં રાખો :

(અ) નીચે નોંધેલા પદસમૂહો માટે સામે આપવામાં આવેલા શબ્દો કે સમાસો કે રૂઢિપ્રયોગોમાંથી પસંદ કરો :

- મીઠાના સત્યાગ્રહ માટેની કૂચ - મીઠાકૂચ, દાંડીકૂચ, નમકસત્યાગ્રહ
- આખાદેશની પ્રજા - સમગ્રદેશ, સારોદેશ, આખોદેશ
- અન્યાય અને ન્યાય બુદ્ધિથી ઊપજેલો ક્રોધ - પ્રકોપ, પુણ્યકોપ, અજંપો
- મનુષ્યોનો સાગર જેવો સમુદાય - માનવસમુદ્ર, માનવમહેરામણ, માનવટોળાં

| | | |
|---|---|---|
| - | અન્યાય અને જુલમની સામે અડગ રહેવાની આંતરિક શક્તિવાળા | - સંકલ્પ શક્તિવાળા, વિકલ્પ શક્તિવાળા, વિવેકી. |
| - | ચુસ્તપણે શિસ્ત પાળનાર | - વીર, શિસ્તબદ્ધ, બહાદુર. |
| - | પ્રાણ જાય તો ભલે જાય તેવી ભાવના | - ફનાગીરીની ભાવના, બલિદાનની ભાવના. |
| - | પ્રભાતના સમયે દેશપ્રેમનાં ગીતો ગાતાં ગાતાં અનેક લોકોનાં સરઘસો | - પ્રભાત સરઘસો, પ્રભાત ફેરીઓ. |
| - | દેશપ્રેમનાં જલદ લખાણોવાળું છૂપી રીતે નીકળતું છાપું | - જલદપત્રિકા, દેશપત્રિકા, ભૂગર્ભપત્રિકા. |
| - | મીઠું પકવવાની ક્યારીઓ | - નગર, અગર, નમકક્યારી |
| - | છૂપો હુમલો કરશે | - છાપો મારશે, હુમલો કરશે. |
| - | કશી ફિકર રાખ્યા વિના | - અચિંતપણે, નિશ્ચિંતપણે, બેફિકર રીતે |
| - | ઈશ્વરમાં અડગ અને અચળ વિશ્વાસ | - ઈશ્વરશ્રદ્ધા, પ્રભુશ્રદ્ધા, પ્રભુવિશ્વાસ. |
| - | ખરું શું છે અને ખોટું શું છે તે સમજવાની શક્તિના અભાવવાળાં | - વિનયહિન, વિવેકહિન, નીચ. |
| - | કોઈના દોરીસંચાર પ્રમાણે કામ કરતાં | - કઠપૂતળી સમા, ખલનાયક સમા. |
| - | સરકાર અને સત્તાના જોરે અભિમાન | - સત્તાના જોરે કૂદતા, ખીલાના જોરે કૂદતા દાખવતા. |
| - | લાઠીઓના બેસુમાર મારનો વરસાદ વરસાવવો. | - લાઠીમાર કરવો, બેસુમાર લાઠીચાર્જ કરવો. |
| - | વતનને ખાતર પ્રાણની આહુતિ આપવી | - શહીદ થવું, વીરગતિને પામવું. |
| - | સ્મરણો ક્યારેય ભૂલી શકાય એમ નથી. | - અસ્મરણીય છે, યાદગાર છે. |

(બ) વાક્ય નં. ૨ અને ૪ ભેગાં કરો.

વાક્ય નં. ૬ અને ૭ ભેગાં કરો.

છેલ્લા વાક્યને નિષેધ વાક્યને બદલે અર્થમાં ફેરફાર ન થાય તેવા વિધિવાક્યમાં ફેરવો અને આગલા વાક્ય સાથે જોડી દો.

**સંક્ષેપીકરણ :**

ગાંધીજીએ દાંડીકૂચ આરંભી ત્યારે દેશમાં પુણ્યપ્રકોપ ફાટી નીકળ્યો. ગામેગામ પ્રભાતફેરીઓ નીકળતી અને માનવમહેરામણ એમના સ્વાગત માટે ઊમટતો. સંકલ્પશક્તિવાળા, શિસ્તબદ્ધ, બલિદાનની ભાવનાવાળા થોડાક સત્યાગ્રહીઓ સાથે તે આગળ વધતા હતા. કવિ સ્નેહરશ્મિ ત્યારે એક ભૂગર્ભપત્રિકા ચલાવતા. દાંડી કિનારે અગર સુધી પહોંચતાં સરકાર છાપો મારે તે બીક છતાં બેફિકર ગાંધીજી ઈશ્વરશ્રદ્ધાને જોરે ત્યાં પહોંચી ગયા. વિવેકહિન, કઠપૂતળીસમા, ખીલાને જોરે કૂદતા પોલીસોએ બેસૂમાર લાઠીચાર્જ કર્યો. કેટલાક શહીદ થયા હશે છતાં તેમણે મીઠાનો કાયદો તોડ્યો જ. એ પ્રસંગ અવિસ્મરણીય રહેશે.

### ૬.૪.૩ નમૂનો-૩

એક શેઠ હતો. એ એક નગરમાં રહેતો હતો. એ ધર્મમાં આસ્થાવાળો હતો. તે જેવું વિચારતો અને બોલતો તેવું જ આચરતો. તેનું વર્તન અન્ય પ્રજાજનો માટે અનુકરણ કરવા જેવું હતું. તેના ગામમાં વીજળી ન હતી અને આખા રાજ્યમાં વીજળી પહોંચાડવા માટે ગોઠવેલી વિદ્યુતના તારની લાઈનો તેના ગામથી એટલી દૂર હતી કે એમાંથી વીજળી મેળવવા ઘણો ખર્ચ કરવો પડે એમ હતું. તેથી ગામ લોકોએ એક વિદ્યુત ઉત્પન્ન કરવા માટેનું યંત્ર ખરીદવાનું નક્કી કર્યું. શેઠે કહ્યું કે, હું જે શહેરમાં એક સદ્‌ગૃહસ્થને

ત્યાં મહેમાન બનીને જઉં છું ત્યાં આવાં યંત્રો તૈયાર થાય છે. સૌએ શેઠને શહેરમાં જઈ એ યંત્ર જોઈ તપાસી ખરીદી લાવવાની વિનંતી કરી. શેઠ વિજ્ઞાનના અભ્યાસી ન હતા. પરંતુ કોઈપણ બાબતની ખરીદી માટે જોઈતી સૂઝ અને અને કુનેહ ધરાવતા હતા. વળી તેઓ ધર્મમાં અતિશય આંધળી શ્રદ્ધાવાળા પણ હતા કે જેથી રાક્ષસી યંત્રોનો તેઓ વિરોધ કરે. પોતાના નગરના લોકોની સગવડ વધે અને તેમનું ભલું થાય તે દષ્ટિએ તેમણે યંત્ર ખરીદવા જવાનું નક્કી કર્યું. ધર્મ અને લોકોનું ભલું કરવા માટેની ભાવના એ જુદી બાબતો નથી.

**સૂચનાઓ :**

(ક) પ્રત્યયોનો ઉપયોગ કરી, સમાસ બનાવી ટૂંકા શબ્દો વાપરો. એ રીતે પ્રથમ ત્રણ વાક્યોને એકવાક્યમાં ફેરવી નાખો.

(ખ) ઘાટા અક્ષરે છાપેલા શબ્દસમૂહો માટે સામાસિક કે પારિભાષિક શબ્દોનો ઉપયોગ કરી, રૂઢિપ્રયોગોનો ઉપયોગ કરી વાક્યોને ટૂંકાં કરો.

(ગ) છેલ્લું વાક્ય નકારાત્મક છે તેને બદલે હકારાત્મક વાક્ય બનાવી તેને ટૂંકુ કરો.

(ઘ) યોગ્ય પરિચ્છેદો પાડો.

**અપેક્ષિત સંક્ષેપીકરણ :**

એક નગરવાસી ધાર્મિક શેઠ હતો. તેનાં વાણી-વિચાર, આચારમાં એકવાક્યતા હતી. લોકો માટે તેનું વર્તન અનુકરણાત્મક હતું.

તેના ગામમાં વીજળી ન હતી અને ઘણી દૂરની ગ્રીડની લાઈનમાંથી વીજળી મેળવવી અત્યંત ખર્ચાળ હતી. તેથી ગામ લોકોએ જનરેટર ખરીદવાનું નક્કી કર્યું.

શેઠના યજમાનના શહેરમાં આવાં યંત્રો બનતાં હતાં. તેથી સૌએ તેમને એ ખરીદવા જવા વિનવ્યા. તેઓ વિજ્ઞાની ન હતા પણ ખરીદીના કસબી હતા. વળી તેઓ અંધશ્રદ્ધાળુ પણ ન હતા. તેથી વગરવિરોધે તેમણે લોકહિતાર્થે એ કામ સ્વીકાર્યું. લોકહિત એજ પરમધર્મ છે.

### ૬.૪.૪ નમૂનો-૪

શરીરે ભસ્મ લગાડેલો એક વૈરાગી સાધુ જન્મ-મરણના ચક્રમાંથી છૂટવાની ઈચ્છા કરતો હતો. આ ઈચ્છા પરિપૂર્ણ કરવા તે મોટામોટા સંતો અને મહંતોને ઠેરઠેર ફરીને મળતો હતો. એકવાર ઘણાં જ રમણીય, મનને હરી લેનારા સુંદર વનમાં ઋષિમુનિઓના નિવાસસ્થાન જેવી એક વિશાળ જગ્યામાં તે એક જ્ઞાનીને મળ્યો. તેને તેણે પોતાનાં અંતરમાં ચાલી રહેલા સહન ન કરી શકાય તેવા સંઘર્ષની વાત કરી. જ્ઞાની હસ્યો. તેણે કહ્યું, 'જોગીરાજ, તમે માનો છે કે આ આખા જગતમાં મારા જેવું કોઈ છે જ નહીં. તમે એવા ભાવને છોડી દો. અંતરના દરવાજાને અંદરથી બંધ કરી દેનારી જડતારૂપી આડશને દૂર કરો. દાબી ન શકાય અને રોકી ન શકાય એવી વૃત્તિઓના વશમાં રહેવાના બદલે પોતે પોતાના ઉપર નિયમન અને નિયંત્રણ રાખતાં શીખો. એ સ્વાધીનતા એ જ મુક્તિ છે. બાકી તો અહંકારનો ભાર લઈને દૂર દૂરની જગ્યાએ મુક્તિને શોધવા નીકળવું એ અર્થ વગરની જીવનની મુસાફરી બની રહેશે. ક્યાંય જવાની જરૂર નથી. તમારા અંતરમાં જ મુક્તિનો અખંડ અગ્નિ સતત પ્રજવલિત રહે તો જ જીવન અર્થથી ભરેલું બની રહે'.

નીચેની સૂચનાઓનો અમલ કરી સંક્ષેપીકરણ કરો :

(ક) નીચે લખેલાં પદો માટે સામે આપેલા શબ્દોમાંથી કોઈ એક પસંદ કરી એ પદો ફરીથી લખો :

| | |
|---|---|
| - શરીરે ભસ્મ લગાડેલો વૈરાગી સાધુ | - ભભૂતિયો, જોગી, જોગંદર, |
| - જન્મ-મરણના ચક્રમાંથી છૂટવાની ઈચ્છા કરતો હતો. | - મોક્ષેચ્છા, મુક્તિની ઈચ્છા, મોક્ષ ઈચ્છતો હતો. |

| | |
|---|---|
| ઈચ્છા પરિપૂર્ણ કરવા માટે | - ઈચ્છાપૂર્તિ માટે, વાસનામોક્ષ માટે |
| મોટા મોટા સંતો અને મહંતો | - સંતો મહંતો, સંત મહાત્માઓ, સાધુસંતો |
| ઘણાં જ રમણીય, મનને હરી લેનારા સુંદર | - સરમ્ય, સુંદર, મનોરમ્ય. |
| ઋષિમુનિઓના નિવાસસ્થાન જેવી વિશાળ જગ્યા | - કુટિર, આશ્રમ, મઠ, યજ્ઞશાળા. |
| અંતરમાં ચાલી રહેલો સંઘર્ષ | - અંતરવેદના, આંતરસંઘર્ષ, અંતરસંઘર્ષ. |
| સહન ન કરી શકાય તેવા | - દુ:સહ, અસહ્ય, અસહ. |
| આખા જગતમાં મારા જેવું કોઈ નથી તેવો ભાવ | - અહં, અભિમાન, સ્વાભિમાન, |
| અંતરના દરવાજાને અંદરથી બંધ કરી દેનારી જડતારૂપી આડશ | - અંતરના આગળા, અંતરની ભોગળ, અંતરની સાંકળ, |
| દૂર કરો | - છોડો, ત્યજો, મૂકો. |
| દાબી ન શકાય અને રોકી ન શકાય તેવી | - અપ્રતિરોધ, અદમ, અદમ્ય, અસહ્ય |
| વશમાં રહેવું. | - વશવર્તવું, વશવર્તી થવું, અનુસરવું. |
| પોતાના ઉપર નિયમન અને નિયંત્રણ રાખતા શીખવું | - સ્વાધીન થવું, સ્વતંત્ર થવું. |
| અહંકારનો ભાર લઈ દૂર દૂરની જગ્યાએ મુક્તિને શોધતા ફરવું. | - મુક્તિ શોધમાં અહંકારની ખેપ કરવી, અહંકારની ખેપમાં મુક્તિ શોધ આદરવી. |
| અર્થ વગરની જીવનની મુસાફરી નિરર્થક જીવન પ્રવાસ, | - વ્યર્થ જીવનસફર, વ્યર્થ જીવનયાત્રા, |
| મુક્તિનો અખંડ અગ્નિ પ્રજવલિત રાખવો. ભેખ લેવો. | - મુક્તિની ધૂણી ધખાવવી, મુક્તિ માટે |
| અર્થથી ભરેલું. | - સાર્થક, અર્થસભર. |

(ખ) નીચેનાં વાક્યો ભેગાં કરો :

- વાક્ય નં. ૧ અને ૨.
- વાક્ય નં. ૩, ૪.
- જ્ઞાની હસ્યો તેણે કહ્યું :

- તમે માનો છો કે આ આખા જગતમાં મારા જેવું કોઈ છે જ નહીં. તમે એવા ભાવને ત્યજી દો. ક્યાંય જવાની જરૂર નથી. તમારા અંતરમાં જ મુક્તિનો અગ્નિ સતત ..........

**સંક્ષેપીકરણ :**

એક ભભૂતિયો મોક્ષની ઈચ્છાપૂર્તિ માટે સંતો મહંતોને ઠેર ઠેર મળતો હતો. એકવાર મનોરમ્ય વનના આશ્રમમાં એક જ્ઞાની સમક્ષ તેણે દુ:સહ આંતરસંઘર્ષની વાત કરી. જ્ઞાનીએ હસીને કહ્યું. 'જોગીરાજ, અહં ત્યજીને અંતરના આગળા ખોલી દો. અદમ્યવૃત્તિઓને વશવર્તી થવાને બદલે સ્વાધીન થતાં શીખો. બાકી અહંકારની ખેપ તો વ્યર્થ જીવનયાત્રા બની રહેશે. ક્યાંય ગયા વિના અંતરમાં મુક્તિ માટેની ધૂણી ધખાવો તો જીવન સાર્થક થશે.

### ૬.૪.૫ નમૂનો-૫

ચોટીલાના પાદરે એક વિશાળ ઘટાવાળા વડલાની છાયા નીચે હથેળી જેવડા જાડા અને શેતરંજી જેવા મોટા પાથરણાં પર બેસીને કાઠી દરબારો પાણીમાં ઘૂંટીને ઘૂંટીને જાડા રગડા જેવા બનાવેલા અફીણની ઉજાણી કરી રહ્યા હતા. એટલામાં કેટલાક બ્રાહ્મણો દોડી આવ્યા. એમનો શ્વાસ માતો ન હતો. તેઓ મદદ માટેની બૂમો પાડતા હતા. આવતાંની સાથે બ્રાહ્મણો બોલ્યા, 'ગાયોને ચારવા માટે ખાસ પડતર રાખેલી વિશાળ જમીનમાં અમારી ગાયો બેઠી બેઠી જુવાર બાજરીના સૂકાસાંઠા મોંમાં ફરી ફરીને ચાવતી બેઠી હતી ત્યારે તમે સૌએ કરેલા ઉપકારોને ભૂલી જઈને કેટલાક શરમસંકોચ વિનાના દુષ્ટોએ તેમને લૂંટી લીધી છે. આપણી સેંકડો ગાયોને લૂંટીને ચાલી નીકળેલા બૂરાઈના ભંડાર એવા એ દુષ્ટોને તમે પકડો.'

આ કાઠી દરબારો રાજનીતિના દાવપેચમાં હોશિયાર ન હતા પણ શૂરવીર હતા. પોતાનાં બાળકો માટે વહાલ હોય એટલો પ્રેમ તેમને ગાયો અને બ્રાહ્મણો માટે હતો. તેઓ પોતાની જાતને ગાયો અને બ્રાહ્મણોનું રક્ષણ કરનારા તરીકે ઓળખાવતા. તેઓ તરત જ તલવાર, ભાલા, ઢાલ જેવાં શસ્ત્રો લઈને ઘોડાની પીઠ પર સામાન નાખીને તે પર સવાર થઈને દુશ્મનોની પાછળ પડ્યા.

હવે નીચેની સૂચનાઓ પ્રમાણે ઉપરના પરિચ્છેદનું સંક્ષેપીકરણ કરો :

(૧) પરિચ્છેદમાં જે શબ્દસમૂહો ઘાટા અક્ષરે છાપવામાં આવેલાં છે તેમને માટે અહીં આપેલા શબ્દોમાંથી ઉચિત શબ્દો વાપરો : ઘટાટોપ/ ઘેઘૂર / ઘટાઘન / ઘનઘટા, બૂંગણ/આથર/જાજમ, કસૂંબો/ભાંગ/ અફીણનો અર્ક, ધા નાખતા/વ્હારે બોલાવતા, ગોચર/ખળી, રાડાં/કરાંઠાં, વાગોળતી/ચગળતી, કૃતઘ્ની/કૃતજ્ઞી, ધૃષ્ટ/લજ્જાળું, માલને વાળીને/ધણને વાળીને, અનિષ્ટ ભાજન/ઘોડે સવાર થઈને. નીતિજ્ઞ, અપત્યપ્રેમ/સંતાનપ્રેમ, આયુધો/શસ્ત્રો, ઘોડો પલાણીને/ઘોડે સવાર થઈને.

૨) એમનો શ્વાસ માતો ન હતો. તે વાક્ય માટે એક વિશેષણ શોધી અને તે વિશેષણ બ્રાહ્મણો માટે વાપરો.

૩) બીજા, ત્રીજા અને ચોથા વાક્યને ભેગાં કરી એક વાક્ય બનાવો.

એ સંકુલ વાક્ય સાથે પાંચમું વાક્ય સંયુક્ત વાક્ય તરીકે જોડી દો.

૪) ગાયો અને બ્રાહ્મણો એ બંને શબ્દો ને એક સમાસરૂપે ભેગા કરો.

૫) છઠ્ઠા વાક્યના ઉત્તરાર્ધનું કર્મણિ રચનામાં રૂપાંતર કરો.

૬) દસમા વાક્યનું કર્મણિ રચનામાં રૂપાંતર કરો.

આ સૂચનાઓનો અમલ થતાં નીચે પ્રમાણેનું સંક્ષેપીકરણ પ્રાપ્ત થશે :

ચોટીલાના પાદરે એક ઘેઘૂર વડલા નીચે બૂંગણ ઉપર બેસી કાઠી દરબારો કસૂંબા લઈ રહ્યા હતા. એટલામાં શ્વાસેભર્યા કેટલાક બ્રાહ્મણો ત્યાં ધા નાખતા આવ્યા કે 'ગોચરમાં અમારી ગાયો રાડાં વાગોળતી હતી ત્યાં કેટલાક કૃતઘ્ની દુષ્ટો વડે તે લૂંટાઈ છે. માલવાળી ગયેલા ભૂંડાઓને તમે પકડો.

આ દરબારો મુત્સદ્દીઓ નહોતા પણ શૂરવીર હતા. તેમને ગો-બ્રાહ્મણ માટે સંતાનપ્રેમ જેવો પ્રેમ હતો. તેઓ ગોબ્રાહ્મણ પ્રતિપાળ તરીકે ઓળખાતા. તેઓ તરત જ શસ્ત્રો સજી, ઘોડાપલાણી દુશ્મનોની પાછળ પડ્યા.

**નોંધ :**

ઉપરના સંક્ષેપીકરણમાં વિદ્યાર્થીની શબ્દવિષયક, વાક્યરચના વિષયક, પરિચ્છેદ વિષયક, લેખન રૂઢિવિષયક અને શૈલીવિષયક એમ બધી ભાષા સજ્જતાઓ છતી થશે. સૌરાષ્ટ્રની તળપદી બોલીના શબ્દોની પસંદગી, સામાસિક શબ્દોની રચના, વાક્યરચનાનાં રૂપાંતરો, વાક્યોનું પુનઃલેખન, પરિચ્છેદમાં સંયોજકો-સર્વનામોનો ઉપયોગ વગેરે જેવી સજ્જનતાનો વિનિયોગ અહીં દેખાશે.

### ૬.૪.૬ નમૂનો-૬

ગાંધીજીએ આફ્રિકામાં જે અપમાન અનુભવ્યું તેનો સાત્ત્વિક રીતે સામનો કરવાની રીતની શોધમાંથી સત્યાગ્રહના આંદોલનનો જન્મ થયો છે. તેમાં અપમાન કરનારનું, ખરાબ શાસન કરનાર શાસકોનું અથવા રાજયકર્તાઓનું, શોષણખોરોનું વગેરેનું કોઈ રીતે બૂરું થાય તેવા પ્રયત્નો કરવાનો નહીં પરંતુ તેમનામાં સદ્બુદ્ધિ જન્મે, તેમને તેમનાં ખરાબ કામો અને અવિચારનું ભાન થાય તેવા પ્રયત્નો કરવાનો સ્પષ્ટ ઉદ્દેશ છે. આ કારણે સત્યાગ્રહ કરનાર કોઈપણ જાતની હિંસા નહિ થવા પામે એ વિશે ખબરદાર હોવો જોઈએ. જયારે પ્રજાને સત્યાગ્રહના આંદોલન માટે દોરવણી અને માર્ગદર્શન આપવાનું હોય ત્યારે આંદોલન દરમિયાન સત્યાગ્રહ કરનાર તરફથી અથવા તો સત્યાગ્રહમાં સામેલ થયેલ સામાન્ય પ્રજાને પક્ષે કોઈપણ હિંસા થાય તે ચલાવી શકાય નહીં. સત્યાગ્રહ સાધન છે પણ અહિંસા તો સાધ્ય છે અને અહિંસાનું જ બીજું નામ છે પ્રેમ.

આ પરિચ્છેદમાં સત્યાગ્રહ અને અહિંસા વિશે કેટલીક વિગતો આપવામાં આવી છે.

આમાં નીચેનાં પદોનો સંક્ષેપ કરી શકાય એમ છે. આફ્રિકામાં જે અપમાન અનુભવ્યું → આફ્રિકામાં અનુભવેલું અપમાન. સાત્ત્વિક રીતે સામનો કરવાની રીતની શોધ → સાત્ત્વિક પ્રતિકારની શોધ. અપમાન કરનાર → અન્યાયી. ખરાબ શાસન કરનાર શાસકો અથવા રાજ્યકર્તા → કુશાસકો અથવા અન્યાયીઓ.

શોષણખોરો → અન્યાયી

કઈ રીતે બૂરું થાય તેવા પ્રયત્નો કરવા → અહિત માટે પ્રયત્ન કરવો.

ખરાબ અને અવિચારી કર્મોનું ભાન થાય → સદ્બુદ્ધિ જન્મે. સત્યાગ્રહ કરનાર

→ સત્યાગ્રહી.

કોઈપણ જાતની હિંસા નહિ થવા પામે એ વિશે → અહિંસા વિશે. ખબરદાર હોવો જોઈએ → સભાન જોઈએ.

સત્યાગ્રહના આંદોલન માટે દોરવણી અને માર્ગદર્શન આપવાનું હોય ત્યારે → સત્યાગ્રહ આંદોલનની દોરવણી સમયે.

સત્યાગ્રહ કરનાર → સત્યાગ્રહી નેતા

સત્યાગ્રહમાં સામેલ થયેલ સામાન્ય પ્રજા → સત્યાગ્રહી પ્રજા

બીજું નામ → પર્યાય

ચલાવી શકાય નહીં → અક્ષમ્ય છે.

હવે આ સંક્ષેપોની મદદથી આ પરિચ્છેદની બધી વિગતો સમાવતો સાર કરવાનો પ્રયત્ન કરીએ.

આફ્રિકામાં અનુભવેલા અપમાને ગાંધીજીને સાત્ત્વિક-પ્રતિકારની શોધ માટે પ્રેર્યા અને સત્યાગ્રહ જન્મ્યો. તેમાં અન્યાયીના અહિત માટેના નહિ પણ તેનામાં સદ્બુદ્ધિ જન્મે તે માટેના પ્રયત્નો કરી તેને સુશાસક અને સમાજ હિતચિંતક બનાવવાનો ઉદ્દેશ છે. આ કારણે સત્યાગ્રહી અહિંસા વિશે સભાન જોઈએ. સત્યાગ્રહ આંદોલનની દોરવણી સમયે સત્યાગ્રહી નેતા અને પ્રજાને પક્ષે હિંસાના પ્રયત્નો અક્ષમ્ય છે. સત્યાગ્રહ સાધન તો અહિંસા સાધ્ય છે, અહિંસાનો પર્યાય છે પ્રેમ.

જોઈ શકાયું હશે કે મોટાં પદોને સ્થાને એવો જ અર્થ વ્યક્ત કરતાં ટૂંકાં પદોનો ઉપયોગ કરીને પણ કેટલીકવાર સંક્ષેપીકરણ કરી શકાય છે. બિનજરૂરી સંયોજકો, પુનરાવર્તન પામતા શબ્દો, બિનજરૂરી વાક્યો ટૂંકાવી શકાય. ઉપરના પરિચ્છેદમાં નોંધ્યું હશે એમ અપમાન કરનાર, ખરાબ શાસન કરનાર શાસકો અથવા રાજકર્તાઓ અને શોષણખોરો એ બધા માટે એક જ અન્યાયી શબ્દ વાપરીએ તો ચાલે એમ છે. એજ રીતે દોરવણી અને માર્ગદર્શન એ બંનેનો અર્થ એક જ થતો હોઈ એમને માટે એક જ શબ્દથી ચલાવી શકાય. સદ્બુદ્ધિ જન્મે એનો અર્થ જ એ કે ખરાબ અને અવિચારી કર્મોનું ભાન થાય આ કારણે સદ્બુદ્ધિ જન્મે એટલા શબ્દો વાપરીએ તો ચાલે. સામનો કરવાની રીત, કોઈ રીતે બૂરું થાય તેવા પ્રયત્નો, સત્યાગ્રહ કરનાર જેવાં મોટાં પદો માટે ગુજરાતી ભાષામાં પ્રતિકાર, અહિત, સત્યાગ્રહી જેવા

સારગર્ભ શબ્દો છે તેમનો ઉપયોગ પણ કરી લીધો. આમ લગભગ અડધા શબ્દોમાં બધી વિગતો આવરીને મૂળ પરિચ્છેદને વધારે અસરકારક બનાવ્યો.

### ૬.૪.૭ નમૂનો-૭

ખુદાની કસમ જો અમે પાંચ પાંચ દિવસ સુધી સવાર અને સાંજ આખીય બપોર અને પડતી રાતે શહેરના મુખ્ય મુખ્ય લત્તાઓનાં ઘર ઘર ગણી ન આવ્યા હોઈએ તો. અચાનક એક જૂના મિત્રનું સ્મરણ થયું. અમે ત્યાં ગયા. ભીમભાઈની મંજૂરી મળતાં રાતે થાક્યાપાક્યા અમે એને ત્યાં ગયા. અમારી મુશ્કેલીનું રસભર્યું બયાન અમે તેની સમક્ષ વિસ્તારથી રજૂ કર્યું અને આવી મુશ્કેલી તો ભાગ્યે જ કોઈને માથે ગુજરી હશે એમ અતિશયોક્તિ કરીને અમારું દુઃખ પણ બરોબર પ્રદર્શિત કર્યું. એ બધું કામ મારા કરતાં અનેકગણી સારી રીતે ભીમભાઈ કરી શકે એમ હતું એટલે હું તો છેવાડે જતો જ બોલ્યો, 'પુંડરિકભાઈ, આ માથે ભંડારિયામાં અમારા બે પોટલાં પડી રહેવા દેશો ?'

- ઉ. જે. જોશી

- 'ત્રણ અર્ધું બે અને બીજી વાતો,'માંથી.

સંક્ષેપીકરણની જુદી જુદી રીતોમાંની એક વાક્યોની તપાસ કરી, તેમનું પૃથક્કરણ કરી, તેમાં વધારાનું બેવડાતું કાઢી, લાંબા પદો ટૂંકા કરી, વાક્યો ફરીથી લખી સંક્ષેપીકરણ કરવાની રીત છે. અહીં એ રીત અજમાવીએ.

પહેલાં શોધી કાઢો કે કઈ માહિતી અથવા વિગતોનું પુનરાવર્તન થયું છે. દા.ત.: ચોથા અને પાંચમા વાક્યમાં 'મુશ્કેલીવાળી વાત બેવડાય છે. જ્યારે એકની એક વિગતો બેવડાતી હોય તો તેવાં વાક્યોને એક વાક્યરૂપે લખી શકાય. ઉપરના પરિચ્છેદમાંના ચોથા અને પાંચમાં વાક્યને ભેગાં કરીને આવું વાક્ય બનાવી શકાય. ભાગ્યે જ કોઈ આવી મુશ્કેલીમાં મુકાતું હશે એવી અતિશયોક્તિવાળું રસિક બ્યાન ભીમભાઈએ વિસ્તારથી કરી અમારું દુઃખ બરાબર પ્રદર્શિત કર્યું.

એક પછી એક વાક્ય લઈ એમાં કઈ મુખ્ય વિગત કહેવાઈ છે તે શોધી કાઢી એ વિગતો વર્ણવતાં સાદાં નાનાં સારગર્ભ વાક્યો લખો.

ખુંદાની કસમ, જો અમે પાંચ પાંચ દિવસ સુધી સવાર અને સાંજ, આખીય બપોર અને પડતી રાત શહેરનાં મુખ્ય મુખ્ય લત્તાઓનાં ઘર ઘર ગણી ન આવ્યાં હોઈએ. એ આખા વાક્યમાં વિગત એટલી જ છે કે પાંચ દિવસ સુધી આ લોકોએ ઘરની શોધ ચલાવી, એટલે લેખકના મોટાભાગના શબ્દો વાપરવા હોય તો 'ખુદા કસમ, અમે પૂરા પાંચ દિવસ શહેરના મુખ્ય લત્તાઓનાં બધાં ઘર ગણી આવ્યાં' એવું ટૂંકુ વાક્ય લખી શકાય. પણ લેખકના જ શબ્દો વાપરવા ફરજિયાત નથી. એનો માત્ર સાર આવે તો પણ ચાલે એટલે વાક્યની સચોટતા જાળવવા ખુદાકસમ એ શબ્દપ્રયોગ વાપરીને 'ખુદાકસમ પૂરા પાંચ દિવસ અમે શહેરમાં ઘરની શોધ ચલાવી' વાક્ય વાપરી શકાય. કુલ સત્તાવીસ શબ્દોના વાક્યને પહેલાં બાર શબ્દોમાં અને પછી સારરૂપે લખતાં માત્ર નવ શબ્દોમાં આપણે ફરીથી લખ્યું.

**અચાનક એક જૂનામિત્રનું સ્મરણ થયું-** આ વાક્યમાં **'મિત્રનું સ્મરણ થયું'** એ પદને 'મિત્ર સાંભર્યો' એમ ટૂંકાવી શકાય. અચનાક એક જૂનો મિત્ર સાંભર્યો. ધારીએ તો એક શબ્દ પડતો મૂકી શકાય કારણ કે વાક્ય પોતે એકવચન સૂચવે છે. ત્રીજું વાક્ય અને થી શરૂ થાય છે. એના વિના પણ વાક્ય બનાવી શકાય. આ વાક્યમાંની કોઈ વિગત પડતી મૂકવી ન હોય તો આખું વાક્ય એમનું એમ રાખવું પડશે. સંક્ષેપીકરણનો અર્થ એવો ન કરી શકાય કે મહત્ત્વની વિગતો અથવા માહિતી પડતી મૂકીને સાર આપવો.

પરંતુ આગળ જોયું તેમ ચોથા અને પાંચમા વાક્યની બધી વિગતો જાળવીને, બંનેને ભેગાં કરીને હજુ પણ એ વાક્યને ટૂંકાવી શકાય. આગળ આપણે એ વાક્ય આ રીતે ફરી લખ્યું છે. ભાગ્યે જ કોઈ આવી મુશ્કેલીમાં મુકાતું હશે એવી અતિશયોક્તિવાળું રસિક બ્યાન ભીમભાઈએ વિસ્તારથી કરી અમારું દુઃખ બરાબર પ્રદર્શિત કર્યું. હજુ આ વાક્યોનાં અમુક પદોને ટૂંકાવી શકાય. દા.ત. : પ્રદર્શિત કર્યું. હજુ આ

વાક્યના અમુક પદોને ટૂંકાવી શકાય. દા.ત. બરાબર પ્રદર્શિત કર્યું પદને સચોટ દર્શાવ્યું એમ ટૂંકાવી શકાય. અતિશયવાળું રસિક બયાન વિસ્તારીય કરીને એ આખા પદને સવિસ્તર અતિશયોક્તિથી એમ ટૂંકાવી શકાય. સામાન્ય રીતે અતિશયોક્તિઓ શ્રોતાના રસ પડે એ માટે કરવામાં આવે છે એટલે રસિક બ્યાન એ શબ્દોને પડતા મૂકી શકાય. એ આખું વાક્ય છેલ્લાં બે વાક્યો સાથે લેતાં,

ભાગ્યે જ કોઈ આવી મુશ્કેલીમાં મુકાતું હશે એવી સવિસ્તાર અતિશયોક્તિથી ભીમભાઈએ અમારું દુઃખ સચોટ દર્શાવ્યું એટલે હું જ બોલ્યો, 'પુંડરિકભાઈ, આ સાથે ભંડકિયામાં અમારા બે પોટલાં પડી રહેવા દેશો ?

છેલ્લાં બે વાક્યોમાં સંક્ષેપ માટે કોઈ ગૂંજાશ કે શક્યતા નથી, છતાં માથે ભંડકિયા જેવા શબ્દગુચ્છ માટે માળિયા જેવો શબ્દ અને છેવાડે જતો માટે છેલ્લે એવો ફેરફાર કરી શકાય તો શબ્દ પડતો મુકાય અને 'પોટલા'નું વિશેષણ 'અમારા' અહીં સમજી શકાય એમ હોવાથી એ શબ્દ પણ પડતો મૂકી શકાય.

ટૂંકમાં આ પરિચ્છેદના સંક્ષેપીકરણ માટે નીચેની સૂચનાઓનું પાલન કર્યું :

(અ) બેવડાતી વિગતો ટાળીને બે ત્રણ વાક્યો ભેગાં કર્યાં અથવા વધારાની વિગતો કાઢીને નવાં લખ્યાં.

(બ) ખુદાની કસમ જેવાને બે શબ્દોને ખુદાકસમ જેવા સમાસમાં ફેરવ્યો.

(ક) સ્મરણ કર્યું, પ્રદર્શિત કર્યું, વિસ્તારથી રજૂ કર્યું જેવા સંયુક્ત ક્રિયાપદોને સાંભર્યા, દર્શાવ્યું, જેવાં સાદાં ક્રિયાપદોમાં ફેરવ્યાં.

(ડ) અને, તો, જેવાં સંયોજકો પડતાં મૂક્યાં.

(ઇ) માથે ભંડિકયું એમ વાપરવું પડે પણ માળિયું કહીએ એટલે એ માથે જ હોય અને અતિશયોક્તિ કરી એટલે રસિક બ્યાન કરવા જ કરી હોય એમ માનીને એ પદોને ટૂંકાવ્યાં.

કોઈ માહિતી અથવા વિગત પડતી ન મુકાય એની કાળજી રાખી. હવે આખું સંક્ષેપીકરણ ફરીથી લખીએ.

ખુદાકસમ, પૂરા પાંચ દિવસ શહેરમાં અમે ઘરની શોધ ચલાવી. અચાનક જૂનો મિત્ર સાંભર્યો. ભીમભાઈની મંજૂરી મળતાં રાતે થાક્યાપાક્યા અમે એને ત્યાં ગયાં. ભાગ્યે જ કોઈ એવી મુશ્કેલીમાં મુકાતું હશે એવી સવિસ્તાર અતિશયોક્તિથી આવા કામમાં નિપુણ ભીમભાઈએ અમારું દુઃખ સચોટ દર્શાવ્યું એટલે હું છેલ્લે જ બોલ્યો, 'પુંડરિકભાઈ, આ માળિયામાં બે પોટલાં પડી રહેવા દેશો ?

અહીં જોઈ શકશો કે મૂળની બધી વિગતો, મૂળ પરિચ્છેદના લગભગ અડધા શબ્દોમાં કહેવાનો પ્રયત્ન આપણે કર્યો છે.

### ૬.૪.૮ નમૂનો-૮

મારાં બા અને બાપુજી બંને ધર્મમાં ઘણી શ્રદ્ધાવાળાં હતાં. અમારા કુટુંબમાં બાપદાદાના વખતથી શિવની પૂજા પ્રચલિત હતી. દર સોમવારે રુદ્રાભિષેક અને રુદ્રી થતાં. દર શિવરાત્રિએ ઘરનાં બધાં સભ્યોએ ઉપવાસ કરવા ફરજિયાત હતા. દર મહાશિવરાત્રિએ રુદ્રયાગ જેવા યજ્ઞો કરવા વિદ્વાન બ્રાહ્મણોને આમંત્રણ આપવામાં આવતું. આમ છતાં બાનાં કુટુંબના સ્વામીનારાયણ સંપ્રદાયના સંસ્કારોને પણ ઉચિત માન આપવામાં આવતું. રામનવમીએ અને જન્માષ્ટમીએ બાની સાથે બાપુજી પણ અમને સૌ છોકરાઓને લઈને સ્વામીનારાયણના મંદિરે દર્શન કરવા જતા. આ બંને ઉત્સવો પણ અમારા ઘરમાં ભારે ધામધૂમથી ઊજવવામાં આવતાં. એ ઉત્સવોની ઉજવણી પ્રસંગે મારાં બા ખૂબ શ્રદ્ધાપૂર્વક ઉપવાસ કરતાં અને માત્ર ફરાળનો આહારમાં ઉપયોગ કરતાં પરંતુ અમને બાળકોને ફરાળ ઉપરાંત રોટલી, ભાખરી, દાળ-ભાત એવું બધું એઠું ખાવાની પણ છૂટ મળતી.

સંક્ષેપીકરણની એક બીજી રીત પણ છે. સારલેખન કરીને એ વિગતો ફરીથી લખી શકાય એ રીતે આ પરિચ્છેદનું સંક્ષેપીકરણ કરીએ.

આખા પરિચ્છેદમાં મુખ્ય વિગતોનો સાર નીચે પ્રમાણે છે :

સોમવારે રુદ્રી, શિવરાત્રિએ ઉપવાસ, મહાશિવરાત્રિએ રુદ્રયાગ થતા. લેખકના મોસાળના સ્વામીનારાયણ સંપ્રદાયનો સ્વીકાર થયેલો તેથી જન્માષ્ટમી અને રામનવમી ધામધૂમથી ઊજવાતી. આખું કુટુંબ સ્વામીનારાયણ મંદિરે દર્શન કરવા જતું. એ બંને દિવસે બા માત્ર ફરાળ કરતાં પણ બાળકોને ફરાળ ઉપરાંત ખાવાની છૂટ હતી.

હવે કેટલીક ઝીણી ઉમેરવા જેવી વિગતો આ મુખ્ય વિગતોમાં ઉમેરીને ફરીથી લખાણ લખી શકાય.

મારાં બા-બાપુજી ધાર્મિક હતાં. કુટુંબમાં વંશપરંપરાગતથી શિવની પૂજા થતી. દર સોમવારે રુદ્રી, શિવરાત્રિએ સૌએ ફરજિયાત ઉપવાસ અને મહાશિવરાત્રિએ વિદ્વાનો દ્વારા રુદ્રયાગ એવી પરંપરા હતી. આમ છતાં મારા મોસાળના સ્વામીનારાયણ સંપ્રદાયનો પણ આદર થતો. રામનવમી અને જન્માષ્ટમી ધામધૂમથી ઊજવાતાં અને આખું કુટુંબ સ્વામીનારાયણ મંદિરે દર્શને જતું. એ બંને પરબોએ બા માત્ર ફરાળ કરતાં પણ અમને ફરાળ ઉપરાંત બધું ખાવાની છૂટી હતી.

આપણે ઉપરના પરિચ્છેદનું સંક્ષેપીકરણ કરવામાં બિનજરૂરી પદો કાઢી નાખ્યાં. પ્રત્યયોની મદદથી ક્યાંક નાના કર્યાં અને વાક્યોને ભેગાં કર્યાં.

(ક) બા અને બાપુજી પદનો સમાસ બનાવ્યો બા-બાપુજી.

(ખ) ધર્મમાં ઘણી શ્રદ્ધાવાળા પદનો સમાસ ધર્મશ્રદ્ધાળું થઈ શકે. પણ ઈક એ તદ્ધિત પ્રત્યયનો ઉપયોગ કરીને ધાર્મિક એવો ટૂંકો શબ્દ પ્રયોજ્યો જેનો અર્થ થાય ધર્મમાં શ્રદ્ધાવાળાં.

(ગ) જ્યાં જ્યાં અમારાં એવું વિશેષણ આવ્યું તે પડતું મૂક્યું. કારણ કે હવે વાચક જાણે છે કે આ લેખકના કુટુંબની વાત છે.

(ઘ) બાપદાદાના વખતથી પદને વંશપરંપરાથી એમ ટૂંકાવ્યું.

(ચ) પૂજા પ્રચલિત હતી પદને પૂજા થતી એમ ટૂંકાવ્યું.

(છ) ત્રીજું, ચોથું અને પાંચમું વાક્ય ભેગાં કરીને દરેકની શરૂઆતમાં આવતો દર શબ્દ એક જ વખત ઉપયોગમાં લઈ અલ્પવિરામોથી આ વાક્યો જોડ્યાં. રુદ્રીમાં રૂદ્રાભિષેક આવી જ જાય એટલે વધારાની વિગત પડતી મૂકી. ઘરમાં બધાં સભ્યો એ પદને સૌએ એમ ટૂંકાવ્યું. યજ્ઞ કરવા વિદ્વાનો આવતા એટલે એ યજ્ઞો બ્રાહ્મણો જ કરાવે એવી રૂઢિ હોઈ તે વિના આવે નહીં માટે માત્ર આવતા પદથી ચલાવ્યું.

(જ) બાનું કુટુંબ એટલે મોસાળ અને ઉચિત માન આપવામાં આવતું એટલે આદર થતો એમ ટૂંકાવ્યું.

(ઝ) એ પછીનાં બંને વાક્યો ભેગાં કર્યાં. બાની સાથે બાપુજી પણ અમને છોકરાઓને લઈને એનો અર્થ આખું કુટુંબ કર્યો.

(ટ) ઉત્સવોની ઉજવણીને આપણે ત્યાં પર્વ અથવા પરબ કહે છે તેનો ઉપયોગ કર્યો. માત્ર ફરાળ કરવું એટલે શ્રદ્ધાપૂર્વક ઉપવાસ કરવો એ વિગત પડતી મૂકી અને ફરાળ ઉપરાંત બધું એમાં રોટલી, ભાખરી, દાળ, ભાત એવું બધું એહું સમાઈ જતું હોઈ એ વાક્ય પણ પડતું મૂક્યું.

### ૬.૪.૯ નમૂનો-૯

ઓછી શક્તિવાળાં, મૃદુ ક્ષ-કિરણો શરીર સ્નાયુઓમાંથી પસાર થઈ શકે છે, પણ હાડકાંમાંથી પસાર થઈ શકતાં નથી. આથી ક્ષ-કિરણો વડે હાડકાંના ફોટોગ્રાફ લઈ શકાય છે અને હાડકામાં તિરાડ ક્યાં છે તે જોઈ શકાય છે. તે ધાતુમાંથી પસાર થઈ શકતાં નથી. તેથી શરીરમાં છુપાયેલો ધાતુનો ટુકડો તેના વડે શોધી શકાય છે. દર્દીને બેરિયમ પીવડાવી ક્ષ-કિરણોથી તેના આંતરડાના રોગોનું નિદાન કરી શકાય છે. ક્ષ-કિરણોનો ઉપયોગ કેન્સરના ઉપચારમાં પણ થાય છે. ઔદ્યોગિકક્ષેત્રે ધાતુના કાસ્ટિંગમાં તડ છે કે નહિ

તે ક્ષ-કિરણો વડે જાણી શકાય છે. વૈજ્ઞાનિકક્ષેત્રે તેની મદદથી સ્ફટિકોની આંતર-પરમાણું રચનાનો અભ્યાસ કરવામાં આવે છે. તેમનાં વડે લીધેલા ફોટોગ્રાફ ઉપરથી સાચા હીરા અને અન્ય ઝવેરાતની પરખ મેળવી શકાય છે.

આ પરિચ્છેદમાં ક્ષ-કિરણોના ઉપયોગો વિશેની વિગતો છે. એ વિગતોની પહેલાં યાદી બનાવો:

૧. હાડકાંના ફોટા પાડી તેમાં પડેલી તિરાડ ક્યાં છે તે જોઈ શકાય.
૨. શરીરમાં છુપાયેલા ધાતુના ટુકડા શોધી શકાય.
૩. દર્દીના આંતરડાના રોગોનું નિદાન કરી શકાય.
૪. કેન્સરના ઉપચાર તેનાથી થાય.
૫. ઔદ્યોગિકક્ષેત્રે ધાતુના કાસ્ટિંગમાં તડ છે કે નહીં તે જાણી શકાય.
૬. વૈજ્ઞાનિકક્ષેત્રે સ્ફટિકોની આંતર-પરમાણું રચનાનો અભ્યાસ તેની મદદથી થઈ શકે.
૭. તેની મદદથી લીધેલા ફોટાથી સાચા હીરા અને ઝવેરાતની પરખ મેળવી શકાય.

હવે પરિચ્છેદમાં આપેલી અન્ય ઝીણી વિગતો આ મુખ્ય વિગતો સાથે તમારા શબ્દોમાં ઉમેરી આખો પરિચ્છેદ ફરીથી લખો.

**મૃદુ** એટલે જ ઓછી શક્તિવાળાં

**લઈ શકાય** લેવાય

જોઈ શકાય જોવાય અથવા દેખાય.

શોધી શકાય શોધાય.

હવે પહેલાં ત્રણ વાક્યોની વિગતો એકસરખી હોવાથી તેમને ભેગી કરી એક વાક્યમાં લખો.

**મૃદુ** ક્ષ-કિરણો શરીરના સ્નાયુઓમાંથી પસાર થાય છે પણ હાડકાંમાંથી અને ધાતુમાંથી નહીં તેથી તેના વડે શરીરનાં અંગોના ફોટા લઈ હાડકાંમાંની તિરાડ અને શરીરમાં છુપાયેલો ધાતુનો ટુકડો શોધાય છે. કેન્સરના ઉપચાર અને બેરિયમ પિવડાવી દર્દીના આંતરડાંનું નિદાન તેનાથી થાય છે. તે ઔદ્યોગિકક્ષેત્રે ધાતુના કાસ્ટિંગમાં તડ છે કે નહીં તે જાણવામાં, વિજ્ઞાનિકક્ષેત્રે સ્ફટિકોની પરમાણુરચનાઓના અભ્યાસમાં અને તેના વડે લીધેલા ફોટા સાચા હીરા અને ઝવેરાતની પરખમાં ઉપયોગી થાય છે.

જોઈ શકશો કે પ્રથમ વાક્યમાંનાં પસાર થઈ શકે છે, પસાર થઈ શકતાં નથી એ બે પદોને અને બીજા વાક્યમાંનાં પસાર થઈ શકતાં નથી એ પદને ભેગાં કરી લેવામાં આવ્યાં છે. વળી પહેલા વાક્યમાંનાં જોઈ શકાય છે અને બીજામાંનાં શોધી શકાય છે પદોને ભેગાં કરી શોધાય છે એમ લખ્યું છે. તમે વ્યાકરણમાં ભણી ગયા છો કે ગુજરાતી ભાષામાં કર્મણિનો ઉપયોગ શક્યતાનો નિર્દેશ કરે છે એટલે અહીં શોધાય છે પદનો અર્થ શોધી શકાય છે એવો જ થાય. મૂળ પરિચ્છેદના ત્રીજા અને ચોથા વાક્યને અને પાંચ, છ અને સાત વાક્યોને ભેગાં કરવાથી એક એક ક્રિયાપદના ઉપયોગથી ચલાવી શકાયું જરૂર લાગી ત્યાં 'શરીરના અંગો' જેવું પદ મૂળ પરિચ્છેદમાં ઉમેર્યું.

### ૬.૪.૧૦ નમૂનો-૧૦

સ્ત્રી અને પુરુષ આ મુસાફરી જેવા જીવનમાં એક સાથે મુસાફરી કરતાં માણસો છે. ગીત ગાનાર અને વાજિંત્ર વગાડનારમાં જો સુમેળ ન હોય તો એ તાલબદ્ધ અને કર્ણપ્રિય હોતું નથી એમ પતિ અને પત્નીમાં સુમેળ ન હોય તો જીવન સંવાદી હોતું નથી. બંનેની પાસે બંને જણાં વર્તન અને વ્યવહારની બાબતમાં તદ્દન ચોખ્ખાપણું ઈચ્છે છે. પરંતુ જો પતિ પત્નીને વફાદાર રહેવા તૈયાર ન હોય તો પત્ની પણ કંઈ પતિને વફાદાર રહેવા બંધાયેલી નથી. જગતનો નિયમ છે કે કોઈ વ્યક્તિ જે રીતે વર્તે એ જ રીતે તે જોઈને બીજી વ્યક્તિ પણ વર્તતી હોય છે. પત્નીનું મૃત્યુ થતાં જો પતિ તેની સાથે બળી મરતો નથી તો પતિનું મૃત્યુ થતાં પતિની સાથે એ જ ચિતામાં પત્ની બળી મરે એવી યુગોથી ચાલતી આવતી આ સમાજની પરંપરા ખરે જ

પાગલપણું છે. અલબત્ત, પતિ અને પત્ની પોતપોતાની ઈચ્છા પ્રમાણે સ્વચ્છંદ આચરણ કરનારાં ન બને પણ પોતાના પગ ઉપર જ ઊભાં રહેનારાં અને સામાના આચારવિચારને યોગ્ય આદરથી સ્વીકારનારાં બને. આમ નથી થતું તેથી જ પતિ અને પત્નીના જીવનમાં નાની વાતોને બહુ મોટું રૂપ આપી મોટા ઝઘડા અને સંઘર્ષો થાય છે.

નીચેની સૂચના પ્રમાણે સંક્ષેપીકરણ કરો. નીચેના શબ્દસમૂહોને આપવામાં આવેલાં શબ્દો, સમાસો કે રૂઢિપ્રયોગોમાંથી પસંદ કરી પરિચ્છેદ ફરીથી લખો.

| | | |
|---|---|---|
| - | સ્ત્રી અને પુરુષ | - સ્ત્રીપુરુષ |
| - | આ મુસાફરી જેવું જીવન | - જીવનયાત્રા |
| - | એક સાથે મુસાફરી કરતાં માણસો | - સહયાત્રીઓ, હમસફર |
| - | ગીત ગાનાર અને વાજિંત્ર વગાડનારમાં સુમેળ હોય તે | - ગાયન અને વાદનમાં સુમેળ, સંગીત |
| - | તાલબદ્ધ અને કર્ણપ્રિય ન હોવું | - બેસુરું હોવું. |
| - | સંવાદી ન હોવું | - વિસંવાદી હોવું. |
| - | વર્તન અને વ્યવહારની બાબતમાં તદ્દન ચોખ્ખાપણું | - વ્યવહારશુદ્ધિ, વર્તનશુદ્ધિ. |
| - | પતિ પત્નીને વફાદાર રહેતો | - પત્નીવ્રત. |
| | પત્ની પતિને વફાદાર રહેતી | - પતિવ્રતા. |
| | કોઈ વ્યક્તિ જે રીતે વર્તે એ જ રીતે તે જોઈને બીજી વ્યક્તિએ પણ વર્તવું | - અરસપરસના વર્તનને અનુસરવું. |
| - | જગતનો નિયમ હોવો | - પ્રાકૃતિક હોવું, સહજ હોવું. |
| - | પતિનું મૃત્યુ થતાં પતિની સાથે એ જ ચિતામાં પત્ની બળી મરે એવી યુગોથી ચાલતી આવતી આ સમાજની પરંપરા | - સતીપ્રથા. |
| - | પતિ અને પત્ની | - દંપતી |
| - | પોતપોતાની ઈચ્છા પ્રમાણે સ્વચ્છંદ આચરણ કરનારાં | - સ્વેચ્છાચારી, સ્વચ્છંદી. |
| - | પોતાના પગ ઉપર જ ઊભાં રહેનારાં | - સ્વાધીન. |
| - | સામાના આચારવિચારને યોગ્ય આદરથી સ્વીકારનારાં | - સમુદાર |
| | નાની વાતોને બહુ મોટું રૂપ આપવું | - કાગનો વાઘ કરવો, પાણીમાંથી પોરા કાઢવા, મોટું મહાભારત કરવું, રામનું રામાયણ કરવું. |

### ૬.૪.૧૧ નમૂનો-૧૧

(૧૧) કેટલાક માણસો આ જગતમાં ઈશ્વર છે જ નહીં એમ માનીને પોતાને જાણે કે વૃદ્ધાવસ્થા અને મૃત્યુ આવવાનાં જ નથી એમ માનીને જીવે છે. ભવિષ્યનો અગાઉથી વિચાર કરી શકનારી બુદ્ધિનો એમનામાં અભાવ નથી હોતો પણ પોતાની જાતને તેઓ જરૂર કરતાં વધારે ડાહી માનતા હોય છે. જીવનમાં સફળ થવાનું કામ તો તેમને મન સાવ સહેલું ગણાતું હોય છે. બધાં દર્દો ઉપર જાદુઈ ઈલાજ હોય તેવી સચોટ અસર ઉપજાવનારી દવા તેમની પાસે છે એમ તેઓ માને છે. જીવનમાં બધાં શારીરિક દુ:ખો, માનસિક

ચિંતાઓ અને સાંસારિક વિટંબણાઓ માટે જાણે સિદ્ધ થઈ ચૂકેલા રહસ્યપૂર્ણ દૈવીશક્તિથી ભરેલા શબ્દનો જાદુ તેમના હાથમાં સહજ રીતે હોય તેમ તેઓ પ્રચાર માટે લોકોને સમજાવવા માટે બોધવચનો કહે છે. આવા માણસો ઉપર જ્યારે ખરેખરી વિપત્તિ આવે છે ત્યારે એ ભય કે આફત સામે તેમની સૂધબૂધ જતી રહે છે અને સ્વસ્થતા ગુમાવી બેસે છે. ક્યારેક તો તેઓ અત્યંત હતાશ થતાં નિરાશ થઈ જાય છે. ખરેખર તો ઈશ્વરમાં અચળ શ્રદ્ધા અને વિશ્વાસ જ અણધારી આફત અને હતાશાના સમયે મદદગાર સાથ આપનાર થઈ પડે છે. ઈશ્વરમાં અચળ શ્રદ્ધા અને વિશ્વાસ રાખનાર જાણે છે કે જીવનમાં ચડતીપડતીના અનેક પ્રસંગો આવ-જા કરતા હોય છે.

નીચેની સૂચના અનુસાર સંક્ષેપીકરણ કરો.

(ક) આપવામાં આવેલા શબ્દસમૂહો માટે ઉચિત શબ્દ, સમાસ કે રૂઢિપ્રયોગ પ્રયોજો :

| | |
|---|---|
| - આ જગતમાં ઈશ્વર છે જ નહીં તેમ માનનારા | - નાસ્તિક, મૂર્ખ |
| - પોતાને જાણે કે વૃદ્ધાવસ્થા અને મૃત્યુ આવવાનાં જ નથી તેમ માનનારા | - પોતાને અજરામર માનનાર |
| - ભવિષ્યનો અગાઉથી વિચાર કરનાર બુદ્ધિ | - અગમબુદ્ધિ, અગમ્યબુદ્ધિ. |
| - પોતાની જાતને જરૂર કરતાં વધારે ડાહી માનવી | - દોઢડાહ્યા હોવું, આત્મવિશ્વાસી હોવું. |
| - જીવનમાં સફળ થવાનું કામ | - જીવનમાં સફળતા, જીવનસાફલ્ય |
| - તેમને મન સાવ સહેલું હોવું | - હસ્તામલકવત, સરળ |
| - બધાં દર્દો ઉપર જાદુઈ ઈલાજ હોય તેવી સચોટ અસર ઉપજાવનાર દવા | - ઔષધિ, જડીબુટ્ટી, જંગલીબુટ્ટી. |
| - શારીરિક દુઃખો | - વ્યાધિ |
| - માનસિક ચિંતાઓ | - આધિઓ |
| - સાંસારિક વિટંબણાઓ | - ઉપાધિઓ |
| - સિદ્ધ થઈ ચૂકેલા ... શબ્દ | - મંત્ર, સૂત્ર, સ્તોત્ર |
| - હાથમાં સહજ રીતે હોય | - હસ્તામલકવત, હસ્તકમલવત. |
| - પ્રચાર માટે લોકોને સમજાવવા બોધ વચનો કહેવા | - ઉપદેશવા, સંબોધવા |
| - આવા માણસો પર જ્યારે ખરેખરી વિપત્તિ આવે | - આફત સમયે આ લોકો |
| - ભય કે આફત સામે ... સ્વસ્થતા ગુમાવવી | - હોશકોશ ઊડવા |
| - અત્યંત હતાશ કે નિરાશ થવું | - માથે હાથ દઈ બેસવું, છક્કા છૂટવા. |
| - ઈશ્વરમાં અચળ શ્રદ્ધા અને વિશ્વાસ | - ઈશ્વરશ્રદ્ધા, પ્રભુશ્રદ્ધા. |
| - અણધારી આફત અને હતાશાનો સમય | - વજ્રપાતનો સમય. |
| - મદદગાર સાથ આપનાર | - સાચો સાથી, પથદર્શક |
| - જીવનમાં ચડતીપડતીના પ્રસંગો | - લીલીસૂકી, લાલપીળાં, તડકીછાંયડી આવવી. |

(ખ) વાક્ય નં. ૧ તથા ૨, ૪ તથા ૫ અને ૬ તથા ૭ ભેગાં કરીને પરિચ્છેદમાં લખો.

### ૬.૪.૧૨ નમૂનો-૧૨

આપણા દેશને માટે સ્વતંત્રતા ઘણી મુશ્કેલીથી મેળવી શકાય તેમ છે એ આપણા દેશની સેવા કરનાર અને સ્વતંત્રતાના સંગ્રામના અગ્રણીઓએ ઘણું સારી રીતે જાણી લીધું હતું. અનેક જ્ઞાતિઓ, વાડાઓ, સંપ્રદાયો અને રાજ્યોમાં વહેંચાયેલા આ દેશને એક કરવાનો હતો. એવી એકતાની અને સંપની ભાવના વિના થયેલા બધા પ્રયત્નો નિષ્ફળ નીવડ્યા હતા. વળી અંગ્રેજોના શાસનની જીવલેણ પકડ નાગની ચૂડ જેવી સખત હતી. આમાંથી છૂટવા માટે સમાજની ક્રાંતિ માટે વિપ્લવ કરનારાઓ, છટાદાર ભાષણ કરવાની સમર્થ શક્તિ ધરાવનારાઓ, દેશની પરિસ્થિતિનાં બધાં પાસાંનો ચારેબાજુથી મનનપૂર્વક અભ્યાસ કરનારાઓ, થાક્યા અને હાર્યા વિના અંગ્રેજો સામે ચળવળ ચલાવનારાઓની સાથે સાથે મન, વિચાર અને કર્મથી દેશના ઉદ્ધાર સિવાય બીજી કોઈ અંગત ઈચ્છા ન ધરાવતો અને પ્રજાના મનને બરાબર ઓળખી, સમજી એ પ્રમાણે તેમને દોરનારો સાધુચરિત માણસ પણ હોય એ જરૂરી હતું. આ દેશનાં ભાગ્ય એટલાં સારાં કે કરમચંદ ગાંધીના દીકરામાં આ લક્ષણો હતાં અને આ દેશને ક્યારેય ન મળ્યો હોય તેવો એક બત્રીસે લક્ષણોથી ભરેલો નેતા મળ્યો. એમના પ્રયત્નોથી જ આ દેશ જુદા જુદા સંપ્રદાયોમાં ભેદભાવ ન માનનારો, સૌના ઉદયમાં જ કલ્યાણ જોનારો, પ્રજાની સત્તા અને વહીવટવાળો લોકશાહી દેશ બન્યો. એમને આપણે આજે પણ આ દેશના પિતા તરીકે પૂજીએ છીએ તે બધી રીતે યોગ્ય છે.

નીચેની સૂચનાઓ પ્રમાણે સંક્ષેપીકરણ કરો :

ઉપરના પરિચ્છેદમાં રેખાંકિત શબ્દસમૂહો માટે નીચેનામાંથી ગમે તે એક શબ્દ, સમાસ કે રૂઢિપ્રયોગ પસંદ કરી પરિચ્છેદ ફરી લખો :

ભારત માટે/આ દેશ માટે / હિંદ માટે, દુર્લભ/અલભ્ય/અશક્ય, દેશસેવકો/સ્વાતંત્ર્ય સેનાનીઓ /દિશનેતાઓ, જ્ઞાનતંતુઓ/સ્પષ્ટ હતું, વિવિધતામાં વહેંચાયેલો/અનેકતામાં વહેંચાયેલો, સંપૈક્ય/ઐકય/સંપ, નાગચૂડ/નાગપકડ, ક્રાંતિકારીઓ, દેશની સ્થિતિના અભ્યાસીઓ/પરિશીલન કરનારાઓ, અઠંગ સત્યાગ્રહીઓ/અથવા ચળવળિયાઓ, દેશોદ્ધારની તમન્નાવાળા/નિઃસ્પૃહીઓ, પ્રજાની નાડ પારખનાર/પ્રજાવત્સલ, પુણ્યાત્મા/મહાત્મા, સદ્ભાગી/દેશનાં સૌભાગ્ય, અભૂતપૂર્વ/અપૂર્વ, બત્રીસ લક્ષણો/વીરલો, બિનમજહબી/બિનસાંપ્રદાયિક, સામ્યવાદી/સર્વોદયી, પ્રજાસત્તાક/પ્રજાશાસન, રાષ્ટ્રપિતા/રાષ્ટ્રબાપુ, સર્વોચિત/સર્વાંશે યોગ્ય.

ત્રીજું, ચોથું અને પાંચમું વાક્ય ભેગાં કરો.

### ૬.૪.૧૩ નમૂનો-૧૩

પહેલવહેલીવાર ન્યૂટને પુરવાર કર્યું કે સૂર્યનો સફેદ પ્રકાશ જુદા જુદા સાત રંગોનો બનેલો છે. જ્યારે સૂર્યના પ્રકાશનું કિરણ પ્રિઝમની એક બાજુ આપાત થાય, ત્યારે તેની સામે ગોઠવેલા સફેદ કાગળ ઉપર જુદા જુદા સાત રંગોનો પટો જોવા મળે છે. રંગના આ પટાને વર્ણપટ પણ કહેવામાં આવે છે.

વર્ષાઋતુમાં તમે મેઘધનુષ્ય અવશ્ય જોયું હશે. તમે એ પણ જોયું હશે કે જ્યારે તમે મેઘધનુષ્ય જુઓ છો ત્યારે સૂર્ય તમારી પીઠ પાછળ હોય છે. મેઘધનુષ્ય મોટા અર્ધ-વર્તુળાકાર ચાપ તરીકે, આકાશમાં પૂર્વ અગર તો પશ્ચિમમાં દેખાય છે. તે ક્યારેય બપોરે જોવા મળતું નથી પરંતુ સાંજે અથવા સવારે જોવા મળે છે.

મેઘધનુષ્યમાં જોવા મળતા રંગો સફેદ પ્રકાશના વર્ણપટના રંગો જેવા જ હોય છે. તેમના ક્રમ પણ તે જ હોય છે. મેઘધનુષ્યની ઉપલી કોર લાલ હોય છે અને નીચેની કોર જાંબલી હોય છે. બાકીના રંગો આ બે રંગોની વચ્ચે હોય છે.

સૂર્યના સફેદ દેખાતાં કિરણો ખરેખર સાત રંગો ધરાવતાં હોય છે એ આ ત્રણ પરિચ્છેદોનો સાર છે. આ વાત ન્યૂટને પ્રથમવાર પુરવાર કરી પ્રિઝમમાંથી પસાર થયેલાં કિરણોને ઝીલતા સફેદ કાગળ ઉપરનો

વર્ણપટ અને ચોમાસામાં દેખાતું મેઘધનુષ્ય આ વાતની સાબિતી છે. આટલી વિગતો પરિચ્છેદમાં છે.

## ૬.૫ સંક્ષેપીકરણ માટે આવશ્યક સૂચનાઓ

(ક) પરિચ્છેદમાંનાં જે પદોનો સંક્ષેપ થઈ શકે એમ છે તેની પ્રથમ યાદી બનાવો :

૧) પહેલવહેલીવાર - સૌપ્રથમ

૨) સૂર્યનો સફેદ પ્રકાશ - સૂર્યપ્રકાશ

૩) સૂર્યના પ્રકાશનું કિરણ - સૂર્યકિરણ

૪) આપાત થાય - ચોમાસામાં પડે

૫) વર્ષાઋતુમાં - ચોમાસામાં

(ખ) પરિચ્છેદમાં પુનરાવર્તન પામતાં વાક્યોને અથવા એક જ વાત કહેતાં બે વાક્યોને ભેગાં કરો. એમ કરતાં બીજું અને ત્રીજું, ચોથું અને પાંચમું, છઠ્ઠું અને સાતમું, આઠમું, નવમું અને દસમું એ વાક્યો એક એક વાક્યોરૂપે લખી શકાશે. જુદા જુદા અવશ્ય જેવા વધારાના શબ્દો પડતા મૂકો.

### ૬.૫.૧ નમૂનો-૧૪

કાળાં નાણાંના જથ્થામાં અને પ્રમાણમાં વધારો થતો રહ્યો છે અને એ હજીય આગળ વધતો રહ્યો છે એ હકીકતનું સમર્થન કરવામાં આવ્યું છે. કાળાં નાણાંનો આંકડો ૩૭,૦૦૦ કરોડ પર પહોંચ્યો છે; એટલે કે કુલ રાષ્ટ્રીય ઉત્પાદનના પાંચમા ભાગથી પણ વધુ તેનું પ્રમાણ જણાયું છે. કરચોરી એનું પ્રધાન કારણ છે; કાળાં નાણાંનો પંચોતેર ટકા જેટલો હિસ્સો કરચોરીને આભારી છે.

બે નંબરના નાણાંના સર્જન માટે અનેક કારણો પૈકી કરવેરાનું પ્રવર્તમાન માળખું, વ્યાપક અને જટિલ આર્થિક નિયંત્રણો, સરકારીતંત્ર સહિત જાહેરસાહસોના અંધાધૂધ ખરચાઓ, ફુગાવો, નિષ્ઠાનું અવમૂલન, કરચોરી અટકાવવાના ઉપયોગના અમલની બિનઅસરકારકતા વગેરેને મહદઅંશે ગણાવવામાં આવ્યાં છે.

કાળાં નાણાંનું સર્જન કરનારાં વિવિધ ક્ષેત્રો પૈકી સ્થાવર મિલકતોનાં ખરીદ-વેચાણ, મોટાપાયા પરનાં ઉત્પાદનક્ષેત્રો, ચલચિત્ર ઉદ્યોગ, દાણચોરી, બાંધકામ પ્રવૃત્તિઓ, વ્યાવસાયિક સેવા પ્રવૃત્તિઓ ઈત્યાદિ મુખ્ય છે.

ઉપરના પરિચ્છેદમાં કાળાં નાણાંમાં થતો વધારો અને તેના સર્જનનાં કારણોની વિગતો અપાઈ છે.

પહેલું વાક્ય આ રીતે ટૂંકાવી શકાય :

કાળાં નાણાં ભૂતકાળમાં અને આજેય સતત વધી રહ્યાં છે તે સમર્થિત હકીકત છે. (જેનું સમર્થન કરવામાં આવ્યું છે તેવી હકીકત-સમર્થિત હકીકત) **જથ્થામાં અને પ્રમાણમાં વધારો થતો રહ્યો છે અને એ હજીય આગળ વધતો રહ્યો છે** એમ કહેવાથી અર્થ વધારે સચોટ રીતે વ્યક્ત થાય છે. કાળાં નાણાંની વાત થઈ ગઈ છે તેથી **'કાળાં નાણાંનો આંકડો'** એમ કહેવાને બદલે **એનો આંકડો** કહીએ તો ચાલે અને પાછળના વાક્યને એની આગળ મૂકી દઈએ તો **તેનું પ્રમાણ જણાયું છે** એ પદ પડતું મૂકી શકાય. હવે વાક્ય આમ થશે. **'એ આંકડો કુલ રાષ્ટ્રીય ઉત્પાદનનાં પાંચમાં ભાગથી વધુ એટલે કે ૩૭,૦૦૦ કરોડ પર પહોંચ્યો છે.'**

હવે એ કાળું નાણું કઈ રીતે પેદા થાય છે તેની વાત છે. એના મુદ્દા છે પંચોતેર ટકા કરચોરીમાંથી, જે અત્યારના કરવેરાના માળખાને, વ્યાપક અને જટિલ આર્થિક નિયંત્રણોને, નિષ્ઠાના અવમૂલનને, કરચોરી અટકાવવાના ઉપાયોના અમલની બિનઅસકારકતાને, સ્થાવર મિલકતોનાં ખરીદ-વેચાણને ચલચિત્ર ઉદ્યોગને, બાંધકામ અને વ્યાવસાયિક સેવાપ્રવૃત્તિઓને આભારી છે. તેમાંથી અને બાકીનું સરકારીતંત્ર અને જાહેરસાહસોના આંધાધૂંધ ખરચા, ફુગાવો અને મોટા પાયા પરનાં ઉત્પાદનક્ષેત્રોને આભારી છે. આખી વાત હવે ફરીથી લખો.

### ૬.૫.૨ નમૂનો-૧૫

મારા પોતાના અક્ષર પણ કંઈ બહુ સારા નથી, પણ આ પત્રના અક્ષરો જેવા ખરાબ અક્ષરો મેં આજ સુધી ક્યારેય જોયા ન હતા. જેમ સુલેખનની હરીફાઈઓ થાય છે તેમ જો કુલેખનની હરીફાઈઓ યોજાય તો આ અક્ષરોનો લખનારો જ્યાં સુધી એમાં ભાગ લે ત્યાં સુધી બીજા કોઈને ઈનામ ન જ મળે ! ખરાબ અક્ષરોમાં લખાયેલા પત્રોમાં લખાણ કદાચ પૂરેપૂરું ન ઉકલે તેમ બને, અરે, જરા પણ ના ઉકલે એમ પણ બને; પરંતુ પત્ર કઈ ભાષામાં લખાયેલો છે એ તો ઉકેલવાનું બહું મુશ્કેલ હોતું નથી. પણ આ પત્ર તો કઈ ભાષામાં લખાયો છે તેની પણ સમજ પડે તેમ નહોતું.

'મરક મરક' પા. ૬૬

શ્રી રતિલાલ બોરીસાગર.

આ હાસ્ય ઉપજાવવાના આશયથી લખાયેલું છે એ કારણે એમાં અતિશયોક્તિ આવવાની. અતિશયોક્તિ બહેલાવવા પુનરાવર્તન પણ થવાનું. તે વાક્યપ્રયોગોની રચનાઓ પણ એ રીતે થવાની. આપણે તો ખરાબ અક્ષર વિશેની વિગતો તરીકે એક ટૂંકુ લખાણ એના પરથી લખવું છે. લખ્યા પછી પાછળ આપેલ સંક્ષેપીકરણ સાથે સરખાવો.

### ૬.૫.૩ નમૂનો-૧૬

આજે પંદર વર્ષથી, ત્યાં ફરવા નીકળનારાં સૌ તેને એ જગ્યાએ જોતા. રસ્તાની એકબાજુ ખાંચો હતો, અને તે ખાંચાની જમીન રસ્તાથી ઊંચી હોઈ, ધોરા જેવું લાગતું. આસપાસ બે-ચાર મોટા પથ્થર પણ પડ્યા રહેતા. ઉપર નાનું પણ ઘાટી છાયાવાળું પીપરનું ઝાડ હતું. વાઘજી મોચી ત્યાં સવારમાં આવીને બધું સાફ કરતો પછી પોતાનો જૂનો કોથળો પાથરી પાસે પાણીની કૂંડી ભરી, છીપર પર ધીમે ધીમે સોયો ઘસીને તાજો બનાવતો. આઠ વાગે ને સૂરજનારાયણ રાશવા ચડે, ત્યારે વાઘજીની વહુ નંદુ માથા પર ભાત લઈ, મોટો ઘૂમટો તાણી, નવી કાંબીનો મધુર રણકાર કરતી આવી પહોંચતી. તેની સાથે વાઘજીને પ્રાણથી પણ જ્યાદો પ્યારો એવો એનો પુત્ર માવજી પણ હોય.

### ૬.૫.૪ નમૂનો-૧૭

નહેરો દ્વારા થતી સિંચાઈનો વિકાસ ગુજરાતમાં પ્રમાણમાં ઘણો ઓછો થયો છે. ગુજરાતમાં ૫.૨૯ લાખ હેક્ટર જમીનમાં નહેરો વડે સિંચાઈ થાય છે. એટલે કે સિંચિત વિસ્તારના આશરે ૨૭ ટકા જેટલી જમીનને જ નહેરો દ્વારા સિંચાઈ પ્રાપ્ત થાય છે. જ્યારે સમગ્ર ભારતમાં નહેરો દ્વારા થતી સિંચાઈનું પ્રમાણ આશરે ૪૧ ટકા જેટલું છે. ગુજરાતની નદીઓનાં પટ ઘણાં પહોળાં છે અને નર્મદા તથા તાપી સિવાયની નદીઓ તદ્દન છીછરી હોવાથી તેમના પર બંધ બાંધવા માટેની અનુકૂળ પરિસ્થિતિ ઓછી છે. આ ઉપરાંત, ઊંચા તાપમાનને લીધે બાષ્પીભવનનું પ્રમાણ વધુ છે. સૌરાષ્ટ્રના પ્રદેશમાં ખડકાળ ભૂતળને લીધે નહેરો બાંધવી ઘણી મુશ્કેલ અને ખર્ચાળ નીવડે તેમ છે. તેથી સૌરાષ્ટ્રમાં નહેરો દ્વારા થતી સિંચાઈનું પ્રમાણ તળગુજરાત કરતાં પણ ઓછું છે. નહેરો દ્વારા થતી સૌથી વધુ સિંચાઈ ખેડા જિલ્લામાં થાય છે.

### ૬.૫.૫ નમૂનો-૧૮

વહાબી આંદોલનની નિષ્ફળતા બાદ મુસ્લિમ સમાજની સુધારણા માટેના સક્રિય પ્રયાસો સર સૈયદ એહમદખાને કર્યા. તેમણે મુસ્લિમોને અંગ્રેજી શિક્ષણ લેવા અનુરોધ કર્યો. તેમણે કન્યા કેળવણીનો આગ્રહ કર્યો તથા સ્ત્રીઓને પડદાપ્રથાનો ત્યાગ કરવાં જણાવ્યું. આથી, રૂઢિચુસ્ત મુસ્લિમ નેતાઓ સૈયદ અહમદ પર રોષે ભરાયા, પરંતુ તેની પરવા કર્યા વગર સર સૈયદ અહમદખાને મુસ્લિમ સમાજ સુધારણાનું પોતાનું કાર્ય આગળ ધપાવ્યું. તેમણે અલીગઢમાં પશ્ચિમની ઢબે શિક્ષણ આપતી મુસ્લિમ શાળાની સ્થાપના કરી, જે આગળ જતાં કોલેજમાં ફેરવાઈ અને મુસ્લિમ યુનિવર્સિટી તરીકે વિકાસ પામી. આમ અલીગઢનું એ મુસ્લિમ સુધારણા માટેનું આંદોલન અલીગઢ આંદોલન તરીકે જાણીતું બન્યું. તેની અસરરૂપે ભારતમાં મુસ્લિમ સમાજની સુધારણા તથા કેળવણી માટે જુદાં જુદાં સ્થળોએ મુસ્લિમ સુધારક સંસ્થાઓની સ્થાપના

થઈ. આ સંસ્થાઓએ મુસ્લિમ સમાજની સુધારણાનું કાર્ય આગળ ચલાવ્યું.

### ૬.૫.૬ નમૂનાના જવાબો

હવે ઉપરના પરિચ્છેદો નં. ૧૦થી ૧૮ના અપેક્ષિત સંક્ષેપીકરણો તમે કરેલાં સંક્ષેપીકરણો સાથે સરખાવો.

(૧૦) સ્ત્રી-પુરુષ સહયાત્રીઓ છે. ગાયન-વાદનમાં અમેળ બેસૂરો હોય તેમ પતિ-પત્ની અમેળ વિસંવાદી હોય. અરસપરસ બંને વ્યવહારશુદ્ધિ અપેક્ષે છે. જો પતિ પત્નીવ્રત ન પાળે તો પત્ની પતિવ્રતા થવા બંધાયેલી નથી. અરસપરસને અનુસરવું પ્રાકૃતિક છે. પત્ની પાછળ પતિ આત્મવિલોપન નથી કરતો તો સતીપ્રથા પણ પાગલપણું છે. દંપતી સ્વચ્છંદી ન હોય પણ સ્વાધીન હોય, સમુદાર હોય, આમ નથી હોતું તેથી રામનું રામાયણ થાય છે.

(૧૧) કેટલાંક પોતાને અજરામર માનતા નાસ્તિકો અગમબુદ્ધિ છતાં દોઢડાહ્યા હોય છે. જીવનસાફલ્ય સહજ છે અને તે માટે જડીબુટ્ટી તેમની પાસે છે તેમ તેઓ માને છે. વ્યાધિ, આધિ, ઉપાધિ માટે મંત્રનો જાદુ હસ્તામલકવત છે તેમ ઉપદેશે છે, પણ આફત સમયે હોશકોશ ઊડી જતાં માથે હાથ દઈ બેસે છે. વજ્રપાત સમયે ઈશ્વરશ્રદ્ધા જ સાચો સાથી બને છે. કારણ તડકી છાંયડીથી તે પરિચિત હોય છે.

(૧૨) હિંદ માટે સ્વતંત્રતા દુર્લભ છે તેનું જ્ઞાન સ્વાતંત્ર્ય સેનાનીઓને હતું. વિવિધતામાં વહેંચાયેલા દેશમાં સંપૈક્ય વિના સ્વતંત્રતા શક્ય નહોતી થઈ. અંગ્રેજ શાસનની નાગચૂડમાંથી છૂટવા વિપ્લવીઓ, સમર્થ વક્તાઓ, દેશની સ્થિતિના ઊંડા અભ્યાસીઓ, અથાક ચળવળીઓની સાથે તદ્દન નિઃસ્પૃહી, પ્રજાની નાડ પારખનાર મહાત્માની જરૂર હતી. સદ્‌ભાગ્યે દેશને બત્રીસલક્ષણા ગાંધીજી મળ્યા. એમણે જ આ દેશને બિનસાંપ્રદાયિક, સર્વોદયી, લોકશાહી પ્રજાસત્તાક દેશ બનાવ્યો. એમને રાષ્ટ્રપિતારૂપે પૂજવા સુયોગ્ય છે.

(૧૩) સૌ પ્રથમ ન્યૂટને પુરવાર કર્યું કે સફેદ સૂર્યપ્રકાશ સાત રંગોનો બનેલો છે. જ્યારે સૂર્યકિરણ પ્રિઝમની એક બાજુ ઉપર પડે, ત્યારે તેની સામે ગોઠવેલા સફેદ કાગળ ઉપર સાત રંગોનો પટો એટલે કે વર્ણપટ જોવા મળે છે.

ચોમાસામાં મેઘધનુષ્ય દેખાય છે ત્યારે જોનારની પીઠ પાછળ સૂર્ય હોય છે. તે અર્ધવર્તુળાકાર ચાપ તરીકે પૂર્વ અથવા પશ્ચિમાકાશમાં સવારે અથવા સાંજે દેખાય છે.

એમાં જોવા મળતા રંગો વર્ણપટ જેવા જ અને એ જ ક્રમમાં હોય છે. તેની ઉપલી લાલ અને નીચલી જાંબલી કોરની વચ્ચે બાકીના રંગો હોય છે.

(૧૪) સમર્થિત હકીકત છે કે કાળાં નાણાં ભૂતકાળમાં અને આજે સતત વધી રહ્યાં છે. એ આંકડો કુલ રાષ્ટ્રીય ઉત્પાદનના પાંચમા ભાગથી વધુ એટલે કે ૩૭,૦૦૦ કરોડ પર પહોંચ્યો છે.

આ કાળું નાણું, અત્યારનું કરવેરાનું માળખું, વ્યાપક અને જટિલ આર્થિક નિયંત્રણો, નિષ્ઠાનું અવમૂલ્યન, કરચોરી અટકાવવાના બિનઅસરકારક ઉપાયો, સ્થાવર મિલકતોનાં ખરીદ-વેચાણ, ચલચિત્ર ઉદ્યોગ, બાંધકામ અને વ્યાવસાયિક સેવા પ્રવૃત્તિઓ વગેરેને આભારી કરચોરીમાંથી પંચોતેર ટકા અને બાકીનું સરકારી અને જાહેર સાહસોના અંધાધૂંધ ખરચા, ફુગાવો અને મોટાપાયા પરનાં ઉત્પાદન ક્ષેત્રોમાંથી પેદા થાય છે.

નોંધી શકાશે કે ઉપરના જેવા પરિચ્છેદનું સંક્ષેપીકરણ અડધા કરતાં વધારે શબ્દોમાં કરી શકાયું છે. જ્યારે એકપણ વિગત જવા દેવાની ન હોય ત્યારે આ પ્રકારનું સંક્ષેપીકરણ મુશ્કેલ હોય છે. પણ કેટલીક વાક્યરચનાઓમાંનાં પુનરાવર્તન ટાળીને એક લાંબા વાક્યમાં બધી વિગતો સમાવીને સંક્ષેપીકરણ કરી શકાય. અલબત્ત, લાંબુ વાક્ય કિલષ્ટ ન થઈ જાય, દુર્બોધ ન થઈ જાય તેની સાવચેતી રાખવી જોઈએ.

(૧૫) મારા અક્ષરો બહુ સારા નથી પણ આ પત્રના અક્ષરો સુલેખનની જેમ કુલેખનની હરીફાઈ યોજાય તો પહેલું સ્થાન મેળવે. ખરાબ અક્ષરોવાળા પત્રો કદાચ પૂરેપૂરા ન ઉકલે, કદાચ સાવ ન ઉકલે

પણ તેની ભાષા તો ઉકલે પણ આની તો ભાષા જ સમજાતી નહોતી.

(૧૬) પંદર વર્ષથી સૌ તેને ત્યાં જોતાં. રસ્તાની બાજુમાં ખાંચાની ઘોરા જેવી ઊંચી જમીનની આસપાસ બેચાર મોટા પથ્થર રહેતા. ઉપર નાની પીપરની ઘાટી છાયા હતી. વાઘજી મોચી સવારમાં ત્યાં આવી, બધું સાફ કરી, જૂનો કોથળો પાથરી, પાસે પાણીની કૂંડી ભરી, છીપર પર ધીમે ધીમે સોયો ઘસી તાજો બનાવતો. આઠ વાગે તેની વહુ નંદુ માથે ભાત લઈ, ઘૂમટો તાણી, નવીકાંબીના રણકાર સાથે આવતી. સાથે વાઘજીનો પ્રાણપ્યારો પુત્ર માવજી હોય.

(૧૭) નહેરો દ્વારા થતી સિંચાઈ ગુજરાતમાં ઘણી ઓછી, ૫૨.૯ લાખ હેક્ટર એટલે કે સિંચિત વિસ્તારના આશરે ૨૭ ટકા જેટલી જમીનમાં થાય છે. જ્યારે તેનું પ્રમાણ સમગ્ર ભારતમાં આશરે ૪૧ ટકા છે. અહીંની નદીઓના પટ પહોળા, નર્મદા-તાપી સિવાય છીછરા તેથી પાણી ઓછું ને ઊંચા તાપમાનને કારણે બાષ્પીભવનનું પ્રમાણ વધુ. વળી સપાટ પ્રદેશને કારણે બંધ બાંધવા પ્રતિકૂળ અને સૌરાષ્ટ્રમાં ખડકાળ ભૂતળને કારણે નહેરો બાંધવી મુશ્કેલ અને ખર્ચાળ છે. સૌરાષ્ટ્રમાં નહેર સિંચાઈ સૌથી ઓછી અને ખેડા જિલ્લામાં સૌથી વધુ છે.

(૧૮) વહાબી આંદોલનની નિષ્ફળતા બાદ મુસ્લિમ સમાજની સુધારણા માટેના સક્રિય પ્રયાસો સરસૈયદ એહમદખાને કર્યા. તેમણે મુસ્લિમોને અંગ્રેજી શિક્ષણ, કન્યા કેળવણી અને સ્ત્રીઓના પડદાપ્રથાના ત્યાગ માટે સમજાવ્યા. આથી રૂઢિચુસ્ત નેતાઓ રોષે ભરાયા છતાં તેમણે પોતાનું કામ આગળ ધપાવી અલીગઢમાં પશ્ચિમ ઢબના શિક્ષણની મુસ્લિમ શાળા સ્થાપી જે આગળ જતાં કોલેજ અને મુસ્લિમ યુનિવર્સિટીરૂપે વિકસી. અલીગઢ આ બંને સુધારાનું કેન્દ્ર થતાં આંદોલન અલીગઢ આંદોલન તરીકે જાણીતું બન્યું. તેની અસરથી આ ઉદ્દેશ માટે ભારતમાં અન્ય સ્થળોએ મુસ્લિમ સુધારક સંસ્થાઓ સ્થપાઈ તેમણે કાર્ય આગળ ચલાવ્યું.

## ૬.૬ તમારી પ્રગતિ ચકાસો

**(તમારા જવાબો આપેલ સંક્ષેમ પરિચ્છેદ સાથે સરખાવો)**

(૧) નીચેના પરિચ્છેદનો એક તૃતીયાંશ જેટલો સારસંક્ષેપ કરી તેને યોગ્ય શીર્ષક આપો. સ્પર્શની પણ એક ભાષા છે. એમાં વૈવિધ્ય છે. ઉદાહરણ તરીકે ડોક્ટર પાસે ઘા રુઝવવાનો સ્પર્શ છે, શિક્ષક પાસે બૌદ્ધિક સ્પર્શ છે, વકીલ પાસે કૌશલ્યનો સ્પર્શ છે અને કલાકાર પાસે સર્જક સ્પર્શ છે. દરેક માનવી પાસે જાદુઈ સ્પર્શ છે અને એ જ તો એની ખરી દુનિયા છે. સ્પર્શનો મહિમા સમજવા નીચેના મુદ્દાઓ જરુર ઉપયોગી થઇ શકે તેમ છે : એક, સારું જોવું, સુંદરતાનો હાથ પકડી લેવો, તૂટી જવાય એવી બાબતોથી દૂર રહેવું. બીજું, તમે સજાગ છો પણ કેટલીક ઘટનાઓના પ્રભાવ હેઠળ તમે આવો છો અને એમાંથી મુક્ત થઇ શકતા નથી. તમારી બેદરકારીના કારણે તે ચાલુ રહે છે તો એનાથી થતી નુકસાની તમારે એકલાએ જ ભોગવવાની છે, પરિવારને એમાં સામેલ કરશો નહિ, તેમજ વારંવાર ઘુંટીને દુ:ખી થશો નહિ, શાંત પડો ત્યાં સુધી મૌન રાખશો પછી આંખો બંધ રાખીને બાળકોને વહાલ આપતા રહેશો તો એમની લાગણીઓ અકબંધ રહેશે અને પ્રવાહી બની શકશે. ત્રીજું, તમારાં બાલુડાંથી અંતરથી કદી પણ દૂર જશો નહિ. એમના જન્મથી શરૂ કરીને જ્યાં સુધી તમારું વહાલ યા સલામતી અનુભવે છે ત્યાં સુધી એમને આંખમાં અને પાંખમાં રાખશો. હા, વધુ પડતું પંપાળશો નહિ પણ યાદ રાખજો કે બાળકો પુષ્પ સમાન છે એટલે સંપૂર્ણ સંભાળ અને વહાલ સાથે એમને 'હેન્ડલ' કરશો.

ચોથી વાત, તમે પતિ કે પત્ની હોવ તો એકબીજાની પીઠ પંપાળશો અને તમારી વચ્ચે તંદુરસ્ત અને મૈત્રીભર્યા સંબંધો ઊભા કરજો કે જેથી બાળકને આ દુનિયામાં વિશ્વાસ પડે. ટી.વી. સિરિયલો કે ચલચિત્રોમાં ક્યારેક ક્યારેક માનવ માનવ વચ્ચે વિશ્વાસઘાત વાતોને દોહરાવવામાં આવે છે તે સમયે તમારો તંદુરસ્ત, મૈત્રીભર્યો સંબંધ અને સ્પર્શ તેમને ખાતરી આપશે કે દુનિયામાં ખરા સ્નેહનું અસ્તિત્વ છે, અને તેથી તેનો

આત્મવિશ્વાસ વધશે. પણ, હજી જો તમે તમારા ભાવાત્મક પ્રતિકારની લાગણીઓ ઉપર કાબૂ નહિ રાખી શકો તો તેમને વધુને વધુ સહન કરવાનું રહેશે. તમે અરસપરસ ચાહી, એકબીજાને અપનાવી શકો તો જ તમારાં સંતાનોમાં સ્નેહ અને ઉષ્માનું વાતાવરણ ઊભું કરી શકશો. હા, તમારા સંતાનો અંદરો અંદર મોકળાશથી એકબીજાને ભેટી, સ્નેહની પ્રતિતી કરાવતા રહે તે બાબતને હિંમત અને ઉત્તેજન આપવામાં પાછા પડશો નહિ.

**શીર્ષક : સ્પર્શની ભાષા**

ડોક્ટર પાસે ઘા રૂઝવવાની, શિક્ષક પાસે બૌદ્ધિક, વકીલ પાસે કૌશલ્યની અને કલાકાર પાસે સર્જક સ્પર્શની ભાષા હોય છે. સ્પર્શનો જાદુઈ મહિમા સમજવા ચાર વાત ઉપયોગી થાય. એક, સારૂં-સુંદર જોવું. બીજું, સજાગ છતાં અન્યના પ્રભાવ હેઠળ બેદરકારીને લીધે નુકસાની થાય તો વારંવાર દુઃખી થવાને બદલે પરિવારને એમાં સામેલ કર્યા સિવાય મૌન વહાલથી બાળકોને ભીંજવ્યા કરો. ત્રીજું, તમારાં બાલુડાંની સતત સંભાળ અને વહાલથી રહેજો. ચોથું, પતિ કે પત્ની હોય તો પરસ્પર હૂંફ-વિશ્વાસના સંબંધ કેળવી, વિશ્વાસઘાતી-દગાબાજ દુનિયામાં ઉષ્માનું વાતાવરણ જન્માવી બાળકોને સ્નેહની પ્રતિતી કરાવો. આ રીતે તમારાં બાળકો પરસ્પર સ્નેહને વહેંચશે અને હિંમતનો ગુણ કેળવશે.

(૨) નીચે આપેલા પરિચ્છેદનું હાર્દ અળપાય નહીં એમ એનો (આશરે એક તૃતિયાંશ) સંક્ષેપ કરો. તમારા સંક્ષેપને યોગ્ય શીર્ષક બાંધો.

આત્મશુધ્ધિ વિના જીવમાત્રની સાથે ઐક્ય ન જ સધાય. આત્મશુધ્ધિ વિના અહિંસાધર્મનું પાલન સર્વથા અસંભવિત છે. અશુધ્ધાત્મા પરમાત્માનાં દર્શન કરવા અસમર્થ છે, એટલે જીવનમાર્ગનાં બધાં ક્ષેત્રોમાં શુદ્ધિની આવશ્યકતા છે. એ શુધ્ધિ સાધ્ય છે. પણ આ શુધ્ધિનો માર્ગ વિકટ છે એમ હું તો પ્રતિક્ષણ અનુભવું છું. શુધ્ધ થવું એટલે મનથી, વચનથી અને કાયાથી નિર્વિકાર થવું, રાગ-દ્વેષાદિરહિત થવું. એ નિર્વિકારતાને પહોંચવાને પ્રતિક્ષણ મથવા છતાં હું પહોંચ્યો નથી, તેથી લોકની સ્તુતિ મને ભોળવી શકતી નથી, એ સ્તુતિ ઘણીવેળા ડંખે છે. મનના વિકારોને જીતવા જગતને શસ્ત્રયુદ્ધથી જીતવા કરતાંયે મને કઠિન લાગે છે. હું મારામાં સંતાઈ રહેલા વિકારોને જોઈ શક્યો છું, શરમાયો છું, પણ હાર્યો નથી. સત્યના પ્રયોગો કરતાં મેં રસ લૂટ્યો છે, આજે લૂંટી રહ્યો છું. પણ હું જાણું છું કે મારે હજુ વિકટ માર્ગ કાપવાનો છે. તેને સારું મારે શૂન્યવત્ બનવાનું છે. મનુષ્ય જ્યાં લગી સ્વેચ્છાએ પોતાને સહુથી છેલ્લો ન મૂકે ત્યાં લગી તેની મુક્તિ નથી. અહિંસા એ નમ્રતાની પરાકાષ્ઠા છે. અને એ નમ્રતા વિના મુક્તિ નથી. અહિંસા એ નમ્રતાની પરાકષ્ઠા છે. અને એ નમ્રતા વિના મુક્તિ કોઈ કાળે નથી એ અનુભવસિધ્ધ વાત છે.

- ગાંધીજી

**સંક્ષેપ**

આત્મશુદ્ધિ એટલે મનથી, વચનથી અને શરીરથી વિકાર રહિત થવું. હું મનને નિર્વિકાર કરવા મથું છું પરંતુ શસ્ત્રથી જગતને જીતવા કરતાં એ કઠણ છે.મારા વિકારો મેં જાણ્યા છે, માર્ગ વિકટ છે પણ હું હાર્યો નથી. સ્વેચ્છાએ રાંક, નમ્ર બનીએ તો જ અહિંસા આવે અને ત્યારે સંપૂર્ણ શુદ્ધિ શક્ય બને.

**શીર્ષક : અહિંસા અને આત્મશુદ્ધિ**

નોંધ : આવા પ્રશ્નના ઉત્તરમાં હમેશાં સારાંશ લખવાનું પસંદ કરો. વિવરણાત્મક સમજૂતી આપવા જતાં મુદ્દા બહારનું લખાઈ જવાની શક્યતા રહે અને ગુણ ઘટે.

# પ્રકરણ :૭ વિચાર વિસ્તારની તાલીમ

**એકમની રૂપરેખા**

૭.૦ હેતુઓ
૭.૧ પ્રસ્તાવના
૭.૨ પંક્તિને સમજવી
૭.૩ દૃષ્ટાંતે
૭.૪ રજૂઆત
૭.૫ શીર્ષક
૭.૬ નમૂનારૂપ પંક્તિઓ
૭.૬.૧ નમૂનો-૧
૭.૬.૨ નમૂનો-૨
૭.૬.૩ નમૂનો-૩
૭.૬.૪ નમૂનો-૪
૭.૬.૫ નમૂનો-૫
૭.૬.૬ નમૂનો-૬
૭.૬.૭ નમૂનો-૭
૭.૬.૮ નમૂનો-૮
૭.૬.૯ નમૂનો-૯
૭.૭ તમારી પ્રગતિ ચકાસો

## ૭.૦ હેતુ

આ પ્રકરણ દ્વારા તમે વિચાર વિસ્તાર કેવી રીતે કરવો તેની તાલીમ મેળવી શકશો. પંક્તિને કેવી રીતે સમજશો. તેમાં દૃષ્ટાંતે કેવી રીતે અને કેવા આપશો, તેની રજૂઆત કેવી રીતે કરશો. તેનું શીર્ષક કેવી રીતે આપશો વગેરે વિશે જાણકારી મેળવી શકશો. એ માટે કેટલાક નમૂનારૂપ વિચાર વિસ્તાર પણ જોઈ શકશો.

## ૭.૧ પ્રસ્તાવના

સામાન્ય રીતે કોઈ એક સારગર્ભ, ચિંતનગર્ભ, અર્થગર્ભ એવી કાવ્યપંક્તિ કે ગદ્યપંક્તિ આપવામાં આવે છે અને તેમાંના વિચારને વિસ્તારીને રજૂ કરવાનો હોય છે.

## ૭.૨ પંક્તિને સમજવી

સૌથી પહેલાં તો એ પંક્તિ અથવા લીટીનો અર્થ બરાબર સમજી લેવો જોઈએ. એમાંથી જે સાદોસીધો અર્થ સમજાતો હોય તે તમારા શબ્દોમાં લખવાનો પ્રયત્ન કરવો. એ સાદાસીધા અર્થ દ્વારા જીવનની કોઈ મોટી વાત, જીવનનું કોઈ અગત્યનું રહસ્ય સૂચવવાનો એ પંક્તિમાં આશય હોય છે. એ સીધાસાદા અર્થ પાછળ શેનું સૂચન છે તેનું વિવરણ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

## ૭.૩ દૃષ્ટાંતો

આ સૂચનાની સાથે સુસંગત હોય તેવાં દૃષ્ટાંતો અથવા ઉદાહરણો તમને યાદ આવે તે એની પુષ્ટિરૂપે તમારે રજૂ કરવાં જોઈએ. એ ઉદાહરણો અને દાખલા, દલીલો એકપછી એક ક્રમમાં રજૂ થાય, પંક્તિમાંથી સૂચવાતા વિચારને ક્રમશઃ વધુ સ્પષ્ટ કરતાં હોય તે રીતે રજૂ થાય તો એ વધારે અસરકારક બની શકે.

## ૭.૪ રજૂઆત

આ રજૂઆત માટે તમે જે ભાષાનો ઉપયોગ કરવાનાં હોય તે વિશે પણ તમારે સભાન રહેવું જોઈએ. લખવાની શરૂઆત કરો તે પહેલાં આપેલી પંક્તિમાંનો ઉપરછલ્લો દેખાતો સીધોસાદો અર્થ અને એ દ્વારા થતું સૂચન મુદ્દારૂપે લખો. એ મુદ્દાને તમારે વિસ્તારવાનો છે તો તે માટે કરી શકાય તેવી દલીલો અને વર્ણનોના મુદ્દાઓની નોંધ કરો. એ મુદ્દાઓની પુષ્ટિ માટે તમે જે ઉદાહરણો કે દૃષ્ટાંતો આપવાના છો તેની નોંધ કરો અને છેલ્લે તમે આ બધું જે ભાષાસામગ્રીની મદદથી રજૂ કરવા ધારો છો તે શબ્દો, સમાસો, રૂઢિપ્રયોગો, કહેવતોની પણ નોંધ કરો.

આ નોંધ, જેને તમારા લેખન માટેની કાચી સામગ્રી કહી શકાય તેને તૈયાર થઈ ગયા પછી જ લખવાની શરૂઆત કરો.

## ૭.૫ શીર્ષક

આ વિચારવિસ્તાર લખાઈ રહે પછી એને ફરીથી વાંચી એ આખા પરિચ્છેદ માટે એક ઉચિત મથાળું પસંદ કરો અથવા તો એથી બધું પણ કરી શકાય. વિચારવિસ્તાર માટેની પંક્તિ વાંચતાં જ એમાંના કેન્દ્રભૂત વિચારને તમે સમજી લો અને એ કેન્દ્રભૂત વિચારને મથાળારૂપે પસંદ કરીને તમે મુદ્દાઓ અને ભાષાસામગ્રી તૈયાર કરીને વિચારવિસ્તાર લખવાનું શરૂ કરો.

## ૭.૬ નમૂનારૂપ પંક્તિઓ

નમૂનાઓરૂપે પંક્તિઓ આ રીતે વિસ્તારવી જોઈએ :

### ૭.૬.૧ નમૂનો-૧

**મોડી મોડી ખબર પડી બા, તું છો જ્યોતિધામ.**

ચર્ચા માટેના મુદ્દા અને ભાષાસામગ્રી:

બા વિશેની વાત છે. બાને જ્યોતિધામ કહી છે. ધામ એટલે તીર્થ, પવિત્ર જગ્યા. જ્યોતિધામ એટલે પ્રકાશ જ્યાંથી ફેલાય છે તેવું પવિત્ર સ્થાન. પણ મા આવું જ્યોતિધામ છે તેની ખબર મોડી પડી. આનો અર્થ એ કે કવિ અથવા પંક્તિનો લખનારો જ્યોતિધામની શોધમાં ઘણો વહેલો નીકળ્યો છે. હવે કંઈક પસ્તાવાનો, મોડા પડ્યાનો ભાવ છે એટલે કે જે જ્યોતિધામ હતી એ બા અત્યારે નથી.

આટલું એમાંથી સૂચવાય છે. હવે આપણે જે દૃષ્ટાંતો, દલીલો પુષ્ટિ માટે આપવા માગીએ છીએ તેવી નોંધ કરીએ.

માનું મહત્ત્વ દર્શાવવાનો આશય છે. માનું મહત્ત્વ દર્શાવતી બીજી કોઈ પંક્તિ યાદ આવે છે ? ક્યાંક ભણી ગયા છીએ ? ક્યાંક વાંચી છે ? શાંતચિત્તે યાદ કરો.

"મીઠાં મધુ ને મીઠા મેહુલા રે લોલ, એથી મીઠી તે મોરી માત રે,

જનનીની જોડ સખી નહિ જડે રે લોલ"

'ગોળ વિના જેવો કંસાર, મા વિના તેવો સંસાર.'

'जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी'

'બાળક બોલે અક્ષર પહેલો, બા, બા, બા.'

બહુ થઈ ગઈ. એક વિચારવિસ્તાર માટે બે-ત્રણથી વધારે આવી પંક્તિઓ જરૂરી ન ગણાય નહીં તો પછી ઉદાહરણો-દૃષ્ટાંતોનો ભાર વધી જાય. વળી દૃષ્ટાંત પણ છે જ.

હવે આ વિચારવિસ્તાર માટે કેટલાક શબ્દો, સમાસો, રૂઢિપ્રયોગો, કહેવતો પણ નોંધી લઈએ:

પવિત્રથાનક, પ્રકાશ, તીરથ, કૃતાર્થ, અર્થપૂર્ણ, મા તે મા બીજા વન વગડાના વા, સમસ્યા, મોક્ષ,

શાતાપૂર્ણ, શાંતિપૂર્ણ, વિધિની વિચિત્રતા, અહેસાસ, મમતા, સ્વાર્થરહિત મસ્જિદ, મંદિર, વિસારવું.

**જ્યોતિધામ બા**

માણસ શોધમાં છે એક પવિત્ર જગ્યાની . જ્યાં એને પરમ શાંતિ મળે, શાતા મળે, આધિ, વ્યાધિ અને ઉપાધિથી મોક્ષ મળે. અજ્ઞાન અને અણસમજના અંધકારમાં અટવાતા તેને પ્રકાશના એક એવા પવિત્ર થાનક સુધી, તીર્થ સુધી પહોંચવું છે જ્યાં એને જીવન ભરેલું ભરેલું લાગે, અર્થપૂર્ણ લાગે, કૃતાર્થ લાગે. એવા સ્થાનની શોધમાં એ મસ્જિદમાં જાય છે ને મંદિરમાં જાય છે. કાબા, કરબલા, મક્કા જાય છે તો કાશી, બદરીકેદાર અને દ્વારકા જાય છે. પણ ક્યાંય એના જીવને શાતા નથી, જંપ નથી કારણ કે, અણસમજના અંધકારમાં એ અટવાય છે. ને અંતે મા ચાલી જતાં, એકાએક મારૂપી જ્યોતિ એના જીવનમાં વિલાઈ જતાં એને અહેસાસ થાય છે કે ખરેખર તો જીવનનો પરમ પવિત્ર શાતાપૂર્ણ, શાંતિપ્રદ પ્રકાશ તો મા પાસેથી મળતો હતો. જીવનના બધા પાઠ, ઊંડી મમતા, સ્વાર્થરહિત પ્રેમ અને કાળજી તો મા પાસેથી મળતાં હતાં. જીવનને કૃતાર્થ કરનાર ને અર્થપૂર્ણ બનાવનાર પ્રકાશ તો મા પાથરતી હતી. મા જ જ્યોતિધામ હતી કે જેની શોધમાં એ વરસોથી હતો. કોઈક શ્રવણને કે કોઈક ગણપતિજીને આ વાતની પહેલેથી ખબર પડી જાય છે ખરી. બાકી 'બાળક બોલે અક્ષર પહેલો, બા, બા, બા' એમ જાણનાર માણસ બાને જ વિસારી દે એ કેવી વિધિની વિચિત્રતા છે ? 'ગોળ વિના જેવો કંસાર, મા વિના તેવો સંસાર' એવી ખબર મા ગયા પછી જ પડે એ કેવું દુઃખદ ! 'મા તે મા, બીજા બધા વગડાના વા' એ કહેવત જાણનાર માણસ એ પણ જાણે છે કે 'મીઠા મધુને મીઠા મેહુલા રે લોલ, એથી મીઠી તે મોરી માત રે.' એટલે સાચું જ કહેવાયું છે કે 'જનની જન્મભૂમિશ્ચ સ્વર્ગાદપિ ગરીયસી!'

૭.૬.૨ નમૂનો-૨

**જગની સૌ કડીઓમાં સ્નેહની સર્વથી વડી.**

-સુન્દરમ્

ચર્ચા માટેના મુદ્દા અને ભાષાસામગ્રી.

સ્નેહ વિશેની વાત છે. સ્નેહ એટલે પ્રેમ. પ્રેમનાં અનેક રૂપો છે. વાત્સલ્ય, ભક્તિ, દયા, મૈત્રી, માયા, કરુણા, અપત્યભાવ. આ સ્નેહ જગતમાં એક કડી તરીકે, સૌને મજબૂત રીતે જોડનાર તરીકેની કામગીરી કરે છે તેની વાત છે. માણસ માણસને જોડનાર ઘણા સંબંધો છે, સૌથી મોટો, સૌથી મજબૂત, સનાતન સુધી ટકતો સંબંધ એ સ્નેહસંબંધ છે એમ સૂચવાયું છે. આની પુષ્ટિ માટે આવા યાદગાર સ્નેહસંબંધોનાં દૃષ્ટાંત યાદ કરો. ભરતમુનિનું ઉદાહરણ ખૂબ જાણીતું છે, જગતના બધા સંબંધો છોડીને જંગલમાં તાપસજીવન ગાળતા હતા. હરણના બચ્ચા સાથેના સ્નેહસંબંધે એ બંધાઈ ગયા. બીજા જન્મ સુધી બાંધી રાખતી આ કડી સાબિત થઈ. કોઈ બીજું દૃષ્ટાંત યાદ આવે છે ? અકારણ સ્નેહસૂત્રે બંધાયેલા ને ખેંચાઈ આવેલા શ્વાનને મૂકીને યુધિષ્ઠિર જેવા યુધિષ્ઠિર સ્વર્ગમાં જવા તૈયાર નથી. ઈસુએ પણ એનું મહત્ત્વ પ્રમાણ્યું છે. ન્દી ારઅ હીક્ષરર્હ્વિક્રિજ ારઅ જીક્ષક- એ સુખી થવાનો , સંપી-જંપીને સુખ શાંતિથી રહેવાનો ગુરુમંત્ર છે.

**ભાષાસામગ્રી :**

સ્વર્ગનાં દ્વાર, અકારણ, સ્નેહસૂત્ર, બેડી, સગાંસ્નેહીઓ, શ્વાન, પર્ણકુટિ, મૃગજળ, સ્નેહસંબંધ, સનાતન, સંપ-જંપ, સુખ-શાંતિ, ગુરુમંત્ર, મૂઠેરી ઊંચી ભાવના, વો દિન કહાં કે મિયાંકે પાંવમેં જૂતી.

**સ્નેહની કડી**

યુધિષ્ઠિર સ્વર્ગના દરવાજે સદેહે પહોંચ્યા ત્યાં એમને અટકાવવામાં આવ્યા, કૂતરા સાથે પ્રવેશ ના મળે, જે યુધિષ્ઠિર, ભીમ, અર્જુન, નકુલ, સહદેવ જેવા ભાઈઓ અને દ્રૌપદી જેવી પત્નીને છોડીને સ્વર્ગના દ્વારે આવી પહોંચેલા તે અકારણ સ્નેહ સૂત્રે બંધાઈને તેમની સાથે ખેંચાઈ આવેલા એક તુચ્છ શ્વાનને છોડી શક્યા નહીં. સ્નેહસૂત્ર કેવું તો મજબૂત બની ગયું ! આવું જ ભરતમુનિને થયેલું. રાજપાટ અને સગાંસ્નેહીઓ છોડીને એ જંગલમાં પર્ણકુટિ બાંધીને રહેતા હતા. એક મૃગજળને બચાવી તેને ઉછેરતાં ઉછેરતાં એની

સાથે એવો સ્નેહસંબંધ બંધાઈ ગયો કે બધાંથી છૂટી ગયેલા ભરતમુનિ આ સ્નેહસંબંધમાં બંધાઈ રહ્યા. પ્રેમનાં અનેક રૂપો છે. વાત્સલ્ય, મૈત્રી, ભક્તિ, કરુણા, ભૂતદયા વગેરે. આ જગતમાં કેટલા બધા સંબંધો છે પણ એ બધા સંબંધોમાં સ્નેહસંબંધની કડી બધાંથી મજબૂત છે, મૂઠેરી ઊંચી છે. અન્ય સંબંધો થોડો સમય ટકે છે. એમનો રંગ ફિક્કો અને કાચો હોય છે પણ સ્નેહ સંબંધનો રંગ પાકો હોય છે. ક્યારેય ન તૂટે, ન છૂટે એવો એ સંબંધ હોય છે. આ કારણે કવિએ સ્નેહની કડી કહી. બેડી નહીં પણ કડી, કડી બે વ્યક્તિને, બે પ્રાણીને, બે પદાર્થને જોડે. બાંધે નહીં પણ જોડે, સનાતન સમય સુધી બંનેને એકબીજાની સાથે સાંકળી રાખે. આ કારણે જ ઈસુએ કહ્યું કે (ન્દી ારઅ હીપ્સરર્લેહ્રિજ ારઅ જીહ્નંક) જગતમાં માણસે સંપી-જંપીને સુખ-શાંતિથી રહેવું હોય તો આ ગુરુમંત્ર જીવનમાં ઉતારે જ છૂટકો છે. પણ 'વો દિન કહાં કે મિયાં કે પાંવ મેં જૂતી ?'

(જીપીએસસી વર્ગ-૧ અને ૨ની ૨૦૦૨ની પરીક્ષામાં પુછાયેલ. આપેલી પંક્તિઓનું વિવરણમાં પુછાયેલી પંક્તિ)

### ૭.૬.૩ નમૂનો-૩

**વિચાર સર્વ કાર્યનો રાજા છે. - મ.ન. દ્વિવેદી.**

ચર્ચા માટેના મુદ્દા અને ભાષાસામગ્રી.

વિચારનું મહત્ત્વ સૂચવાયું છે. માણસ જ એક એવું પ્રાણી છે કે જે પૂર્વયોજના પ્રમાણે, ઈચ્છાપૂર્વક કોઈપણ કામ કરે છે. આવાં કામોનું નિયંત્રણ કરનાર, યોજના ઘડનાર અને તેનો અમલ કરાવનાર વિચાર હોય છે. અહીં કાર્ય એટલે કામગીરી, વર્તન, પ્રવૃત્તિ એવા અર્થો છે અને રાજા એટલે નિયંત્રણ કરનાર, કાબૂમાં રાખનાર, નકશો બનાવનાર એવો અર્થ છે.

આ વિચારની પુષ્ટિ માટે દૃષ્ટાંતો અનેક છે. માણસને વિચાર આવ્યો કે માછલીની જેમ પાણીમાં અને પંખીની જેમ આકાશમાં વિહાર કરી શકાય તો ? અને તરાપાથી માંડી સબમરીન અને વિમાનથી માંડી સ્પેસશટલ સુધીનાં સાધનો શોધવાની કામગીરી થઈ.

ભાષાસામગ્રી : અસ્તિત્વ, આહાર, નિદ્રા, ભય, વશવર્તવું, સહજ વૃત્તિઓ, વિચારશક્તિ, સમાજવ્યવસ્થા, કુટુંબવ્યવસ્થા, નિર્માણ, સુખસગવડો, નિયંત્રિત પ્રવૃત્તિઓ અને કામગીરીઓ, માછલી, પંખી, તરાપો, સબમરીન, વિમાન, સ્પેસશટલ, સંસ્કૃતિ, અન્ન તેવો ઓડકાર.

### વિચારનું મહત્ત્વ

આ જગતમાં અસ્તિત્વ ધરાવતાં બધાં પ્રાણીઓ આહાર, નિદ્રા, ભય અને કામ એ ચાર સહજ વૃત્તિઓને વશવર્તીને જીવે છે. માણસ પણ પ્રાણી છે. એ પણ આ ચાર વૃત્તિઓને વશવર્તીને જીવે છે. પણ માણસમાં અન્ય પ્રાણીઓ કરતાં વિશેષતા એ કે એ આ ચાર સહજ વૃત્તિઓને પણ પોતાના વશમાં રાખી શકે છે, એ વિચારે અને ધારે તો દિવસોના દિવસો આહાર વિના જીવી શકે. એ વિચારે અને ધારે તો રાતોની રાતો ઊંઘ્યા વિના રહી શકે. એ ભય અને કામ ઉપર પણ વિજય મેળવી શકે. સહજવૃત્તિઓ ઉપરનો માણસનો આ વિજય તેની વિચારશક્તિનો વિજય છે. માણસ સિવાય બીજાં પ્રાણીઓ વિચારી શકતાં નથી તેથી સંકલ્પ કરી શકયાં નથી, નિર્ણયો લઈ શકતાં નથી, સમાજવ્યવસ્થા અને કુટુંબવ્યવસ્થાનું નિર્માણ કરી શકતાં નથી. સુખસગવડો વધારવા માટેના ઉપાયો અને શોધો કરી શકતાં નથી. માણસનું બધું કાર્ય, એની બધી પ્રવૃત્તિઓ, કામગીરીઓ, વર્તન એ બધું જ એના વિચાર દ્વારા નિયંત્રણમાં રહે છે. માણસની બધી પ્રવૃત્તિઓનો નકશો તૈયાર કરવાનું કામ વિચાર કરે છે, માણસને વિચાર આવ્યો કે માછલીની જેમ પાણીમાં તરી શકાય અને પંખીની જેમ આકાશમાં ઊડી શકાય તો કેવી મજા આવે ? ને આ વિચારના પરિણામે તરાપાથી માંડી સબમરીન અને વિમાનથી માંડીને સ્પેસશટલ સુધીનાં સાધનો તૈયાર કરવાની કામગીરી શરૂ થઈ. વિચારશક્તિએ જ માણસને સંસ્કૃતિની ભેટ આપી. સંસ્કૃતિમાં જે કૃ ધાતુ છે તેનો અર્થ થાય કાર્ય. એટલે સાચું છે કે અન્ન તેવો ઓડકાર અને વિચાર તેવો આચાર.

### ૭.૬.૪ નમૂનો-૪

ફૂલને મારગ સૌ કોઈ ચાલે,

**કંટક મારગ કોઈ**

- રતિલાલ છાયા.

ચર્ચા માટેના મુદ્દા.

સરળ અને કરવાં ગમે તેવાં કામ તો સૌ કોઈ કરે પણ અઘરાં કામ કોઈ વિરલા જ કરે તેવું સૂચન આ પંક્તિમાં છે. પણ એવો મુશ્કેલીઓથી ભરેલો અઘરો જીવનમાર્ગ પસંદ કરવો એ પણ એક પડકાર છે અને જીવનનો રંગ છે એવી પ્રેરણાનું સૂચન પણ આમાં જોઈ શકાય.

આ વિચારની પુષ્ટિ માટે મહાવીર અને બુદ્ધ, સોક્રેટિસ અને ઈસુ, ગાંધીજી અને રવિશંકર મહારાજનાં દષ્ટાંતો આપી શકાય.

**ભાષાસામગ્રી :**

સુખસાહ્યબી, એશઆરામ, નોકરચાકર, મોજમજા, તપશ્ચર્યા, નિર્વાણ, કુરિવાજો, ક્રોસ, બેરિસ્ટર, સત્યાગ્રહ, સ્વતંત્રતા, દેશસેવક, ભૂતકાલીન, રેલસંકટો, કોમી રમખાણો કે દંગાઓ, જઠરાગ્નિ, એકિંચન, રાજમાર્ગ, શીતળતા, સુગંધભર્યો, જીવનપથ, સુવર્ણાક્ષર.

**કંટકમારગ વિરલા**

વર્ધમાન અને ગૌતમ તો રાજકુંવરો હતા. સુખસાહ્યબી, એશઆરામ, નોકરચાકર, ગાડીઘોડા એ બધું એમની તહેનાતમાં હાજર હતું. ધાર્યું હોત તો અન્ય રાજકુંવરોની જેમ મોજમજાનું જીવન ગાળી શક્યા હોત પણ બંનેએ તપશ્ચર્યાના મુશ્કેલ માર્ગે ચાલવાનું પસંદ કર્યું. પોતે તો મહાવીર અને બુદ્ધ થયા જ પણ માનવજાતને મોક્ષ અને નિર્વાણનાં દ્વાર બતાવ્યાં. પોતાના સમાજના વહેમો, ખોટી માન્યતાઓ, કુરિવાજોમાં પોતે પણ હા એ હા કરી સોક્રેટિસ અને ઈસુ નિરાંતે જીવી શક્યા હોત પણ એકે ઝેર પીવાનું અને બીજાએ ક્રોસ પર ખીલાઓથી વીંધાવાનું પસંદ કર્યું. પણ એ કાંટાળે માર્ગે ચાલવાને કારણે જ તેઓએ માનવજાત માટે પ્રકાશનાં દ્વાર ખોલી આપ્યાં. અઢળક ધન કમાવી આપતી બેરિસ્ટરી ચાલુ રાખીને મોહનદાસ ગાંધી ફૂલને મારગ ચાલી શક્યા હોત પણ સત્યાગ્રહના આકરાં વ્રત લઈને ગોળીથી વીંધાવાનું પસંદ કર્યું તો ભારતમાતાને આઝાદ કરી શક્યા, અને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી બની શક્યા. ભારતને સ્વતંત્રતા મળ્યા પછી અન્ય દેશસેવકોની જેમ રવિશંકર વ્યાસે પોતાની દેશસેવાની ભૂતકાલીન કામગીરીને વટાવીને પ્રધાનપદું કે મુખ્ય પ્રધાનપદું મેળવ્યું હોત, પણ ઉઘાડાપગે રેલસંકટો અને દુકાળો, કોમી દંગાઓની આગો અને ભૂખ્યાં જનોના જઠરાગ્નિની આગો શમાવવા અથાક દોડાદોડી કરીને મર્યા એક અકિંચન ભિખારીની જેમ. પણ એવાં કષ્ટો વેઠ્યાં તો એ બન્યા મૂઠી ઊંચેરા આદમી, ગુજરાતના રવિશંકર મહારાજ. પણ વાત સાચી છે. સુંવાળા રાજમાર્ગો, સુગંધ અને શીતળતાથી ભરેલા જીવનપથ પર ચાલવાનું તો સૌ કોઈ પસંદ કરે જ પણ કાંટાળા માર્ગે ચાલવાનું પસંદ તો આવા કોઈ વિરલા જ કરવાના. કાળની કિતાબમાં આવા વિરલાઓનાં નામ જ સુવર્ણાક્ષરે લખાવાનાં.

### ૭.૬.૫ નમૂનો-૫

**અમરપણું તો મરવામાં જ છે.**

- ગાંધીજી

ચર્ચા માટેના મુદ્દાઓ :

ઉપરછલ્લી રીતે વિરોધી વિચાર વ્યક્ત કરતું લાગતું વાકય છે. ઉપરછલ્લો અર્થ કરીએ તો મરવાથી તો મરી જવાય, અમર કઈ રીતે થવાય ? એટલે આ વાક્ય દ્વારા જે સૂચવાયું છે તેનો વિચાર કરવો પડે. અમરપણું એટલે નામ અમર કરી જવું. ઇતિહાસમાં નામ કોતરી જવું. યુગો સુધી પ્રજા યાદ કર્યા કરે એ અમરપણું. પણ આવું અમરપણું સામાન્ય રીતે રોગથી રીબાઈને કે ખાટલે પડીને મરવાથી ના મળે. અહીં

મરવામાં એટલે કોઈક ધ્યેયની સિદ્ધિ કાજે મરવામાં, સામી છાતીએ મરવામાં અમરપણું મળે એની વાત છે.

આ વિચારની પુષ્ટિ માટે વીર ભગતસિંહ, ઝાંસીની, રાણી વસંત-રજબ, વીર વિનોદ કિનારીવાળાનાં દૃષ્ટાંતો આપી શકાય.

ભાષાસામગ્રી :

અભિલાષા, મહેચ્છા, અમરપણું, સુવર્ણાક્ષર, સ્વતંત્રતા, પ્રાણની આહુતિ આપવી, લોકહૈયું, શૂરવીરતા, બલિદાન આપવું, શહીદ થવું, નામ અમર કરવું, કોમીએખલાસ, મરી ફીટવું, ક્રાંતિ ફનાગીરી, શહીદી.

**અમરપણું**

માણસને ખબર છે કે જે જન્મે છે તે મરે છે. છતાં માણસ લાંબું જીવવાની અભિલાષા સેવે છે. માણસને એમ પણ છે કે મરાય જ નહીં એવું કંઈક શોધી કાઢીએ તો કેવું ? પણ એવી શોધ થઈ શકી નથી. એટલે પોતાનાં કામ અને નામથી પોતે અમર રહે એવી મહેચ્છા રાખે છે. કંઈક એવું કામ કરી જવું કે યુગો સુધી પ્રજા યાદ રાખે, ઇતિહાસનાં પાનાંઓ ઉપર નામ સુવર્ણાક્ષરે લખાયેલું રહે. મોટે ભાગે દેશની સ્વતંત્રતા માટે કે પ્રજાના સુખ માટે જેઓ પ્રાણની આહુતિ આપે છે તેઓની યાદ લોકહૈયે અમર બની જાય છે. સન સત્તાવનના બળવામાં અત્યંત શૂરવીરતા દાખવનાર અને દેશ માટે મરી ફીટનાર ઝાંસીની રાણીને હજુ પણ પ્રજા યાદ કરે છે. ભારતની સ્વતંત્રતા માટે પોતાની જાતનું બલિદાન આપનાર વીર ભગતસિંહને ભારતની પ્રજા ક્યારેય ભૂલી શકવાની નથી. કોમી એખલાસ સાચવવા, ભાઈચારો અને કોમકોમ વચ્ચેનો સંપ ટકાવી રાખવા મોતનાં મોંમાં કૂદી પડેલા વસંત અને રજબઅલીએ ઇતિહાસમાં પોતાનું નામ અમર કરી લીધું છે. ૪૨ની ક્રાંતિ સમયે સામી છાતીએ ગોળી ઝીલીને દેશ ખાતર શહીદ થનાર વીર વિનોદ કિનારીવાલાને યુવાનોના હૈયાએ આજે પણ મરવા દીધો નથી. આ બધાંનાં નામ દિલમાં કોતરાઈ ગયાં છે. આ બધાંએ અમરપણું મેળવ્યું. ખાટલે પડીને કોઈ રોગથી પીડાઈને મરેલાને ભાગ્યે જ કોઈ યાદ કરે છે. અમરત્વ તો પ્રાપ્ત થાય છે ફનાગીરીથી, શહીદીથી.

### ૭.૬.૬ નમૂનો-૬

**ક્ષમામાં જે શક્તિ છે તે દંડમાં નથી.**

ક્ષમા એટલે માફી અને દંડ એટલે સજા. કોઈ વ્યક્તિ ભૂલ કરે, અથવા ગુનો કરે તો સમાજની વ્યવસ્થા બરાબર ચાલે નહીં. તમે સાઇકલ કે સ્કૂટર ચલાવતા હો અને ભૂલમાં અકસ્માત થાય તો સામી વ્યક્તિને વાગે, ફ્રેક્ચર થાય અથવા ક્યારેક જીવ પણ જાય. આવું બધા કરવા માંડે તો અકસ્માતોનો પાર ન રહે. તમે કાળજીથી વાહન ચલાવો એ માટે તમને અક્સ્માત કરવા બદલ સજા થાય જ. આવી ભૂલો અથવા ગુના બદલ માફી આપી શકાય નહી. આ જાહેર ગુનો ગણાય.

પણ જો કોઈ ભૂલ ભૂલમાં તમારું અપમાન કરી બેસે, તમારો જીવ દુઃખાય તેવું કંઈક કરી બેસે તો એને તો માફી જ આપવી જોઈએ. એનો ઈરાદો ન હોય અને કદાચ હોય તો પણ આવું અજ્ઞાનવશ થાય છે. સાચી સમજ ધરાવનાર સામાને કોઈ રીતે નુકસાન થાય તેવું વર્તન ન જ કરે. વ્યક્તિમાં સાચી સમજ કેળવવી હોય તો સજાને બદલે માફી ઉપયોગી શસ્ત્ર સાબિત થયું છે. માફી આપવાથી સામાને પસ્તાવો કરવાની તક મળે છે અને પસ્તાવો કરવાથી માણસ પાપમુક્ત થાય છે, ફરીથી એવી ભૂલ ન કરવાનો પાકો નિર્ણય કરે છે. કદાચ એટલે જ ભગવાન બુદ્ધે કહ્યું, 'અવેરે જ શમે વેર, એવા ધર્મ સનાતન' અંગ્રેજીમાં એટલે જ એક સૂક્તિ છે. 'Forget and forgive' 'ભૂલી જાવ અને માફ કરો'.

### ૭.૬.૭ નમૂનો-૭

**નમતાથી તો સૌ કોઈ રીઝે, નમતાને બહુમાન.**

'નમ્યું એ ઈશ્વરને ગમ્યું' એવી કહેવત જાણીતી છે. અક્કડ રહેનારાં વૃક્ષો તોફાનમાં ઉપડી જાય છે. જ્યારે નમી જનારું ઘાસ બચી જાય છે. માનવ જીવનમાં પણ એવી સ્થિતિ છે. જે લોકો અહંકારી છે. અભિમાની

છે. એ લોકો બહુ લોકપ્રિય થતાં નથી. તેમના સગાંવ્હાલાં જ નહીં પરંતુ કુટુંબીઓ અને સંતાનો પણ તેમનાથી દૂર રહે છે. અહંકારને કારણે તેઓ કોઈને માન તો આપી શકતા નથી પણ કોઈનું સાંભળતા નથી.

જ્યારે નમ્ર માણસો બધાને શાંતિથી સાંભળે છે. સૌની સાથે હળેભળે છે. બીજાનાં સુખદુઃખ જાણે છે. બધાને માન આપે છે. અહીં 'નમવું' નો અર્થ બીજાને માન આપવું એવો થાય છે. તમે બીજાને માન આપો તો એને સારું લાગે અને એ પણ સામેથી તમને માન આપે છે. 'માન આપો તો માન મળે' એ સૂત્ર ઘણું જાણીતું છે. એ અર્થમાં પણ જે બીજાઓને નમતો રહે છે એટલે કે માન આપે છે તેને બહુમાન મળે છે.

બીજી રીતે જોઈએ તો જે લોકો સમૃદ્ધ થયા પછી નમે છે. બીજાઓને કંઈક આપે છે. તેમને પણ બહુમાન મળે છે. આંબાના વૃક્ષનું ઉદાહરણ આપવામાં આવે છે. એ જ્યારે ફૂલોથી એટલે કે સમૃદ્ધિથી લળી પડે છે ત્યારે અક્કડ રહેવાને બદલે ચારે બાજુથી ઝૂકે છે. એની નમેલી ડાળીઓ ઉપરથી નાનાં બાળકો પણ એનાં ફળ તોડી શકે છે. કદાચ એટલે જ આંબાને પૃથ્વી ઉપરનું કલ્પવૃક્ષ કહેવામાં આવતું હશે. આ પંક્તિઓમાં સાગરનું ઉદાહરણ આપવામાં આવ્યું છે. સાગર મહાન અને વિશાળ હોવા છતાં નમ્રપણે નીચી જગ્યાએ રહેવાનું પસંદ કરે છે તો બધી નદીઓ પોતાનાં ઊંચાસ્થાન છોડી છોડીને એને મળે છે.

### ૭.૬.૮ નમૂનો-૮

**ત્રણ વાનાં મુજને મળ્યાં : હૈયું મસ્તક હાથ :**

ઈશ્વરે બીજાં પ્રાણીઓને જે ત્રણ વસ્તુ નથી આપી તે માણસને આપી છે. હૈયું આપ્યું છે જેથી એ સુખ-દુઃખ, આનંદ-શોક અને સમસંવેદન અનુભવી શકે. મસ્તક આપ્યું જેનાથી તે વિચારી શકે. આયોજન કરી શકે, સારું નરસું સમજી શકે. હાથ આપ્યા જેનાથી તે અનેક કામો કરી શકે. આ ત્રણ અંગોની મદદથી તેણે સમાજને વિકસાવ્યો, પ્રગતિ કરી. હૈયું હોવાને કારણે તે બીજાનાં દુઃખસુખ પણ સમજી શકે છે અને તેથી અનેક કલાઓને જન્મ આપી શકે છે. સંગીત, સાહિત્ય, નૃત્ય, શિલ્પ, સ્થાપત્ય જેવી કલાઓ તેના હૈયામાં ધબકતી સર્જકતાની સાક્ષી પૂરે છે. તો મસ્તકમાં આવેલા મગજથી તેણે વિજ્ઞાનને અને યંત્રવિદ્યાને વિકસાવી. ભૌતિક અને આર્થિક વિકાસ જ નહીં પણ સાંસ્કૃતિક અને અધ્યાત્મિક વિકાસ પણ મગજની નિપજ છે. મગજને કારણે જ તે જ્ઞાનવાન બન્યો. અને હાથે તો કમાલ કરી. કલા અને વિજ્ઞાનની મદદથી જે કંઈ માનવે સર્જ્યું તે હાથની જ કમાલ છે.

ટોલ્સટોયની એક વાર્તા જાણીતી છે. એક ગરીબ માણસે તેને કહ્યું, 'હું ખૂબ ગરીબ છું. મારી પાસે કંઈ નથી' ટોલ્સટોયે કહ્યું, 'હું એક વેપારીને ઓળખું છું. તે તારા બે હાથ પચીસ હજારમાં ખરીદી લેશે.' પેલા ગરીબને તરત ભાન થયું કે આ હાથ પચીસ હજાર તો શું, પચીસ લાખ પેદા કરવા માટે સમર્થ છે. એટલે કવિ કહે છે કે ઈશ્વરે ત્રણ વાનાં આપીને મારા પર બહુ મોટો ઉપકાર કર્યો છે. હવે એ વરદાન માગવાનું કહે તો પણ આ ત્રણ કરતાં તો વધુ હું શું મેળવી શકવાનો છું? એટલે જ સંતોષપૂર્વક કહે છે કે 'બહુ દઈ દીધું નાથ !' જા ચોથું નથી માગવું.

### ૭.૬.૯ નમૂનો-૯

**બાથ ભરી ભેટ્યા થકી કરીએ નહિ વિશ્વાસ**

મહાભારતનું યુદ્ધ પૂર્ણ થયા પછીનો પ્રસંગ છે. બધા કૌરવો મૃત્યુ પામ્યા હતા. પાંડવો જીવતા હતા. તેઓ પોતાના કાકા ધૃતરાષ્ટ્રને પગે લાગવા ગયા. ધૃતરાષ્ટ્રને પોતાના સોએ પુત્રોનો વધ થયો હતો તેથી ઘણું દુઃખ હતું. એ ઉપરાંત ભીમે ગદાયુદ્ધમાં દુર્યોધનને નિયમવિરુદ્ધ સાથળ ઉપર ગદા મારીને હણ્યો હતો તે માટે ભયંકર ગુસ્સો પણ હતો. પાંડવો પગે લાગ્યા પછી અંધ ધૃતરાષ્ટ્રએ પૂછ્યું. 'ભીમ ક્યાં છે ? મારે એને ભેટવું છે. 'કૃષ્ણએ સમયસૂચકતા વાપરી ભીમને બદલે ભીમનું પૂતળું ધૃતરાષ્ટ્રની સામે મૂક્યું. ધૃતરાષ્ટ્ર એને એટલું બળ કરીને ભેટ્યા કે લોખંડના પૂતળાના ચૂરેચૂરા થઈ ગયા અને ધૃતરાષ્ટ્ર મૂર્છિત થઈ ગયા.

આવો જ બીજો પ્રસંગ શિવાજી અને અફઝલખાનનો છે. એ લોકો ભેટ્યા અને પોતાની આંગળીઓ પર પહેરેલા વાઘનખથી શિવાજીએ તેની પીઠ ચીરી નાખીને તેને યમસદન પહોંચાડ્યો.

આ બંને પ્રસંગો સૂચવે છે કે કોઈ બાથ ભરીને ભેટે તો તેનો વિશ્વાસ ન કરવો. આપણા મૃત્યુનું કારણ પણ થઈ શકે. પ્રેમ માત્ર દેખાડો જ હોય. અહીં કવિએ સૂડીનું ઉદાહરણ આપ્યું છે. સૂડી પોતાના બે હાથ પહોળા કરી, ફોકળ એટલે કે સોપારીને બાથમાં લે છે અને બીજી મિનિટે તેના બે કકડા કરી નાખે છે. દુશ્મનો પણ ધૃતરાષ્ટ્ર, શિવાજી કે સૂડીની જેમ જ પ્રેમનો દેખાડો કરીને આપણને ભ્રમમાં રાખીને આપણો વિનાશ કરી શકે એમ કવિએ અહીં સૂચવ્યુ છે.

(ઉપરના નંબર ૬થી ૯ વિચાર-વિસ્તાર - આપેલી પંક્તિઓનું વિવરણ તરીકે જીપીએસસી વર્ગ-૧-૨ની ૨૦૦૨ની પરીક્ષામાં પુછાયા હતા)

ઉપરના નવે વિચારવિસ્તાર ફરી ફરીને વાંચો. કઈ રીતે મૂળ વિચારના મુદ્દાઓનો વિસ્તાર કર્યો છે તે બરાબર સમજો. કઈ રીતે ભાષાસામગ્રીનો ઉપયોગ કરીને પોતે વિસ્તારેલા મુદ્દાઓ નિરૂપ્યા છે તેનું મનન કરો.

## ૭.૭ તમારી પ્રગતિ ચકાસો

(૧) સુખ સમયમાં છકી નવ જવું દુઃખમાં ન હિંમત હારવી.

(૨) સત્ય એ જ પરમેશ્વર છે.

(૩) તારી હાક સૂણી કોઈ ના'વે તો તું એકલો જાને રે.

(૪) સ્વદેશે પૂજ્યતે રાજા, વિદ્વાન સર્વત્ર પૂજ્યતે.

(૫) જીવવા નહિ તો મરવા કોઈ ભવ્ય પ્રસંગ તું દે !

(૬) તને નમું, પથ્થરને ય હું નમું. શ્રદ્ધા તણું આસન જ્યાં નમું ત્યહી.

# પ્રકરણ : ૮ અહેવાલ લેખનની તાલીમ

**એકમની રૂપરેખા**


૮.૦ હેતુઓ

૮.૧ પ્રસ્તાવના

૮.૨ અહેવાલનો વિષય

૮.૩ વિગતોની તપાસ

૮.૩.૧ નમૂનો-૧

૮.૪ ઘટના કે પ્રસંગનો અહેવાલ

૮.૪.૧ નમૂનો-૧

૮.૪.૨ નમૂનો-૨

૮.૫ અહેવાલ લેખનની આવશ્યકતાઓ

૮.૬ તમારી પ્રગતિ ચકાસો


## ૮.૦ હેતુ

આ પ્રકરણ દ્વારા તમે અહેવાલ કઈ રીતે લખશો તેની માહિતી મેળવી શકશો. અહેવાલનો વિષય શું છે, તેને અનુરૂપ વિગતોની તપાસ કેવી રીતે કરશો અને તેનું લેખન કેવી રીતે કરશો તેની માહિતી મેળવી શકશો. તે માટે નમૂનારૂપ કેટલાક અહેવાલ જોઈ શકશો.

## ૮.૧ પ્રસ્તાવના

બીજા પ્રકરણમાં નિબંધની તાલીમની વાત કરતી વખતે નોંધેલું કે વિગતોનું કે માહિતીનું મહત્ત્વ ઓછું નથી પણ એ વિગતો કે માહિતી કઈ રીતે રજૂ થાય છે એનું મહત્ત્વ ઘણું વધારે હોય છે. વિગતો કે માહિતીની રજૂઆતની તાલીમનું સૌથી મહત્ત્વનું સોપાન અહેવાલલેખન છે. નિબંધ, પત્ર, સંક્ષેપીકરણ આ બધી તાલીમ મેળવ્યા પછી અહેવાલલેખનનું કામ સરળ બને છે. વાચક ઉપર જુદી જુદી અસર ઊભી કરવા એની એ વિગતો કેવા જુદા જુદા ગદ્યમાં લખી શકાય એનો પરિચય પણ તમને થયો. ભાષાસામગ્રીનો કેવી કેવી રીતે ઉપયોગ કરી શકાય એ પણ તમે જાણ્યું. હવે આ બધી જાણકારી અને તાલીમનો ઉપયોગ કરીને અહેવાલ લેખનમાં પ્રભુત્વ મેળવવા શું કરવું એ જોઈએ.

## ૮.૨ અહેવાલનો વિષય

કોઈ પ્રસંગ કે ઘટનાનો અહેવાલ લખવાનો હોય છે. ક્યારેક કોઈ વ્યક્તિ વિશે પણ અહેવાલ લખવાનો આવે. તમે ચર્ચાની જે બેઠકનું સંચાલન કર્યું તેનો અહેવાલ લખવાથી માંડીને તમે જોયેલ અકસ્માત સુધીની ઘટનાઓ વિશે અહેવાલ લખી શકાય. નિબંધમાં આવા પ્રસંગો કે ઘટનાઓ જીવનના એક ભાગરૂપે રજૂઆત પામે, અહેવાલમાં એ પ્રસંગ કે ઘટના જ કેન્દ્રમાં હોય એટલે અહેવાલમાં કોઈ લંબાણ ન હોય, ખપ પૂરતી જ વાત હોય-લખનારની પોતાની છાપ વિશે પણ બહુ જ જરૂરી હોય તેટલું જ, થોડા શબ્દોમાં જ. એટલે વિગતો અને માહિતી કેન્દ્રમાં હોય, તમારી પોતાની છાપનું મહત્ત્વ ક્યારેક જ અને તેય વિશેષ સંયાગોમાં જ.

ખાસ તો સરકારી નોકરી કરવાની આવે, પત્રકાર તરીકે કામગીરી કરવાની આવે, કોઈ વહીવટી કામગીરી બજાવવાની આવે ત્યારે આ પ્રકારનો અહેવાલ લખવો પડે. ધારો કે તમે મામલતદાર કે પોલીસ અધિકારીની નોકરી કરો છો. તમારે તમારા ઉપરી અધિકારીને તમારી અનેક કામગીરીઓના અહેવાલ લખવા પડવાના. ધારો કે તમારા તાલુકામાં દુકાળની સ્થિતિ છે. તમારે એ વિશેની વિગતો એકઠી કરીને એ માટેનો અહેવાલ તૈયાર કરવો પડવાનો. આવા અહેવાલમાં ચોક્કસ આંકડાઓ અને ઝીણી ઝીણી વિગતો નોંધાય

એની તો કાળજી રાખવી પડે પણ એ વિગતોની રજૂઆત એવા ક્રમમાં એવી ભાવપૂર્વક તથા સમતોલ રીતે કરવી જોઈએ કે તમારા તાલુકાનો કેસ મજબૂત બને. આ માટે પૃથક્કરણની, વર્ણનની ભાષા ઉપરાંત ભાવાત્મક અને કંઈક વાદાત્મક ગદ્યનો ઉપયોગ પણ કરી શકાય.

આ માટે પ્રથમ આંકડાઓ અને ઝીણી ઝીણી વિગતો પ્રાપ્ત કરો. તેની એક કામચલાઉ યાદી બનાવો. એ યાદીમાંની બાબતોને એના મહત્ત્વ અનુસાર ક્રમમાં ગોઠવો. તમારી પાસે જૂની ફાઈલો હોવાની. એમાંથી આ પ્રકારના અહેવાલો કઈ રીતે લખાયા હતા તેનું ધ્યાન દઈને મનન કરો. આ પ્રકારના એક કરતાં વધારે અહેવાલો જૂની ફાઈલોમાંથી શોધી કાઢો, એમની સરખામણી કરો. એમાંનો કયો અહેવાલ વધારે અસરકારક બન્યો છે અને શા માટે એ વધુ અસરકારક બન્યો છે તે સમજવાનો પ્રયત્ન કરો.

## ૮.૩ વિગતોની તપાસ

હવે તમે ભેગી કરેલી વિગતો અને આંકડાઓ બરાબર ઝીણવટથી તપાસી જાવ. એમાં ક્યાંય સહેજ પણ ભૂલ નથી તેની ખાતરી કરી લો. એમાંની જે વિગતો અને આંકડાઓ બિનજરૂરી હોય, પુનરાવર્તન પામતા હોય તેનો ત્યાગ કરો. ફરીથી યાદી બનાવી અને મહત્ત્વ અનુસાર છતાં સમતોલ લાગે તેવા ક્રમમાં ગોઠવો. આ ક્રમ સુસંગત છે કે નહીં તે ચકાસી લો અને છેલ્લે અર્થબોધ સરળતાથી થઈ શકે તેવી રોચક છતાં અલંકારો અને આડંબર વિનાની ભાષામાં તેને લખવા માંડો. અહેવાલ લખતી વખતે શિષ્ટ ગુજરાતી શબ્દો વાપરવાનો આગ્રહ રાખો. બહુ જરૂર પડે તો તળપદા અથવા અંગ્રેજી જેવા પરભાષાના શબ્દો વાપરો. અલબત્ત, અંગ્રેજી શબ્દો ન જ વાપરવા એવી જીદ રાખવાની જરૂર નથી, પણ ખૂબ વિવેકપૂર્વક જ તેનો ઉપયોગ કરવો.

### ૮.૩.૧ નમૂનો-૧

નમૂનારૂપે એક અકસ્માતના બે દૈનિકપત્રોમાં આવેલા અહેવાલો સરખાવીએ.

ગુજરાત સમાચાર તા. ૪-૩-૮૪

(ગુ.જ.ન્યુ.સ.) રાજકોટ તા. ૩

ચોટીલાના ભયંકર અકસ્માતની શાહી સુકાણી નથી ત્યાં અત્રેની એક પ્રાઈવેટ ટ્રાવેલ કંપનીની લક્ઝરી બસ ગઈકાલે સાંજે રાજકોટથી મુંબઈ જવા રવાના થઈ હતી.

તે બસ કરજણ ગામ પાસે પલટી ખાઈ જતાં આઠ શખ્સોને ઈજા થયેલ હતી. જેમાં રાજકોટના વહોરા કોમના મૌલવી જનાબ વજરીને તથા ભૂતપૂર્વ ડેપ્યુટી મેયર તથા અગ્રગણ્ય વેપારી લક્ષ્માનજી ભારમલને હાથ, માથા તથા છાતીમાં ગંભીર ઈજા થઈ છે તેમ જ અન્યને નાની મોટી ઈજા થઈ છે.

ઈજા પામેલાઓને ડૉ. શાહની ખાનગી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

સંદેશ તા. ૪/૩/૮૪

મુંબઈથી રાજકોટ જતી ખાનગી લક્ઝરી બસે પલટી ખાતાં ૧૦ પ્રવાસીઓને ઈજા.

અમદાવાદ, શનિવાર.

ગઈ મોડીરાત્રે વડોદરા જિલ્લાના કરજણ અને પાલેજ વચ્ચે એક ખાનગી લક્ઝરી બસ પલટી ખાતાં સર્જાયેલાં અકસ્માતમાં ત્રણ મહિલા સહિત દસ મુસાફરોને ઈજાઓ થઈ હોવાનું રાજ્ય પોલીસ કન્ટ્રોલને આજે સવારે મળેલા સંદેશામાં જણાવવામાં આવ્યું છે. આ લક્ઝરી બસ પચાસ જેટલાં મુસાફરોને લઈને મુંબઈથી રાજકોટ તરફ જઈ રહી હતી ત્યારે આ અકસ્માત થયો હતો.

ઈજા પામેલા લક્ઝરી બસના પ્રવાસીઓને વડોદરાની સયાજીગંજની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

------

હવે ઉપરના બંને અહેવાલની સરખામણી કરવાનો પ્રયત્ન કરો.

૧. ગુ.સ. ને અહેવાલની વિગતો ક્યાંથી પ્રાપ્ત થઈ છે તે સ્પષ્ટ કર્યું નથી. સંદેશને આ વિગતો રાજ્ય પોલીસ કન્ટ્રોલમાંથી પ્રાપ્ત થઈ છે તેથી તે વધુ ચોક્કસ છે, ખાતરીપૂર્વકની છે એમ સૂચવાય છે.

૨. ગુ.સ. અહેવાલના મથાળામાં 'લક્ઝરી બસે પલટી ખાતાં' એટલી જ વિગત આપે છે જ્યારે સંદેશ 'ખાનગી' એવું વિશેષણ ઉમેરે છે.

૩. ગુ.સ. આઠ જણાને ઈજા થયાની વાત કરે છે, સંદેશ દસ પ્રવાસીઓને ઈજા થયાનું કહે છે. વળી એમાં ત્રણ મહિલાઓ હતી એવી ચોક્કસ વિગત પણ તેણે મેળવી છે. વિગતો મેળવવાની આ બાબતમાં સંદેશ આગળ નીકળે છે.

૪. પણ ગુ.સ. કોને કોને ઈજા થઈ છે તેની વિગતો પણ આપે છે અને તેમને કોના દવાખાને દાખલ કર્યા છે તે વિગત પણ આપે છે, જેથી તેમનાં બહોળા પરિવારના સ્વજનો, મિત્રો તેમનો સંપર્ક કરી શકે. આ બાબતે સંદેશ પાછળ છે.

૫. ગુ.સ. તળપદા શબ્દો પ્રયોજે છે જ્યારે સંદેશ શિષ્ટ શબ્દો વાપરે છે.

૬. સંદેશ આ આખા સમાચાર માત્ર ત્રણ વાક્યોમાં રજૂ કરે છે. અકસ્માત હોય છે એટલે એમાં કોઈનું કતૃત્વ (કર્તાપણું અને તેથી જવાબદારી) નથી એમ દર્શાવવા ત્રણે વાક્યોની રચના કર્તા વિનાની છે. એમાંનાં બે વાક્યો તો 'જણાવવામાં આવ્યું છે' દાખલ કરવામાં આવ્યાં છે.' એ રીતના તદ્દન તટસ્થ અહેવાલમાં વપરાતાં ઔપચારિક વાક્યો છે. જ્યારે ગુ.સ.ની વાક્ય રચનાઓ એટલી સંમાર્જિત નથી.

ઉપરની રીતે સરખામણી કરતાં બંને અહેવાલોની વિશેષતાઓ અને ઉણપો છતી થઈ શકે. હવે વિશેષતાઓનો ઉપયોગ કરીને આપણે આપણી રીતે ત્રીજી જ રીતે આ અકસ્માતો અહેવાલ લખી શકીએ. જે આ બંને કરતાં વધુ વિગતપૂર્ણ અને વધુ અસરકારક રીતે રજૂ થયેલો હોય. હવે નીચેની સૂચનાઓ અનુસાર તમે જાતે આ અહેવાલ લખી જુઓ:

૧. બંને અહેવાલની વિગતો ભેગી કરો, વધુ પ્રમાણભૂત (દા.ત. દસ પ્રવાસીઓ જેમાં ત્રણ મહિલા છે) વિગતો રાખો.

૨. આ પ્રવાસીઓમાં મોટાભાગના જાનૈયા હતા તથા હોસ્પિટલમાં બે મૃત્યુ પામ્યા એ વિગતો યથાસ્થાને ઉમેરો.

૩. 'ઈજા પામેલા' એ શબ્દોને બદલે 'ઈજાગ્રસ્ત' એવો સમાસ વાપરો. બધે જ શિષ્ટ ભાષાના શબ્દો વાપરો.

૪. 'સર્જાયેલા' શબ્દોને સ્થાને 'સર્જાયો હતો' એમ વાપરીને વાક્યો નાનાં બનાવો.

૫. અહેવાલની તટસ્થ ભાષા-જણાવવામાં આવ્યું છે, માનવામાં આવે છે, દાખલ કરવામાં આવ્યા છે ચાલુ રાખો.

આ આખા અહેવાલને ટેલિગ્રાફિક સંદેશામાં સંક્ષિપ્ત પણ કરી શકાય.

હવે નીચે આપવામાં આવેલા બે અહેવાલોની ઉપર પ્રમાણે સરખામણી કરી બંનેની વિશેષતાઓ તારવી એ વિશેષતાઓનો સમાવેશ કરતો એક અહેવાલ તમારી જાતે તૈયાર કરો.

ગુજરાત સમાચાર, તા. ૪-૩-૮૪

જનતા પક્ષના પ્રમુખની આજે થનારી ચૂંટણી

નવી દિલ્હી તા. ૩

જનતા પાર્ટીના પ્રમુખની ચૂંટણી માટે આવતીકાલે મતદાન થશે. પ્રમુખપદ માટે શ્રીચંદ્રશેખર અને ડૉ. સુબ્રહ્મણ્યમ સ્વામી એ બે ઉમેદવારો છે.

છઠ્ઠી માર્ચના રોજ સાંજે અત્રે પરિણામ જાહેર કરવામાં આવશે. ૧૦મી માર્ચના રોજ પટણા ખાતે પક્ષનું બીજું અધિવેશન યોજાશે. તેની પહેલાં રાષ્ટ્રીય કારોબારી અને રાષ્ટ્રીય પરિષદની બેઠકો યોજાશે.

અત્રે ૧૩ મી માર્ચના રોજ વિરોધ પક્ષોનો જનતા પાર્ટીની નેતાગીરી હેઠળ સંયુક્ત મોરચો તેની નીતિઓ અને કાર્યક્રમોને આખરી ઓપ આપવા મળશે.

સંદેશ તા. ૪-૩-૮૪

ચંદ્રશેખર અને સ્વામી વચ્ચે આજે ચૂંટણી જંગ

નવી દિલ્હી તા. ૩

જનતા પક્ષના પ્રમુખપદ માટેની આવતીકાલે યોજાનારી ચૂંટણીમાં ચંદ્રશેખર અને ડૉ. સુબ્રહ્મણ્યમ સ્વામી હરીફ ઉમેદવારો તરીકે ટકરાવાના છે.

આ ચૂંટણીનું પરિણામ છઠ્ઠી માર્ચે બહાર પડશે.

૧૦મી માર્ચે પક્ષનું બીજું અધિવેશન પટણા ખાતે મળનાર છે અને આ પૂર્વે પક્ષની કારોબારીની અને રા. સમિતિની બેઠક મળશે.

૧૩મી માર્ચે જનતા પક્ષના નેતૃત્વ હેઠળના વિરોધપક્ષના સંયુક્તમોરચાની બેઠક મળશે જેમાં મોરચાની નીતિ અને કાર્યક્રમોને આખરી ઓપ અપાશે.

**અહેવાલ લખતી વખતે નીચેની બાબતો ધ્યાનમાં રાખો :**

અહેવાલનો હેતુ શું છે ?

અહેવાલમાં કઈ કઈ મહત્ત્વની બાબતો સમાવવાની છે ?

અહેવાલનું સ્વરૂપ ક્યા પ્રકારનું થશે ?

સ્વરૂપ અને વિષય પ્રમાણે કઈ રીતે રજૂઆત કરવી ?

શબ્દોની પસંદગી અને વાક્યરચનાઓની પસંદગી કઈ રીતે કરશો ? તે બધી બાબતો ધ્યાનમાં રાખો.

**અહેવાલનો હેતુ**

કોઈ ઘટના કે પ્રસંગની તપાસ, કોઈ કામગીરીનો અમલ, તેની અસરો અને તમારાં અવલોકન કે કોઈ કાર્ય કે કાર્યક્રમ યોજાય તે પૂર્વે જરૂરી સાવચેતી-અગમચેતીની તર્કપૂર્ણ ચકાસણી, સંશોધનોની રજૂઆત જેવી બાબતોને કેન્દ્રમાં રાખીને અહેવાલ તૈયાર કરવાનો હોય છે. આ હેતુ અનુસાર કેવી રીતે મહત્ત્વની માહિતી અથવા મુદ્દાઓ અહેવાલની સામગ્રી બની શકે તે જોઈએ.

૧. ઘટના કે પ્રસંગની તપાસનો અહેવાલ

સામાન્ય રીતે અખબારી અહેવાલો આ પ્રકારના હોય છે. અધિકારી તરીકે તમારે પણ આવા અહેવાલ લખવાના આવે એમાં નીચેની માહિતી મહત્ત્વની ગણાય.

- ઘટનાનો પ્રકાર
- ઘટનાનું સ્થળ, સમય, અને તારીખ.
- ઘટનામાં સંડોવાયેલી વ્યક્તિઓ, પદાર્થો વગેરેની વિગતો.
- ઘટનાનું સમયના તબક્કાઓ પ્રમાણે વર્ણન.
- ઘટનાનાં સંભવિત અથવા સ્પષ્ટ કારણો.
- ઘટના અંગે વિવિધ મંતવ્યો - નિવારણ અંગે મંતવ્યો.

આ ઘટના કોઈ અકસ્માતની, ખૂનની, બળાત્કારની, સભાની, સરઘસની, હડતાલની, ધરણાંની એમ જુદી જુદી હોઈ શકે.

૨. કામગીરીનો અમલ, તેની અસરો અને અવલોકનનો અહેવાલ

વહીવટકર્તાએ આવા અહેવાલ તૈયાર કરીને પોતાના ઉપરીઓને એ અંગેની માહિતી આપવાની હોય છે. એમાં નીચેની માહિતી મહત્ત્વની ગણાય.

- કામગીરીનો પ્રકાર

- કામગીરીનું સ્થળ અને સમય કે સમયગાળો.
- કામગીરીમાં થયેલો ખર્ચ, ઉપયોગી થયેલી વ્યક્તિઓ, જૂથો, સાધન-સામગ્રી
- કામગીરીમાં નડેલી મુશ્કેલીઓ - કારણો
- કામગીરીનાં જમા અને ઉધાર પાસાં
- તેની તત્કાલીન અને દૂરગામી અસરો
- તમારાં અવલોકનો (જરૂરી જણાય તો)

૩. કામગીરી કે કાર્યક્રમ પહેલાંની ચકાસણીનો અહેવાલ

તમને કોઈ કામગીરી સોંપાય અથવા કોઈ કાર્યક્રમ યોજાવાનો હોય તો તેની ચકાસણી કરી તે વિશેનો એક ખાનગી અહેવાલ ઘણીવાર વહીવટકર્તાએ સોંપવાનો હોય છે. તેમાં નીચેની રીતે અહેવાલ તૈયાર કરાય.

- કામગીરી કે કાર્યક્રમનો પ્રકાર, અહેવાલ ખાનગી કે જાહેર.
- તેનું સ્થળ અને સમય કે સમયગાળો.
- ચકાસણીમાં ઉપયોગી થયેલી વ્યક્તિઓ, ચકાસણીની કાર્યપદ્ધતિ, તેમાં મળેલી સફળતા - નિષ્ફળતા.
- તમારાં એ વિશેનાં અવલોકનો, અભિપ્રાય અને તારણો.

સામાન્ય રીતે ઉપર જણાવ્યા તે મુખ્ય ત્રણ પ્રકારના અહેવાલ તૈયાર કરવાના હોય છે. કોઈ એમ પણ કહી શકે કે પહેલા અને બીજા પ્રકારના અહેવાલ ઘટના કે પ્રસંગના અહેવાલ ગણાય કારણ કે બની ગયેલી બીના વિશે વાત કરવાની હોય છે. પરંતુ એ બંનેનાં સ્વરૂપ અલગ હોય તો અહેવાલની રજૂઆત વધુ ચોકસાઈવાળી અને રોચક બની શકે.

## ૮.૪ ઘટના કે પ્રસંગનો અહેવાલ

સામાન્ય રીતે વર્તમાનપત્રોમાં ઘટના કે પ્રસંગના અહેવાલ આવતા હોય છે. ચોરી, ખૂન, ધાડ, હુલ્લડ આવી બધી અનેક ઘટનાઓ રોજ બનતી હોય છે. અહીં વધુ વંચાતાં ત્રણ ગુજરાતી છાપાંમાંથી એક જ ઘટનાનાં જુદી જુદી રીતે લખાયેલા અહેવાલો આપ્યા છે. એ ઝીણવટથી વાંચી જાવ. પછી એ જ અહેવાલોને આધારે ઉત્તમ અથવા સૌથી અસરકારક અહેવાલ કઈ રીતે રજૂ કરી શકાય તે સમજાવ્યું છે અને એનો નમૂનો પણ આપ્યો છે. આ જ રીતે તમારે રોજ ઓછામાં ઓછાં બે વર્તમાનપત્રોમાંથી એક જ ઘટનાને રજૂ કરતા બે જુદા જુદા અહેવાલોને સરખાવી, પોતાની રીતે એમાંથી ત્રીજો અહેવાલ તૈયાર કરવાનો અભ્યાસ કરવાનો છે. આવો અભ્યાસ તમને સૌથી વધુ ગુણ મેળવી આપવામાં મદદરૂપ થશે.

### ૮.૪.૧ નમૂનો-૧

**લેડી પોલીસે મહિલાચાલકને લાફો મારી દીધો**

ભાસ્કર ન્યૂઝ, અમદાવાદ, ૨૩ જાન્યુઆરી

શહેરના નહેરુનગર ચાર રસ્તા પાસે શુક્રવારે બપોરે ટાગોરપાર્ક ચોકીની મહિલા પોલીસ ઇન્સ્પેક્ટરે એક મહિલા કાયનેટિક ચાલક પર હાથ ઉઠાવતાં ભારે વિવાદ સર્જાયો છે. આ ઘટનાથી ઉશ્કેરાયેલા લોકોએ સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં ધારાસભ્ય ભાવિન શેઠની ઉપસ્થિતિમાં ઉગ્ર રજૂઆતો કરી હતી. જોકે, મહિલા પોલીસ સબ ઈન્સ્પેક્ટરે ફરિયાદી મહિલા પર હાથ ઉપાડ્યો હોવાનો ઇનકાર કર્યો હતો.

પાલડીનાં રહેવાસી વર્ષાબહેન સંદીપભાઈ જૈને સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે તેમણે નહેરુનગર ચાર રસ્તા સ્થિત દેરાસરની નજીક પોતાનું વાહન પાર્ક કર્યું હતું.તેમનાં કાયનેટિક પાછળ નંબર પ્લેટમાં નંબર નહીં હોવાથી પીએસઆઈ પન્નાબહેન મોમાઈએ આવીને તેમને પોતાનું લાઈસન્સ બતાવવાનું કહ્યું હતું. વર્ષાબહેને પોતાનું લાઈસન્સ પન્નાબહેનને આપ્યું હતું. લાઈસન્સ લીધા પછી પન્નાબહેને કહ્યું કે તમારું લાઈસન્સ અને ગાડી અમે જમા રાખીએ છીએ. તમે કોર્ટમાં જઈને દંડ ભરીને

મેળવી લેજો. વર્ષાબહેને તેમની પાસેથી વાઉચર અથવા ગાડી, લાઈસન્સ જપ્ત કર્યાની રસીદ માંગ્યાં હતાં. પરંતુ પન્નાબહેને ગુસ્સામાં આવીને લાઇસન્સ તોડી નાખ્યું અને તેમને એક લાફો મારી દીધો હતો. આ જોઈને આસપાસના લોકો ભેગા થઈ ગયા હતા. વર્ષાબહેને તેમનું નામ પૂછ્યું તો ફરીથી વર્ષાબહેનને બીજો લાફો પન્નાબહેને મારી દીધો હતો. આથી ત્યાં ભેગા થયેલા લોકો ઉશ્કેરાઇ ગયા હતા અને તેમણે સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં રજૂઆત કરવા માટે વર્ષાબહેન સાથે ગયા હતા. ઘટનાની માહિતી મળતાં જ એલિસબ્રિજ વિસ્તારના ધારાસભ્ય ભાવિન શેઠ પણ સેટેલાઈટ પોલીસ સ્ટેશન પહોંચી ગયા અને તેમણે પોલીસ ઈન્સ્પેક્ટર ચૌધરીની સમક્ષ આ સંબંધમાં યોગ્ય કાર્યવાહી કરવાની માગણી કરી હતી.

સંદેશ

**મહિલા ફોજદારે વાહનચાલક યુવતીને તમાચો મારતાં મામલો બિચક્યો**

**નહેરુનગર ચાર રસ્તા નજીકની પોલીસચોકીએ ટોળાં જામ્યા**

અમદાવાદ, શુક્રવાર

શહેરના નહેરુનગર ચાર રસ્તા પાસેની ટાગોરપાર્ક ચોકી ખાતે આજે બપોરે નંબર પ્લેટના પ્રશ્ને એક મહિલા અને મહિલા પી.એસ.આઈ. વચ્ચે તકરાર સર્જાઈ હતી. આ તકરાર દરમિયાન મહિલાએ સબ ઈન્સ્પેક્ટરને હાથ પકડીને કોલર ખેંચતા જ સબ ઈન્સ્પેક્ટરે તે મહિલાને બે તમાચા ચોંડી દેતાં મામલો વણસ્યો હતો. પરિણામે ટોળેટોળાં એકઠાં થઇ જવાં પામ્યાં હતાં. છેવટે પોલીસ અધિકારીઓએ દરમિયાનગીરી કરતાં બંને વચ્ચે સમાધાન થઇ જવા પામ્યું હતું. આથી આ અંગે કોઈ પોલીસ ફરિયાદ નોંધાવવા પામી ન હતી.

શહેર પોલીસ કમિશનરે નંબર પ્લેટ વગરની અને ફેન્સી નંબર પ્લેટ ધરાવતાં વાહનચાલકોને પકડી લઈને લાઇસન્સ જપ્ત કરવા હુકમ કર્યો છે. આ કામગીરીમાં શહેર પોલીસને પણ સાંકળવામાં આવી છે. આથી હાલ શહેરના પ્રત્યેક ચાર રસ્તા ઉપર શહેર પોલીસે આ કામગીરી અંતર્ગત સેટેલાઈટ વિસ્તારની ટાગોરપાર્ક ચોકીના પી.એસ.આઈ. કુ. પન્નાબહેન મોમાર્યા તેમના સ્ટાફ સાથે ઊભા હતા ત્યારે એક મહિલા કાયનેટિક હોન્ડા લઈને નીકળ્યાં હતાં. એટલે તેણીને ઊભાં રાખીને નંબર પ્લેટ અંગે પુચ્છા કરતાં તેણીએ જવાબ વાળ્યો હતો કે, આ કામ તમારું ક્યાં છે અને આગળની નંબર પ્લેટ વંચાય છે. આ જવાબ સાંભળીને મહિલા સબ ઈન્સ્પેક્ટરે લાઇસન્સ માગ્યું હતું. જેમાં તેણીનું નામ વર્ષાબહેન સંદીપકુમાર જૈન લખ્યું હતું અને ફતેહપુરા, પાલડીનું સરનામું હતું. આથી તેણીએ લાઇસન્સ જપ્ત કર્યું હતું જેનાથી બંને વચ્ચે બોલાચાલી થઈ હતી. ત્યારે વર્ષાબહેને નેઇમ પ્લેટ જોવાં મહિલા પી.એસ.આઈ.નો હાથ ખેંચી શર્ટ ખેંચ્યું હતું. આ વર્તણૂંકથી છોભીલા થઈ ગયેલાં મહિલા સબ ઈન્સ્પેક્ટર કુ. પન્નાબહેને વર્ષાબહેનને બે તમાચા ઝીંકી દીધા હતા. પછી તો મામલો વણસ્યો હતો, જેના કારણે ટોળેટોળાં એકઠાં થઈ ગયાં હતાં અને આખોય મામલો સેટેલાઈટ પોલીસમથકે પહોંચ્યો હતો, જ્યાં સમજાવટના અંતે સમાધાન સધાયું હતું.

ગુ.સ.

નહેરુનગર સર્કલ પાસેની ઘટના

### ૮.૪.૨ નમૂનો-૨

**મહિલા સબ ઈન્સ્પેક્ટરે કાયનેટિકચાલક ગૃહિણીને લાફો ચોડી દીધો**

ગુ. સ. અમદાવાદ, શુક્રવાર

શહેર પોલીસે નંબર પ્લેટ વગર કે ફેન્સી નંબર પ્લેટ ધરાવતા વાહનચાલકો સામે ઝુંબેશ આદરી છે જેમાં આજે બપોરે નહેરુનગર સર્કલ માણેકબાગ ચાર રસ્તા પાસે નંબર પ્લેટ વગરનું કાયનેટિક સ્કૂટર લઈને નીકળેલી એક ગૃહિણીને મહિલા સબ ઈન્સ્પેક્ટરે લાફો ચોડી દેતા ભારે હોહા મચી ગઈ હતી અને ગૃહિણી સાથે ગેરવર્તાવ કરવા બદલ લોકોનું ટોળું એકત્ર થઇને સેટેલાઈટ પોલીસમથકે ગયું હતું અને પોલીસ ઈન્સ્પેક્ટર સમક્ષ ઉગ્ર રજૂઆત કરી હતી.

આ ઘટના અંગે પ્રાપ્ત થયેલી જાણકારી મુજબ વૈશાલીબહેન સંદીપભાઈ જૈન નામની શિક્ષિત ગૃહિણી કાયનેટિક સ્કૂટર પર પોતાના ઘરે જઇ રહી હતી ત્યારે નહેરુનગર સર્કલ પાસે ટાગોરપાર્ક ચોકીના મહિલા સબ ઈન્સ્પેક્ટર પન્ના મોમૈયા નંબર પ્લેટ વગરના તેમજ ફેન્સીનંબર પ્લેટનાં વાહનો અંગે ચેકિંગ કરી રહ્યાં હતાં. વર્ષાબહેનના કાયનેટિકની પાછળના ભાગે નંબર પ્લેટ નહિ હોવાથી તેમને કાયનેટિક બાજુમાં લેવડાવ્યું હતુ. સબ ઈન્સ્પેક્ટર મોમૈયાએ વર્ષાબહેનનું ડ્રાઇવિંગ લાઇસન્સ લઈ લીધું હતું અને કાયનેટિકની ચાવી કાઢી લીધી હતી. આથી વર્ષાબહેન છંછેડાઈ ગયાં હતાં. તેમણે દલીલ કરતાં કહ્યું હતું કે આગળના ભાગે તો નંબર લખેલો છે અને હું કંઈ ભાગી જવાની નથી કે મારા કાયનેટિકની ચાવી અને ડ્રાઇવિંગ લાઇસન્સ લઈ લીધું છે. સબ ઈન્સ્પેક્ટર મોમૈયાએ લાઇસન્સ લેવું હોય તો કોર્ટમાંથી છોડાવી લેવા અને વધારે ટક ટક કરશે તો કાયનેટિક પણ કબજે લઈ લેવાશે તેવું કહેતા મામલો ઉગ્ર બન્યો હતો. વર્ષાબહેને સબ ઈન્સ્પેક્ટરનું નામ જાણવા નેઈમ પ્લેટ વાંચવા નજીક જઈને હાથ લંબાવ્યો હતો. જેથી સબ ઈન્સ્પેક્ટરે મોમૈયાએ સડાક દઇને એક લાફો ચોડી દીધો હતો. આ દશ્યએ સર્કલ પર ભારે ઉત્તેજના સર્જી દીધી હતી. લોકોનું ટોળું ભેગું થઇ ગયું હતું. મહિલા સબ ઈન્સ્પેક્ટરના એક ગૃહિણી સાથેના લાફો ચોડી દેવા સુધીના જલદ વ્યવહારે ગૃહિણી પ્રત્યે સહાનુભૂતિ સંર્જી દીધી હતી અને મોરચા આકારે સેટેલાઈટ પોલીસ મથકે ગયા હતા.

સેટેલાઈટ પોલીસ મથકના ઇન્સ્પેક્ટર શ્રી પાટીલ સમક્ષ વર્ષાબહેને મહિલા સબ ઈન્સ્પેક્ટરના ઉદ્ધતાઇ ભર્યા વ્યવહાર અંગે ઉગ્ર આક્રોશ ઠાલવતા કહ્યું હતું કે હું કંઇ આતંકવાદી નથી કે હું ભાગી જવાની હતી. મેં ગુનો કર્યો હોય તો કાયદેસરની કાર્યવાહી કરે પરંતુ લાફો મારી ન શકે. બીજલ કેસના આરોપી સજલને મોબાઈલ ફોનથી પોલીસ વાતો કરવાની સગવડ આપે છે અને એક સામાન્ય નાગરિકને આ રીતે લાફો મારી દે તે ક્યાંનો ન્યાય. શ્રી પાટીલ વર્ષાબહેનની ફરિયાદના સંદર્ભમાં સાંત્વના આપી હતી અને ઘટનાસ્થળે આવી હતી અને પરિસ્થિતિ જાણીને ફરીથી પોલીસમથકે આવ્યા હતા અને મદદનીશ કમિશનર શ્રી ચૌધરીએ તેમને સહાનુભૂતિથી ફરિયાદ સાંભળીને જરૂરી કાર્યવાહી કરવા હૈયાધારણ આપતાં મામલો થાળે પડ્યો હતો.

**આ ત્રણે અહેવાલ વાંચ્યા પછી તમે એમાં રજૂ થયેલી માહિતીનું નીચે મુજબ પૃથક્કરણ કરી શકો.**

દિ.ભા.

સ્થળ - શહેરના નહેરુનગર ચાર રસ્તા

સમય - શુક્રવારે બપોરે

ઘટના - મહિલા પોલીસ ઈન્સ્પેક્ટરે એક મહિલા કાયનેટિકચાલક પર હાથ ઉપાડ્યો

પરિણામ - ઉશ્કેરાયેલા લોકોની ધારાસભ્ય ભાવિન શેઠની ઉપસ્થિતિમાં સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં ઉગ્ર રજૂઆત

આ અખબારમાં પહેલા પરિચ્છેદમાં આટલી માહિતી અપાયા પછી બીજા પરિચ્છેદમાં જેમના ઉપર હાથ ઉપાડાયો તેમની વિગતો અપાઇ છે. હાથ ઉપાડવાનું કારણ અપાયું છે. હાથ ઉપાડનારની વિગતો અપાઇ છે. પરિણામની વિગતો અપાઈ છે. કુલ સોળ વાક્યો છે. મોટાભાગનાં વીસ શબ્દોથી લાંબાં વાક્યો છે. લાંબાં વાક્યોને કારણે વાક્યરચનાઓ શિથિલ બને છે. દા.ત. આથી ત્યાં ભેગા થયેલાં લોકો ઉશ્કેરાઈ ગયા હતા અને તેમણે સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં રજૂઆત કરવા માટે વર્ષાબહેન સાથે ગયાં હતાં. આ વાક્ય વાંચતા સમજાશે કે લોકો શબ્દને પુલિંગ ગણ્યો હોય તો થયેલાં ને માથે અનુસાર આવે નહીં. એ જ રીતે **તેમણે** એવું સર્વનામ નહીં પણ **તેઓ** એવું સર્વનામ આવે. વળી અહીં 'હાથ ઉઠાવવો/ઉપાડવો ' વચ્ચે ભેદ થયો નથી. ખરેખર તો ગુજરાતીમાં 'હાથ ઉપાડવો' જ વધુ વપરાય છે.

ગુ.સ.

અહેવાલમાં પહેલા પરિચ્છેદના સડસઠ શબ્દોના લાંબાં વાક્યમાં સ્થળ, સમય, ઘટના અને પરિણામ ચારેયની માહિતી આપી દીધી છે.

પહેલા વાક્યથી શરૂ કરી ઘટનાની વિગતો અપાઈ છે. આડત્રીસ શબ્દોનું છેલ્લું વાક્ય ધરાવતા ત્રીજા અને છેલ્લા પરિચ્છેદમાં તેના પરિણામની વિગતો અપાઈ છે.

આ અહેવાલમાં પંદર વાક્યો છે. અત્યંત લાંબાં વાક્યો હોવાને કારણે વાક્યરચનાની ધ્યાન ખેંચે તેવી ભૂલો તેમાં થઇ છે. દા.ત. 'શ્રી પાટીલ વર્ષાબેનની ફરિયાદના સંદર્ભમાં ,સાંત્વના આપી હતી અને ઘટનાસ્થળે આવી હતી અને....' આ વાક્યમાં શ્રી પાટીલને બદલે પાટીલે જોઈએ અને શ્રી પાટીલ ઘટનાસ્થળે આવી હતીને બદલે આવ્યા હતા જોઈએ. આ ઉપરાંત બીજી અનેક ભૂલો તમે જાતે જોઈ શકશો.

સંદેશ

જોઈ શકાશે કે પ્રમાણમાં ટૂંકાં અને તેથી સમજવાં સરળ સોળ વાક્યોમાં અહેવાલ લખાયેલો છે.

સ્થળ, સમય આપ્યા પછી તરત કારણ આપીને ઘટનાની માહિતી આપી છે. આ અહેવાલમાં બે વિગતો વધારાની છે જે દિ.ભા. અને ગુ.સ.માં નથી.

૧. કાયનેટિક ચલાવતી મહિલાએ 'ઇન્સ્પેક્ટરને હાથ પકડીને કોલર ખેંચ્યો હતો.' (ઇન્સ્પેક્ટરને બદલે નો જોઈએ.)

૨. સમાધાન થતાં પોલીસ ફરિયાદ નોંધાવવા પામી ન હતી (નોંધાવવાને બદલે નોંધાવા જોઈએ)

આ બે વિગતો આપણે તૈયાર કરીશું તે અહેવાલમાં ઉમેરવાની રહે.

**આપણો અહેવાલ**

ઉપરના ત્રણે અહેવાલને આધારે આપણો આદર્શ અને અસરકારક અહેવાલ નીચે પ્રમાણે તૈયાર થશે.

શહેરના નહેરુનગર ચાર રસ્તા પાસેની ટાગોરપાર્ક ચોકી ખાતે બપોરે નંબર પ્લેટના પ્રશ્ને એક વાહનચાલક મહિલા અને પી.એસ.આઈ. વચ્ચે તકરાર થઈ હતી.

આજે બપોરે ટાગોર પાર્ક ચોકીનાં પી.એસ.આઈ. કુ. પન્નાબેન મોમાઈ, શહેર પોલિસ કમિશનરના આદેશ અનુસાર નંબર પ્લેટ વિનાનાં અથવા ફેન્સી નંબર પ્લેટ ધરાવતાં વાહનો ચેક કરી, તેનાં ચાલકોનાં લાયસન્સ જપ્ત કરવાની કામગીરી કરતાં હતાં. એ સમયે ફતેહપુરા, પાલડીનાં શ્રી વર્ષાબેન સંદીપકુમાર જૈન કાયનેટિક લઇને નીકળ્યાં હતાં. તેમના વાહનની પાછળ નંબર પ્લેટ ન હોવાથી તેમનું લાયસન્સ જપ્ત કર્યું હતું. વર્ષાબેનની દલીલ એવી હતી કે આ કામગીરી ટ્રાફિક પોલિસની છે અને આગળની નંબરપ્લેટ વંચાય તેવી છે. પન્નાબેને આવી દલીલોથી કંટાળી કાયનેટિક પણ જપ્ત કરી લેવાની ધમકી ઉચ્ચારી હતી. આ ધમકીથી ડર્યા વિના વર્ષાબેને તેમનું નામ જાણવા તેમના કોલર પાસેની નેઈમપ્લેટ વાંચવાનો પ્રયત્ન કર્યો હતો. જે માટે તેમના શર્ટ ઉપર તેમણે હાથ મૂક્યો હતો. આથી છંછેડાયેલાં પી.એસ.આઈ.એ તેમને લાફો મારી દીધો હતો. વર્ષાબેનના કહેવા અનુસાર તેમને બે લાફા મારવામાં આવ્યા હતા જ્યારે પન્નાબેને વર્ષાબેન પર હાથ ઉપાડ્યો હોવાનો ઈનકાર કર્યો હતો. પણ આ તકરારને કારણે ત્યાં લોકોનું ટોળું ભેગું થઈ ગયું હતું અને ઉશ્કેરાયું હતું. ટોળાએ વર્ષાબેનની સાથે રહી સેટેલાઈટ પોલિસ સ્ટેશને પન્નાબેન વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદને આધારે પોલિસમથકના પી.આઈ. શ્રી પાટિલ ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને ઘટના અંગે જાણકારી મેળવી હતી. દરમિયાન સેટેલાઈટ પોલિસ સ્ટેશને ધારાસભ્ય શ્રી ભાવિન શેઠ અને મદદનીશ કમિશનર શ્રી ચૌધરી આવી પહોંચતાં સમજાવટને અંતે સમાધાન થયું હતું.

આપણે તૈયાર કરેલો ઉપરનો અહેવાલ વાંચ્યા પછી નીચેની બાબતો તમે નોંધી શકશો.

અહેવાલ લેખકે તટસ્થ રહેવાનું છે. આ કારણે, વર્ષાબેનના જણાવ્યા અનુસાર તેમને બે લાફા મારવામાં આવ્યા હતા અને પન્નાબેને તેનો ઇનકાર કર્યો હતો. એમ નોંધ્યું છે. ગુ.સ. અને દી.ભા.ના અહેવાલમાં પો.સ.ઈ.નો ગુનો મોટો હોય તેમ લાગે છે જ્યારે સંદેશ પો.સ.ઈ.ની તરફેણ કરે છે તેવું સમજાય છે. અહેવાલ લેખક તટસ્થ જોઈએ.

આપણા અહેવાલમાં વધારાનાં કોઈ વાક્યો, વિશેષણો વાપરવામાં આવ્યાં નથી.

અહેવાલ માત્ર ઘટનાની જાણકારી આપે, વાચકોને પોલિસ વિરુદ્ધ અથવા વાહનચાલક વિરુદ્ધ વિચારતો કરે એવું ન થવું જોઈએ.

જરૂર જણાઈ ત્યાં જ એક બે જગ્યાએ પચીસ-તીસ શબ્દોનાં લાંબા વાક્યો આપણે વાપર્યાં. શબ્દો પણ સામાન્ય વાચકો સમજી શકે તેવા સરળ વાપર્યાં.

આવો જ એક બીજો લાંબો અહેવાલ ત્રણે અખબારોમાંથી અહીં ઉતાર્યો છે અને તેને આધારે અહેવાલનો નમૂનો આપ્યો છે.

**દિવ્ય ભાસ્કર**

**શાળા લાક્ષાગૃહમાં આગ ફાટી નીકળી : ૮૩ બાળકો ભૂંજાયા**

કુંભકોણમ, ૧૬ જુલાઈ

તમિળનાડુનાં તંજોર જિલ્લાના કુંભકોણમ શહેરમાં એક ખાનગી શાળામાં આજે ભીષણ આગ ફાટી નીકળતા આઠથી વર્ષની વયના ૮૩ બાળકો જીવતાં ભુંજાઈ ગયા છે. જેમાંના ૨૦ના શબ પણ ઓળખાઈ શકે તેમ નથી. તદુપરાંત અન્ય ૨૭ બાળકો ગંભીર રીતે દાઝી ગયા છે. દરમિયાન આ કરુણાંતિકા અંગે રાષ્ટ્રપતિ એ.પી.જે. અબ્દુલ કલામ, વડાપ્રધાન મનમોહનસિંહ તથા એનડીએના વડા અટલબિહારી વાજપેયી સહિત ટોચના રાજકારણીઓ તથા અગ્રણી વ્યક્તિઓએ ઘેરા આઘાતની લાગણી વ્યક્ત કરી છે.

જે શાળામાં આ આગ લાગી હતી તેનું લાઈસન્સ રદ કરી દેવાયું છે અને મુખ્ય જિલ્લા શિક્ષણાધિકારી સહિત ચાર શિક્ષણાધિકારીઓને સસ્પેન્ડ કરાયા છે. જિલ્લા મેજિસ્ટ્રેટ જે રાધાક્રિષ્નને જણાવ્યું હતું કે, અહીંની શ્રીકૃષ્ણ શાળાના સંકુલમાં આવેલી સરસ્વતી નર્સરી સ્કૂલમાં આજે સવારે ૧૧.૦૦ વાગ્યાની આસપાસ આગ ફાટી નીકળી હતી. આ આગમાં ૨૮ છોકરાઓ અને ૩૫ છોકરીઓનાં મોત નીપજ્યાં છે જ્યારે અન્ય ૨૦ બાળકોના મૃતહેદોની તો ઓળખ પણ થઈ શકે તેમ નથી. આ સિવાય ૨૭ બાળકો ગંભીર રીતે દાઝી ગયા છે, જેમને સરકારી હોસ્પિટલમાં દાખલ કરાયા છે. આમાંના ૧૫ની હાલત અત્યંત ગંભીર છે. હોસ્પિટલમાં તબીબોની ભારે અછતને કારણે દાઝેલા વિદ્યાર્થીઓને સારવાર આપવામાં વિલંબ થઈ રહ્યો છે. આ બનાવની જાણ થતાં જ મુખ્યપ્રધાન જે. જયલલિતા હેલિકોપ્ટર દ્વારા પહેલા ઘટનાસ્થળે અને ત્યાર બાદ હોસ્પિટલની મુલાકાતે ગયા હતા. તેમણે દરેક મૃતક બાળકના કુટુંબીજનોને રૂ. ૧ લાખ તથા ૫૦ ટકા દાઝેલાને રૂ. ૨૫,૦૦૦ અને સામાન્ય રીતે દાઝેલાને ૧૦,૦૦૦ની રાહત સહાયની જાહેરાત કરી છે.આ અગ્નિકાંડમાં મોટાભાગનાં બાળકો સ્થળ પર જ ભૂંજાઈ મર્યા હતા અને તેઓ આઠથી દસ વર્ષની વચ્ચેની વયના હતા. આ આગ શાળાના રસોડામાંથી ફેલાઈ હોવાનું મનાય છે જ્યાં નર્સરી શાળાનાં બાળકો માટે મધ્યાહ્ન ભોજન બનાવવામાં આવી રહ્યું હતું. જોતજોતામાં જ આ આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું અને અત્યંત ઝડપથી તૂટેલા-ફૂટેલા છાપરા ધરાવતાં વર્ગખંડોમાં ફેલાઈ ગઈ હતી. આ વર્ગખંડોમાં એકથી પાંચ ધોરણના વિદ્યાર્થીઓ હાજર હતા.

આ આગમાં નર્સરી સ્કૂલના પાંચ વર્ગખંડ રાખ થઈ ગયા હતા. આ સમયે શ્રી કૃષ્ણ ગર્લ્સ હાઈસ્કૂલના સંકુલમાં આશરે ૯૦૦ બાળકો હાજર હતા. આ આગને જોતા જ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ નાસી છૂટ્યા હતા. પરંતુ નર્સરી શાળાનાં બાળકો ત્યાંથી ભાગે તે પહેલાં જ બિસ્માર છાપરાઓ તેમની પર પડ્યા હતા અને તેઓ ફસાઈ ગયા હતા. બહાર જવાનો રસ્તો બંધ થઈ જતાં અમુક બાળકોનાં ગુંગાળાઈ જવાથી પણ મરણ થયા હતા. આ બનાવને પગલે અહીંથી તથા આસપાસના વિસ્તારોમાંથી બોલાવાયેલા અગ્નિશમન દળના લાશ્કરોને આગ ઓલવતા બે કલાકનો સમય લાગી ગયો હતો. આ કરુણાંતિકા અંગે કલામ, મનમોહનસિંહ તથા વાજપેયી સહિત અગ્રણીઓએ ઘેરો આઘાત વ્યક્ત કર્યો છે. મનમોહનસિંહે કેન્દ્રીય આઈ.ટી. પ્રધાન દયાનિધિ મારનને સ્થળ પર જઈને બચાવ તથા રાહત કામગીરી પર નિરીક્ષણ રાખવા આદેશ કર્યો છે. આ બનાવને પગલે મુખ્ય જિલ્લા શિક્ષણાધિકારી સહિત ચાર શિક્ષણાધિકારીઓને સસ્પેન્ડ કરાયા છે. તદુપરાંત શાળાનું લાઈસન્સ પણ રદ કરાયું છે.

**ગુજરાત સમાચાર**

## તામિલનાડુની શાળામાં આગથી ૮૦ બાળકોનાં મોત

કુંભકોણમ, તા. ૧૬

થાંજાવુર જીલ્લાના કુંભકોણમ નગરની એક શાળામાં ભયાનક આગ લાગતાં આઠથી દસ વર્ષનાં ૮૦ વિદ્યાર્થીઓની જીંદગી આગમાં રાખ થઈ ગઈ હતી અને ૨૫ ગંભીર રીતે દાઝી ગયા હતા. મોટા ભાગના બાળકો ઘટના સ્થળે જ માર્યા ગયા હતા અને તેમનાં મૃતદેહો ઓળખાય નહિ એટલી હદે ભડથું થઈ ગયા હતા. અન્ય કેટલાંકે ઈજાને કારણે હોસ્પિટલમાં દમ તોડ્યો હતો. આગ જોઈને પ્રાથમિક અને હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ તો નાસી ગયા પણ નર્સરી સ્કુલનાં બાળકો ભાગી ન શક્યા. વળી કાચા છાપરા તૂટી પડતા તેમનાં માટે બચવું અશક્ય બની ગયું હતું.

થાંજાવુર જિલ્લાની નર્સરી સ્કૂલમાં રસોડામાંથી પ્રસરેલી આગમાં ૮થી ૧૦ વર્શનાં બાળકો ફસાઈ ગયા : મોટા વિદ્યાર્થીઓ ભાગી શક્યા એટલે બચી ગયા

નર્સરીનાં બાળકો માટે બપોરનું ભોજન રંધાઈ રહ્યું હતું તે રસોડામાંથી લાગેલી આગ પવનવેગે કાચાં છાપરા ધરાવનારા વર્ગખંડોની હરોળમાં ફેલાઈ ગઈ હતી અને એકથી પાંચમાં ધોરણમાં ભણતા માસુમ બાળકો તેમાં ફસાઇ ગયા. બહાર નીકળવાનો માત્ર એક જ માર્ગ હોવાથી જાનહાનિ વધી ગઈ હતી. જો કે શિક્ષકોમાં કોઈ જાનહાનિ થઈ નથી એમ જીલ્લા મેજીસ્ટ્રેટ જે રાધાકૃષ્ણને જણાવ્યું હતું.

આજે સવારે ૧૧ વાગે લાગેલી આ આગમાં સરસ્વતી નર્સરી સ્કુલના ત્રીજા માળના પાંચ વર્ગખંડો રાખ થઈ ગયા હતા. શ્રીકૃષ્ણ ગર્લ્સ હાઈસ્કુલ કોમ્પ્લેક્સમાં પ્રાથમિક, માધ્યમિક શાળાઓ ચાલે છે અને આગ લાગી ત્યારે આ સંકુલમાં ૯૦૦ વિદ્યાર્થીઓ હતા.

રાધાકૃષ્ણને જણાવ્યું કે બહાર જવાનો માર્ગ સાંકડો હોવાથી ગુંગળાવાને કારણે કેટલાંકના મોત થયાં હતાં. રાષ્ટ્રપતિ ડો. એ પી જે અબ્દુકલામ, વડાપ્રધાન ડો. મનમોહનસિંઘ, ભૂતપૂર્વ વડાપ્રધાન વાજપેયીએ આ કરૂણાંતિકા અંગે શોક વ્યક્ત કર્યો હતો. સંસદના બંને ગૃહોએ પણ આ દુર્ઘટના અંગે દુઃખ વ્યક્ત કર્યું હતું.

અગ્નિશમન દળના કર્મચારીઓએ ક્રેઈનની મદદથી અંદર પ્રવેશવા માટે દીવાલો તોડી નાખી હતી પણ ઘણું મોડું થઇ ગયું હતું. આ દુર્ઘટનાને હૃદયદ્રાવક ગણાવતા રાધાકૃષ્ણને જણાવ્યું કે પ્રાથમિક તપાસ પરથી એવું લાગે છે કે રસોડામાંથી આગ ફેલાઈ હતી પણ ચોક્કસ કારણની તપાસ ચાલી રહી છે.

આગની ઘટનાની જાણ થતાં જ હાંફળાફાંફળા વાલીઓ અને સંબંધીઓ શાળામાં દોડી ગયા હતા અને હૈયાફાટ રૂદનની વચ્ચે કાટમાળમાંથી કાઢવામાં આવતી ભુંજાયેલી લાશોમાંથી પોતાનાં વ્હાલસોયાને ઓળખવાનો પ્રયત્ન કરતા હતા. આ દ્રશ્ય જોઈને કદાચ કુદરતને પણ રડવાનું મન થઇ ગયું હશે. તો હોસ્પિટલમાં પણ આવા જ દ્રશ્યો હતા.

લગભગ બે કલાક સુધી કુંભકોણમ અને નજીકના શહેરોમાંથી બોલાવેલા લાયબંબાઓએ બે કલાક સુધી આગને ઓલવવાનો પ્રયત્ન કર્યો હતો. ચાલુ વર્ષે રાજ્યમાં આ મોટી આગ દુર્ઘટના છે. જાન્યુઆરી મહિનામાં તિરુચિરાપલ્લી પાસેનાં શ્રીરંગમમાં લાગેલી આગમાં ૫૯ લોકોનાં મોત થયાં હતાં.

**સંદેશ**

## શાળામાં આગથી ૮૦ બાળકોનાં મોત

કુંભકોણમ, તા. ૧૬

હૃદયદ્રાવક કરુણાંતિકામાં શુક્રવારે તમિળનાડુના તંજાવુર જિલ્લાની એક ખાનગી શાળામાં સવારે લાગેલી ભીષણ આગમાં મોટા ભાગની વિદ્યાર્થિનીઓ સહિત ૮૦ જેટલાં બાળકો જીવતાં ભૂંજાઈ ગયા હતા અને અન્ય ૧૦૦ ગંભીર રીતે ઘવાયાં હતાં. આ કરુણાંતિકા બદલ વડાપ્રધાન મનમોહનસિંઘ અને પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીએ ઘેરો શોક વ્યક્ત કર્યો હતો. વડાપ્રધાને આઈટી અને ટેલિકોમ પ્રધાન દયાનિધિ મારનને તાકીદે ઘટનાસ્થળે પહોંચી જઈ બચાવ કામગીરી પર નજર રાખવા આદેશ પણ આપી દીધો હતો, ઉપરાંત સંસદમાં પણ આ ગમખ્વાર દુર્ઘટના અંગે શોક ઠરાવ પસાર કરાયો હતો.

ખાનગી શાળાના રસોડામાંથી શરૂ થયેલી આગે સર્જેલી અરેરાટીભરી કરુણાંતિકા : વડાપ્રધાન મનમોહનસિંઘ અને માજી વડાપ્રધાન વાજપેયીએ ઘેરો શોક વ્યક્ત કર્યો : વિદ્યાર્થીઓને બચાવવા જતા શિક્ષકો પણ મૃત્યુ પામ્યાં : સંસદમાં શોક વ્યક્ત કરાયો

સત્તાવાર સૂત્રોના જણાવ્યા મુજબ તમિળનાડુના ચેન્નઈથી ૨૮૦ કિ.મી. દૂર તંજાવુર જિલ્લામાં મંદિરોની નગરી ગણાતા કુંભકોણમ શહેર સ્થિત કૃષ્ણ મિડલ સ્કૂલના કિચન (રસોડા)માં સવારે એકાએક આગ ફાટી નીકળી હતી અને લાઈનમાં બનેલા ઓરડાઓમાં આગ ઝડપથી પ્રસરી ગઈ હતી, જ્યાં ધોરણ ૧થી ૫ના વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા હતા.

ઘટનાસ્થળે પહોંચેલા તંજાવુરના જિલ્લા ન્યાયાધીશ રાધાકૃષ્ણને જણાવ્યું કે, આગ પર કાબૂ મેળવી લેવાયો છે અને બચાવ અને રાહતકાર્ય પૂરઝડપે ચાલે છે. તેમણે વધુમાં જણાવ્યું કે, ઘટનાસ્થળે શાળામાં આશરે ૯૦૦ બાળકો હતાં. તેમણે આગમાં મોટા ભાગની વિદ્યાર્થિનીઓ અને શિક્ષિકાઓ સહિત ૮૦નાં મોત નીપજ્યાં હોવાનું સમર્થન આપ્યું છે અને જણાવ્યું કે, આગમાં દાઝી ગયેલા ૩૦ અન્ય બાળકોને સરકારી હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા છે, જ્યારે અન્ય ઘવાયેલાઓમાં સારવાર અપાઈ રહી છે.

ઘટનાસ્થળે પોલીસ ઉપમહાનિર્દેશક પણ હાજર હતા, તેમણે કહ્યું કે, સ્થિતિને પહોંચી વળવા પાડોશી જિલ્લાઓના ડોક્ટરોની સેવા લેવામાં આવી છે.

પોલીસસૂત્રોના જણાવ્યા મુજબ આગમાં પાંચ વર્ગ સંપૂર્ણપણે ખાખ થઈ ગયા છે અને અનેક બાળકોનાં મોત ગૂંગળામણથી થયા છે. કારણ કે, વર્ગમાંથી નીકળવાનો રસ્તો ખૂબ જ સાંકડો હતો અને આગ લાગતા કેટલાક શિક્ષકોએ બાળકોને બચાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તેઓ પણ ભોગ બની ગયા હતા.

દરમિયાન, કુંભકોણમ અને પાડોશના તાલુકાઓમાંથી બોલાવવામાં આવેલા ફાયર ટેન્કરોએ આશરે બે કલાકની મહેનત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. નોંધનીય છે કે, તમિળનાડુમાં આ વર્ષે આગ લાગવાની આ બીજી મોટી દુર્ઘટના છે. અગાઉ જાન્યુઆરીમાં તિંચિરાપલ્લીના શ્રીરંગમ ખાતે એક લગ્ન સમારંભમાં લાગેલી આગમાં પણ અનેકનાં મોત નીપજ્યાં હતાં.

દરમિયાન વડા પ્રધાન મનમોહન સિંઘે ભીષણ આગમાં માર્યા ગયેલાં ૮૦ બાળકોનાં મૃત્યુ અંગે શોક વ્યક્ત કર્યો હતો. તેમણે મુખ્યપ્રધાન જયલલિતાને ફોન કરી ભોગ બનેલા બાળકો અને તેમનાં કુટુંબીજનો પ્રત્યે શોક વ્યક્ત કર્યો હતો અને આઈટી તેમજ ટેલિકોમ પ્રધાન દયાનિધિ મારનને તાકીદે ઘટનાસ્થળે પહોંચી બચાવી કામગીરી પર નજર રાખવા આદેશ પણ આપ્યો હતો.

જ્યારે પૂર્વ વડા પ્રધાન વાજપેયીએ પણ આ ઘટના અંગે દુઃખ વ્યક્ત કર્યું હતું.

દરમિયાન તમિળનાડુનાં કુંભકોણમની એક શાળામાં આગ લાગવાથી ૮૦ બાળકો બળીને મરી જતા અને ત્રીસથી વધુ બાળકો ઈજાગ્રસ્ત થયાની ઘટના અંગે આજે લોકસભાએ ઊંડો શોક વ્યક્ત કરી મૃતકોના માનમાં થોડી મિનિટોનું મૌન પાળ્યું હતું.

ભોજનના વિરામ બાદ સ્પીકર સોમનાથ ચેટરજીએ આ ઘટનાની ગૃહને જાણ કરી મરનારાઓ પ્રત્યે ગૃહનો શોક વ્યક્ત કર્યો હતો અને તેમના પરિવારજનો પ્રત્યે સહાનુભૂતિ વ્યક્ત કરી હતી. એ પછી સભ્યોએ ઊભા થઈ શોક પ્રદર્શિત કર્યો હતો. ગૃહમાં એ વખતે વડા પ્રધાન મનમોહન સિંઘ, વિરોધ પક્ષના નેતા લાલકૃષ્ણ અડવાણી અને ગૃહનાં નેતા પ્રણવ મુખરજી પણ હાજર હતા. એ અગાઉ ભાજપના વિજયકુમાર મલ્હોત્રા, સમાજવાદી પક્ષના મોહન સિંહ અને તૃણમૂલ કોંગ્રેસની મમતા બેનરજીએ આ મામલામાં સરકારના નિવેદનની માગણી કરી હતી. સભ્યોએ ઝીરો અવરમાં પણ આ પ્રશ્ન ઉઠાવ્યો હતો.

----

'દિવ્ય ભાસ્કર', 'ગુજરાત સમાચાર' અને 'સંદેશ'ના ઉપર છાપેલા અહેવાલોને આધારે આપણે એક આદર્શ અહેવાલ નીચે પ્રમાણે તૈયાર કરીશું. જુદાં જુદાં અખબારોમાંથી આ રીતે અહેવાલો મેળવી, તે

અહેવાલોને આધારે આદર્શ અહેવાલ તૈયાર કરવાનો મહાવરો તમને પરીક્ષામાં ખૂબ ઉપયોગી થશે.

તામિલનાડુના તાંજોર જિલ્લાના કુંભકોણમ શહેરમાં એક ખાનગી શાળામાં લાગેલી ભીષણ આગમાં ૮૩ બાળકો ભૂંજાઈ ગયાં છે. એમાંથી ૨૦નાં શબ ઓળખાઈ શકે તેમ નથી. ૨૭ બાળકો ગંભીર રીતે દાઝી ગયાં છે.

જિલ્લા મેજિસ્ટ્રેટ જે. રાધાક્રિષ્નને જણાવ્યું છે કે અહીંની શ્રીકૃષ્ણ શાળાના સંકુલમાં આવેલી સરસ્વતી નર્સરી સ્કૂલમાં આજે સવારે ૧૧-૦૦ વાગ્યાની આસપાસ આગ ફાટી નીકળી હતી. તે સમયે સંકુલમાં ૯૦૦ બાળકો હતાં. ત્રીજા માળે નર્સરીના વર્ગોમાં ભણતાં બાળકો સાંકડા માર્ગોને કારણે જલદી ન નીકળી શકતાં સપડાયાં હતાં. વળી, અહેવાલ મુજબ એક શિક્ષકે આગને સામાન્ય ગણાવતાં વિદ્યાર્થીઓને જગ્યા પર બેસી રહેવા કરેલી આજ્ઞા પણ તેમના મોતનું કારણ બની હતી. બપોરના ભોજન માટે રસોડામાં તૈયારી ચાલતી હતી ત્યારે રસોડામાંથી આગ ફેલાઈ હતી.

ઘટનાસ્થળે જિલ્લા મેજિસ્ટ્રેટ, પોલીસ અને માબાપો ધસી ગયાં હતાં. બાજુનાં નગરોમાંથી પણ અગ્નિશામક બંબાઓ આવી પહોંચતાં બે કલાકે આગ કાબૂમાં આવી હતી. બચાવ કામગીરી દરમિયાન દાઝેલાં બાળકોને સરકારી હોસ્પિટલમાં દાખલ કરાયાં છે અને આજુબાજુથી બીજા ડોક્ટરોને મદદે બોલાવાયા છે. રાજ્યનાં મુખ્યમંત્રી શ્રીમતી જયલલિતા હેલિકોપ્ટર દ્વારા ઘટનાસ્થળે પહોંચી ગયાં હતાં. તેમણે દરેક મૃતક બાળકના કુટુંબીજનોને રૂ. ૧ લાખ, ૫૦ ટકા દાઝેલાં બાળકોને રૂ. ૨૫,૦૦૦ અને સામાન્ય દાઝેલાને રૂ. ૧૦,૦૦૦ની રાહત સહાયની જાહેરાત કરી છે. આ બનાવને પગલે મુખ્ય જિલ્લા શિક્ષણાધિકારી સહિત ચાર શિક્ષણાધિકારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે તથા શાળાનું લાઇસન્સ રદ કરાયું છે.

બંને ગૃહોને લોકસભાના સ્પીકર શ્રી સોમનાથ ચેટરજીએ ભોજનના વિરામ બાદ આ કરુણાંતિકાની જાણ કરી હતી. બંને ગૃહમાં સભ્યોએ ઊભા થઈ શોક પ્રદર્શિત કર્યો હતો. રાષ્ટ્રપતિશ્રી એ પી જે અબ્દુલકલામ, વડાપ્રધાન શ્રી મનમોહનસિંહ અને ભૂતપૂર્વ વડાપ્રધાન (એન.ડી.એ.ના) શ્રી વાજપેયી સહિત ટોચના રાજકારણીઓ અને અગ્રણીઓએ આ ઘટના અંગે ઘેરા શોકની લાગણી વ્યક્ત કરી છે. શ્રી મનમોહનસિંહે આઈટી અને ટેલિકોમ પ્રધાન દયાનિધિ મારનને તાકીદે ઘટનાસ્થળે પહોંચી બચાવ કામગીરી પર ધ્યાન રાખવા આદેશ આપ્યો છે. ભાજપના શ્રી મલ્હોત્રા, તૃણમૂલ કોંગ્રેસનાં શ્રીમતી મમતા બેનરજી અને સમાજવાદી પક્ષના શ્રી મોહનસિંહે આ મામલામાં સરકારના નિવેદનની માગણી કરી છે.

## ૮.૫ અહેવાલ લેખન માટેની આવશ્યક બાબતો

૧. ઘટનાક્રમ પ્રમાણે અહેવાલ તૈયાર કર્યો. (ક્રમ)

૨. જરૂરી વિશેષણો, શબ્દપ્રયોગો અને ટૂંકાં વાક્યો વાપર્યાં.

૩. માત્ર અનુવાદ નહીં, સ્વતંત્ર અહેવાલ તૈયાર કર્યો.

૪. બિનજરૂરી પુનરાવર્તનો ટાળ્યાં.

૫. લાગણીઓ ઉપર અસર કરનાર ભાષાનો વપરાશ ટાળ્યો. (જે ચોકઠાઓમાં મૂકી શકાય)

# પ્રકરણ :૯ નિબંધની તાલીમ

**એકમની રૂપરેખા**

૯.૦ હેતુઓ
૯.૧ . પ્રસ્તાવના
૯.૨ નિબંધની તાલીમની જરૂર
૯.૩ નિબંધમાં વર્ણન
૯.૪ અર્થઘટન અને તેની રજૂઆત
૯.૫ નિબંધનું લેખન
૯.૫.૧ મુદ્દાઓ
૯.૫.૨ મુદ્દાઓનો વિસ્તાર
૯.૫.૩ પ્રમાણમાન
૯.૬ સમાપન
૯.૭ નિબંધ માટેની આવશ્યક બાબતો
૯.૭.૧ નમૂનો 'નારી તુ નારાયણી'
૯.૮ નિબંધના પ્રકારો
૯.૯ ચિંતનપ્રદાન નિબંધ
૯.૯.૧ નમૂનો 'આદર્શ વિદ્યાર્થી'
૯.૯.૨ આજની શિક્ષણ પ્રણાલિ અને શિક્ષણ
૯.૯.૩ કોમી એકતા
૯.૯.૪ ભ્રષ્ટાચાર એજ શિષ્ટાચાર
૯.૯.૫ શાસકીય અમલદારી સામે આજના પડકારો
૯.૯.૬ સભ્યતાની આગેકૂચ તે સંસ્કૃતિની પીછેકૂચ
૯.૯.૭ સ્ત્રી અનામત
૯.૯.૮ સાયબર વર્લ્ડ : આકર્ષણો અને પડકારો
૯.૯.૯ જાહેર જીવનમાં લાંચ-રૂશ્વત
૯.૯.૧૦ પુરૂષ સમોવડી નારીની દેશના વિકાસમાં ભાગીદારી
૯.૯.૧૧ જીવન શું ? સતત ઝૂઝવું
૯.૧૦ ઘટનાપ્રધાન નિબંધ
૯.૧૦.૧ એક યાદગાર પ્રવાસ
૯.૧૦.૨ કમળાના રોગનું તાંડવ
૯.૧૦.૩ વિનાશક વાવાઝોડાની વચ્ચે
૯.૧૧ માહિતી પ્રદાન નિબંધ
૯.૧૧.૧ યુવાનો અને ટી.વી.
૯.૧૨ આત્મકથા
૯.૧૨.૧ ખેતરની આત્મકથા
૯.૧૨.૨ ફેરિયાની આત્મકથા
૯.૧૨.૩ ભૂકંપગ્રસ્ત ખંડેર ઘરની આત્મકથા
૯.૧૨.૪ સૈનિકની આત્મકથા

૯.૧૩ પ્રકૃતિ વિષયક નિબંધ
૯.૧૩.૧ સાગર કિનારે ચંદ્રોદય
૯.૧૩.૨ દુકાળના ખપ્પરમાં
૯.૧૩.૩ માનવી અને કુદરત
૯.૧૩.૪ ચોમાસાની ઋતુમાં
૯.૧૩.૫ વિજ્ઞાનથી વિકાસ કે વિનાશ ?
૯.૧૪ તમારી પ્રગતિ ચકાસો

## ૯.૦ હેતુ

આ પ્રકરણ દ્વારા તમે નિબંધના લખાણની તાલીમ મેળવશો. નિબંધમાં વર્ણન કઈ રીતે કરવું, કોઈ મદ્દાનું અર્થઘટન કઈ રીતે કરવું, તેની રજૂઆત કેવી રીતે કરવી અને તેનું સમાપન કઈ રીતે કરવું તેની માહિતી મેળવશો. એ ઉપરાંત વિવિધ પ્રકારના નિબંધો વિષે માહિતી મેળવશો અને એ દરેક પ્રકારના નિબંધો વિષે નમૂનારૂપ કેટલાક નિબંધો કઈ રીતે લખાય છે તે જાણી શકશો.

## ૯.૧ પ્રસ્તાવના

આપણે કશાકને વિશે કંઈક કહેવું છે. જે કહેવું છે તેનું મહત્ત્વ ઓછું નથી પણ એને આપણે જે રીતે કહીએ એનું મહત્ત્વ ઘણું વધારે હોય છે એ આપણે જાણીએ છીએ. દલપતરામની નીચેની બે પંક્તિઓ આ સંદર્ભમાં નોંધી શકાય :

કાણાને કાણો નવ કહીએ, કડવાં લાગે વેણ
ધીરે રહીને પૂછીએ જે શેણે ખોયાં નેણ ?

તમે જોઈ શકશો કે કાણી વ્યક્તિને 'એ કાણાભાઈ' એમ કહીએ તો માઠું લાગી જાય પણ એને એમ પૂછીએ કે, તમારી આ એક આંખ કેમ કરતાં ગઈ ? તો એમાંથી અર્થ તો એજ નીકળવાનો કે એ એક આંખ વિનાનો છે એ આપણે જાણીએ છીએ. પણ આમ ધીમે રહીને પૂછ્યું હોય તેથી પેલાને માઠું તો ન જ લાગે પણ આપણી સહાનુભૂતિ તેની સાથે છે એમ સમજી એને કદાચ સારું પણ લાગવાનો સંભવ છે.

### ૯.૨ નિબંધની તાલીમની જરૂર

આ તો એક નાનકડી વાત કહેવાની બાબત થઈ. પણ તમારે તમારા મોટા ભાઈના, મોટીબહેનના કે મામા કે કાકાનાં લગ્નમાં તમે કેવો આનંદ મેળવ્યો એ વિશે લગ્નમાં હાજર નહીં રહી શકેલા તમારા દાદાજીને કે ફોઈબાને કહેવું છે.

'સવારે પાંચ વાગ્યે બસ આવી ગઈ ને અમે નવ વાગે પહોંચ્યાં. નાસ્તો કર્યો, જમ્યાં, લગન થયાં ને ત્યાંથી સાંજે છ વાગે નીકળ્યા. રાતે દસ વાગે તો પાછા આવી ગયાં.'

લો તમારી વાત પૂરી થઈ. દાદાજીને આ માહિતી ન આપી હોત તોય દાદાજી આટલું તો જાણતા જ હોય કે લગ્નમાં જવાનું હોય ત્યારે બધાં ક્યારેક તો નીકળેજ, ક્યારેક તો પહોંચેજ, નાસ્તો કરે, જમે ને લગ્ન થઈ જાય પછી ત્યાંથી પાછાં ફરે. તમે આમાં 'તમારાપણું' ક્યાં લાવ્યા ?

સવારે પાંચ વાગે બસ આવવાની હતી તેથી તમારી પોતાની લાગણી કઈ હતી ? રાત્રે તમને ઊંઘ આવી'તી કે નહીં ? ઊંઘ આવી'તી તો સ્વપ્નામાં એ બસ આવી ગઈ એવું તો નહોતું થતું ને? તમારી ઉત્સુકતા કેટલી અને કેવી હતી તે દર્શાવવા બીજાઓની ઉત્સુકતા કેવી અને કેટલી હતી તે પણ દર્શાવી શકો. કોઈ તો રાતથી જ લગ્નમાં પહેરવાનાં કપડાં પહેરીને, સેન્ટ-અત્તર છાંટીને તૈયાર થઈને સૂતું હતું ખરું ? તમને રાત્રે ઊંઘમાં લગ્નનાં સપનાં આવતાં હતાં ? જમણવારનાં ? વરઘોડાનાં ? બેન્ડવાજાનાં ? બસની મુસાફરીનાં ? સારું. આમાંથી કશાયનું સપનું નહોતું આવતું તો ઊંઘમાં ગુલાબને મોગરાના હારની કે ગાંઠિયા-ભજિયાં ને મીઠાઈઓની કે અત્તર-સેન્ટની સુવાસ આવતી હતી. નહોતી આવતી ? તો

વારેવારે જાગીને ઘડીયાળ જોઈ લેતાં હતાં. બીજાં બધાં સૂતાં હતાં તેમનું અવલોકન કરતાં હતાં? કેટલાક આખી રાત તૈયારીઓજ કરતાં હતાં તેમને જોયા કરતાં હતાં? બાની, બાપુજીની, પરણનાર મોટાભાઈ, મામા કે કાકાની તૈયારીઓ, તેમનાં મનમાં ચાલતી વિચારણા વગેરેનું અવલોકન કરતા હતા? સારું, એવું કશુંય નહોતા જોતા તો જાનમાં જશો ત્યારે બસમાં કઈ જગ્યાએ બેસશો, કયાં કપડાં પહેરશો, કોની સાથે ફરશો, કોની સાથે જમવા બેસશો, અમુક અમુક વાનગીઓ જમણવારમાં હશે તો એમાંથી કઈ વાનગી પર તમારો પ્રેમ ઢોળશો, વરઘોડામાં કેવી રીતે કઈ જગ્યાએ ચાલવાનું પસંદ કરશો, જાનમાં તમારી સાથે અમુક અમુક વ્યક્તિઓ આવશે તેમાંથી કોની કોની સાથે વધારે આનંદ કરશો, મોટાભાઈના કે મામાના બૂટ સંતાડવા સામા પક્ષની કન્યાઓ આવશે ત્યારે શી યોજના કરશો, નાસ્તામાં શરબતમાં ખાંડને બદલે મીઠું નાખશે તો તમે સામા પક્ષની હાંસી કઈ રીતે ઉડાવશો આવા બધા વિચારો કરતા હતા ? તમે આમાંથી કંઈ જ નહોતા કરતા પણ શાંતિથી ઘસઘસાટ સૂઈ ગયા હતા. તો તેની વાત પણ કરી શકો કે બીજાં બધાં રઘવાટમાં હતાં પણ આપણે તો બંદા એયને એવા ઘસઘસાટ ઊંઘી ગયેલા કે સવારે ચાર વાગે બાએ ઉઠાડ્યા ત્યારે જ ઊઠ્યા. પણ ઊઠ્યા પછી કેવી રીતે તૈયાર થયા તેનું તો વર્ણન કરવું જ પડશે. બસમાં બધા કરતાં તમે કંઈક જુદી રીતે બેઠેલા, કદાચ બારી પાસે ને ચાર કલાક બારીમાંથી બહાર બધું જોતા હતા- પાંચથી નવ દરમિયાન બસ કંઈ એકધારી દોડી નહોતી, વચ્ચે બે એક જગ્યાએ ઊભી પણ રહી હશે. નાસ્તો તો ખરો પણ એ ઉપરાંત બીજું કંઈ? દાદાજીને તમે આ બધું કહો તો એમને મજા પડે.

## ૯.૩ નિબંધમાં વર્ણન

એ જ રીતે તમે સામા પક્ષને ત્યાં પહોંચ્યા ત્યારે કોણ કોણ સ્વાગત કરવા સામું આવેલું, તેમણે શી વાતચીત કરી, માંડવો અને ઉતારો કેવાં શણગારેલા, ઉતારામાં શી શી વ્યવસ્થા હતી, સરભરામાં કોણ કોણ માણસો હતા. વરરાજા અને બીજાં મહત્ત્વનાં માણસો માટે કંઈ ખાસ વ્યવસ્થા હતી કે નહીં, એ વ્યવસ્થાનો તમને લાભ મળ્યો કે નહીં, કોઈ નજીકની વ્યક્તિને એ વિશેષ વ્યવસ્થાનો લાભ ન મળ્યો તો એ રિસાઈ કે નહીં, રિસાઈ તો એને કોણે કેવી રીતે મનાવી, ક્યારે મનાવી, સામાપક્ષવાળાં કેવો રઘવાટ કરતાં હતાં, કોને કોને ખાસ મસ્કો મારતાં હતાં, કોની કોની રમૂજ કોણ કોણ કેવી રીતે કરતું હતું, કેવી ધમાલ થતી હતી, નાસ્તામાં કઈ કઈ વાનગીઓ હતી, ચા, શરબત કે આઈસક્રીમ કેવાં હતાં, જમવાનું કેટલા વાગે થયેલું, મોડું થયેલું તો બધાં અકળાયેલાં કે નહીં? બુફે હતું, ટેબલ પર હતું કે પાટલા નાખેલા, કઈ કઈ વાનગીઓ હતી. પીરસનારા કેવા હતા, પીરસવાની વ્યવસ્થા કેવી હતી. તમને શું સૌથી વધુ ભાવ્યું, દાદાજી આવ્યા હોત તો તેમને વધુ શું ભાવત, દાદાજી કેમ નથી આવ્યા એ વિશે ખાસ રસ લઈને કોણે કોણે કોને કોને પૂછ્યું હતું, દાદાજીની ખોટ બધાંને કેવી લાગતી હતી, ખાસ ક્યા કયા પ્રસંગે વધારે ખોટ લાગી ? લગ્નવિધિ કેટલો સમય ચાલ્યો, કેવા ફોટા લીધા, કોણે કોણે કોને કોને કઈ કઈ પ્રેઝન્ટો આપી, બા-બાપુજી અને અન્ય સગાવહાલાંની દોડધામ, ધમાલ કેવી હતી, પાછા ફરતાં બધો સામાન બરોબર યાદ રાખીને લેવાયો, કંઈ ભૂલી જવાયું, એને માટે શી વ્યવસ્થા કરી, બસમાં મુસાફરોની સંખ્યા વધી ગઈ તો કેવી સંકડાશ પડી, કોને ઝઘડા થયા, કેવી રીતે શાંત પડ્યા, લગ્નવિધિ કરાવનાર ગોર કેવા હતા, બહુ બોર કર્યા કે નહીં, કન્યાનાં મા બાપ-ભાઈ-બહેનો કેવી રીતે વર્ત્યાં, પરણીને આવતાં રસ્તામાં શી શી રમૂજો-રમતો-મજા બધાએ માણી - આ બધી વિગતો તમારે દાદાજીને કહેવી જોઈએ તો દાદાજીને મજા પડે.

હાજ તો. આ બધું તમે કહો એટલા માટે તો દાદાજીએ તમારી પસંદગી કરી. દાદાજી લગ્નમાં હાજર રહેવા ઈચ્છતાતા તો ખરા જ પણ વૃદ્ધાવસ્થાને લીધે અથવા માંદગીને લીધે કે કંઈક કારણસર આવી શકેલા નહીં, એમને એ લગ્નની બધી વિગતો જાણીને એ લગ્નમાં હાજર રહેવા જેટલો આનંદ લેવો છે. આટલી ઝીણવટથી વિગતો મળે તો જ એમને એમાં રસ પડે, તો જ એમને આનંદ આવે.

તમે ક્રિકેટની કોમેન્ટ્રી - આંખો દેખા હાલ-રેડિયો પર અથવા ટી.વી. પર સાંભળો છો. ટી.વી. પર તો ક્રિકેટ રમાતી દેખાય પણ છે અને સાથે કોઈ એનું વર્ણન પણ કરે છે. હવે અમુકજણ તેનું વર્ણન કરે તો તમારા પપ્પા અથવા તમે ટી.વી. નું વોલ્યુમ નાનું કરી દો છો અને અમુકજણ વર્ણન કરે તો તમે ક્રિકેટ

રમાતી જુઓ છો છતાં વોલ્યુમ મોટું કરીને સાથે સાથે એ રમાતી રમતનું વર્ણન સાંભળવાનું પણ પસંદ કરો છે. આમ શા માટે કરો છો ? રેડિયો પર આંખો દેખા હાલ સાંભળતી વખતે તમે કોમેન્ટેટરો વચ્ચે સરખામણી કરો છો. કોઈ કહે છે, મને મુરલી મનોહરની કોમેન્ટ્રી સાંભળવી બહુ ગમે છે. તરત તમારા પપ્પા કહેશે, તેં વિજય મરચન્ટની કોમેન્ટ્રી ક્યાં સાંભળી છે ? અથવા દાદાજી કહેશે, અરે, મહારાજા ઓફ વિજયરત્નમ કોમેન્ટ્રી કહેતા. બહુ મજા આવતી. તો વળી કોઈ બીજું કહેશે, 'પીઅર્સન સુરીતા પણ સરસ કહેતો', તો કોઈને મશરૂવાળાની કોમેન્ટ્રી પસંદ પડતી. આમ કેમ બને છે ? આનું કારણ આપણે સૌ જાણીએ છીએ. આપણી પોતાની આંખે ક્રિકેટની રમત જે ઝીણવટથી આપણે જોઈ શકીએ છીએ તેના કરતાં વધુ ઝીણવટ વધારે સારા અર્થઘટન સાથે કોમેન્ટેટરની આંખે જોઈ શકીએ છીએ. આ કારણે જ ટેન્ટમાં બેઠા બેઠા ક્રિકેટ પોતાની સગી આંખે જોનારા પણ પોતાની સાથે ટ્રાન્ઝીસ્ટર રાખે છે અને રમાતી રમત સાથે આંખેદેખ્યો હાલ-કોમેન્ટરી સાંભળવામાં રસ લે છે.

આ જ વાતને એક ડગલું આગળ વધીને સમજીએ. એક ચાંદની રાતે પાંચ મિત્રો એક સાથે ચાંદોદના ઘાટ પર હોડીમાં બેસીને ચાર પાંચ કલાક સુધી નર્મદા નદીમાં નૌકાવિહાર કરે છે. બધા એજ હોડીમાં હતા. બધાનો એક સરખો અનુભવ હતો છતા પાંચમાંથી એક જણે એ અનુભવ વિશે પાંચ-દસ પાનાં લખ્યાં તો પેલા બાકીના ચારેને એ વાંચવામાં બહુ રસ પડ્યો. કેમ ભલા ? અનુભવતો એનો એ જ હતો. બધા સાથે હતા. છતાં એના એ અનુભવને ફરીથી વાંચવામાં રસ શા કારણે પડ્યો ?

## ૯.૪ અર્થઘટન અને તેની રજૂઆત

વાત સમજવા જેવી છે. અનુભવ એનો એ ખરો પણ એ અનુભવનું અર્થઘટન લખનારાએ જે રીતે કર્યું એ રીતે પોતે કરી શકેલા નહીં : એ અર્થઘટન વાંચવાની મજા પડી.

તો હવે સમજાયું હશે કે પોતે મેળવેલી માહિતી, પોતે મેળવેલો અનુભવ, સર્વને થઈ શકે એવી પોતાને થયેલી લાગણી અથવા ઊર્મિ, બધાને આવી શકે એવી પોતાને આવેલી કલ્પના પોતાની રીતે રજૂ કરવી એટલે શું ? પોતાની રીતે એટલે પોતાનાં એ વિશેનાં અર્થઘટનો સાથે.

પણ તમે એ પણ જાણો છો કે એ અર્થઘટનોને તમે ભાષાની મદદથી જ રજૂ કરી શકવાનાં છો. જેમ અર્થઘટનો તમારાં છે એમ બધા જેનો ઉપયોગ કરે છે એવી ભાષાનો ઉપયોગ પણ તમારે તમારી આગવી રીતે કરવાનો છે. તમે તરત કહેશો ભાષામાં તો એનાં એ વાક્યો હોય, એના એ શબ્દો હોય- બધાંની રીતે જ ભાષાનો ઉપયોગ તો થઈ શકવાનો. વાત સાચી છે છતાં એ પણ એટલું જ સાચું છે કે એના એ જ શબ્દો અને એનાં એ જ વાક્યોમાંથી પસંદગી અને પસંદગી પછી તેની મેળવણી -ગોઠવણી અને ક્રમ તમારો પોતાનો હોવાનો. આ બાબત બહુ નજીવી લાગે છે પણ છે બહુ મહત્ત્વની.

આ બે બાબતોની તાલીમ મેળવવા માટેના ઉત્તમ ઉપાય શિક્ષણકારોએ નિબંધ તાલીમમાં જોયા છે. નિબંધ લેખનની તાલીમમાં આ બે મહત્ત્વની બાબતોની તાલીમ આપવાનો આશય હોય છે. પહેલી બાબત તો એ કે એની એ જાણીતી માહિતી, એનો એ બધાને થઈ શકે એવો અનુભવ, એની એ બધાને આવી શકે એવી કલ્પના અને એની એ બધાને થઈ શકતી લાગણી, આવી શકતા વિચાર તમે કઈ રીતે અર્થઘટન કરીને એમાંની કઈ કઈ બાબતોને મહત્ત્વ આપીને અને કઈ કઈ બાબતોને ગૌણ ગણીને, રજૂ કરો છો ? અને બીજી મહત્ત્વની બાબત-બધા જે ભાષાનો ઉપયોગ કરે છે તે જ ભાષામાં તમે રજૂ કરો છો ત્યારે અનેક શબ્દોમાંથી કયા શબ્દો પસંદ કરો છો, તે શબ્દોની કયા પ્રકારની ગોઠવણી-મેળવણી પસંદ કરો છો, કેવા પ્રકારનાં વાક્યો અને તેના આરોહ-અવરોહ પસંદ કરો છો, એના કઈ રીતે પરિચ્છેદ પાડો છો, કહેવાનો આરંભ કઈ રીતે કરો છો અને એનું સમાપન કઈ રીતે કરો છો ?

આ વાત સમજવા માટે શરૂઆતમાં તમે વર્ણવેલા લગ્નના પ્રસંગનું ઉદાહરણ ફરીથી લઈએ. તમે દાદાજીને બદલે એ વર્ણન ફોઈબા સમક્ષ કરો તો આખું વર્ણન થઈ ગયા પછી કદાચ ફોઈબા પૂછશે, પણ મુદ્દાની વાત તો તેં કરી નહીં ? 'તમે' પૂછશો, કઈ ? એટલે તરત કહેશે; શું ખાધું, કેવી રીતે ખાધું, કેવું સ્વાગત થયું એ તો બધું સમજ્યા પણ દીકરીને એ લોકોએ શું શું આપ્યું ? વાસણ કૂસણ ? ઘરેણાં ? રાચ-

રચીલું ? જમાઈને વીંટી આપી કે નહીં ? તમે કહેશો, 'હા, એ બધું તો ખરું જ તો પણ બે ય જણના હનિમૂનની ટિકિટ પણ આપી.' એટલે ફોઈબા રાજી હાજી થઈને કહેશે, 'હં, ત્યારે એમ મુદ્દાની વાત કરને રોયા.'

જોયું ? તમે જેને ગૌણ ગણતા હતા તે વાત ફોઈબાને મન 'મુદ્દાની વાત' છે. મુદ્દો છે. મુદ્દો એટલે મહત્ત્વ. કોઈ આવીને તમને કહેવા માંડે કે ચાર દિવસથી એ ભૂખ્યો છે, એનું ખિસ્સું કપાઈ ગયું છે, એની પત્ની દૂરના શહેરમાં સખત માંદી છે એવો તાર છે અને ગયા વિના ચાલે એમ નથી તો તમે એનો કહેવાનો મુદ્દો સમજી જાવ કે નહીં ? હા, બરાબર એને તમારું ખિસ્સું હળવું કરાવવું છે.

એટલે હવે નિબંધમાં 'મુદ્દો' એટલે શું એ તમને સમજાઈ ગયું હશે. ઘણીવાર શિક્ષક નોંધ કરે છે કે, 'મુદ્દાસર લખો' ત્યારે તમને થાય છે કે માળું આ મુદ્દો વળી શું ? મુદ્દો એટલે મહત્ત્વની બાબત. તમે જે કહેવા માગો છો એની તો અનેક વિગતો હોઈ શકે. એમાંથી જે મહત્ત્વની વિગતો હોય, સંદર્ભોચિત હોય તે કહેવી અને તે ય મહત્ત્વના ક્રમ અનુસાર કહેવી.

## ૯.૫ નિબંધનું લેખન

આનો અર્થ એ થયો કે જેને વિશે નિબંધ લખવો હોય તે વિષયની બધી મુદ્દાની બાબતો પહેલાં તો ભેગી કરવી, એટલે કે બધી મહત્ત્વની બાબતો, મુદ્દાઓની યાદી બનાવવી. કોઈપણ વિષય હોય. વાત થઈ એવો 'ચાંદની રાતે નૌકાવિહાર' જેવો વિષય હોય અથવા 'ફાટેલા પતંગની કે ફાટેલા ખમીસની આત્મકથા હોય'. 'સંતતિનિયમન', મોંઘવારી', 'ફુગાવો', 'હોળી', 'દિવાળી', 'ઈદ', 'વર્તમાનપત્રો', 'રેડિયો', 'જીવનમાં રમતનું સ્થાન', 'આરોગ્ય', નાદપ્રદૂષણ', 'લોકશાહીના ખતરાઓ', 'સમાજવાદ', 'એશિયાઈ રમતો', 'ક્રિકેટ', 'મારાં જીવનનો યાદગાર પ્રવાસ', 'મારો પ્રિય નેતા', 'નારી સ્વાતંત્ર્ય', 'દહેજ', 'ટાઈલ્સની આત્મકથા', અરે 'ઢેખાળાની આત્મકથા'- કોઈપણ વિષય વિશે લખવાનું આવે તો પહેલાં તો તેને વિશે શું અગત્યનું ગણી શકાય, લખી શકાય એમ છે એની યાદી તૈયાર કરવી. જોકે ક્યારેક એવું બનવાની શક્યતા ખરી કે તમે એ વિષયની અમુક બાબતોને બિનમહત્ત્વની ગણતા હો અને બીજી એને મહત્ત્વની ગણે. પણ એવું બહુ ઓછી બાબતો વિશે થવાનું. ધારો કે 'ફાટેલા પતંગ'ની આત્મકથા લખવાની હોય તો એ કયા પ્રકારના કાગળમાંથી, કયા પ્રકારની પ્રક્રિયામાંથી પસાર થયેલા કાગળમાંથી, કયા ગામની કઈ ફેક્ટરીમાંથી બનેલા કાગળમાંથી બન્યો હતો એવી બાબત તમારે માટે ગૌણ મહત્ત્વની હોઈ શકે. પણ જે વિદ્યાર્થી એમ લખવા માગતો હોય કે આકાશમાં ઊડવાની વાત તો બાજુએ રહી પણ કિન્ના બાંધવા માટે વીંધાતા પહેલાં જ ઢઢ્ઢો કે કમાન મરડવા જતાં જ હું ફસકી પડ્યો. એને મન કઈ ફેક્ટરીમાંથી કયા પ્રકારના બનેલા કાગળમાંથી આ પતંગ બન્યો હતો એવી બાબત મહત્વની બની શકે. આ ઉપરથી તમને સમજાયું હશે કે તમે કઈ બાબતોને ઉપસાવવા માગો છો અને એ ઉપસાવવાથી તમે કઈ રીતની અસર અથવા પ્રભાવ વાચક ઉપર પાડવા માગો છો તેને આધારે તમે ગૌણ અથવા મહત્ત્વની બાબતો નક્કી કરી શકો છો.

હા, તો આ જગતમાં કોઈપણ વિષય એવો નથી કે જેને વિશે પાંચ-દશ મહત્ત્વની વાતો કરી શકાય એમ ન હોય. 'કેરીની ગોટલી' જેવી તુચ્છ વસ્તુ વિશે નિબંધ લખતા હો તો પણ પાંચ-દશ મહત્ત્વની બાબત તમારી યાદીમાં તમે જરૂર નોંધી શકવાના. અલબત્ત, આ માટે તમારે થોડો શાંત ચિત્તે વિચાર કરવો જોઈએ.

### ૯.૫.૧ મુદ્દાઓ

મુદ્દાઓની યાદી બનાવતી વખતે શાંત ચિત્તે વિચાર કરતા હો છો ત્યારે એ એક જાતનું ચિત્તનું 'વોર્મિંગઅપ' હોય છે. દોડતાં પહેલાં જેમ સ્થાન ઉપર થોડું દોડીને; હાથપગ લાંબા ટૂંકા કરીને આપણે શરીરનું વોર્મિંગઅપ કરીએ છીએ તેજ રીતે કોઈપણ વસ્તુ લખતા પહેલાં આખું ચિત્તનું વોર્મિંગઅપ કરવું જરૂરી હોય છે.

મુદ્દાઓ જેટલા યાદ આવે એટલા નોંધતા જવા એ શાણપણની નિશાની છે. પ્રથમ સ્ફુરણે તુચ્છ લાગતો

મુદ્દો અન્ય મુદ્દાઓના સંદર્ભમાં બહુ મહત્ત્વનો બની જાય. એટલે કે ખરેખરો મુદ્દો બની જાય એવું પણ બની શકે. ધારો કે 'કેરીની ગોટલી' વિશેનો જ નિબંધ લખીએ છીએ. એને વિશે કહી શકાય તેવી મહત્ત્વની બાબતો એટલે કે મુદ્દાઓ નોંધીએ છીએ. જેમ યાદ આવતું જાય એમ નોધવા માંડો : (૧) ગોટલીનો ઉપયોગ શું ? ઢોરનો ખોરાક, બળતણ, સાબુ માટેનું તેલ, પ્રોટીનયુક્ત માનવ આહારમાં ઉપયોગ, નવો આંબો વાવવો હોય તો (૨) ગોટલી કેવી રીતે અસ્તિત્વમાં આવે ? (૩) ગોટલી જોઈને મને શું વિચારો આવે ? કંઈ ઉપદેશ મેળવી શકાય ? કંઈ જીવન વિશેની વાત કહી શકાય ? (૪) ગોટલી તો વિવિધ પ્રકારની કેરીઓની નીકળે. વલસાડી, રાજાપૂરી, લંગડો, તોતાપુરી- એના વિવિધ પ્રકાર, આકાર અને ગુણદોષ. (૫) ગોટલીનો દવામાં ઉપયોગ. (૬) ગોટલીનું આંબો નામના વૃક્ષના જીવનક્રમમાં મહત્ત્વ. હજુ બીજા મુદ્દા કહેવા જેવી બાબતો સૂઝી શકે એમ નથી, પણ આપણે તો ચાલીસ-પચાસ વાક્યો લખવાનાં છે, આટલા મુદ્દા પૂરતા છે.

### ૯.૫.૨ મુદ્દાઓનો વિસ્તાર

હવે આ મુદ્દાઓમાંથી કોઈ એક બીજામાં સમાઈ શકે એવો છે ? વિચાર કરતાં લાગે કે પાંચમો મુદ્દો છે તે પહેલા મુદ્દામાં આવી શકે. સારું, તો હવે છને બદલે પાંચ મુદ્દાઓ રહ્યા. એને કયા ક્રમમાં નિરૂપીશું ? જે ક્રમ છે એ યોગ્ય છે ? યોગ્ય નથી, તો કયો ક્રમ યોગ્ય લાગશે ? બે-ચાર ક્રમ બદલી જુઓ. તમને જ સમજાશે કે અમૂક રીતે આ મુદ્દાઓ ગોઠવીએ તો નિબંધનો આકાર સરસ લાગશે. આ તો ડ્રોઈંગરૂમમાં ફર્નિચર ગોઠવવા જેવી વાત છે. બે ચાર વાર તો ફર્નિચરની અદલાબદલી કરી જુઓ. સોફો સામે બારી પાસે હતો. ત્યાંથી ખસેડી દીવાલ પાસે મૂકો અને બારી પાસે સ્ટીરીઓડેક ગોઠવી જુઓ. બરાબર ન લાગ્યું ? સોફા જરા દીવાલથી દૂર રૂમમાં ઝુમ્મરની નીચે ગોઠવી અને તેની બાજુમાં ટિપોય ગોઠવી કાટખૂણે દીવાન ગોઠવો. સ્ટીરીઓડેક ખૂણામાં લઈ જાવ. ઠીક લાગે છે ? અહં કઈ જામતું નથી. તો ઠીક. દીવાનને દીવાલને અડતો ગોઠવો, સામે સોફા ગોઠવો. બેની વચ્ચે બારીથી દૂર ઝુમ્મરની નીચે સ્ટીરીઓ ગોઠવો હવે ? હા. ફક્કડ. એવું જ નિબંધમાંના મુદ્દા કયા ક્રમમાં ગોઠવવા એનું પણ છે. પણ પહેલાં કયો મુદ્દો લઈશું ? કોઈને લાગશે કે ગોટલીનું આંબા નામના વૃક્ષના જીવનક્રમમાં મહત્ત્વ એ મુદ્દો પહેલાં મૂકો- કોઈને લાગશે ના, ના. ગોટલી જોઈને મને શું વિચારો આવે છે એને જ પહેલાં નિરૂપીએ. કોઈને થશે ગોટલી કઈ રીતે અસ્તિત્વમાં આવે તે પ્રક્રિયાથી શરૂઆત કરવા જેવી. સારું આ ત્રણમાંથી ગમે તે એક મુદ્દાથી શરૂઆત કરો. એ મુદ્દા વિશે દસ-પંદર વાક્યો લખો. એ મુદ્દાનો અંત એવી રીતે લાવો કે હવે તમે જેને બીજા મુદ્દા તરીકે મૂકવાનો પસંદ કર્યો છે, એની જ વાત અનિવાર્યપણે તમારે કહેવી પડે.

ધારો કે ગોટલી કેવી રીતે અસ્તિત્વમાં આવે છે ? વસંત આવે છે ત્યાંથી શરૂઆત કરી લખવા માંડો.

પાનખર પૂરી થાય છે અને વસંત આવે છે; કોયલ ટહુકે છે. વસંત આવે છે અને આંબો મ્હોરે છે. આંબાની ડાળીએ ડાળીએ સુવાસના ટહુકા કરતાં ફૂલનાં ઝુંડના ઝુંડ ઝૂમવા માંડે છે અને ફૂલોની સુવાસથી મસ્ત બનીને મધમાખીઓ અને ભમરા, સક્કરખોરા અને ફૂલસુંઘણી રસની મહેફિલ માણવા આવી ચડે છે. એમની સાથે વસંતનો શીતળ સમીર પણ સહાયક થાય છે અને ફલીનીકરણની પ્રક્રિયા આરંભાય છે. પંદરેક દિવસમાં તો ડાળીઓ ફળથી લચી પડે છે. નાના નાના મરવા જોઈ મોંમાં પાણી આવે છે. આ મરવામાંથી ઘણા ખરી પડે છે. અમુક જ ધીમે ધીમે મોટા થાય છે. આ ગોટલી જ આંબાનું બી. આંબાનો વંશવેલો ટકાવી રાખનાર, આંબાના પુનર્જન્મનું નિમિત્ત.

બસ, બસ, બસ, પહેલો મુદ્દો પૂરો થયો. એ સાથે પહેલો પરિચ્છેદ પણ પૂરો થયો. પહેલા મુદ્દાનું છેલ્લું વાક્ય તમે એવું મૂક્યું કે હવે ગોટલીનું આંબાના જીવનક્રમમાં શું મહત્ત્વ છે એ વાત જ તમારે કરવી પડવાની. તો શરૂ કરી દો હવે બીજો મુદ્દો.

આંબા ઉપર કેરી બરાબર પાકે ત્યાં સુધી રાખેલી કેરીનો ગોટલો મજબૂત કડક છાલવાળો બને છે. આવી પાકી ગોટલી વાવવાથી આંબાનું વૃક્ષ બને છે. વૈશાખ બરાબર તપે એટલે કેરીઓ આંબા ઉપર જ પાકવા માંડે. એને શાખ કહેવાય. શાખ આવ્યા પહેલાં નાના મરવા ઉતારી લઈએ તો તેમાંથી કૂણી ગોટલી નીકળે. એ ગોટલી વાવવાના કામમાં ના આવે. ઉનાળામાં જ ૩' --૩' ના મોટા ૪'થી ૫' ઊંડા ખાડા

તૈયાર કરવામાં આવે. વૈશાખ-જેઠના તડકામાં એ ખુલ્લા ખાડાને તપવા દેવામાં આવે. અષાઢ આવતાં જ એ ખાડામાં સૂકું ખાતર અને તપેલી માટીનું મિશ્રણ ભરવામાં આવે. એકાદ સારો વરસાદ થઈ જાય એટલે દરેક ખાડામાં ભીની પોચી માટીના એક-બે સારા મોટા પાકા ગોટલા બે-ચાર ઈંચ ઊંડે ખોંસી દેવામાં આવે. પંદરેક દિવસમાં તો ગોટલી ફાટે અને એમાંથી આંબાના અંકુર ફૂટે. એક નવા વૃક્ષનું જીવન શરૂ થાય.

### ૯.૫.૩ પ્રમાણભાન

બીજા પરિચ્છેદમાં તમે ખાસું લંબાણ કરી બેઠા. કોઈને કદાચ લાગેય ખરું કે તમારું ખેતીનું જ્ઞાન તમે આમાં ન લાવ્યા હોત તો ચાલત. કોઈ વળી એમ પણ લખી શકે કે કેરી ચૂસીને ગોટલો બરાબર સાફ કરીને કોઈ બાળકે ખુલ્લામાં ફેંકી દીધો. ત્યાં ધૂળમાં થોડા દિવસો દટાયેલો રહ્યો. એક દિવસ વરસાદ આવ્યો. ગરમી અને અંધકારમાં પંદરેક દિવસ ગૂંગળાયો અને એક વહેલી સવારે આંબાનો ફણગો બનીને કૂણાં કૂણાં પાંદડાંના બે નાજુક હાથથી સૂરજદેવને વંદી રહ્યો. હે સૂરજદેવ, મને નવજીવન આપો.

બીજો મુદ્દો તમે એ રીતે રજૂ કર્યો છે કે હવે તમારે ગોટલીના અન્ય ઉપયોગોવાળો મુદ્દો જ ત્રીજા નંબરમાં લેવો પડે છે. તો તમને સૂઝ્યા એ બધા ઉપયોગો વિશે તમે લખી શકશો. શરૂઆત નીચેની રીતે પણ કરી શકો.

પણ કેરીની બધી જ ગોટલીઓનાં નસીબે એ નવા જ આમ્રવૃક્ષનું બી બનવાનું નથી લખાયેલું હોતું. કેટલીક તેલ પીલવાના સંચામાં પીલાય છે, કેટલીક ઢોરનું ખાણ બને છે. કોઈના રોટલા શેકવા બળતણ બને છે... હા .. લખે જાવ. એ પછી ચોથો મુદ્દો અને છેલ્લે ગોટલી જોઈને તમને આવતા વિચારો, જીવન વિશેનું તત્ત્વજ્ઞાન, ઉપદેશ. અને ઉપદેશ, એ છેલ્લો મુદ્દો લખો. નિબંધ પૂરો.

## ૯.૬ સમાપન

તમે જોયું હશે કે, તમારી પાસે જે માહિતી છે તેને તમારી રીતે રજૂ કરી. તમે તમને સૂઝી એવી કલ્પનાઓની મદદથી એ માહિતીને રજૂ કરી. એ કલ્પનાઓ એક રીતે તમે કરેલાં અર્થઘટન છે. તાજો ફૂટેલો, અંકુરેલો, ગોટલો જુઓ અને એ બે નાજુક પાંદડાં જુઓ એટલે તમને એ સૂરજના પ્રકાશ સામે ખુલ્લી કરેલી નાજુક લાલ લાલ નાની નાની હથેળીઓ લાગે અને બીજા કોઈને આંબાએ આ જગતને જોવા માટે ખોલેલી નાની નાની નાજુક આંખો લાગે. તો વળી ત્રીજા કોઈને, જમીનમાં દટાયેલા-ગરમી અને અંધકારમાં ગૂંગળાતા-ગોટલાએ શ્વાસ સારી રીતે લઈ શકાય એ માટે જમીનના પડની ઉપર બહાર કાઢેલાં એનાં નાજુક ફેફસાં લાગે. તમે જે રીતે જોઈ શકો. એની એ વાત તમારી રીતે જોઈને કહી શકો.

એની એ વાત તમારી રીતે જોઈ એમ તમારી રીતે તમારે કહેવાની પણ છે એ યાદ રાખજો. લગભગ પંદર-સોળ વરસથી આ ભાષાનો ઉપયોગ તમે કરો છો. એ જ ભાષાનો ઉપયોગ માહિતીપ્રધાન નિબંધ હોય તો કઈ રીતે કરાય, ચિંતનપ્રધાન કે વિચારપ્રધાન નિબંધ હોય તો કઈ રીતે કરાય એ શીખવાનું છે. એના કોઈ ચોક્કસ નિયમો નથી. માહિતીપ્રધાન નિબંધ હોય એમાં કલ્પના કે ચિંતનને જરાય અવકાશ જ ન હોય એમ બનતું નથી. વળી ચિંતન કે ગંભીર વિચારની રજૂઆત ગંભીર ભારેખમ ભાષામાં જ કરી શકાય એવો પણ નિયમ નથી. હળવી રીતે ગંભીર વિચાર રજૂ થઈ શકે.

## ૯.૭ નિબંધ માટેની આવશ્યક શરતો

૧. તમે જે વિષય પસંદ કર્યો છે તેમાં આવી શકે તેવા બધા મુદ્દાઓ તમે યાદ કરીને નોંધી શક્યા છો. મુદ્દો એટલે મહત્ત્વની વાત એ તમને ખબર છે.

૨. મહત્ત્વના મુદ્દાઓ નોંધી શક્યા છો તે રીતે બિનમહત્ત્વની વિગતો ટાળી શક્યા છો કે કેમ તેની ચોક્સાઈ પણ જરૂરી છે. બિનમહત્ત્વની વિગતો તમારા નિબંધમાં આવી જાય તો વિષયાંતર થયું કહેવાય. વિષયને સ્પર્શતું ન હોય તેવું કશું જ તમારા નિબંધમાં રજૂ ન થવું જોઈએ. આમ વિષયને આવરી લેતા બધા મુદ્દા આવરી લો અને વિષયને સ્પર્શતો એકપણ મુદ્દો તમારા નિબંધમાં

ન છૂટે તો પરીક્ષકને સમજાય કે તમારી વિષયવસ્તુ ઉપર પકડ સારી છે.

૩. મુદ્દાઓ રજૂ કરતી વખતે તમે બને તેટલા તટસ્થ રહો. તમે એ મુદ્દાને તમારા અભિપ્રાયથી, તમારા એકપક્ષી વિચારોથી રજૂ કરવાને બદલે માત્ર વિગતો અથવા માહિતીરૂપે રજૂ કરો તો પરીક્ષકને સમજાશે કે તમે રચનાત્મક રીતે વિચારો છો અને વિગતોને રજૂ કરો છો.

૪. એ વિચારોને ટૂંકાણમાં એટલે કે બિનજરૂરી લંબાણ કર્યા વિના રજૂ કરો.

૫. વિચારો અને મુદ્દાઓનો ક્રમ તર્કપૂર્ણ હોવો જોઈએ. પરસ્પર વિરોધી લાગે તેવા મુદ્દાઓ કે વિચારો એક સાથે રજૂ ન થવા જોઈએ. અમુક મુદ્દાને પહેલા પરિચ્છેદમાં અને અમુકને ત્રીજામાં શા માટે રજૂ કર્યો એનાં કારણોની તમને જાણ હોવી જોઈએ. મુદ્દો પૂરો થાય ત્યાં પરિચ્છેદ પૂરો થાય તેની તમને ખબર હોવી જોઈએ.

## ૯.૭.૧ નમૂનો 'નારી તું નારાયણી'

ધારો કે તમે 'નારી તું નારાયણી' નામનો વિષય નિબંધ લખવા માટે પસંદ કર્યો છે. આ વિષયમાં સમાવેશ પામી શકે એવા મુખ્ય મુદ્દાઓની તમારે યાદી બનાવવી જોઈએ. વિષયને બરાબર સમજવા માટે વિષય માટે વાપરવામાં આવેલા શબ્દોને પહેલાં તો ઊંડાણથી સમજવા જોઈએ. આ વિષયમાં **નારી** અને **નારાયણી** એ બે શબ્દો મહત્ત્વના છે. તમને ખબર હોવી જોઈએ કે નારાયણ એટલે કોણ? એમની શ્રેષ્ઠતા શેને કારણે છે ?વળી તમને નારીનો અર્થ પણ બરાબર ખબર હોવો જોઈએ. નારી એટલે સ્ત્રી. પણ પશુ-પંખીમાં તો જે સ્ત્રી છે તેને **માદા** કહી છે, નારી નથી કહી. ત્યાં નરપશુ અને નારીપશુ એવું કહેતા નથી. ત્યાં તો નરપશુ અને માદાપશુ એમ કહીએ છીએ. તો માત્ર માનવજાત માટે પુરુષને નર અને સ્ત્રીને નારી કેમ કહી ?

જરાક વિચારશો તો સમજાશે કે પશુ હોય કે માનવ, પણ એમાં જે પુરુષ છે તે બધા સરખા જેવા છે, એટલે બધાને નર કહ્યા. પણ પશુ હોય કે માનવ-એમાં જે સ્ત્રીઓ છે તેમાં મોટો તફાવત છે. પશુ-સ્ત્રીઓ પોતાનાં બચ્ચાંને જન્મ આપી પોષણ તો આપે છે પણ સંસ્કાર નથી આપી શકતી, જ્યારે માનવ-સ્ત્રીઓ જન્મ આપીને પોષવા ઉપરાંત પોતાનાં બચ્ચાંને સંસ્કાર પણ આપે છે. માનવ બનવા માટે લાયક બનાવે છે માટે એ માત્ર માદા નહીં પણ નારી કહેવાય છે. ગુજરાતી ભાષામાં બોલનાર, કરનાર, ખાનાર, વાંચનાર એ બધામાં નાર વપરાય છે. નાર એટલે જે કામગીરી થાય છે તેનો કર્તા. બોલવાની કામગીરી કરે તે બોલનાર. એટલે માનવજાતમાં સંસ્કાર આપવાની મુખ્ય કામગીરી **નાર** અથવા નારી કરે છે.

હવે નારાયણનો અર્થ સમજો. નારાયણ એટલે વિષ્ણુ. વિષ્ણુની કામગીરી જગતને પોષવા ઉપરાંત જીવવા જેવું રાખવાની પણ છે. એટલે કે માનવજાતમાં જે બેય પ્રકારનાં તત્ત્વો છે (આસુરી તત્ત્વ અને દૈવી તત્ત્વ) એમાંના દૈવી તત્ત્વને પોષવાની, ટકાવવાની, વિકસાવવાની કામગીરી નારી કરે છે. માનવસંસ્કાર અને એ રીતે માનવસંસ્કૃતિ નારીને લીધે ટકી છે અને આગળ વધી છે તેથી તેને નારાયણી કહી. માટે જ 'યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે રમન્તે તત્ર દેવતા' એક કહેવાયું છે.

આ બે મુખ્ય મુદ્દાને વિકસાવતા જઈ જો તમે નિબંધ લખી શકો તો જ તમારો નિબંધ વિષયાંતર વિનાનો, રચનાત્મક, તર્કપૂર્ણ મુદ્દાઓથી સભર અને ક્રમબદ્ધ થઈ શકે. તેને પ્રભાવક બનાવવા માટે નીચેની કેટલીક બાબતો તમારે યાદ રાખવી જોઈએ.

૧. તમે જાણતા હો, એના ચોક્કસ અર્થથી પરિચિત હો એવા જ શબ્દો વાપરો. વાક્યો બને તેટલાં સાદાં-ટૂંકાં અને સરળ વાપરો.

૨. કોઈ લેખકનું તમને ગમે તેટલું ગમી ગયું હોય એવું વાક્ય, ઉપમા, રૂપક, દૃષ્ટાંત વાપરવાની લાલચ જતી કરો. અસરકારક અવતરણો જરૂર આપો.

૩. તમે અનેક લેખકોનાં અનેક પુસ્તકો તક અને સમય મળે વાંચ્યા કરો. એની આડકતરી અસર ભલે તમારા ઉપર થાય. એ અસરોને આત્મસાત કરો. આત્મસાત થવા દો અને લખવાનું તો તમારી રીતે જ ગોઠવો.

૪. લખવાનો મહાવરો વધારતાં જ જાવ. એ તમને સારું લખતા કરી શકશે.

૫. વાંચતી વખતે નવા શબ્દો, વાક્યપ્રયોગો, અલંકારો વાંચો ત્યારે તેના અર્થો અને તેની અસરો વિશે વિચારો અને તેની યાદીઓ બનાવો.

૬. શબ્દભંડોળ વધે તે માટે વાચન વધારો, સારા વક્તાઓનાં ભાષણોમાં હાજરી આપો. રેડીઓના પસંદ કરેલા કાર્યક્રમો સાંભળો. એમાં આવતી ભાષાસામગ્રી નોંધતા રહો.

૭. તમે તમારી જાતે લખેલું લખાણ તમારા મિત્રના લખાણની સાથે સરખાવો. તેનું લખાણ વધુ અસરકારક થયું છે તેનું પૃથક્કરણ કરો. તેનું મનન કરો.

આમ કરતાં કરતાં તમે લખવાની તાલીમ મેળવશો. આ તાલીમ આગળ ઉપર તમને પત્ર લખવામાં, તમારા પ્રશ્નોના ઉત્તરો લખવામાં, અહેવાલો, અરજીઓ વગેરે લખવામાં ઉપયોગી થશે. તમારું કોઈપણ લખાણ આ પ્રકારના મહાવરાથી જ સુગ્રથિત, વ્યવસ્થિત લખાણ બની શકશે. પચીસ નિબંધો વાંચો પણ સામે પાંચ નિબંધ તમારી જાતે લખો. વારંવાર લખો, તમને જ તમારા આગળના લખાણ કરતાં પછીથી કરેલું લખાણ વધુ પ્રભાવક છે તેનો ખ્યાલ આવશે. એ કેમ બન્યું ? તમે ઉપયોગમાં લીધેલી ભાષા સામગ્રીએ એની પ્રભાવક્તામાં શો વધારો કર્યો એ વિશે વિચારો. શો ભાગ ભજવ્યો તે વિચારો. ફરીથી લખતી વખતે ભાષા સામગ્રી સમૃદ્ધ થાય તે માટેની ચીવટ રાખો અને એમ એક દિવસ તમે અસરકારક લખાણ લખી શકશો, લખતાં લહિયો થાય એ તો જૂના જમાનાની કહેવત છે. તમે ખાતરી રાખજો કે "લખતાં લેખક થાય."

## ૯.૮ નિબંધના પ્રકારો

નિબંધના અનેક પ્રકારો પાડી શકાય. ખાસ કરીને વિષયને નજર સામે રાખીએ તો આત્મકથા, પ્રકૃત્તિ, પ્રવાસ, ઐતિહાસિક કે કાલ્પનિક ઘટના (આકસ્મિક ભૂકંપ, આગ, મારામારી, નવનિર્માણ આંદોલન, પંચવર્ષીય યોજના) અને જીવન વિશેનું ચિંતન જેવા વિષયો ઉપર નિબંધો લખી શકાય. આ વિષય કેવી રીતે રજૂ કરવા જોઈએ એનો વિચાર કરતાં કઈ પ્રકારની ભાષાશૈલી વાપરી શકાય તે નજર સામે રાખીએ તો વર્ણનાત્મક, કથનાત્મક, ભાવાત્મક, વાદાત્મક કે પૃથક્કરણાત્મક ગદ્યનો ઉપયોગ કરી શકાય તેવા નિબંધો એમ ગણાવી શકાય. પરંતુ સામાન્ય રીતે આત્મકથા, પ્રકૃતિ, પ્રવાસ જેવા નિબંધોમાં કલ્પનાનો છૂટથી ઉપયોગ કરી શકાય તેથી વર્ણનાત્મક, કથાનાત્મક અને ભાવાત્મક ગદ્ય પ્રયોજી શકાય જ્યારે ઘટનાપ્રધાન નિબંધમાં માહિતી વધુ હોય તેથી વર્ણનાત્મક ઉપરાંત વાદાત્મક ગદ્ય પ્રયોજી શકાય. ચિંતનપ્રધાન નિબંધમાં પણ વર્ણનાત્મક સાથે વાદાત્મક અને પૃથક્કરણાત્મક ગદ્ય પ્રયોજી શકાય.

આ બધા નિબંધો સામાન્ય રીતે સાડાત્રણસો-ચારસો શબ્દોમાં લખવાના હોય છે. પરંતુ પાચસો-છસો શબ્દો સુધી કે વધુ લાંબા લખી શકાય તો તેનો અભ્યાસ પણ કરવો.

નિબંધ લખતાં પહેલાં એમાં સમાવી શકાય એવી મહત્ત્વની સામગ્રી એટલે કે મુદ્દાઓની નોંધ કરો ત્યારે તમે અત્યાર સુધીમાં ભણી ગયા હો તેવા શબ્દપ્રયોગો, કહેવતો, સમાસો, વાક્યપ્રયોગની પણ એક યાદી બનાવો ને એ સામગ્રીનો તમારા નિબંધમાં ઉપયોગ થાય તેની કાળજી રાખો.

## ૯.૯ ચિંતનપ્રધાન નિબંધ

ધારો કે તમારે 'આદર્શ વિદ્યાર્થી' વિશે ચિંતનપ્રધાન નિબંધ લખવાનો છે. આમ તો 'હું શિક્ષક હોઉં તો,' આદર્શ શિક્ષક, સ્વતંત્ર દેશમાં શિક્ષકનું મહત્ત્વ, સહશિક્ષણ, સત્ય અને અહિંસા, વિદ્વાન સર્વત્ર પૂજ્યતે, જીવન તો છે વહેતી ધારા, મને ગમે 'ધૂપસળી સમી જિંદગી' જેવા અનેક વિષયો વિશે લખવાનું આવી શકે. તમે બારમા ધોરણમાં ભણો છો. તમે અગિયારમા અને એથીય આગળ નવમા-દસમા ધોરણમાં જે ભાષાપ્રયોગો ભણી ગયા છો તે વાપરી જ શકો પણ આ વરસે તમે બારમા ધોરણમાં જે શબ્દપ્રયોગ, સમાસો રૂઢિપ્રયોગો, કહેવતો ભણો છો તેનો ઉપયોગ કરવા ધારો છો. તમે 'આદર્શ વિદ્યાર્થી' વિષયના નિબંધમાં સમાવી શકો એવા ભાષાપ્રયોગોની નાનકડી યાદી તમારા મુદ્દાઓની સાથે જ ટપકાવી લઈ

શકો. પહેલાં તમારા મુદ્દાઓની યાદી બનાવો :

(૧) વિદ્યાર્થી અને આદર્શના અર્થ (૨) નમૂનારૂપ વિદ્યાર્થી થવા માટે જોઈતા ગુણો (૩) એ ગુણ કેળવવા ગોઠવવી જોઈતી દિનચર્યા (૪) આદર્શ વિદ્યાર્થી જ અંતે આદર્શ શિક્ષક અને નાગરિક બને.

પહેલા તથા બીજા પરિચ્છેદ માટે આશ્રમ, પ્રતિનિધ, સ્વાવલંબી, તટસ્થ, પટ્ટશિષ્ય, આત્મસંયમી, તંદુરસ્તી, પુરુષાર્થ, કુટિર, નિયમિતતા, અભિલાષા, જિજ્ઞાસા, વિશિષ્ટતા, સ્વાધ્યાય, મિલકત, શિષ્યવૃત્તિ, પ્રતિપક્ષી, પ્રામાણિક, પરિશીલન, હોશિયાર, કુતૂહલ, કુલદીપક, પરીક્ષા, ઉન્નતિ, પ્રફુલ્લિત, આશીર્વાદ, સદાજાગરૂક, ચિત્ત, ગાફિલ, રોશન, હમદિલી, ખેવના, મર્દાનગી, કદમબોસી, શહાદત, શિકસ્ત, તકાજો, સહાધ્યાયી જેવા શબ્દો, સમાસોની યાદી કરો. આ બંને પરિચ્છેદમાં અગાઉ ભણી ગયેલા તે 'આપ સમાન બળ નહિ ને મેઘ સમાન જળ નહિ', 'વાડ વિના વેલો ન ચડે', એ કહેવતો તથા 'નાક લીટી તાણવી', 'આંખ આડા કાન કરવા' એ રૂઢિપ્રયોગો અને આ વરસે ભણ્યાં તે 'પાણી પહેલાં પાળ બાંધવી', 'વાવે તેવું લણે', એ કહેવતો અને 'મહાભારત કાર્ય પાર પાડવું', 'છાતી હોવી', 'શેર લોહી ચડવું', તિલાંજલિ આપવી', શેહમાં દબાવું', 'પાછું પગલું ભરવું' જેવા રૂઢિપ્રયોગો વાપરવાના છે તેની યાદી કરો.

ત્રીજા અને ચોથા પરિચ્છેદ માટે બજેટ, ટાઈમ ટેબલ, એજ્યુકેટેડ, રિપોર્ટ, રિહર્સલ, પુનરાવર્તન, બહેતર, તાજુબી, માધુકરી, સાર્વજનિક, ક્રીડાંગણ, અપૂર્વ, સુસંગત, સમાધિ, શિબિર, અવલોકન, અનુકરણ, સમકાલીન, સંવાદ, કલ્પવૃક્ષ, નિર્મુખ, લઘુતાગ્રંથિ, આત્મશ્રદ્ધા, આચારસંહિતા, રામબાણ, પ્રતિષ્ઠા, માહિતી, વ્યાકુળતા, સાત્ત્વિકતા, કારકિર્દી, પ્રતિકૂળતા, ચોકસાઈ, સંતૃપ્તિ, જેવા શબ્દ પ્રયોગો, સમાસોની યાદી કરો. આ પરિચ્છેદોમાં તોલે ન આવવું, હાથ મિલાવવા, તાજુબીમાં તરબોળ કરવું, પાછી પાની કરવી, ધૂળ કાઢવી, જેવા રૂઢિપ્રયોગો અને 'ભાવતું હતું ને વૈદે કહ્યું', 'પારકી મા કાન વીંધે' એ કહેવતો વાપરવાની છે.

ઉપર નોંધેલા શબ્દોમાંથી સ્વાવલંબી, આત્મસંયમી, પ્રતિપક્ષી, સમકાલીન, નાગરિક, સાર્વજનિક, પ્રામાણિક જેવા સાધિત શબ્દો છે. સાત્ત્વિકતા જેવામાં પહેલાં સંજ્ઞાને ઈક પ્રત્યય લગાડીને વિશેષણ બન્યું ને વળી પાછો તેને તા પ્રત્યય લાગીને સાત્ત્વિકતા એવી સંજ્ઞા બની. પ્રતિકૂળતા, અનુકૂળતા, વ્યાકુળતામાં તા પ્રત્યય લાગીને વિશેષણમાંથી સંજ્ઞા બની. અનુકૂળતા અને પ્રતિકૂળતા પૂર્વગો લાગી બનેલા વિરુદ્ધાર્થી શબ્દો છે. સ્વાવલંબી, આત્મસંયમી, કુલદીપક, આચારસંહિતા વગેરે સમાસો અમુક તમુક પ્રકારના છે એવી વિગતો તો તમે જાણો જ છો. યાદીમાં આપેલા બધા શબ્દો, સમાસો, રૂઢિપ્રયોગો, કહેવતો વાક્યોમાં વાપરવા માટેના સ્વાધ્યાયો પણ તમે કર્યા હશે. હવે આ સમાગ્રીને તમારે એક સળંગ લખાણના ભાગરૂપે વાપરવાની છે. તમારી આખી ભાષા કેળવણી અને તાલીમનું ધ્યેય ભણ્યાં હો અને જાણતાં હો તે ભાષાસામગ્રીને સળંગ લખાણમાં યોગ્ય રીતે વાપરતાં શીખવાનું છે અને તે હવે નિશાળનાં છેલ્લાં બે વરસોમાં પાર પાડવાનું છે.

હવે તમારે 'ધૂળ કાઢવી' જેવા રૂઢિપ્રયોગ દસમા ધોરણમાં ભણી ગયાં હતાં તે યાદ કરવાની જરૂર નથી. ત્યાં કદાચ શિક્ષકે તમને 'ધૂળ ખંખેરવી' અને 'ધૂળ કાઢવી' એ બે પ્રયોગો વચ્ચે ભેદ સમજાવતાં, ધૂળ ખંખેરવી એટલે ઝાટકીને ધૂળ સાફ કરવી અને ધૂળ કાઢવી એટલે ખૂબ ધમકાવવું એમ પણ ભણાવ્યું હશે (જોકે આ કંઈ બરાબર સમજૂતી નથી. ધૂળ કાઢવીનો પ્રાથમિક અથવા મૂળભૂત અર્થ ભોંયતળિયા પરની સપાટી ઉપરથી ધૂળ સાફ કરવી એવો સામાન્ય રીતે થાય છે. ખમીસ ઉપરથી ધૂળ કાઢી એમ સામાન્ય રીતે વપરાતું નથી. જે સપાટી ઉપરથી ઝાટકો મારીને ધૂળ ઉડાડીને સાફ કરવામાં આવે તે ક્રિયાને ધૂળ ખંખેરવી સામાન્ય રીતે કહે છે. જ્યારે સાવરણી જેવા કશાક સાધનની મદદથી સ્થિર સપાટી પરની ધૂળને ખસેડીને સાફ કરવામાં આવે એ ક્રિયાને ધૂળ કાઢવી કહે છે. પછી બંને પ્રયોગો વ્યક્તિને ખૂબ ધમકાવવાના અર્થમાં પણ પ્રચલિત થયા છે. શેઠે રમેશની ધૂળ કાઢી નાખી/રમેશની ધૂળ ખંખેરી નાખી બંને પ્રયોગો વપરાશમાં છે) પણ હવે એવી સમજૂતી આપવી જરૂરી નથી. સળંગ લખાણોના ભાગરૂપે તમારે આ બધા રૂઢિપ્રયોગો અને કહેવતો વાપરી બતાવવાના છે. હવે આ બધી ભાષાસામગ્રી સાથે તમારા મુદ્દાઓને 'આદર્શ વિદ્યાર્થી' એ નિબંધમાં નિરૂપો.

### ૯.૯.૧ નમૂનો 'આદર્શ વિદ્યાર્થી'

વિદ્યાર્થી એટલે વિદ્યા માટે મહેનત કરતી, વિદ્યા માટે મથતી, પુરુષાર્થ કરતી વ્યક્તિ. જીવનમાં અન્ય વ્યવહારને ગૌણત્વ આપીને જે સતત વિદ્યા માટે પુરુષાર્થ કર્યા કરે એ આદર્શ વિદ્યાર્થી ગણાય. આદર્શ એટલે નમૂનારૂપ. જેના જીવનમાંથી, વાણી, વ્યવહાર અને વર્તનમાંથી અન્ય વ્યક્તિઓ પ્રેરણા મેળવે, માર્ગદર્શન લે, બોધપાઠ ગ્રહણ કરે તેવી આત્મસંયમી વ્યક્તિને આપણે આદર્શ અથવા નમૂનારૂપ વ્યક્તિ ગણી શકીએ.

નમૂનારૂપ વિદ્યાર્થી બનવા માટે તેણે જૂના જમાનાની જેમ આશ્રમમાં કુટિર બાંધીને રહેવાનું નથી. તેનામાં કદમબોસીની નહિ પણ નિયમિતતાની, માત્ર ઉપરછલ્લા કુતૂહલની નહીં પણ સાચી જિજ્ઞાસાની અપેક્ષા હોય. તે ગાફિલ નહીં, સદાજાગરૂક હોવો જોઈએ. તે સ્વાવલંબી, પ્રામાણિક, હોશિયાર વિદ્યાર્થીઓના પ્રતિનિધિ જેવો હોવો જોઈએ. પોતાના સ્વાધ્યાયોનું પરિશીલન કરવામાં તત્પર હોય. સમયના તકાજાને ઓળખે. એને ખબર હોય કે વાડ વિના વેલો ચડે નહીં તેથી ગુરુની અથવા શિક્ષકની મદદ જરૂર લે. તેમના આશીર્વાદ મેળવીને આગળ વધે. એ સાથે એને એની પણ જાણ હોવી જોઈએ કે, 'આપ સમાન બળ નહીં ને મેઘ સમાન જળ નહીં'. એ કોઈની પાસે નાક લીટી તાણે નહીં કે કોઈની શેહમાં દબાય નહીં પણ વિનમ્ર જરૂર હોય. આળસને તો તેણે તિલાંજલિ જ આપવી રહી અને મહેનત કરવામાં એ પાછું પગલું ભરે નહીં. એની વિશિષ્ટતા એ હોય કે પોતાની મર્યાદાઓ સામે આંખ આડા કાન કરે નહીં. એ ગુરુ અને વડીલોની શુશ્રુષા કરે. કુટુંબનો એ કુલદીપક હોય. હમદિલી, શહાદત અને મર્દાનીગી એના ગુણો હોય. પ્રતિકૂળ સંજોગો સામે એ શિકસ્ત સ્વીકારે નહીં. કંઈક કરી બતાવવાની એનામાં ખેવના હોય. પોતાના સહાધ્યાયીઓને એ સમજાવી શકે કે, 'વાવો તેવું લણશો અને મહેનત કરશો તેટલું પામશો'. પાણી પહેલાં પાળ બાંધવાની તેનામાં આવડત હોય. પ્રફુલ્લિત ચિત્તથી એ બધાં કામ કરે. પોતાના કુટુંબનું જ નહીં, દેશનું નામ પણ એ રોશન કરે. એ દેશની સાચી મિલકત બની રહે. તેની તંદુરસ્તી જોઈને સૌનું શેર લોહી ચડે.

આવા બધા ગુણો કેળવવા માટે એણે પોતાના સમયનું બજેટ બનાવ્યું હોય. તે કોઈનું અનુકરણ ન કરે પણ સમકાલીન એજ્યુકેટેડ વડીલોની દિનચર્યાના અવલોકનને આધારે પોતાની દિનચર્ચા ગોઠવે. એ લઘુતાગ્રંથિથી પીડાતો ન હોય તેથી આત્મશ્રદ્ધાપૂર્વક પોતાના અભ્યાસ માટે ટાઈમ-ટેબલ ગોઠવે. તંદુરસ્ત રહેવા માટે સવારે વહેલો ઊઠી નિયમિત કસરત કરે. સ્વાધ્યાયો અને તેનાં પુનરાવર્તનો માટે તેની પાસે બહેતર સુસંગત પદ્ધતિ હોય. પોતે ભણ્યો હોય તેવા સંવાદોનાં તે રિહર્સલ કરે. સાત્ત્વિકતા અને અપૂર્વ ચોકસાઈમાં તેની તોલે કોઈ ન આવે. સતત અભ્યાસની બાબતમાં એ પાછી પાની ન કરે. સવારે શાળાએ જતાં પહેલાં ઓછામાં ઓછું ત્રણથી ચાર કલાક એ અભ્યાસવ્યસ્ત રહે. બધાં વિષયોને સરખો ન્યાય મળે એ રીતે એ પોતાની તૈયારી કરે. એ પરિસ્થિતિ સાથે હાથ મિલાવે. માધુકરીથી મેળવવાનું હોય તો તેમ ને નહીં તો ઘરમાં સંતૃપ્તિ થાય તે રીતે શાંતચિત્તે મળે તેવું ભોજન કરે. એનો ખંત અને તેની મહેનત જ તેની આચાર-સંહિતા અને તેનું કલ્પવૃક્ષ હોય. શાળામાં તે ક્યારેય અભ્યાસથી નિર્મુખ ન થાય. એની ચીવટ તથા મહેનત જોઈને શિક્ષકો પણ તાજુબીમાં તરબોળ બને. શિક્ષકે કોઈપણ બાબતમાં એની ધૂળ ખંખેરવી પડે એવું ભાગ્યે બને. એને તો જેટલું વધારે હોમવર્ક અને લેસન મળે એટલું તેને માટે ભાવતું' તું ને વૈદે કહ્યું એવું બની રહે. નિશાળમાંથી છૂટે એટલે સીધો ઘેર પહોંચે અથવા ક્રીડાંગણમાં જઈ કલાકેક હુતુતુ, ખોખો, વોલીબોલ જેવી રમતો રમે. રવિવાર અથવા રજાના દિવસે એ સાર્વજનિક પુસ્તકાલયમાં જઈને ઈતરવાચન દ્વારા પોતાની માહિતી અને જ્ઞાનમાં વધારો કરે. વ્યાકુળતા કે પ્રતિકૂળતા એની પાસે આવે જ નહીં, બધા સંજોગો અને પરિસ્થિતિમાં એ અનુકૂળતા શોધી લે. એ પોતે કરેલા કામનો અઠવાડિક રિપોર્ટ જાતે તૈયાર કરે અને અગાઉના રિપોર્ટ સાથે સરખાવીને એ પ્રગતિ સાધે. પારકી મા કાન વીંધે એવું એની બાબતમાં ભાગ્યે બને. એ પોતે જ પોતાનો સદાજાગરૂક સંત્રી હોય. રાતે વહેલા જમીને, થોડું હોમવર્ક કરીને, ઈશ્વર પ્રાર્થના કરીને એ વહેલો સૂઈ જાય.

આવી વિદ્યાપ્રીતિ ધરાવતો આદર્શ વિદ્યાર્થી જ મોટપણે સારો શિક્ષક અથવા તો દેશનો સારો નાગરિક

થઈ શકે. વિદ્યાર્થીકાળથી જ તેણે પ્રામાણિકતા, નિષ્ઠા, સખત પરિશ્રમ, નિર્ભીક્તા, નમ્રતા જેવા ગુણો કેળવ્યા હોય, એ ગુણો મોટપણે એની મૂડી બની ગઈ હોય અને તેના કોઈપણ કાર્યમાં આ ગુણો જ તેને સફળતા તથા યશ અપાવી શકે.

## ૯.૯.૨ આજની શિક્ષણપ્રણાલિ અને શિક્ષણ

આજની શિક્ષણ પ્રણાલિમાં મુખ્યત્વે મેકોલેએ સ્થાપેલી અને પ્રચારમાં આણેલી અંગ્રેજી શિણક્ષ-પ્રથાનો સમાવેશ થાય છે. જો કે એની સાથે જ જૂની ભારતીય પરંપરા પ્રમાણેનાં કેટલાંક જૂજ ઋષિકુળો અથવા ગુરુકુળો અને પાઠશાળાઓ, ઈસ્લામધર્મની પરંપરા મુજબની જૂની મદ્રેસાઓ અને ગાંધીજીની વિચારધારા પ્રમાણેની બુનિયાદી શિક્ષણ પદ્ધતિ બહુ જૂજ રૂપે અસ્તિત્વમાં છે. આ બધી શિક્ષણપ્રણાલિ હજુ ભારતીય પ્રજામાં બહુ વ્યાપક રીતે સ્વીકારાઈ નથી તેથી લગભગ પંચાણુ ટકા જેટલી પ્રજા તો મેકોલેએ શરૂ કરેલી શિક્ષણપ્રથામાં જ પોતાની જાતને તૈયાર કરે છે.

**મેકોલેની પદ્ધતિ :** આ પ્રથાને આજે દસ + બે + ત્રણ એ પ્રકારે ઓળખવામાં આવે છે. પહેલાં સાત ધોરણ સુધીનો એટલે કે બાળક પાંચ વર્ષનું થાય ત્યારથી માંડીને બાર વર્ષ સુધીનું થાય તે સાત વર્ષમાં અભ્યાસને પ્રાથમિક શિક્ષણ એવું નામ અપાય છે. આ પછીનાં ત્રણ વરસ માધ્યમિક શિક્ષણનાં છે. જેને અંતે રાજ્યવ્યાપી સામૂહિક એવી એસ.એસ.સી. પરીક્ષા લેવાય છે. એ પછીનાં બે વરસનો અભ્યાસ ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ તરીકે ઓળખાય છે જેમાં વિદ્યાર્થીઓ પોતે કયા વિષયો પસંદ કરશે, કયા પ્રકારની કોલેજોમાં ભણવા જશે તેનો પ્રવાહ નક્કી કરે છે. એ બે વર્ષને અંતે એચ.એસ.સી.ની પરીક્ષા રાજ્યવ્યાપી ધોરણે લેવાય છે. એમાં પાસ થયેલા વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ માટે મેડિકલ, એન્જિનિયરિંગ, વિજ્ઞાન, કમ્પ્યૂટર, કોમર્સ, ફાર્મસી, આયુર્વેદ વગેરે ભણાવતી કોલેજોમાં ભણવા જાય છે. આ આખી શિક્ષણપ્રણાલિમાં પરીક્ષાનું અને તેના દ્વારા મળતા પ્રથમ, બીજા કે ત્રીજા વર્ગનું મહત્ત્વ ઘણું છે. આને કારણે લગભગ બધાં વિદ્યાર્થીઓ, વિદ્યાર્થીઓ મટી ગયાં છે અને પરીક્ષાર્થીઓ બની ગયાં છે.

**શિક્ષકની ભૂમિકા :** આનો સૌથી વધુ ગેરલાભ આજના શિક્ષકે લીધો છે. ખરેખર તો શિક્ષક આ સ્થિતિથી વ્યથિત હોવો જોઈએ. એણે વિદ્યાર્થીને પરીક્ષાર્થી બનતો અટકાવવો જોઈએ. તેની જુદી જુદી આવડતો કેળવવાની કામગીરી એ જ સાચું શિક્ષણ છે એની શિક્ષકને ખબર હોવી જોઈએ પણ દુર્ભાગ્યે શિક્ષક પોતે પણ આવા પરીક્ષાકેન્દ્રી શિક્ષણનો ભોગ બનેલો હોય છે. એ પણ એ જ કારણે ગાઈડો વાંચીને અને ટ્યૂશનો રાખીને પોતે ભણ્યો હોય છે. એને પોતાને પણ કેટલીકવાર તો ખબર હોતી નથી કે તેનું કર્તવ્ય તો વિદ્યાર્થીની અંદર રહેલાં જે જુદાં જુદાં કૌશલ્યો છે. તેની અંદર પડેલી જે શક્તિ છે તેને કેળવવાનું છે. અલબત્ત તેને પી.ટી.સી. કે બી.એડ્.ની તાલીમ વખતે આળી બધી વાતો ભણાવવામાં આવે છે. પણ તેનું પરીક્ષા સિવાય વાસ્તવિક જીવનમાં પણ કશું મહત્ત્વ છે તે વિશે તે અજાણ હોય છે.

**પરીક્ષાલક્ષી શિક્ષણ :** આ કારણે આપણી આજની શિક્ષણપ્રણાલિએ પરીક્ષાલક્ષી અભ્યાસનો જે રાજમાર્ગ કંડારી આપ્યો છે તે રસ્તે વિદ્યાર્થીઓને તે હાંકી જાય છે. જેમ ઘેટાંઓનાં ટોળાંને ખબર નથી હોતી કે તેઓ આ માર્ગે શા માટે જઈ રહ્યાં છે તે જ રીતે આવા શિક્ષકનાં વિદ્યાર્થીઓને પણ કશી ખબર હોતી નથી કે તેમને તેમનો શિક્ષક આ રીતે શા માટે ભણાવી રહ્યો છે. શિક્ષક કશું સમજાવતો નથી. સમજવા કે શીખવા માટે વિદ્યાર્થીને પ્રેરતો પણ નથી કે પ્રોત્સાહિત પણ કરતો નથી. તે તો તેને માત્ર સવાલોના જવાબો તૈયાર કરાવી દે છે. જાણે કે સવાલોના જવાબો આપવા એ જ શિક્ષણનું એકમાત્ર ધ્યેય બની ગયું છે. આ કારણે શિક્ષકોને પણ કશું નવું વાંચવાની જરૂર પડતી નથી. કશું નવું વિચારવાની ફરજ પડતી નથી. દર વરસે એની એ ગાઈડમાંથી, એના એ પ્રશ્નોના ઉત્તરો એ ઉતરાવી દે છે. વિદ્યાર્થીઓ પાસે તેને પાંચ-દસ વાર લખાવડાવીને ગોખાવડાવી દે છે. જે વિદ્યાર્થીની ગોખવાની શક્તિ વધુ તે વધુ ગુણ લાવી શકે. કારણ કે પરીક્ષામાં તેણે ગોખેલા ઉત્તર જ લખી નાખવાના છે. શિક્ષકને આનો એક વધુ ફાયદો થાય છે. તેણે પરીક્ષાનાં ઉત્તરપત્રો તપાસવામાં કશી જ વધુ મહેનત કરવી પડતી નથી. તે તો જોઈ લે છે કે તેણે ઉતરાવેલા ઉત્તર પ્રમાણેના ઉત્તર છે કે નહીં ? વિદ્યાર્થીને ગુણ આપવામાં તેણે પોતાનું મગજ જરા પણ કસવું પડતું નથી.

**ધંધાદારી શિક્ષક :** આખા સમાજનું લક્ષ્ય પૈસાની યેનકેન પ્રકારેણ પ્રાપ્તિ થઈ ગયું છે. એમાંથી શિક્ષણ અને શિક્ષક પણ બાકાત નથી. 'પૈસો મારો પરમેશ્વર ને હું પૈસાનો દાસ' જેવુ વાતાવરણ હોય ત્યાં ચાણક્ય જેવા શિક્ષકો અને અર્જુન જેવા વિદ્યાર્થીઓ ન જ હોઈ શકે. શિક્ષક પોતે પણ 'ડોનેશન'ને નામે લાખ-બેલાખ રૂપિયાની લાંચ આપીને શિક્ષક બન્યો હોય છે. તેણે આપેલા રૂપિયાનું વ્યાજ ભરવામાં તેને મળતો પગાર તો ખર્ચાઈ જતો હોય તેવી સ્થિતિ હોય ત્યારે શિક્ષક પરીક્ષાર્થી બનેલા વિદ્યાર્થીનું શોષણ કરતાં અચકાય એવું ન બની શકે. તેણે રોકેલા પૈસા તે વ્યાજ સાથે વિદ્યાર્થી પાસેથી ટ્યૂશનના રૂપમાં વસૂલ કરે છે. આજે શિક્ષકની નવી વ્યાખ્યા એવી આપવામાં આવે છે કે જે શિક્ષણને ધંધો સમજે છે અને જે ટ્યૂશન કરવામાં ગૌરવ અનુભવે છે તે શિક્ષક. આમાં જો કે એકલા શિક્ષકનો વાંક જોવાનો કોઈ અર્થ નથી. શિક્ષક તો આખા ભ્રષ્ટાચારી સમાજનો એક સભ્ય છે. જે રસ્તે નેતાઓ, ઉદ્યોગપતિઓ, ધર્મગુરુઓ અને મહાજન જતું હોય તે જ ભ્રષ્ટાચારને રસ્તે શિક્ષક મણ ચાલવા માંડે એ સાવ કુદરતી બાબત ગણાવી જોઈએ. સમગ્ર શિક્ષણપ્રણાલિની આ સમસ્યા છે. આગળ નોંધ્યું તેમ આપણી જૂની ગુરુકુળ પરંપરા અથવા મહાત્મા ગાંધીજીની બુનિયાદી શિક્ષણપ્રણાલિનો જ્યાં સુધી પૂરી રીતે આખા દેશમાં સ્વીકાર નહીં થાય ત્યાં સુધી આ સ્થિતિ રહેવાની છે એમાં કશી શંકા નથી.

### ૯.૯.૩ કોમી એકતા

'કોમ' શબ્દ અરબીમાંથી આવ્યો છે. કોમ એટલે કોઈ એક નામથી ઓળખાતો જનસમૂહ અથવા પ્રજા. સામાન્ય રીતે જ્ઞાતિ, ધર્મ કે એવા કોઈ જૂથના સભ્યોનો સમૂહ કોમ તરીકે ઓળખાય છે. બ્રિટિશરોએ મુસલમાન કોમ અને હિંદુ કોમ એવાં ધર્મનાં જૂથો માટે એ નામને ખૂબ પ્રચલિત કરી દીધું. એ લોકોને ભારતીયો ઉપર રાજ્ય કરવા માટે પ્રજામાં અંદરઅંદર ફાટફૂટ પડે, વિદ્વેષની લાગણી ફેલાય એ જરૂરી લાગેલું. પ્રજામાં જો સંપ હોય તો એ એકતા એમના શાસન માટે જોખમી બની શકે એવી હતી. એ કારણે એમણે ધર્મના નામે ઝનૂન ઊભું કરીને પ્રજાને એક ન થવા દીધી. એ વિદ્વેષ ઉત્તરોત્તર એટલો વધતો ચાલ્યો કે બંને પ્રજા એક થાય એવી શક્યતા ન રહી. ગાંધીજી આ જોઈ શક્યા હતા. ગાંધીજીને સમજાયું કે આખી પ્રજા એક થાય તો જ અંગ્રેજોને અહીંથી કાઢી શકાશે. એમણે સમજાવ્યું કે ધર્મ તો માણસની અંગત બાબત છે. ધર્મ તો માણસને પ્રેમ અને અહિંસા શીખવે છે. ધર્મને કારણે ઝઘડા કરવા એ તો નરી મુર્ખામી છે. ગાંધીજીની આ વાત એ સમયના અલીબંધુઓ, મૌલાના અબ્દુલ કલામ આઝાદ, સરહદના ગાંધી ગણાતા અબ્દુલ ગફારખાન વગેરે સમજી શક્યા. એમણે તરત જ ગાંધીજીની વાતને ટેકો આપ્યો. આખા દેશમાં એકતા સમિતિઓ રચાઈ. ગામડે ગામડે, મહોલ્લે-મહોલ્લે એ એકતા સમિતિઓએ ભાઈચારાનો, બંધુત્વનો, પ્રેમનો, અહિંસાનો અને એકતાનો સંદેશો પહોંચાડ્યો. જબરદસ્ત સંપ અને એકતા સાથે બારડોલી સત્યાગ્રહ, ચંપારણ્યનો સત્યાગ્રહ, દાંડીકૂચ , 'જરની હિંન્દ છોડો ચળવળ' વગેરે એટલાં જોરદાર રીતે થયાં કે અંગ્રેજોને ભારત છોડવાની ફરજ પડી પણ એમની કુટિલનીતિને કારણે અને મહંમદ અલી ઝીણા જેવા કેટલાક નેતાઓ ગેરમાર્ગે દોરાયા એ કારણે ભારત-પાકિસ્તાનના ભાગલા કરાવવામાં એ સફળ થયા. જો કે એ ભાગલાના ગાંધીજી વિરોધી હતા. એ જાણતા હતા કે દેશના ભાગલા થશે તોય પ્રજાના ભાગલા થઈ શકવાના નથી.

ખરેખર એમ જ થયું. પાકિસ્તાન થવા છતાં કરોડો મુસલમાનો તો ભારતને જ પોતાનું માદરેવતન ગણીને અહીં જ રહ્યા. એમની વફાદારી ક્યારેય પાકિસ્તાન તરફ હતી જ નહીં. તેઓના ખૂનમાં ભારતીય સંસ્કાર પરંપરા વહેતી હતી. અને તેઓ વતન પરસ્ત ભારતીય મુસલમાનો હતા. મુસલમાનો થવાથી કે હોવાથી તેઓ ક્યારેય ભારતીય મટી શક્યા ન હતા. આ બધા મુસલમાનોને અજ્ઞાન, ભણતરનો અભાવ અને ગરીબી લઘુમતી તરીકે જીવવા માટે મજબૂર કરી રહ્યાં હતાં. ટૂંકી સ્વાર્થદૃષ્ટિ ધરાવતા રાજપુરુષોએ લઘુમતીઓનો પોતાના ટૂંકા સ્વાર્થ માટે અને સત્તા ટકાવવા માટે બહુ મોટો દુરુપયોગ કરવાનું શરૂ કર્યું. એમને લઘુમતી તરીકે ટકાવવા માટે તેમને ખાસ લાભો અપાવા માંડ્યા અને તેઓ બહુમતી પ્રવાહ સાથે ભળી ન શક્યા.

આને કારણે બહુમતી કોમને સતત પોતાને અન્યાય થયાની લાગણી થતી રહી. એ લાગણીઓને

ભડકાવવામાં રાજકારણીઓ સફળ થયા. આ પક્ષના હોય કે તે પક્ષના બધા રાજકારણીઓને તો પોતાની સત્તા કોઈપણ રીતે ટકાવી રાખવામાં રસ હોય જ. એમણે વિદ્વેષને મોટું સ્વરૂપ આપ્યા કર્યું. સ્વતંત્રતા પહેલાં જે કોમી તનાવ હતો તેના કરતાં પણ વધુ તીવ્ર કોમી-તનાવ પ્રસંગે પ્રસંગે ઊભો કરવામાં રાજકારણીઓ સફળ થયા. આને કારણે અજ્ઞાની અને સામાન્ય પ્રજાજનોમાં અરસપરસ વેરઝેરની લાગણી ચાલુ રહી.

રાજકારણીઓ તો માત્ર ધાર્મિક કોમો જ નહીં પરંતુ ભાષાકીય કોમો, પ્રાંતવાદી કોમો, જ્ઞાતિવાદી કોમો વચ્ચે પરસ્પર વિદ્વેષ ઊભો કરી પોતાનો સ્વાર્થ સાધવા માટે પ્રવૃત્ત રહ્યા. ભાષાવાર પ્રાંતરચના એ વહીવટી સુગમતા માટેની એક વ્યવહારુ વ્યવસ્થા હતી. તેને પણ તેઓએ વિદ્વેષનો રંગ ચડાવ્યો. મુંબઈ માત્ર મરાઠીઓની, કલકત્તા માત્ર બંગાળીઓનું એવી એવી ભાવના ભડકાવવાના પ્રયત્નો થયા. પણ ભારતની પ્રજાની કોઠાસૂઝ ઘણી છે. આખું ભારત ભલે વાંચી-લખી શકે તેવું સાક્ષર નથી થયું પરંતુ પાંચ-દશ વરસ છેતરાયા પછી પ્રજાને સમજાઈ તો જાય જ છે કે આ તો તેમને ઉલ્લુ બનાવવાની બાજી છે.

આપણે જો ખરેખર દેશનો વિકાસ કરવો હોય, વિદ્યા અને વિજ્ઞાનના ક્ષેત્રમાં કંઈ કરી બતાવવું હોય, આર્થિક પ્રગતિ કરવી હોય તો ધર્મ, ભાષા, પ્રાંત, જ્ઞાતિ, વગેરેના વાડાઓને ભૂલી જઈને એક થવું જ પડશે. અંદર અંદર લડતી-ઝઘડતી પ્રજા ક્યારેય વિકાસના પંથે આગળ વધી શકતી નથી. ગુજરાતીમાં તો એ માટે એક બહુ જાણીતી કહેવત પણ છે. 'સંપ ત્યા જંપ' જ્યાં એકતા હોય ત્યાંજ અમન હોય. જ્યાં અમન હોય ત્યાં જ વિકાસ હોય. પાંચ લાકડીઓને જુદી જુદી તોડવામાં આવે તો એક પછી એક તૂટી જશે પણ પાંચે લાકડીઓની ભારીને જો તોડવાનો પ્રયત્ન કરવામાં આવે તો તે તૂટી શકતી નથી. તૂટવાની વાત તો દૂર રહી, વળી પણ શકતી નથી. બધી જ કોમો જો એક થઈને ખભે ખભા મિલાવીને અરસપરસના બધા ભેદભાવ ભુલાવીને અને વિદ્વેષને મનમાંથી જ જડમૂળમાંથી કાઢી નાખીને આગળ વધે તો જ આખો દેશ આગળ વધી શકે. પરંતુ આને માટે સૌથી વધુ નડતરરૂપ અજ્ઞાન છે. ભણતરનો અભાવ છે. અજ્ઞાની માણસોને ખરું ખોટું સમજાવીને ઉશ્કેરી શકાય છે. તેમને ટૂંકા સ્વાર્થના રસ્તે આંધળા બનાવીને ચડાવી દઈ શકાય છે. પરંતુ જો લોકો ભણેલા-ગણેલા હોય, સમજદાર હોય તો તેમને તેમનું હિત શેમાં છે એ તરત જ સમજાય. વ્યાપક ભણતર વિના અને ઊંડી સમજદારી વિના દરેકને પોતાનું હિત શેમાં છે એ સમજાવું મુશ્કેલ છે. પોતાનું અને દેશનું હિત ખરેખર શેમાં છે તે સમજાયા વિના કોમી એકતા સાધવી એટલી જ મુશ્કેલ છે.

### ૯.૯.૪ ભ્રષ્ટાચાર એ જ શિષ્ટાચાર

પહેલાં ભ્રષ્ટ-આચારને સમજી લઈએ. આચાર એટલે તો વર્તન અથવા સામાજિક વ્યવહાર. સામાજિક વ્યવહાર માટેના કેટલાક નીતિ-નિયમો પરંપરાથી ચાલ્યા આવે છે. એ ઉપરાંત સામાજિક વ્યવહારના કેટલાક નિયમો અથવા કાયદા રાજ્ય અથવા સરકાર પણ ઘડે છે જેથી રાજ્યનું શાસન સુશાસન બને અને પ્રજા સુખ શાંતિથી જીવી શકે. પરંપરાથી ચાલ્યા આવતા નીતિ-નિયમોમાં જૂઠું ન બોલવું. અપ્રામાણિકતા ન કરવી, કોઈને છેતરવું નહીં, દગો અથવા વિશ્વાસઘાત કરવો નહીં વગેરે જેવી બાબતોનો સમાવેશ થાય છે. ભારતીય ધર્મગ્રંથોએ તો અહિંસા, જીવદયા, પરોપકાર, અપરિગ્રહ, (વણ જોઈતું નવ સંઘરવું) વગેરે જેવી કેટલીક વાતોનો પણ સામાજિક-વ્યવહારમાં સમાવેશ કર્યો છે. આ બધી બાબતોને કેન્દ્રમાં રાખીને રાજ્ય અથવા સરકારે કાયદા-કાનૂન બનાવ્યા છે જેમાં ચોરી, લાંચ રુશવત, જુગાર રમવો, દારૂ પીવો, કોઈનું છળકપટથી કશુંક પડાવી લેવું, છેતરવું, સરકારે ઠરાવેલો કર ન ભરીને કરચોરી કરવી વગેરેને ગુના તરીકે ઓળખાવ્યા છે. આ ગુના કરવા એ ભ્રષ્ટ આચાર થયો ગણાય.

જેને આપણે પરંપરાથી ચાલ્યા આવતા સામાજિક વ્યવહારના નીતિનિયમો ગણીએ છીએ તેને શિષ્ટાચાર તરીકે ઓળખાવી શકાય. એ દૃષ્ટિએ સત્ય બોલવું, ધર્મનું આચરણ કરવું, અહિંસા પાળવી, જીવદયા રાખવી, પ્રામાણિક વ્યવહાર કરવો એ બધાને શિષ્ટોનો અથવા સજ્જનોનો વ્યવહાર ગણવામાં આવે છે. સમાજમાં જેમને આદર્શ માનવામાં આવે છે. ભણેલા-ગણેલા સંસ્કારી માનીને, મોભાદાર માની માન આપવામાં આવે છે. તેવા સજ્જનોને શિષ્ટ વ્યક્તિઓ તરીકે ઓળખાવી શકાય. આવા શિષ્ટો જે

વિવેકપૂર્વકનો સામાજિક વ્યવહાર અથવા આચાર કરે તેને શિષ્ટાચાર કહેવામાં આવે છે.

આવા શિષ્ટાચારી સજ્જનોને જ્યારે માન આપવામાં આવતું ત્યારે પણ ભૌતિક સુખ સગવડોનું મહત્ત્વ તો હતું જ પણ સત્યપાલન ખાતર ભૌતિક સુખ સગવડો જુદી કરવી જોઈએ એવી માન્યતા હતી. પ્રામાણિકતાને ભોગે ભૌતિક સુખસગવડોને ન મેળવી શકાય એવા સંસ્કાર હતા.

સમય જતાં માનવ જીવનનું મુખ્ય લક્ષ્ય આનંદ નહીં પણ સુખ-સગવડ બની ગયું. આનંદ એ માનવ મન સાથે જોડાયેલી બાબત છે. જ્યારે ભગવદ્‌ગીતામાં કહેવાયું છે કે 'મન એવ મનુષ્યાણામ્ કારણમ્ બન્ધ મોક્ષયો:' ત્યારે મન જ માણસના સુખદુ:ખનું કારણ છે એવી દૃઢ માન્યતા હતી. પણ સમય જતાં આખી દુનિયાની જેમ ભારતમાં પણ લોકો માનવા લાગ્યા કે ભૌતિક સંપત્તિ હોવી એ સુખનું અને ન હોવી એ દુ:ખનું કારણ છે. કારણ કે ભૌતિક સંપત્તિ સાથે સગવડો જોડાયેલી છે.

આ ગેરસમજને કારણે જીવનનો એકમાત્ર હેતુ પૈસો કમાવવાનો થઈ ગયો. કોઈપણ રીતે પૈસો મેળવવો એ પરમ કર્તવ્ય છે. એવી માન્યતા દૃઢ થતી ગઈ એને કારણે 'સર્વેઽષામ્ અપિ શૌચાનામ્, અર્થ શૌચમ્ પરમ શ્રુતમ્' (બધી પવિત્રતાઓમાં પૈસાની પવિત્રતા સૌથી વધારે મહત્ત્વની છે.) એ વાત વિસરાઈ ગઈ. લોકો માનવા લાગ્યા કે ઈશ્વરે આપણને આ પૃથ્વી ઉપર જન્મ જ પૈસો મેળવવા માટે આપ્યો છે. કેટલાકે તો પશ્ચિમના લોકોથી અંજાઈ જઈને સૂત્ર અપનાવ્યું છે 'ઈહષ્ઠક્ષજર ઍીિદ્વી' તમારા સમયની ક્ષણેક્ષણ પૈસો કમાવામાં વાપરો. કેટલાક તો વળી એટલી હદે ગયા કે તમારી પાસે જે કંઈ છે તેના બદલામાં પૈસો મેળવી લો. સારી બુદ્ધિ છે, સારા ગુણો છે, સારી વાણી છે, સારી સજાવટની શક્તિ છે. અરે, ભગવાને તમને સુંદર તંદુરસ્ત શરીર આપ્યું છે તો એ બધાનો વેપાર કરો અને સામે પૈસો મેળવો. સવાર પડે ને પંખીઓ જેમ ચણની શોધમાં નીકળી પડે છે એમ માણસો પૈસો મેળવવાની લાહ્યમાં સાઇકલ લઈને, સ્કૂટર લઈને, કાર લઈને, બસમાં, ટ્રેનમાં અરે, આખરે ચાલતાં કે દોડતાં નીકળી પડે છે. બધી જ પ્રવૃત્તિઓ પૈસા માટે - ચિત્ર બનાવ્યું, કવિતા બનાવી, વાર્તા લખી, સરસ સંગીત તૈયાર થયું - વેચી દો, પૈસા બનાવી લો એટલે સુધી કે રૂપાળી દીકરી જન્મી તો એને પણ પૈસા બનાવવાનું સાધન બનાવી દીધું. ખરેખર તો પોતાની જાતને અમૂલ્ય એવા માનવદેહને જ માણસે પૈસો કમાવાનું એકમેવ સાધન બનાવી દીધું પછી પત્ની, પુત્રી કે પુત્રને સાધન માને એમાં શી નવાઈ ?

પૈસા માટેના આવા ગાંડપણને કારણે માણસજાતે બધા નીતિનિયમોને - શિષ્ટ વ્યવહારને નેવે મૂકી દીધો. [illegible] બધા ગુણોનો સમાવેશ સુવર્ણમાં થાય છે. એવી માન્યતાથી પ્રેરાઈને અથવા 'નાણાં વગરનો નાથિયો, નાણે નાથાલાલ' જેવી માન્યતાથી પ્રેરાઈને પૈસો મેળવનારનો મોભો સમાજમાં વધ્યો. લાંચીઓ માણસ પણ પૈસાદાર હોવાને કારણે સમાજનો આગેવાન ગણાવા લાગ્યો. અપ્રામાણિક અને કાળાબજાર કરનારો વેપારી પણ સભાઓમાં પ્રમુખ સ્થાન શોભાવવા લાગ્યો. ચારિત્ર્યહીન નેતા પણ પૈસાદાર હોવાને કારણે સજ્જન ગણાવા માંડ્યો અને સરપંચ, પ્રધાન કે મુખ્યપ્રધાન પદે પહોંચવા માંડ્યો. સમાજનાં આદર્શ સ્ત્રી-પુરુષો ([illegible])ગાંધીજી, વિવેકાનંદ, સરદાર, વિક્રમ સારાભાઈ, કરુણાશંકર માસ્તર જેવા સજ્જનો નહીં પણ ટીવી અને રૂપેરી પડદા પરનાં નટ-નટીઓ બની ગયાં.

આ બધું થયું એટલે સ્વાભાવિક રીતે જ ભ્રષ્ટાચારે શિષ્ટાચારનું સ્થાન લઈ લીધું. સત્યવાદી વેદિયો ગણાવા માંડ્યો. પ્રામાણિક વેવલો અને મૂર્ખ ગણાવા માંડ્યો. પરોપકારી બુદ્ધુ અને ભોટ ગણાવા માંડ્યો. ચોરી કરનારો હોંશિયાર ગણાવા માંડ્યો. અપ્રામાણિકને લોકો આવડતવાળો માનવા લાગ્યા. ગુંડાગીરી કરનારને લોકો બીકથી જ નહીં, અજ્ઞાનને કારણે પણ સલામ ભરતા થયા અને એટલે સુધી કે તેઓ સમાજના નેતા થઈ બેઠા અને ક્યાંક ક્યાંક તો મેયર, પ્રધાન, મુખ્યમંત્રીની ખુરશી પર પણ બિરાજમાન થયા. આ બધું થયું એટલે સીધી વાત છે કે ભ્રષ્ટાચાર જ શિષ્ટાચાર બની ગયો.

### ૯.૯.૫ શાસકીય અમલદારો સામે આજના પડકારો

માણસે સમાજની રચના કરી ત્યારથી તેનું સુચારુ સુશાસન ચાલે. પ્રજાજીવન શાંતિપૂર્વક, સરળતાથી અને આવડતપૂર્વક ચાલે તે માટેની વ્યવસ્થા ગોઠવેલી છે. એમાંથી જૂથનો નાયક હતો તે ધીમે ધીમે રાજા થયો.

રાજાશાહી વંશપરંપરારૂપે ચાલતી શાસનવ્યવસ્થા હતી. એમાં રાજા થવાની સ્પર્ધાને કારણે છળકપટથી માંડી મહાભારત યુદ્ધો પણ થતાં. ભારતમાં અને ગ્રીસમાં થોડો સમય ગણતંત્ર શાસનવ્યવસ્થા હતી. લોકોના પ્રતિનિધિઓ ચૂંટાતા, શાસન ચલાવતા. થોડો સમય કેટલાક દેશોમાં સરમુખત્યારશાહી - તાનાશાહી હતી. અત્યારસુધીના શાસનવ્યવસ્થાના બધા અનુભવોને અંતે આજે મોટાભાગના દેશોમાં લોકશાહી શાસનવ્યવસ્થા છે.

ભારતની આજની લોકશાહી શાસનવ્યવસ્થાનો આધાર બ્રિટિશ પાર્લામેન્ટરી રાજ્યશાસન વ્યવસ્થા છે. અલબત્ત, બ્રિટનમાં નામનો રાજા છે, ભારતમાં રાષ્ટ્રપતિ છે. બાકી દેશનું શાસન ચૂંટાયેલા પ્રતિનિધિઓ તેમના પક્ષની નીતિ મુજબ ચલાવે છે. દેશ આટલો મોટો હોવાથી સમગ્ર દેશ માટે કેન્દ્રમાં લોકસભા, રાજ્યસભા અને તેનાં નાનાં વહીવટી એકમો તરીકે રાજ્યોની વિધાનસભાઓ કામગીરી કરે છે. આ લોકપ્રતિનિધિઓ કાયદાઓ ઘડવાનું, નીતિઓ કરવાનું, રાજ્ય અને દેશની વિકાસ યોજનાઓ તૈયાર કરવાનું વગેરે કામ કરે છે. એ બધાનો અમલ અમલદારો મારફતે કરાવવામાં આવે છે.

આ અમલદારોની પસંદગી કેન્દ્રીયસ્તરે યુપીએસસી (કેન્દ્રિય જાહેર સેવા આયોગ) અને રાજ્યસ્તરે જીપીએસસી - રાજ્ય જાહેર સેવા આયોગ કરે છે. ઉપરાંત પાઠ્યપુસ્તકોની રચના, વિજળી ઉત્પાદન અને વહેંચણી, સામાન્ય પ્રજાજનો માટે સસ્તાં વાજબી મકાનો વગેરેની વ્યવસ્થા માટે બોર્ડ અથવા નિગમોની રચના કરાઈ છે.

મુખ્યત્વે શાસનવ્યવસ્થાનો દોર યુપીએસસી અને દરેક રાજ્યના જાહેર સેવા આયોગે (ગુજરાતના કિસ્સામાં ગુજરાત જાહેર સેવા આયોગે) પસંદ કરેલા અધિકારીઓના હાથમાં છે. ખાસ કરીને મહેસૂલ, કાયદો, શિક્ષણ, આરોગ્ય વગેરે જેવી બાબતોનો વહીવટ આ અધિકારીઓ કરે છે.

આ આખા સંદર્ભમાં શાસકીય અમલદારો સામે મુખ્ય ત્રણ પડકારો છે. લોકશાહી રાજ્યવ્યવસ્થા હોવાને લીધે જુદી જુદી નીતિઓ ધરાવતા પક્ષો દર પાંચ વરસે ચૂંટણી પછી પોતાની નીતિ પ્રમાણે અમલ થાય તેવો આગ્રહ રાખવાના, એક પક્ષે દાખલ કરેલ નીતિઓ, પક્ષ બદલાતાં બદલાવાની. અમલદારે નવી નીતિનો (પહેલાં અમલમાં આવેલી નીતિ કરતાં તદ્દન ઊંધી દિશાની હોય તોય) પ્રજા પાસે અમલ કરાવવો પડે. આ કારણે બદલાતા પ્રધાનો વગેરેને અનુકૂળ થવાની તૈયારી અમલદારે રાખવી પડે. એ સાથે જ રાજ્યના અને પ્રજાના હિતમાં એ નીતિનો અમલ કેટલો કરવો, કઈ રીતે કરવો વગેરેનો વિવેક અને હિંમત પણ એણે દાખવવાં પડે. રાજકીય નેતાઓને નાખુશ કર્યા વિના પ્રજાહિતનાં કામ કરવાં એ કંઈ નાનો સૂનો પડકાર નથી. રાજકીય નેતાઓને સત્તા ટકાવી રાખવા અથવા ફરીથી સત્તા મેળવવા કંઈ કેટલીય જાતનાં સમાધાનો કરવાં પડે, પૈસાની વ્યવસ્થા કરવી પડે, પ્રજાને આંખે પાટા બાંધવા પડે, ખોટાં વચનો અને પ્રલોભનો આપવાં પડે અને ક્યારેક તો પ્રજાના હિતનું ન હોય એવુંય કેટલુંક સ્વાર્થને કારણે કરવું પડે. આવા સંજોગોમાં દેશપ્રેમી અને દેશદાઝવાળા, પ્રજાના જ હિતનો વિચાર કરનારા અમલદારોની સ્થિતિ કફોડી થાય. એમની બહુ ઝડપથી બદલીઓ થાય, જ્યાં હોય ત્યાં પણ ઘણાં રાજકીય દબાણો આવ્યા કરે. આ બધા પડકારોનો સામનો તેણે કરવો પડે.

બીજી અગત્યની બાબત એ છે કે આવી લોકશાહી શાસનવ્યવસ્થા હોવાને કારણે નિર્ણયોની સત્તા પ્રધાનો વગેરે પાસે હોય. લોકશાહીમાં ગમે તેટલું ઓછું ભણેલા અથવા નહીં ભણેલા પણ પ્રધાન તો થઇ શકે. જ્યારે અમલદાર થવા માટે સ્નાતક હોવું જરૂરી હોવા ઉપરાંત યુપીએસસી અને જીપીએસસી જેવી મુશ્કેલ સ્પર્ધાત્મક પરીક્ષામાંથી પાસ થવા જેટલા સજ્જ થવું પડે. આટલું ભણેલા અને ક્યારેક તો અનેક વરસોના અનુભવી અમલદારે સાવ ન ભણેલા અને બિનઅનુભવી શાસકના નિર્ણયોને સ્વીકારવા પડે અથવા પ્રજાહિતને ધ્યાનમાં રાખીને કુનેહપૂર્વક શાસકને એનો નિર્ણય બદલવા સંમત કરવો પડે. આ કામ પણ ઓછું પડકારભર્યું નથી.

સૌથી વધારે પડકારભર્યું કામ તો શાસકો અને પ્રજા વચ્ચે કડીરૂપે એમણે જે કામગીરી કરવાની છે એ બે નીતિઓનો અમલ પ્રામાણિકપણે, અસરકારક રીતે અને કુશળ રીતે કરવામાં આવે તો જ પ્રજાને એનો પૂરેપૂરો લાભ મળે. મહેસૂલખાતાના અમલદારોએ રાજ્યની અને કેન્દ્ર સરકારની આવક યોગ્ય રીતે થાય

એની કાળજી રાખવાની છે. જાતજાતના કરવેરા હોવાને કારણે એ કરવેરા યોગ્ય રીતે ઉઘરાવાય, ચીવટથી જમા થાય એનું આખું તંત્ર વ્યવસ્થિત કરવું પડે. એમાં સામાન્ય ક્લાર્કો, પટાવાળા, તલાટીઓથી માંડી કલેક્ટર, કમિશનર અને સેક્રેટરીની કક્ષા સુધીના જુદા જુદા અમલદારો વચ્ચે સુયોગ્ય સંયોજન હોય તે જરૂરી છે. એ જ રીતે આવકવેરો, વેચાણવેરો વગેરે કેન્દ્ર અને રાજ્યના વેરાને ઉઘરાવવામાં નિયમિતતા ભ્રષ્ટાચારનો અભાવ વગેરેનું ધ્યાન રખાવું જોઈએ. પોલીસ અધિકારીઓએ શાસન અને કાયદાની વ્યવસ્થાને જાળવવી જોઈએ જેથી પ્રજા શાંતિથી જીવી શકે.

ચોરી, લૂંટ, બળાત્કાર, ગુંડાગીરી, માફિયાગીરી વગેરે દૂષણો કોઈપણ સમાજમાં થોડા કે વધુ પ્રમાણમાં રહેવાનાં. શાંતિ અને નિર્ભયતાપૂર્વકનું જીવન હોય તો જ સમાજ વિકાસ સાધી શકે. પ્રગતિને પંથે આગળ વધી શકે.

શિક્ષણ અને આરોગ્ય એ બે પાયાની બાબતો છે. એની સુયોગ્ય વ્યવસ્થા માટે એ ખાતાના અધિકારીઓએ ઘણા સજાગ રહેવું પડે. જે દેશની પ્રજા રોગીષ્ટ હોય અને અજાણ હોય તે ક્યારેય સમૃદ્ધ થઈ શકે નહીં એટલું જ નહીં પાયાનાં સુખો-સગવડોથી પણ એ પ્રજા વંચિત રહે. આપણા જેવા વિકસતા દેશમાં એ અતિ મહત્ત્વની બાબતો ગણાય.

સંરક્ષણ અને વિદેશનીતિ આપણા દેશના અન્ય દેશોના સંબંધોને સ્પર્શે છે. એની નીતિનો અમલ કરવામાં કુશળ અમલદારો ન હોય તો દેશ અન્ય દેશો સાથે સુમેળભર્યા સંબંધો રાખવામાં ઊણો ઊતરે અને અનેક પડકારોનો સામનો કરવાનો આવે.

સૌથી વધુ મહત્ત્વનું આપણી જીવનરીતિની પરંપરા જાળવવાનું, સાંસ્કૃતિક મૂલ્યો જાળવી રાખવાનું કામ છે. અમલદારોએ આ કપરી કામગીરી પણ પૂરી સજાગતાથી બજાવવી પડે. ખાસ કરીને મીડિયાના આક્રમણ પછીના પડકારો ઘણા વધી ગયા છે. અમલદારો પાસે સજ્જતા અને જ્ઞાન ઉપરાંત શાણપણ હોવું જરૂરી ગણાય.

આ અને આવાં બીજાં અનેક ક્ષેત્રોમાં શાસકીય અધિકારીઓ સામે વિવિધ પડકારો છે અને એમની કોઠાસૂઝથી એમણે પહોંચી વળવાનું છે.

### ૯.૯.૬ સભ્યતાની આગેકૂચ તો સંસ્કૃતિની પીછેકૂચ

સભ્યતાની આગેકૂચ થાય છે તેનો અર્થ એ કે 'સુધારા'ની આગેકૂચ થાય છે.મહાત્મા ગાંધીજીએ સુધારાને માનવજાતનો દુશ્મન ગણાવ્યો છે.સુધારો એટલે જીવનધોરણમાં ઉન્નતિ.માણસની સુખ-સગવડોમાં વધારો,આર્થિક-પ્રગતિ.આ આર્થિક પ્રગતિનો આધાર સામાન્યરીતે શોષણ હોય છે.માણસ એકલો ખેતી કરે,પોતાનું કાપડ ઉત્પન્ન કરી લે તો ખાસ બચત થાય એટલું પેદા ન થાય.એ વધારે ને વધારે જમીનનો માલિક બને,જમીનદાર બને અને પોતે હળ ચલાવે જ નહીં, ટ્રેક્ટર ચલાવે નહીં પણ નોકરો રાખીને ખેતી કરાવે એટલે સ્વાભાવિક રીતે નોકરોનું શોષણ થવાનું.માત્ર પોતાને જરૂરી કપડાં નહીં પણ વધારે કપડાં પેદા કરનારે બીજાને જ કામે લગાડવા પડે.બીજાઓને કામે લગાડે કે તરત જ યંત્રો આવે.યંત્રો આવે એટલે શોષણ આવે,બેકારી વધે.માણસોની મજબૂરીનો લાભ લેવાનું વધુ સરળ બને.સભ્યતા જેમ-જેમ આગળ વધતી ગઇ તેમ-તેમ ગામડાંઓ ભાંગીને નગરો બનતાં ગયાં. હસ્તકૌશલને બદલે યંત્રોનું પ્રભુત્વ વધ્યું.નાના ઉદ્યોગો અથવા ગૃહઉદ્યોગોને સ્થાને યંત્રોદ્યોગ અને મલ્ટિનેશનલ ઉદ્યોગગૃહો આવી ગયાં. સમગ્ર રીતે જોઇએ તો માનવજાતની ભૌતિક સમૃદ્ધિ વધી પણ એ સમૃદ્ધિ ગણતરીના ઉદ્યોગપતિઓ, વેપારીઓ, સત્તાધીશોના હાથમાં કેન્દ્રિત થઇ. એને કારણે એક બાજુ વધુ પડતા ધનને કારણે આવે તેવાં નશો, જુગાર, રંડીબાજી જેવાં દૂષણો વધ્યાં તો શોષણને કારણે બીજી બાજુ ગરીબી, ભૂખમરો પણ વધ્યાં. સમાજની વ્યવસ્થા અસમતોલ થવા માંડી. જેમની પાસે કશું જ ન હોય તેઓ કોઈપણ રીતે એ મેળવવા ભ્રષ્ટાચાર, અપ્રામાણિકતા, ચોરી, લૂંટ, ખૂન વગેરે કરતા થયા.આમ સંસ્કૃતિના જે મહત્ત્વના સંસ્કારો તેનો નાશ થતો ગયો. સભ્યતા આગળ વધતી ગઇ તેમ તેમ સંસ્કૃતિની પીછેકૂચ આ રીતે થતી ગઈ. સભ્યતાની આગેકૂચ કૃષિ અને ઉદ્યોગોમાં થઇ એટલું પૂરતું નથી. રાજયવ્યવસ્થામાં અને શાસનમાં એની આગેકૂચ થઈ.રાજાઓ ગયા,રાજાશાહી ગઈ.સામંતશાહી ગઈ અને લોકશાહી પ્રણાલિ આવી. એ

સાથે પાર્લામેન્ટરી લોકશાહી પદ્ધતિ આવી. પણ ગાંધીજી જોઇ શકયા હતા એમ એ તો રાજાશાહી કરતાં પણ વધારે નકામી સાબિત થઇ.પહેલાં તો એક રાજા હતો-લોકશાહી આવતાં લોકસભાના,રાજયસભાના, વિધાનસભાના સેંકડો સભ્યો, પ્રધાનો તેમના સચિવો,ઉપસચિવો,પોલીસ અધિકારીઓ,મહેસૂલી અધિકારીઓ,પંચાયત-મ્યુનિસિપાલિટીના સભ્યો સુધ્ધાં રાજા બની ગયા. એમની સત્તાને કારણે સત્તાવિહોણા લોકો જાણે કે બાપડી રૈયત હોય તેવી અસમતોલ સમાજવ્યવસ્થા અસ્તિત્વમાં આવી.આને કારણે પણ સાંસ્કૃતિક મૂલ્યોનો હ્રાસ થયો.

શિક્ષણ, આરોગ્ય અને કલા જેવાં ક્ષેત્રોમાં સુદ્ધા જેમ જેમ પ્રગતિ થતી ગઇ તેમ તેમ જૂથવાદ,અંગત સ્પર્ધા સાધવા માટેના કાવાદાવા,બિનતંદુરસ્ત હરીફાઈ, ઈર્ષ્યા, ખટપટો વગેરે દૂષણો આવ્યાં.આ બધી બાબતો સાથે સંસ્કૃતિને કંઇ લેવાદેવા નથી.ખરેખર તો આવાં દૂષણોને કારણે માણસનાં આંતરિક મૂલ્યોનું જે મૂલ્ય હતું તે ઘટ્યું. કલા અને વિદ્યા તો માણસને મુક્તિ અપાવે પણ એ જ કલા અને મુક્તિ માણસના બંધન માટેનાં સાધનો થયાં. વ્યાસ વેશ્યાની એક જ પેર, વિદ્યા બેટી ઉછેરી ઘેર(અખો)જેવો ઘાટ થયો. વિદ્યા એ મુક્તિનું સાધન નહીં પરંતુ મુઠ્ઠીભર માણસોની આર્થિક પ્રગતિ અને સત્તા-શોષણનું સાધન બની ગયાં. ગાંધીજીએ સાચું જ લખ્યું હતું કે માણસ પ્રોફેસર કે ડોકટર કંઇ લોકોની સેવા કરવા ઓછા જ થાય છે? ઓછું કામ કરી, માણસોનું શોષણ કરી પોતાનાં ખિસ્સાં ભરવા માટે લોકો ભણે છે. સભ્યતાથી અતિઝડપી આગેકૂચને કારણે આખો માહોલ જ જાણે એવો થઇ ગયો કે ભૌતિક સુખ-સગવડોની પૂર્તિ એ જ જાણે કે માનવતાનું લક્ષ્ય છે એ તો કોઇને સમજાયું જ નહીં કે સગવડની પણ કોઇ મર્યાદા હોઇ શકે. માણસ પોતે જ નકામો થઇ જાય એટલી હદે યંત્રોનું ચલણ વધ્યું,ભોગવિલાસ વધ્યા, એશઆરામ વધ્યાં,વૈભવવિલાસ વધ્યાં, ઝાકઝમાળ વધી પરંતુ સાથે રોગો વધ્યા, અસંતોષ વધ્યો, લોભ વધ્યો અને મનોરોગીઓ તો અનેકગણા વધ્યા. આ રીતે સંસ્કૃતિની પીછેહઠ થઇ.

ભારતીય ધર્મશાસ્ત્રોનો અને શાણા ઋષિમુનિઓએ સભ્યતા અને સંસ્કૃતિ બંને એક સાથે, હાથમાં હાથ મિલાવીને ચાલે તો આનંદપૂર્વકનું, સંતોષપૂર્વકનું, કૃતાર્થ થઇ શકે તેવું માનવજીવન બને એનું સપનું જોયું હતું. તેમણે -- એવું સૂત્ર આપ્યું હતું. ધર્મ અને મોક્ષ એ બે સંસ્કૃતિનાં અંગો છે, અર્થ અને કામ સભ્યતાનાં અંગો છે. ધર્મ અને મોક્ષની વચ્ચે,એ બેની મર્યાદામાં અર્થ અને કામ રહે તો જ સમતોલ જીવન શકય બને. ધર્મથી જ અર્થ-પવિત્ર ધન. સીધી લીટીએ,મધમાખીએ ફૂલમાંથી રસ જેટલી સહજ રીતે લીધો હોય તેટલી સહજ રીતે ધન એકઠું કરવામાં આવે,ધર્મપૂર્વક કામોપભોગ (બધી જ ઇચ્છાઓનો ઉપભોગ) કરવામાં આવે તો સંસ્કૃતિનો હ્રાસ ન થાય. પછી ભલેને સભ્યતાનો ગમે એટલો વિકાસ થાય. પણ શરત એટલી જ છે કે સંસ્કૃતિ એક ડગલું આગળ રહે અને તેને પગલે પગલે એક પગલું પાછળ રહી સભ્યતા આગેકૂચ કરે તો સંસ્કૃતિની પીછેકૂચ થઇ શકે નહીં. પણ ટીવી અને કમ્પ્યૂટર સભ્યતાનાં સંતાનોને આ સમજવું ખરેખર મુશ્કેલ છે.

### ૯.૯.૭ સ્ત્રી-અનામત

ઘણીવાર બસમાં અમુક બેઠકોની આગળ લખ્યું હોય છે કે આ છ બેઠકો સ્ત્રીઓ માટે ખાલી કરવી. આ ચાર બેઠકો ધારાસભ્યો માટે ખાલી કરવી. આ છ બેઠકો વૃધ્ધો માટે ખાલી કરવી. આ ખાલી કરવીનો અર્થ એ છે કે આ છ બેઠકો પર બેઠા હો તો વૃદ્ધને બેસવા માટે તે ખાલી કરવી. ટ્રેનમાં તો મહિલાઓ માટેનો એક આખો ડબો આરક્ષિત રાખવામાં આવે છે.

એક રીતે વૃદ્ધો, સ્ત્રીઓને સન્માનવાની આપણી ભાવના આમાં પ્રગટ થાય છે. બીજી બાજુ આપણા સંસ્કારો ભૂંસાઇ રહયા છે તેની આ બાબત ચાડી ખાય છે. ભારતીય સંસ્કારો સાથે ઉછરેલી કોઇપણ વ્યકિત વૃદ્ધો,સ્ત્રીઓ વગેરેનું સન્માન કરે જ. બસ કે ટ્રેનમાં જગ્યા ન હોય અને કોઇક સ્ત્રી કે વૃદ્ધ ચડે તો પોતે ઊભા થઇને તેમને જગ્યા આપે જ. પરંતુ હવે એ સંસ્કારો ભૂંસાઇ રહયા છે તેથી જ આવી વ્યવસ્થા કરવી પડી છે તે દેખીતું છે.

બસ અને ટ્રેન જેવી જ સ્થિતિ હવે સમાજમાં થવા માંડી છે. ઘરમાં માને અને બહેનને આદર-માન આપનારા, ઘરમાં દાદા-દાદીને ઘણું આદર-માન આપનારા બહાર એવું આદર-માન આપતા નથી.

સ્ત્રી માત્ર અથવા વૃદ્ધ માત્ર આદર-માનનાં અધિકારી છે એવું ભારતીય સંસ્કારોમાં શીખવાય છે. પણ એ વાત પૂર્વે ભૂતકાળ બનતી જાય છે. સમાજમાં આને કારણે જે નબળાં લોકો છે તેમને અન્યાય થાય છે અને શોષણ થાય છે.

આવી જ વાત એક જમાનામાં દલિતો અને આદિવાસીઓ જેવા સમાજના પછાત અને નબળાવર્ગોની સાથે ઘટી હતી. વરસો સુધી તેને કારણે તેઓને અન્યાય થયો અને તેમનું શોષણ થયું. આ વાતને ધ્યાનમાં રાખીને સ્વતંત્રતા પછી સરકારે નક્કી કર્યું કે અમુક વરસ સુધી આ વર્ગોના લોકોને સમાન તકો મળે. કેટલીક વિશેષ. તકો આપવી. એ વિશેષ તક 'અનામત' તરીકે ઓળખવામાં આવી.

ખાસ કરીને શિક્ષણમાં અને જાહેર નોકરીઓમાં 'અનામત' પ્રથા દાખલ કરવામાં આવી. ધારો કે એક વર્ગમાં માત્ર સો વિદ્યાર્થીને સમાવી શકાય એમ છે. દેખીતી રીતે ગુણવત્તાને આધારે પ્રવેશ મળે પણ તેમ કરવા જતાં પછાત વિદ્યાર્થીઓને અન્યાય થાય એટલે એમની વસતીને ગણતરીમાં લઇને અમુક ટકા પછાતો માટે, અમુક આદિવાસીઓ માટે એમ નક્કી થયું. એવું જ નોકરીઓમાં થયું. ગુણવત્તાને આધારે જાહેર નોકરીઓમાં ભરતી થાય એને બદલે એમાં પણ આવી ટકાવારી નક્કી થઇ. લોકસભા, ધારાસભા કોર્પોરેશનો-પંચાયતો વગેરેમાં આવી અનામત પ્રથા દાખલ થઇ.

સ્વતંત્ર થયાનાં પચાસ વરસ પછી પણ એ પ્રથા ચાલુ છે. છતાં એનો લાભ થવો જોઇએ તેટલો ન થયો. પછાતોમાં પણ વધુ સબળા અને વધુ નબળા એવા વર્ગો તો હોવાના. એમાંના જે સબળા છે તેમણે જ સતત આ અનામતનો લાભ લીધા કર્યો. એક જ ઉદાહરણ લઇએ. પચાસ વરસ પહેલાં એક સજ્જન અનામતનો લાભ લઇ કલેક્ટર થયા. કલેક્ટર થયા એટલે તેઓ સમાજના સમૃદ્ધ વર્ગના સભ્ય થયા ગણાય. એમનો મોભો, પૈસા વધારે મળે એટલે એમનાં સંતાનો વધુ ફી આપીને, વધુ ખર્ચ કરીને વધુ સારું ભણ્યાં. વધુમાં એમને અનામતનો લાભ પણ મળ્યો એટલે એ જ લોકો પચીસ વરસ પછી કલેક્ટર થયાં. પછી પણ એમનાં જ સંતાનો કલેક્ટર. ખરેખર વાસ્તવમાં આવું બન્યું અને ખરેખર પછાત વર્ગમાં લોકોમાંથી બહુ ઓછા આ રીતે આગળ આવ્યા.

વળી આને કારણે શાસનકર્તાઓ અને વહીવટકર્તાના પણ વર્ગો પડી ગયા. 'અનામત' વાળા અધિકારીઓ પોતાનું જૂથ બનાવી પોતાની સત્તા, વગ વગેરે વધે તેની પેરવી કરવા માંડ્યા અને અનામત વિનાના જૂથના અધિકારીઓ પોતાની સત્તા, વગ વગેરે વધે તેની પેરવી કરવા માંડયા. અનામતને કારણે ઓછી આવડતવાળાને ય મોટાં સ્થાનો ઉપર અધિકારી નીમવા પડેલા તેથી આમેય વહીવટમાં શિથિલતા આવેલી જ. તેમાં વળી આ જૂથવાદને કારણે શિથિલતા વધી.

સૌથી વધુ નુકસાન તો લોકશાહીની ભાવનાને થયું. આ અનામત પદ્ધતિનો રાજકીય ઉપયોગ સત્તા મેળવવા અથવા સત્તા ટકાવવા માટે થવા માંડયો. જેમ ધર્મ, ભાષા, પ્રાંતનું ઝનૂન ઊભું કરીને વર્ગવિગ્રહ જગાડીને પક્ષોએ એનો ગેરલાભ લીધો અથવા રાજકીય ઉપયોગ કર્યો. અનામતનું પણ આમ જ થયું. જે માત્ર દસ વરસ માટેની એક અજમાયશ હતી તે કાયમી થઇ ગયું.

સ્ત્રી અનામતની ભાવના ઉદાત્ત હોવા છતાં આનો પણ આવો ગેરઉપયોગ થવાની શક્યતા વધુ છે. એ કરતાં સ્ત્રીકેળવણી ફરજિયાત અને નિઃશુલ્ક કરીને સ્ત્રીઓનું સશકિતકરણ કરવાની દિશામાં ઝડપથી આગળ વધવું જોઇએ એવી પણ એક માન્યતા છે.

અત્યારે પણ સ્ત્રી અનામતનો ખરડો જે સ્થિતિમાં છે એમાં ઘણો વિવાદ છે. સ્ત્રીઓને અનામતનું પ્રમાણ આજે પંચાયતો અને મ્યુનિસિપાલિટીમાં ત્રીસ ટકાનું છે. દર ત્રણ વર્ષ પછી એક મહિલાને મેયર અથવા પંચાયત પ્રમુખ બનાવવાની પરંપરા પણ શરૂ થઇ છે. એથી મહિલાઓમાં આત્મસન્માનની અને આત્મવિશ્વાસની ભાવના પણ ઊભી થયેલી જોઇ શકાય છે. સ્ત્રી-અનામતનું આ ઘણું વિધાયક પાસું છે. આનાથી ઉત્સાહિત થઇને અનામતની આવી પરંપરા ધારાસભાઓ, લોકસભા વગેરેમાં પણ રાખવાની વિધિવત્ પ્રક્રિયા આરંભાઇ છે. પરંતુ આમાં પણ પક્ષોના પોતપોતાના સ્વાર્થો અને માન્યતાઓનો ટકરાવ ચાલુ છે. એ જ રીતે જાહેર નોકરીઓમાં પણ ઓછામાં ઓછું તેત્રીસ ટકા અનામતની વાત ચાલે છે. એક રીતે સ્ત્રી-અનામતાની ભાવનાને આનાથી વેગ મળશે એવી માન્યતા છે.

સમાનતા એક સામાજિક માનસિકતા છે. અનામતથી કે વિશેષ સગવડોથી અમુક વર્ગોને વિકાસ માટેના ચોક્કસ લાભો જરૂર મળે. એનો અમલ જરા કડકાઈથી, ચોકસાઈથી, બુદ્ધિપૂર્વક અને ખેલદિલીની ભાવના સાથે થાય તો એ લાભો એ વર્ગના લગભગ બધા સભ્યો સુધી પણ પહોંચી શકે. પરંતુ કાયમ માટે આવા ખાસ લાભો લોકશાહીની મૂળ ભાવનાને નુકસાન પહોંચાડી શકે. વળી ખરેખરી સમાનતા તો કોઈની પાસેથી મેળવવાની હોતી જ નથી. એનો તો આત્મવિશ્વાસ કેળવીને અનુભવ કરવાનો હોય છે. બાકી ગમે તેટલા પૈસા હોય, સુખસગવડ અને સમૃધ્ધિ હોય, ભણેલા ગણેલા હો અને સત્તા ભોગવતા હો તો પણ આત્મવિશ્વાસનો અભાવ હો તો તમે સમાનતાનો અનુભવ કરી શકતા નથી. સમાનતાનો અનુભવ સામી વ્યકિતઓ તમને અલબત કરાવવા માટેના પ્રયત્ન કરી શકે પરંતુ સમાનતાનો અને ખુમારીનો અનુભવ કરવાનું તો વ્યકિતગત રીતે દરેકના પોતાના હાથમાં જ હોય છે. સ્ત્રી અનાતમને કારણે સ્ત્રી સમાનતા અને સ્વતંત્રતાની ભાવના કેળવાશે એ માનવું વાજબી છતાં વધુ પડતું છે.

### ૯.૯.૮ સાયબર વર્લ્ડ : આકર્ષણો અને પડકારો

છેલ્લાં પચાસેક વરસમાં ઈલેક્ટ્રિક ટેકનોલોજી જગતને અનેક સગવડો ભેટ આપી. ચાંપ દાબો અને વીજળીના દીવા થાય, પંખા ફરવા માંડે એ શોધો પણ કંઇ ઓછી ચમત્કાર સર્જનારી નહોતી પણ પછી તો આખી દુનિયામાં તમે કોઇનીય સાથે ભૂંગળું ઉપાડયું નથી ને વાત કરી નથી. અમેરિકામાં ચાલતા કાર્યક્રમને ચાંપ દાબી કે ટીવીના પડદે જોઇ શકવા માંડયા. છેલ્લે છેલ્લે કમ્પ્યૂટરવાળાના ટચૂકડા (ખોળામાં કે હાથની હથેળીમાં સમાઇ જાય તેવડો, લેપટોપ કે પામટોપ યંત્રએ તો કમાલ કરી. એની યાદશકિત ગજબ, એનું નેટવર્ક ગજબ એ ઇન્ટરનેટ એ જ સાયબર વર્લ્ડ. પુસ્તકાલયમાં જવાની જરૂર નહીં. ઘરમાં બેઠાં કમ્પ્યૂટરના પડદા ઉપર તમે ઇચ્છો એ પુસ્તકનું, તમે ઇચ્છો એ પાનું ખોલીને વાંચી શકાય. શિક્ષણના ક્ષેત્રમાં તો અદ્‌ભુત ક્રાંતિ આવી ગઇ. જાતજાતના શૈક્ષણિક કાર્યક્રમો એના ઉપર તૈયાર થઇ શકે, તમે જે ઇચ્છો તે શીખી લો. શિક્ષકની માથાકૂટ નહીં, શાળા-કોલેજના વર્ગખંડમાં જવાની તસ્દી ય લેવી ન પડે. તમારી પરીક્ષાનું પ્રશ્નપત્ર તમારે જાતે તમારા કમ્પ્યૂટર ઉપર ડાઉનલોડ કરી લેવાનું, તેના ઉત્તરો પણ તમારે કમ્પ્યૂટર ઉપર જ લખી દેવાના. તપાસાઇ જાય, તમારા ગુણ પણ મળી જાય, કલ્પનામાં ન આવે એવા ચમત્કારો કમ્પ્યૂટરોએ સર્જવા માંડયા.

શિક્ષણની જ વાત નીકળી છે તો શાળા-કોલેજોમાં પ્રવેશથી માંડી પરિણામ સુધીની વિધિ કમ્પ્યૂટર ઉપર થવા માંડી. ઉપર નોંધ્યું એમ વર્ગખંડોમાં કમ્પ્યૂટરો શિક્ષકને મદદ કરવા તૈયાર છે. શાળા-કોલેજોના રેકોર્ડ માટેના ચોપડાઓએ વિદાય લીધી અને બધાં રેકોર્ડ કમ્પ્યૂટર ઉપર હાજર, ચાંપ દાબો અને તૈયાર. તરત છપાઇને હાજર.

બેન્કોની કામગીરી તો સાવ સરળ અને ઝડપી બની ગઇ. તમારા બધા હિસાબ-કિતાબ કમ્પ્યૂટર રાખે. પાસબુક પણ એ જ ભરી આપે. તમારા ટેલિફોનનાં અને વીજળીનાં બિલો સુદ્ધાં બારોબાર ભરાઇ જાય. તમારે ઇન્કમટેક્સનું ચલણ ભરવા છેક ઇન્કમટેક્સ ઓફિસ સુધી લાંબા નહીં થવાનું, નજીકની બેન્કના કમ્પ્યૂટરમાં તમારો નંબર એન્ટર થાય એટલે તમારી ભરવાની રકમ તમારા બેન્કના ખાતામાંથી બાદ થઇ ઇન્કમટેક્સ ઓફિસને પહોંચી જાય.

વેપાર-ધંધા તો સાવ સરળ થઇ ગયા. ક્રેડિટકાર્ડ હોય એટલે રોકડ રકમ રાખવાની જરૂર નહીં. કોઇપણ દુકાનેથી માલ ખરીદો, તમારા ખાતામાં ઉધારાઇ જાય. ટ્રાવેલર્સ ચેકની વ્યવસ્થા તો હવે જુનવણી થઇ ગઇ. દેશ કે દુનિયાને કોઇપણ ખૂણેથી, કોઇપણ દુકાનેથી તમે ખરીદી કરી શકો. હજુ ભારતમાં એ વ્યવસ્થા નથી આવી પણ આવતાં વાર નથી લાગવાની, તમારી ચીજનો ઓર્ડર નોંધાવી દો એટલે ઘેર બેઠાં વસ્તુ મળી જાય અને પૂરેપૂરી સ્પર્ધાત્મક વાજબી કિંમતે મળે. તમારે જે ચીજ ખરીદવાની હોય, પછી કાર કેમ ન હોય. પૂરેપૂરી વિગત તમને કમ્પ્યૂટર આપે. તમારે તેને રૂબરૂ જોવા જવાની જરૂર નહીં. બસો-પાંચસો હજાર. તમારી પાસે જેવો સમય તમે તપાસી ચકાસી શકો, ખાતરી કરી શકો અને ઓર્ડર નોંધાવી શકો. આવી વ્યવસ્થાને નામ મળ્યું ઇ-કોમર્સ.

એ જ રીતે રાજવહીવટમાં પણ કમ્પ્યૂટરે ઘણી સરળતા કરી આપી. જન્મની નોંધથી માંડી મૃત્યુની નોંધ

સુધીમાં એ ઉપયોગી. સરસ મજાનો દાખલો તરત મળે. મહેસૂલવિભાગે પણ કમ્પ્યૂટરોનો ઉપયોગ શરૂ કર્યો. ૭/૧૨ ના ઉતારા હોય કે પાણીપત્રકની નકલ હોય કમ્પ્યૂટર ઉપર તરત તૈયાર. હવે તો એટલે સુધી આગળ વધી શકાયું છે કે અધિકારીશ્રી અથવા મંત્રીશ્રી ગાંધીનગરમાં બેઠા બેઠા ગુજરાતના કોઇપણ ગામડા સાથે સીધો સંપર્ક કરવા માંડયા, સીધી વાતચીત, મોઢામોઢ તરત જ કામનો નિકાલ. બધી જ સરકારી ઓફિસો કમ્પ્યૂટર નેટવર્કથી સંકળાયેલી હોય અને બધું કામ ચપટી વગાડતામાં થાય એ દિવસો હવે ખાસ દૂર નથી. આ આખી વ્યવસ્થાને નામ મળ્યું ઇ-ગવર્નન્સ.

વાવાઝોડાની આગાહીઓ, દુકાળની આગાહી, વરસાદની આગાહી એવાં બધા કામ પણ ઘણાં સરળ થઇ ગયાં. છાપાંઓમાં સમાચાર આપવા માંડયા કે ઉપગ્રહ દ્વારા માછલાં પકડનારાઓને ચેતવણી (છાપાવાળા ય કમાલ કરે છે ? માછલાં ય ઉપગ્રહથી પકડવાનું શોધી શકાયું કે શું ? એવા પ્રશ્ન કોઇને તરત થાય પણ વાસ્તવમાં તો માછલાં પકડનારાઓને ઉપગ્રહ દ્વારા ચેતવણી એમ જ છે.) દરિયામાં જવું કે નહીં ? ક્યારે જવું ? વગેરે માહિતી તરત મળી જાય. આને કારણે દરિયાખેડુને જ નહીં, સામાન્ય ખેડૂતને પણ ફાયદો થયો. ક્યા પાક આ વરસે લાવવા, ક્યારે વાવવા વગેરેના નિર્ણયો સરળ બન્યા.

કમ્પ્યૂટરોનો સૌથી વધુ ફાયદો પ્રિન્ટિંગ ટેકનોલોજી, સિનેમા અને ટીવીને થયો. સુઘડ છાપકામ ઓછી મહેનતે ઘણી સરળતાથી જોઇએ તેવા રંગોનાં મિશ્રણો, ચિત્રોનાં મિશ્રણો, એનિમેશન ફિલ્મો, જાતજાતનું બધું થઇ શકે. પણ આ ફાયદાનો લાભ શિક્ષણ માટે - સંસ્કાર અને સંસ્કૃતિના પ્રચાર માટે લેવાયો એના કરતાં મનોરંજન માટે વધારે લેવાયો. વેપારીઓએ કમાણીના રસ્તા શોધી કાઢયા. પોર્નોગ્રાફી પુસ્તકો ફૂટપાથ પર મળતાં હતાં તે હવે ખરીદવાની જરૂર ના રહી. બાળકો પણ કમ્પ્યૂટર ઉપર સર્ફિંગ કેવી રીતે થાય છે તે જાણી લે છે અને અપક્વ ઉંમરે પોર્નોગ્રાફીને રવાડે ચડી જઇને મનોરોગના શિકાર બને છે. ઘણાં બાળકો તો ચેટિંગ અને કમ્પ્યૂટર ગેમ્સના એટલાં બંધાણી થઇ જાય છે કે તેમને પછી જીવનમાં બીજું કશું ય કરવા જેવું છે એવું લાગતું જ નથી. એટલે આવી સારી સગવડનો જો દુરુપયોગ થાય તો સમાજ સામે ઘણા મોટા પડકારો આવી શકે. આવા સારી શોધનો સદ્‌ઉપયોગ થાય તો માનવ વિકાસ થઇ શકે પણ તેનો દુરુપયોગ માનવને નીતિનાશને માર્ગ દોરી જઇ શકે અને અંતે તેનો વિનાશ થાય. આવતી પેઢી શરીરથી અને મનથી માયકાંગલી બની જાય.

સાયબર વર્લ્ડ આખરે તો વિજ્ઞાનની જ એક શોધ છે. વિજ્ઞાન ભૌતિક પ્રગતિનાં દ્વાર એક પછી એક માનવજાત માટે ખોલતું રહ્યું છે. સાથે સાથે એ જ શોધોનો માનવ-જાતે પોતાના સ્વાર્થ માટે અજ્ઞાનવશ એવો દુરઉપયોગ કર્યો કે માનવસંહારનાં અનેક ઉદાહરણો આપણી સામે છે. મહાભારતના યુદ્ધથી માંડી હિરોશિમા-નાગાસાકી પર અણુબોંબ ઝીંકાયા સુધીની તવારીખ એની સાક્ષી પૂરે છે. ખરેખર તો વિજ્ઞાને આ બધી શોધો આશીર્વાદરૂપે કરી છે. માણસની સગવડમાં અને જિંદગીની દીર્ઘતંદુરસ્ત યાત્રામાં તેનો સદ્‌ઉપયોગ થઇ શકે છે. તેનો દુરઉપયોગ ન થવો જોઇએ એ માનવ સામેનો મોટામાં મોટો પડકાર છે.

### ૯.૯.૯ જાહેરજીવનમાં લાંચ-રુશવત

લાંચ એ સંસ્કૃત ઉપરથી આવેલો શબ્દ છે. પોતાનું કામ કઢાવવા અધિકારી અથવા સત્તાધારીને અઘટિત રકમ આપવી તે લાંચ. જ્યારે અપાય તો તેની સામે લેવાય પણ ખરી, ગુજરાતી ભાષામાં લાંચ આપવી અને લેવી કરતાંય લાંચ ખાવી કે ખવડાવવી પ્રયોગ વધુ વપરાય છે. અન્નનો માર્યો નીચું જુએ એ દૃષ્ટિએ લાંચ અને પછી તો રૂપિયા ખવડાવવા કે ખાવા સુધીના પ્રયોગો મળે છે. રુશવત એ લાંચના અર્થમાં વપરાતો અરબી શબ્દ છે.

જાહેરજીવનમાં ભ્રષ્ટાચારનું પહેલું પગથિયું લાંચ છે. સાહિત્યિક ભાષામાં કહીએ તો ભ્રષ્ટાચારની ગંગોત્રી લાંચથી શરૂ થાય છે. કોઇપણ સરકારી અથવા જાહેર કચેરીમાં તમારું કામ થતું નથી. બે ધક્કા **ખાધા,** ચાર ખાધા અને કંટાળ્યા પછી આ કામ કરાવવા માટે તમે પૈસા આપીને કોઇને રાજી કર્યો તો તમે **લાંચ** આપી. જૂના સમયથી લાંચ ખાવા-ખવડાવવાની પરંપરા આખી દુનિયામાં છે. ચાણક્યએ પણ **અનેક** પ્રકારની લાંચનો ઉલ્લેખ કર્યો છે. એણે સરસ ઉદાહરણ આપ્યું છે. પાણીમાં તરતી માછલી ક્યારે **પાણી** પીએ છે અને પીએ છે કે નહીં તેની ખબર પડતી નથી. એવું લાંચનું છે. જાહેર કામ કરનારી **વ્યક્તિ**

જાહેરકામનાં નાણાંમાં થોડું આઘુંપાછું કરી, કોઇને લાભ કરાવી, પોતે એ લાભમાંથી થોડા પૈસા મેળવે તો એ પણ લાંચ છે. આવકવેરાનો કે વેચાણવેરાનો અધિકારી કાયદેસરનો જે વેરો થતો હોય તેમાં વેરો ભરનારને ફાયદો કરાવી આપી, એના ફાયદામાંથી પોતે થોડી રકમ ખુશબક્ષી તરીકે મેળવે તો એ પણ લાંચ છે. ખેડૂતને ઓછું મહેસૂલ ભરવું પડે તેવું ગોઠવી તેની પાસેથી રાજીખુશીની ભેટ-સોગાદ લે તે પણ લાંચ ગણાય. જૂના સમયથી શિરસ્તો જ થઇ ગયો છે કે જે લોકોને જે અધિકારીઓની સાથે કામ પાડવાનું આવે તેમને દિવાળી-નવાવરસ, નાતાલ, ઇદ, જેવા તહેવારોએ ભેટ-સોગાદો પહોંચાડવી.

પણ હવે તો અધિકારીઓ એટલા બેશરમ થઇ ગયા છે કે આવી આડકતરી લાંચ તેમને સ્વીકાર્ય નથી. છડેચોક-જાહેરમાં કહે છે કે આ ખૂરશી પર બેસવાનો પગાર સરકાર આપે છે પણ કામ કરવાના પૈસા તો કામ કઢાવનારે કે કરાવનારે જ આપવા પડવાના. તમારે જાતિ-જ્ઞાતિનો દાખલો જોઇએ તો અધિકારીએ નક્કી કરેલા રૂપિયા આપવા પડે. સાદો સાત-બારનો ઉતારો જોઇએ તો તલાટીને પૈસા આપો પછી જ મળે. તમારી મિલકતની હકચોકસી માટેની કચેરીમાં જાવ, બધા દસ્તાવેજ કે જન્મ-મરણના દાખલા કઢાવવા હોય, લગ્નની નોંધણી કરાવવાની હોય દરેકનો ભાવ નક્કી. વળી પટાવાળા તો કહે પણ ખરા કે આ પૈસા-લાંચના પૈસા - વહેંચાતા વહેંચાતા છેક ઉપર સુધી જવાના.

વહીવટીક્ષેત્ર કરતાંય પોલીસ-ખાતામાં તો લાંચરુશવત વરસોથી ચાલે છે. ટ્રાફિકના નિયમનો ભંગ કર્યો તો અમુક દંડ ભરવો પડે પણ તોડ કરનારા લાંચ આપીને છૂટી જાય. જાહેરમાર્ગો ઉપર શાકભાજીવાળા, લારી-ગલ્લાવાળા, ફેરિયા અડ્ડા જમાવીને પોતાનો માલ વેચે છે. બધાના હપ્તા નક્કી હોય. ગેરકાયદેસર વાહનો મુસાફરોની હેરાફેરી કરે તો એના હપ્તાય નક્કી. જુગારખાના અને દારૂના અડ્ડા તો ગેરકાયદેસર જ ચાલી શકે પણ ઠેરઠેર અને એનાય હપ્તા નક્કી. બધું છેક ઉપર સુધી પહોંચે છે એમ કહેવાય. કહે છે કે ફિલિપિન્સ, પાકિસ્તાન વગેરે દેશો પછી લાંચરુશવતમાં ભારતનો ક્રમ ૬૫ મો છે. ઘણો પાછળ કહેવાય નહી ?

હવે તો આરોગ્ય અને શિક્ષણખાતાના અધિકારીઓ પણ લાંચરુશવત લેતાં અને અધિકૃત આવકથી એકઠી થઇ શકે તે કરતાં વધુ સંપત્તિ ધરાવતા પકડાયા હોવાના કિસ્સા છાપાંઓના પાને ચમકે છે. શાળા-કોલેજમાં પ્રવેશ મેળવવા માટે ય ડોનેશનરૂપે લાંચ અને સુવર્ણચંદ્રકો અને મોટી પદવીઓ મેળવવા માટે પણ લાંચ.

જે ન્યાયતંત્ર આ બધાને નિયંત્રણમાં રાખી શકે તે ન્યાયતંત્રના ન્યાયાધીશો પણ લાંચ લેતા પકડાયા છે. આના કિસ્સાઓ પણ છાપાંને પાને ચમકતા રહે છે. લાંચરુશવત વિરોધી ખાતામાં પણ લાંચ લેવાય અને સેન્ટ્રલ બ્યૂરો ઓફ ઇન્વેસ્ટિગેશન (સીબીઆઇ) જેવી ઉચ્ચસંસ્થાની તપાસસંસ્થાના અધિકારીઓ પણ લાંચિયા હોય ત્યારે તો 'વાડ થઇને ચિભડાં ગળે' જેવી કહેવત જ યાદ આવે. પછી દેશની પ્રગતિ અને વિકાસ સાવ ધીમાં જ હોય ને !

આજે આ બધી લાંચરુશવતના મૂળમાં આપણી લોકશાહી અને તે માટેની ચૂંટણીપ્રક્રિયા છે એમ માનવામાં આવે છે. જે નેતાઓને ચૂંટાવું હોય અથવા ચૂંટાયા પછી ટકી રહેવું હોય તેમણે પૈસા વેરીને બધાને ખુશ રાખવા પડે છે. સત્તાપલટા વખતે ધારાસભ્યોના જ નહીં, લોકસભાના સભ્યોના પણ લાખો અને કરોડોના હિસાબે ભાવ બોલાય છે. ધારાસભ્ય કે લોકસભાના સભ્ય તરીકે તો શું પણ સામાન્ય કોર્પોરેટર કે પંચાયતના સભ્ય તરીકે ચૂંટાવું હોય તોય લાખોનો ખરચ કરવો પડે છે. આ બધા પૈસા નેતાઓ કયાંથી લાવે ? પહેલાં પક્ષો પૈસા અથવા ફંડ ઉઘરાવતા પણ હવે તો નેતાઓ સીધા જ પોતાનું ફંડ સમૃદ્ધ કરવાની વેતરણમાં હોય છે. આ બધાની તપાસ કરવા માટે લોકપાલ અને લોકાયુકત નીમવા પડે તેવી સ્થિતિ થઇ છે. શાસકપક્ષ જ નહીં પણ વિરોધ પક્ષના નેતાઓને પણ અધિકારીઓએ બદલી કરાવવા અથવા અટકાવવા, બઢતી મેળવવા વગેરે માટે નક્કી કરેલી અઘટિત રકમ આપવી પડતી હોવાની વાત બધે ચર્ચાય છે. વહીવટીતંત્રમાં અને રાજકારણમાં તો આને કારણે લાંચરુશવતનું એક વિષચક્ર સતત ચાલ્યા કરે છે.

પણ સમાજસેવાની સંસ્થાઓમાં અને ધાર્મિકસંસ્થાઓ પણ લાંચરુશવતે પગદંડો જમાવ્યો છે એ જોતાં

કોઈપણ નાગરિકને ભારે આઘાત લાગે. જે ભકતો પ્રભુ સમક્ષ કે મંદિરમાં વધુ ભેટ રકમ ચડાવે અથવા આપે તેને ખાસ વિશેષ પ્રકારનો પ્રસાદ અને સામાન્ય પ્રજાજનોને સામાન્ય પ્રસાદ એવું તો કદાચ યુગોથી ચાલે છે. (જો કે એ પણ લાંચ જ ગણાય) પરંતુ એથીય આગળ વધીને મંદિરના કોઠારી, પૂજારી કે મુખ્યમહંતના સ્થાને પહોંચવા માટે પણ લાંચ લેવાતી હોય અને અપાતી હોય તેવા કિસ્સા પ્રકાશમાં આવ્યા છે. એટલું સારું છે કે ઈશ્વરના દરબારમાં હજુ ચિત્રગુપ્ત કે યમરાજા લાંચરુશવત લેતા હોવાની વાતો સાંભળવા મળતી નથી.

માત્ર સમાજસેવાની ભાવનાથી શરૂ થયેલી ધાર્મિકસંસ્થાઓની જેમ સામાજિક સંસ્થાઓમાં પણ લાંચરુશવત લેવાય છે. આવી સંસ્થાઓમાં કેળવણીની સંસ્થાઓ, મહિલા-ઉદ્ધારની સંસ્થાઓ, વૃદ્ધો અને અપંગોની સેવા કરનારી સંસ્થાઓ બાકાત નથી. લોકસેવા કરનાર કોઈક રવિશંકર મહારાજ, બબલભાઈ મહેતા, જુગતરામ દવે જેવા ફકીરો હજુ આજેય મળી આવે પરંતુ મોટેભાગે તો વૈભવી જીવન જીવતા, કારોમાં ફરતા અને અમર્યાદ સત્તાઓ ભોગવતા લાંચિયા સમાજસેવકો જ વધારે જોવા મળે છે. કદાચ લાંચરુશવત દેવનું મંદિર સ્થપાય અને ફલાણા ફલાણાને લાંચરુશવત દેવ ફળ્યા એમ સૌને ફળજો એવાં વ્રત-બાધાઓ લેવાય એ દિવસો દૂર નથી.

### ૯.૯.૧૦ પુરુષ સમોવડી નારીની દેશના વિકાસમાં ભાગીદારી

નારીનું સ્થાન પુરુષ સમોવડું છે એ ખ્યાલ પશ્ચિમમાંથી આવ્યો છે. દરેકનું સમાજ અને કુટુંબમાં બેજોડ સ્થાન હોય છે. સ્ત્રીની ભૂમિકા જુદી છે પુરુષની જુદી, ઈશ્વરે જ એવી રચના કરી છે. પૂર્વમાં 'નારી તું નારાયણી' જેવાં સૂત્રો છે. તે પૂજ્ય છે. વધુ આદરણીય છે કારણ કે તેને મા થવાનું સદ્ભાગ્ય મળ્યું છે. 'જગજનની' નો તેનો દરજ્જો છે. જગનું સર્જન અને પોષણ તેના હાથમાં છે. "ગૃહણી ગૃહમ ઉચ્ચયતે"- ગૃહિણીને કારણે જ ઘર ઘર હોય છે, નહી તો ઈંટ-ચૂના-પથ્થરનું મકાન.

બાળકના જન્મની અને ઉછેરની ભૂમિકા મા ભજવે છે. તેને કેળવે છે. પશુ-પંખીમાં પણ તાલીમની ભૂમિકા માદાની છે અને જીવન માટે તૈયાર કરે છે. ખાસ કરીને માણસને તો માણસ બનાવે છે સ્ત્રી. માણસ તરીકેના જે કંઈ ગુણો-દયા, કરુણા, ક્ષમા, ધૈર્ય, સહનશીલતા, અન્યનોવિચાર વગેરે ગુણો તે કેળવે છે આને કારણે જીવન જીવવા જેવું બને છે. બાકી તો પહેલાં માણસ ઘોડા પર બેસી તીર-કામઠું કે ભાલો લઈ સવારથી શિકારની શોધમાં ભટકતો, આજે સ્કૂટર કે કારમાં સવાર થઈ શિકારની શોધમાં ભટકે છે. માણસ મૂળ સ્વભાવે શિકારી છે. તેને હિંસક બનતો અટકાવી માણસ બનાવે છે માની તાલીમ. એની તાલીમને કારણે જ પુત્ર ઉદાર, શૂર કે ભકત બને છે, સમાજહિતની ચિંતા કરતો થાય છે. આ જ કારણે માતાને 'સો શિક્ષકો કરતાં વધુ' ગણી છે એમ કહેવાયું છે. કારણ કે જગત પર શાસન ભલે પુરુષ કરે પણ મા, પત્ની કે પુત્રી તરીકે કુટુંબ, સમાજ કે દેશના જ નહીં પણ સમગ્ર માનવજાતના વિકાસમાં સ્ત્રીની ભૂમિકા પાયાની છે. સંસ્કૃતિનો અને સંસ્કારનો વિકાસ સ્ત્રી થકી જ શક્ય બન્યો છે.

જ્યારે પુરુષ થકી માનવજાતની પ્રગતિ શક્ય બની છે. નગરરચના, કલા, વિજ્ઞાન અને ટેકનોલોજીએ માનવજાતને પ્રગતિના પથ પર મૂકી આપી છે. સગવડો શોધવાનું અને વધારવાનું કામ પુરુષ કરે છે. એ ભૌતિક પ્રગતિ માટે મથ્યા કરે છે. સ્ત્રી માણસજાતને આંતરિક પ્રકાશને પંથે આગળ લઈ જાય છે. વિકાસના રાજમાર્ગ ઉપર આગળ વધારે છે. માણસજાતની જે અનંતયાત્રા છે તેનું નેતૃત્વ ભલે પુરુષ કરે પણ એ યાત્રાને પ્રકાશમાન બનાવે છે, કૃતાર્થ બનાવે છે, સુવાસિત અને આનંદપૂર્ણ બનાવે છે સ્ત્રી.

ઐતિહાસિક રીતે દરેક સમાજમાં સ્ત્રીનું સ્થાન બીજા નંબરનું રહ્યું છે. તેનું મુખ્ય કારણ પુરુષપ્રધાન સમાજ વ્યવસ્થા છે. સ્ત્રીઓ માટેના નીતિનિયમો, કાયદા પણ પુરુષો ઘડે છે. પુરુષ કરતાં સ્ત્રી ઓછી બળવાન છે એવી તો માન્યતા છે બાકી ખરેખર તો બંનેની ભૂમિકા જ જુદી છે તે સમજી લેવું જરૂરી છે. સામાન્ય રીતે કુટુંબ, સમાજ કે દેશનો વડો પુરુષ ગણાયો તેથી સ્ત્રીઓને બંધનમાં રાખવા, નિયંત્રણમાં રાખવાના કાયદા થયા. કદાચ સ્ત્રી બાળક ધારણ કરે છે એ મહત્ત્વની બાબત તેને માટે શાપરૂપ બની. સ્ત્રીને પુરુષની મિલકત ગણવામાં આવી. જે રીતે ગાયોની માલિકીને કારણે ગોધન ગણાયું તેમ સ્ત્રી પણ ખરીદ-વેચાણની ચીજ ગણાઈ. તેમાંથી જ દાસીપ્રથા, નગરવધૂની પ્રથા, ગણિકા અને વેશ્યાપ્રથા

અસ્તિત્વમાં આવી. તેમાંથી જ દહેજ, બાળલગ્ન, સતીપ્રથા જેવા કુરિવાજો અસ્તિત્વમાં આવ્યા.

સ્ત્રીને મિલકતનું સાધન ગણવામાં આવ્યું એટલે સ્ત્રીશિક્ષણમાં ઓટ આવી. એક સમયે ભારતમાં તો સ્થિતિ હતી તેને પણ વેદભણવાનો, જનોઈનો, મોક્ષનો, મિલકતનો અધિકાર હતો. પણ પુરુષની શિકારીવૃત્તિને કારણે પડદા, દૂધપીતિ, જન્મ પહેલાં જ એબોર્શન જેવી પ્રથા અસ્તિત્વમાં આવી કારણ કે સ્ત્રીનો જન્મ જ ચિંતાનો વિષય બન્યો. એને સમય જતાં 'સાપના ભારા' તરીકે ઓળખાયો 'બુધે નાર પાંસરી' જેવા અપમાનજનક ભાષા પ્રયોગો શરૂ થયા. આ કારણે એક કવિએ તો ગાયું તુને જનમ દિયા પુરુષો કો, પુરુષોને તુઝે અપમાન દિયા.

માનવજાતના ઈતિહાસમાં મહિલાઓનું દરેક ક્ષેત્રમાં પ્રદાન નોંધપાત્ર રહ્યું છે. ગાર્ગીથી માંડી કલ્પના ચાવલા સુધીની મહિલાઓના કિસ્સા જાણીતા છે. આ એકલદોકલ કિસ્સાઓ તો પ્રકાશમાં આવ્યા અને જાણીતા થયા. બાકી મહિષાસુરમર્દિની મા દુર્ગા ભવાનીથી માંડી માસ્ટર માઈન્ડ ઈંદિરા ગાંધી સુધીના કિસ્સાઓ સાક્ષી પૂરે છે કે સ્ત્રીશકિત કોઈ રીતે ઊતરતી નથી. સમાજે, ખાસ કરીને પુરુષસમાજે તેને દેવીથી માંડી દાસી સુધીની સ્થિતિએ પહોંચાડી પણ ખરેખર તો એ એક શકિત છે. એવી શકિત કે જેના વિના જગતનું સર્જન અને સંવર્ધન શક્ય જ ન બની શકે.

આ હકીકતની જાણકારી પુરુષોને પણ છે જ એટલે સમયે સમયે વિચારવાન પુરુષોએ સ્ત્રીઓની સ્થિતિ અને દરજ્જાને વધુ ગૌરવપૂર્ણ બનાવવાની મથામણ કર્યા કરી છે. જે સમાજમાં સ્ત્રી અભણ હોય, અબળા હોય, મજબૂર હોય તે સમાજ પણ વીર્યહીન અને નબળો જ હોવાનો, આ વાતને સમજીને સ્ત્રીશિક્ષણ વધારવાના પ્રયત્ન જમાને જમાને થતા રહ્યા છે. રાજા રામમોહનરાય જેવાએ સતીપ્રથાનો જબરજસ્ત વિરોધ કર્યો અને વિધવા પુર્નલગ્ન જેવા સુધારાઓ દાખલ થાય તે માટે પ્રયત્ન કર્યો. ગુજરાતમાં પણ સુધારકયુગમાં નર્મદ, દલપત, કરસનદાસ મૂળજી વગેરેએ અને પછીથી સકલપુરુષ સર રમણભાઈ અને યુગપુરુષ ગાંધીજી જેવાએ સ્ત્રીઓની સ્થિતિ સુધરે તે માટે ઘણા પ્રયત્નો કર્યા. સરકારે પણ સમયે સમયે અનેક કાયદાકાનૂન ઘડયા. ૧૯૭૫ના વરસને તો આંતરરાષ્ટ્રીય મહિલા વર્ષ તરીકે ઉજવવામાં આવ્યું. આજે તો મહિલા વિકાસ નિગમ, મહિલા સામખ્ય જેવી અનેક સરકારી-અર્ધસરકારી સંસ્થાઓ અને વિકાસગૃહો, જ્યોતિસંઘ જેવી સામાજિક સ્ત્રીસંસ્થાઓ સ્ત્રીઉત્કર્ષની દિશામાં આગળ વધી રહી છે. આજે તો દીકરો હોય કે દીકરી બધાંને સમાન રીતે વિકસવાની તક આપવા શિક્ષિત મા-બાપ મથે છે. જ્યારે દેશમાં સમગ્ર રીતે શિક્ષણનું સ્તર સુધરશે ત્યારે સ્ત્રીઓની સ્થિતિ સુધરશે. બાકી હવે તો ડૉક્ટરીથી માંડી પાયલોટ સુધીની વ્યવસાયલક્ષી કામગીરી અનેક સ્ત્રીઓ કરે છે. અલબત્ત, તેઓની મૂળભૂત અને ઈશ્વરદત્ત કામગીરી, ભાવિપેઢીને સારા માણસ બનાવવાની તો ચાલુ જ છે. એ જ બાબત તેમને પૂજ્ય બનાવે છે અને આપણું સૌનું માથું એમની સમક્ષ ઝુકાવવા આપણને પ્રેરે છે.

### ૯.૯.૧૧ જીવન શું ? સતત ઝૂઝવું

આવો જ બીજો, વિચારપ્રધાન કે ચિંતનપ્રધાન નિબંધ લઈએ. 'જીવન શું ? સતત ઝૂઝવું'. જેવી કાવ્યપંક્તિ ઉપર વિચારપ્રધાન નિબંધ લખવાનો હોય તો તે માટે અગાઉ ભણી ગયા છો અથવા અત્યારે ભણો છો તે પાઠ્યપુસ્તકોમાંથી શબ્દો અને રૂઢિપ્રયોગોની એક યાદી તમારા નિબંધમાં રજૂ કરવાના મુદ્દાઓની યાદીની સાથે જ તૈયાર કરો.

પ્રથમ આ નિબંધમાં મૂકવા ધારેલા મહત્ત્વના મુદ્દાની નોંધ કરો :

૧. જીવન એટલે મૃત્યુ કે જડતાનો અભાવ. ઝઝૂમવું એટલે યુદ્ધ કરવું પણ અહીં સતત પ્રવૃત્તિશીલ રહેવું એવો અર્થ. ૨. માનવ ઉપરાંત પશુપંખીઓ, જંતુઓ અને વનસ્પતિ સુધ્ધાં જીવવા માટે પ્રવૃત્તિશીલ રહે છે. પ્રવૃત્તિશીલ રહે છે તેથી જ જીવે છે એમ કહેવાય. ૩. માનવ માત્ર જીવવા જ પ્રવૃત્તિશીલ રહે એમ નહીં, બીજાને સભાન રીતે ઉપયોગી થવા પણ ઝઝૂમે એ અન્ય પંખી, પશુ વનસ્પતિથી ભેદ. ૪. માનવજીવન વિશેના ચિંતનનો સાર.

નિબંધમાં નીચેના શબ્દો અને રૂઢિપ્રયોગો સામેલ કરો : જડતા, ચૈતન્ય, શ્વાસ, ધબકવું, મૃત્યુશય્યા, પ્રવૃત્તિશીલ, વ્યસ્ત, સંઘર્ષ, આંખ મીંચાવી, મોળું પડી જવું, ગતિભંગ, નામનિશાન, અંકુરવું, ઠોકરે

ચડાવવું, માથે ચડાવવું, ઝાંખી કરવી, ખાંડણિયામાં માથું હોવું, આવરણ, અહમવૃત્તિ, સિદ્ધાંત, લાઘવ, દુર્ભાગ્ય, નકારાત્મક, નામશેષ કરવું, અન્યાય, અજ્ઞાન, અદમ્ય, વિટંબણા, અપ્રામાણિકતા, અનભિજ્ઞતા.

નિબંધમાં 'બાવાનાં બેય બગડે' એ કહેવત વાપરો. ઉપરાંત અહીં આપેલાં પદોના સમાસો બનાવીને વાપરો. કર્તવ્ય શું છે તે વિશે મૂંઝવણમાં રહેનાર, ઉપર તરફ જતી, બીજા ઉપર ઉપકાર કરવાની વૃત્તિ, જન્મથી સિદ્ધ થયેલી બાબત, રસથી ભરેલી વૃત્તિ, જીવનરૂપી દીપ, જીવન માટેની શક્તિ, ચિંતન જેના ગર્ભમાં છે તે, ચેતનાને નામે શૂન્ય હોય તેવી, પ્રેરણા આપનારી મૂર્તિ, જીવન એ જ સંગ્રામ, સૂર્યનો પ્રકાશ, જીવનનું રક્ષણ.

ઉપરના શબ્દપ્રયોગો, રૂઢિપ્રયોગો, સમાસો ને પૃથક્કરણાત્મક અથવા તુલના કરતી તુલનાત્મક [illegible] લખવાનો પ્રયત્ન કરવાનો છે. એટલે વાક્યો તુલના કરતાં હોય, વિચારનું પૃથક્કરણ કરતાં [illegible] તેવા વાપરવાં જોઈએ.

**જીવન શું ? સતત ઝૂઝવું**

જીવન એ મૃત્યુનો વિરુદ્ધાર્થી શબ્દ છે. મૃત્યુનો અને જડતાનો અભાવ એટલે જીવન એવી નકારાત્મક સમજ આપી શકાય. ચૈતન્યનો સતત ધબકાર, સતત પ્રવૃત્તિશીલ અને વ્યસ્ત રહેવું એનું નામ જીવન. એક રીતે કહીએ તો જડતા કે મૃત્યુ સામે સતત ઝઝૂમતા રહેવાની પ્રવૃત્તિને જીવન તરીકે ઓળખાવી શકાય.

કોઈપણ જીવંત વ્યક્તિ, પશુ, પંખી, જંતુ કે વનસ્પતિ પણ અંકુરે અથવા જન્મે ત્યારથી ધીમે ધીમે મૃત્યુ તરફ ગતિ શરૂ કરે છે. કેટલાક તો એમ કહે છે કે માણસ જન્મે છે ત્યારથી જ એને મૃત્યુશય્યા ઉપર લઈ લેવામાં આવે છે, એટલે કે જીવન એ મૃત્યુશય્યા છે. પણ આ તો નિરાશાનો સૂર છે. ખરેખર તો સતત ગતિ એ જીવન છે અને ગતિભંગ એ મૃત્યુ છે. કોઈપણ જીવ શ્વાસ લે છે, પાણી પીએ છે, ખોરાક લે છે અને હલનચલન કરે છે, તે આમ કરે છે એનો અર્થ જ એ કે તે જીવનધારણ કરે છે. માત્ર ખોરાક મેળવવા જ જીવ સતત પ્રવૃત્તિશીલ રહે છે એમ કહી શકાય નહીં. એને પાણી અને હવા મેળવવા પણ પ્રવૃત્તિશીલ રહેવું પડે છે. વનસ્પતિ સૂર્યપ્રકાશ તરફ પોતાની ડાળીઓ અને પાંદડાંને વધુ વિકસાવે છે, જે તરફ પાણીની શક્યતા હોય તે તરફ પોતાનાં મૂળિયાં લંબાવે છે. જંતુઓ પણ જીવનનું રક્ષણ થાય તેવાં સ્થાનો પસંદ કરે છે. પશુપંખીઓ પણ જીવન રક્ષણકાજે મોટાં સ્થળાંતરો કરે છે. આ બધું એક રીતે જીવન માટેના સતત સંઘર્ષનું સૂચન કરે છે.

પણ માનવપ્રાણી માત્ર જીવન માટે જ ઝઝૂમતો નથી. એ સંઘર્ષ કરે છે પોતાનાં બાંધવોના રક્ષણકાજે પણ. એ અન્યાય સામે, અપ્રામાણિકતા સામે, અજ્ઞાન સામે પણ સતત ઝઝૂમે છે. આ બધા સામે ઝઝૂમવાની અદમ્ય જીવનશક્તિ તેનામાં ભરેલી છે. જીવન સામેના કોઈપણ પડકારને એ માથે ચડાવે છે અને ગમે તેવા અવરોધોને ઠોકરે ચડાવે છે. સતત મુશ્કેલીઓના ખાંડણિયામાં માથું હોય ત્યારે પણ એ ડરતો નથી. પોતાનું જ નહીં પોતાનાં બાંધવોનું નામોનિશાન મટી જાય, માનવજાતિ નામશેષ બની જાય એ એને માટે સહ્ય નથી. એનામાં અહમવૃત્તિ છે. એનું દુર્ભાગ્ય એ છે કે તેનામાં સ્વાર્થ પણ છે. પણ આ સ્વાર્થનો વિસ્તાર કરીને એ આખી માનવજાતિ માટે ઝઝૂમતો હોય છે. એની રસવૃત્તિ અને પરોપકારવૃત્તિ તેને ઊર્ધ્વગામી બનાવે છે. એનો જીવનદીપ અન્યને માટે પણ પ્રકાશ પાથરે છે. એણે તો સતત પોતાની મર્યાદાઓ, દોષો સામે પણ ઝઝૂમવાનું આવે છે. એ ક્યારેક કિંકર્તવ્યમૂઢ બની જાય છે પણ કોઈક કૃષ્ણ આવીને એને જીવનનો સાચો રસ્તો બતાવે છે અને 'યુદ્ધ એ જ કલ્યાણ' નો નાદ સંભળાવે છે. એ ક્યારેક મોળો પડી જાય છે પણ કોઈ ગુરુ એને પોરસ ચડાવે છે, ક્યારેક અનભિજ્ઞતાનું આવરણ એના પર ચડી જાય છે પણ તરત જ જ્ઞાનનો પ્રકાશ ફેલાતાં તેનો રસ્તો ખુલ્લો થઈ જાય છે. વિટંબણાઓની સામે ક્યારેક એ કાયર થઈને બેસી જાય છે પણ વિટંબણાઓ અને મુશ્કેલીઓ જ એને નવું નવું કરવા માટેની પ્રેરણામૂર્તિ બની રહે છે. ક્યારેક જીવનસંગ્રામમાંથી થાક્યો-હાર્યો એ પાછો વળી જાય છે પણ ત્યારે 'બાવાનાં બેય બગડે' એવી એની સ્થિતિ થાય છે.

એટલે સંગ્રામ અને સંઘર્ષ જીવ માટે જન્મસિદ્ધ હકીકત છે. ઘણા તત્ત્વજ્ઞાનીઓએ જીવન વિશે ઘણી ચિંતન ગર્ભ વિચારણા આપી છે પણ બધાનો સાર એક જ છે કે, સતત કર્તવ્ય, સતત પ્રવૃત્તિ, સતત ઝઝૂમવું એ જ જીવન છે.

## ૯.૧૦ ઘટનાપ્રધાન નિબંધ

ઘટનાપ્રધાન અને તેથી વર્ણનપ્રધાન નિબંધમાં કોઈ ઐતિહાસિક (એટલે કે ખરેખર બની ગયેલી) અથવા તમે કલ્પી શકો તેવી ઘટના નિરૂપવાની હોય છે. ધારો કે તમે 'એક યાદગાર પ્રવાસ' વિશે નિબંધ લખી રહ્યા છો. તમારો પોતાનો એક નાનકડો શબ્દકોશ તમે બનાવ્યો છે તેમાંથી તમે આ નિબંધને અનુરૂપ શબ્દો, સમાસો, રૂઢિપ્રયોગો, કહેવતો, વાક્યપ્રયોગો પસંદ કરો. એટલું તો તમારા આ નિબંધમાં સમાવી જ લેવાનું રાખો.

નિબંધના મુખ્ય મુદ્દાઓ આટલા થશે : (૧) પ્રવાસનો ઉદ્દેશ-કોની સાથે, ક્યારે? (૨) પ્રવાસે શેમાં ગયા? બસ ? ટ્રેન ? ચાલતા ? હોડીમાં ? (૩) પ્રવાસની જગ્યાનું વર્ણન (૪) તમને તેથી શો લાભ થયો ? અનુભવો-કલ્પના સમૃદ્ધિ, સૌન્દર્ય દૃષ્ટિ, મનની પ્રફુલ્લતા વગેરે. (૫) શા માટે યાદગાર ? પ્રવાસનો અંત.

દરેક મુદ્દાનો વિસ્તાર કઈ રીતે કરી શકાય તેની ચર્ચા તમારા શિક્ષક અને મિત્રો સાથે કરી શકો. તમારા મનમાં પણ એ માટે વિચારી શકો. હવે શિક્ષક કે મિત્રોની મદદથી અથવા તમારી જાતે આ નિબંધમાં મૂકવા ધારેલા શબ્દો વગેરેની યાદી બનાવો.

અળવીતરું, ટ્રેક્ટર, ટ્રક, માનવસ્વભાવ, મધરાત, તારાખચિત, પ્રભુભક્તિ, મિથ્યા, હરિયાળી, મોલ, ક્ષિતિજ, પર્વતશિખર, વાદળી, લોહીના ટશિયા, ઉઝરડા, પાંદડાં, આમ્રવૃક્ષો, હાથિયા થોર, લીફટ ઈરિગેશન, સિંચાઈ, બંધ, સરોવર, પેટ્રોલ, ધર્મશાળા, પર્યાવરણ, પ્રદૂષણ, પ્રકૃતિલીલા, પુનર્જીવિત, શેતરંજી.

નીચેના શબ્દગુચ્છો માટે એક એક શબ્દ બનાવીને નિબંધમાં વાપરો : એકદમ નવરો, ખેતરમાં તૈયાર થયેલા પાકને કાપવાનો સમય, ખેતરમાં ઊગેલું કચરું, તૈયાર થઈ ગયેલા પાક, તડકાને શરીર પર લાંબા સમય સુધી ઝીલ્યો.

નીચેના શબ્દસમૂહો માટે સમાસો બનાવીને નિબંધમાં વાપરો : જ્ઞાનના પિપાસુ, સર્વમાં વ્યાપેલો, અભિમાની નહિ તેવા, કુટુંબનું જીવન, આખા જીવન સુધી, બીજારૂપમાં પરિણમવું તે અથવા બીજું જ એવું રૂપ, તેનામાં લીન, મનનું રંજન, પૂજાની વિધિ, સો સો જેનાં રૂપો છે તેવી, ન ખૂટે તેવું, તાલ વડે બદ્ધ, જેને ત્રણ આંખો છે તેવા, યોગ્ય કે અયોગ્યનો વિચાર, સલાહ અને સંપ, ઊંચ અને નીચના ભેદ, દેવો અને દેવીઓનાં મંદિરો, સૌન્દર્યને માણી શકે તેવી દૃષ્ટિ, ભજન કરનારી મંડળી, દેવનો અંશ જેનામાં છે તે, હત છે આશા જેની તે, ભૂલી ન શકાય તેવા.

રૂઢિપ્રયોગો : બીડું ઝડપવું, મન થવું કે હોવું, હિંમત હારી જવી, જાત નિચોવી નાખવી, કપાળ કાણું હોવું, માથે ચડાવવું, શ્વાસ લેવાની ફુરસદ ન હોવી, રંગમાં આવી જવું.

કહેવતો : ન ઘરનાં કે ન ઘાટનાં, સંપ ત્યાં જંપ.

માહિતીનું પ્રાધાન્ય હોવાથી વર્ણનાત્મક ગદ્ય વાપરવાનું રહેશે.

### ૯.૧૦.૧ એક યાદગાર પ્રવાસ

દિવાળીની રજાઓમાં અમે મિત્રો નવરાધૂપ હતા. નક્કી કર્યું કે 'ચાંદોદથી ભરૂચ સુધી' નર્મદાના કિનારે કિનારે ચાલતા પ્રવાસ કરવો. કોઈ ઉદ્દેશ હતો જ નહીં, મન થયું કે બસ નીકળી પડ્યા.

ટ્રક પકડીને પહોંચ્યા ચાંદોદ. પેટ્રોલનો ધુમાડો અને હવાનું પ્રદૂષણ ત્યાં જ છોડીને નદી કિનારે કિનારે ચાલવા માંડ્યા. વચ્ચે બે-ચાર વાર હોડીમાં પણ પ્રવાસ કર્યો. નિયમ રાખેલો કે રોજ સવારે બે કલાક ચાલવું પછી જે ગામ આવે ત્યાં જ આખો દિવસ અને આખી રાત પસાર કરવી. ગામમાં જઈને ભિક્ષા

માગી લાવવી ને રાતે કોઈ મંદિરને ઓટલે, ધર્મશાળામાં ને આખરે નદીના કિનારે ખુલ્લામાં સૂઈ જવું. સાથે કશો ખાસ સામાન રાખ્યો ન હતો. એક લોટો, એક થાળી ને એક જોડ વધારાનાં કપડાં. રાતે સૂવા માટે એક એક શેતરંજી.

લણણીના દિવસો હતા. શિયાળાની તૈયારી માટે કેટલાંક ખેતરોમાં ટ્રેક્ટર ફરતાં હતાં તો કેટલાંક ખેતરોમાં ઊભા પાકની અંદર ખૂબ નીંદામણ પણ દેખાતું હતું. ક્યાંક ખેતરોમાં હરિયાળી તો ક્યાંક મોલ દેખાતો હતો.

એક દિવસ તો મધરાતે ઊઠી પડ્યા. સર્વવ્યાપી ઈશ્વરની પ્રકૃતિલીલાનાં દર્શન ત્યારે થયાં. તારાખચિત આકાશ પ્રભુભક્તિમાં તલ્લીન હતું.

મોટેભાગે વહેલી સવારે નીકળતા. ક્યારેક મોડા નીકળીએ તો આતપસેવનનો લાભ અનાયાસ મળતો. સરદાર સરોવરની, સિંચાઈ યોજનાઓની, પર્યાવરણ અને પ્રદુષણની, જંગલોને પુનર્જીવિત કરવાની, લિફ્ટ ઈરિગેશનની ચર્ચાઓ ચાલતી રહેતી, દેશની વાતો થતી. રાજીવજીએ દેશને એકવીસમી સદીમાં લઈ જવાનું બીડું ઝડપ્યું છે એટલે હવે હિંમત હારે કે હતાશ થયે ચાલે નહીં. સંપ ત્યાં જંપ એટલે સંપથી, ઊંચનીચના ભેદ મિટાવીને, જાત નિચોવીને ય દેશને આગળ લાવવો પડશે વગેરે વાતો થતી રહેતી.

એકવાર છગન રંગમાં આવી ગયોને અળવીતરું કરવા ગયો. સીધે રસ્તે ચાલ્યા જતા બળદનું પૂછડું ખેચ્યું. બળદે શીગડાં વીંઝ્યાં તે છગન પડ્યો હાથિયા થોરની વાડ પર. ઉઝરડા પડ્યા. કપડાં ફાટ્યાં ને લોહીના ટશિયા પણ ફૂટ્યા. મગને કોઈ વનસ્પતિનાં પાંદડાં વાટીને ચોપડી આપ્યાં. આખા પ્રવાસ દરમિયાન આ એક અકસ્માત થયો. મગને ગંભીર થવાની સલાહ આપી તે છગને માથે ચડાવી.

નદીકિનારે કિનારે ચાલીએ એટલે દૂર દૂર ક્ષિતિજનાં દશ્યો દેખાય. પર્વત શિખરો પરથી પસાર થતી સફેદ વાદળીઓનાં દશ્યો અવિસ્મરણીય રહેવાનાં. રસ્તામાં ભજનમંડળીઓ મળતી. જીવન મિથ્યા છે, ઈશ્વર સત્ય છે નો બોધ આપતા દેવાંશી સંતો મળતા. આખે કિનારે દેવદેવીઓનાં મંદિરોનાં દર્શન કર્યાં. શતરૂપા ઈશ્વરનાં અનેક રૂપે દર્શન કર્યાં. ખાસ તો ત્રિનેત્ર શંકર ભગવાનનાં મંદિરોનો ત્યાં પાર નથી. મણીનાગેશ્વર અને નારેશ્વર, ગૌતમેશ્વર અને અરણ્યેશ્વર, કુબેરેશ્વર અને ઝાડેશ્વર, મોક્ષનાથ ને રામનાથ, કાશી વિશ્વનાથ ને ભભૂત-નાથ કંઈ કેટલાં મંદિરો.

માનવસ્વભાવ જો જ્ઞાનપિપાસુ હોય તો આવા પ્રવાસથી એ નિરાભિમાની બને, એનું અનુભવી તરીકે રૂપાંતર થાય. આ અનુભવો કુટુંબજીવનને તાલબદ્ધ બનાવે, યોગ્યાયોગ્યનો વિચાર કરતા કરે, પણ જેને શ્વાસ લેવાની ફુરસદ નથી અને આવા પ્રવાસો માટે સમય નથી તેવાઓનું કપાળકાણું છે એમ જ સમજવું. એ લોકો નથી રહેતાં ઘરનાં કે ઘાટનાં. બાકી આવા પ્રવાસો મનોરંજન તો પૂરું પાડે જ પણ માણસની સૌંદર્યદષ્ટિ પણ ખીલવે. ખરેખર તો આ અમારે માટે યાદગાર પ્રવાસ એટલા માટે બની રહ્યો કે જીવનના પ્રવાસ માટે અખૂટ અનુભવોનું ભાથું આ પ્રવાસે પૂરું પાડ્યું. વર્ગમાં અને શાળામાં વરસમાં ન શીખાય એટલું અમે આ અઠવાડિયાના પ્રવાસ દરમિયાન શીખ્યા.

આવી જ બીજી કોઈ ઘટના વિશે તમે જાતે નિબંધ લખવાનો પ્રયત્ન કરી શકો. કોઈ અકસ્માત, આગ, મારામારી, ધરતીકંપ, પૂર (જેમકે પૂર, વાવાઝોડું, દુકાળ જેવા વિષયો પ્રકૃતિની સાથે પણ સંકળાઈ શકે). ચૂંટણી, આંદોલનો, રોગચાળો વગેરે જેવા વિષયો પર આ રીતે નિબંધો લખી શકાય.

### ૯.૧૦.૨ કમળાના રોગનું તાંડવ

અહીં નમૂનારૂપે 'કમળાના રોગનું તાંડવ' નામના વિષય માટે કેટલાક મુદ્દાઓ અને ભાષા સામગ્રી આપવામાં આવી છે. તેને કેન્દ્રમાં રાખીને તમારી જાતે તમારે નિબંધ લખવાનો છે.

**'કમળાના રોગનું તાંડવ'માં** નીચેના મુદ્દાઓનો સમાવેશ કરી શકાય.

(૧) કમળાનો રોગ શું છે ? (૨) એ કઈ રીતે થાય છે અને ફેલાય છે ? એની વિનાશકતા. (૩) એને રોકવા માટેના અને ઉપચાર માટેના ઉપાયો (૪) એની કાયમી નાબૂદી માટેની યોજના (૫) રોગમુક્ત સમાજની દિશામાં-તંદુરસ્તી અને આરોગ્ય સંરક્ષણ અથવા સ્વાસ્થ્ય સંરક્ષણ માટેનું શિક્ષણ.

હવે આ નિબંધમાં નીચેની ભાષાસામગ્રીનો સમાવેશ કરો.

**શબ્દો** - આંતરડાં, હોજરી, યકૃત, જંતુ, રસી, અસ્વચ્છતા, મૃત્યુ, ભયાનકતા, અનુકૂળતા, વિનાશકતા, પિગ્મેન્ટ્સ, પ્રીવેન્ન, ઈન્જેક્શન, એરંડિયું, તકમરિયાં, વૈદક, ઉત્પત્તિ, એલોપથી, હોમીઓપથી, ખોરાક, શેરડીનો રસ, ચણા, ગોળ, ઉપચાર, ઉકરડો, પાણી, જીજીવિષા, કપડાં, સાધનો, મીઠાઈ, મ્યુનિસિપાલિટી, પંચાયત. **સમાસ** - ઝાડો અને પેશાબ, ઘી અથવા તેલ, આરોગ્યનું જતન કરવાની કામગીરી કરતું ખાતું, રોગથી મુક્ત એવો સમાજ, યકૃતમાં પેદા થતા રસો, બાળકથી માંડીને વૃદ્ધ સુધીનાં માણસો, બધા માણસોને ઉપયોગી અથવા બધા લોકોની માલિકીનું, સમજ્યા વિના અમુક બાબતમાં ખોટી શ્રદ્ધા હોવી તે, જેનામાં નિરંતર શંકાઓ રહેલી છે તે.

**રૂઢિપ્રયોગો** - તિલાંજલિ આપવી, ગાડું અટકી જવું, લેવાઈ જવું, રૂંવાડુંય ન ફરકવું, એળે જવું, નાકે દમ આવવો, એક કાંકરે બે પક્ષી મારવાં, વાત કાને ધરવી, અવાજ ઉઠાવવો, કોઠે પડી જવું, ખાઈપીને મંડવું, હાથ હેઠા પડવા, દીવો લઈને કૂવામાં પડવું, સૂકા ભેગું લીલું બળવું.

**કહેવતો** - મન હોય તો માળવે જવાય, ગરજ સરી એટલે વૈદ વેરી, ખાળે ડૂચા દરવાજા મોકળા.

### ૯.૧૦.૩ વિનાશક વાવાઝોડાની વચ્ચે

એજ રીતે 'વિનાશક વાવાઝોડાની વચ્ચે' વિશે એક નિબંધ તમે નીચે આપવામાં આવેલી ભાષાસામગ્રી અને મુદ્દાઓની મદદથી લખો.

**મુદ્દાઓ:** આ નિબંધમાં નીચેના મુદ્દાઓનો સમાવેશ કરો. (૧) વાવાઝોડું એટલે શું ? કેટલા કિલોમીટરની ગતિથી પવન આવતો હતો ? દરિયાનાં મોજાં કેવાં બિહામણાં લાગતાં હતાં ? વરસાદ કેટલો મુશળધાર હતો ? (૨) આ પવન અને વરસાદને કારણે જમીન ઉપર શી શી વિનાશકતા સર્જાઈ ? (૩) આ પવન, વરસાદ અને મોજાંને કારણે દરિયામાં કઈ કઈ વિનાશકતા સર્જાઈ (૪) આ વિનાશકતા સામે વીર સ્ત્રીઓ અને પુરુષોની વ્યક્તિગત બહાદુરીના બે ત્રણ પ્રસંગ (૫) માણસની લાચારી છતાં હવામાનખાતાના વર્તારા, રેડિયોની અને ટી.વી.ની ચેતવણી, સરકારની સાવધાની, સરકાર અને સેવાભાવી સંસ્થાઓની પાછળથી થયેલાં રાહત કાર્યોને કારણે હળવી થતી વિનાશકતા (૬) આ માટેના વધુ ઉપાયો અંગેનાં સૂચનો.

ઉપરના છ મુદ્દાઓ નિરૂપતી વખતે નીચેની ભાષાસામગ્રીનો એમાં સમાવેશ થાય તેની તકેદારી રાખો.

**શબ્દો** - સાયક્લોન, દક્ષિણ-પશ્ચિમ દિશા, તકાજો, ચેતવણી, સાવચેતી, ક્ષિતિજ, કાર્યાલય, પ્રલય, પરિસ્થિતિ, સાહસિક, ગમગીન, પત્રકારો, કન્ટ્રોલરૂમ, આજીવિકા, રઘવાયા, ઉદ્યોગીકરણ, ફિકર, દીવાલ, કાળાંડિબાંગ વાદળાં, ફનાફાતિયા, અનિર્વચનીય, જંતરડો, સામર્થ્ય, અવકાશવિજ્ઞાન, ઉપગ્રહ, સંચાર વ્યવસ્થા, સાયરન, કમ્પ્યૂટર, નુકસાન, તબાહી, વિપત્તિ, સ્થળાંતર, કાગારોળ, ખતરનાક, રિપોર્ટ, ઝડપાઈ ગયા, કિકિયારીઓ, જાગૃતિ, વિશિષ્ટતા, કયામત,

**સમાસો** - પોતાની ઉપર જ આધારિત કે અવલંબિત હોય તેવી વ્યક્તિઓ, આવેલી તકનો લાભ લઈ સ્વાર્થ સાધનાર, ભ્રમ ઉત્પન્ન કરનાર, પોતાની મેળે પૈસા કે વળતર વિના સેવા કરનાર.

**રૂઢિપ્રયોગો** - છાતી હોવી, આંખો બંધ કરીને અથવા આંખો મીંચીને, રૂંવાડુંય ન ફરકવું, ધૂળધાણી થવું, પાણીની ગાંસડી બાંધવી, નાકે દમ આવવો, ગંગા નાહ્યા, આંધળે બહેરું કુટાવું, આદુ ખાઈને પડવું, ઉચાળા ભરી જવા.

કહેવતો : રામ રાખે તેને કોઈ ન ચાખે, રાત થોડીને વેશ ઝાઝા, આગ લાગે ત્યારે કૂવો ખોદવો, પાણી પહેલાં પાળ બાંધવી.

## ૯.૧૧ માહિતીપ્રધાન નિબંધ

માહિતીપ્રધાન નિબંધના વિષયો તો અનેક હોઈ શકે. આ વિષયોમાં નિરૂપવા માટેની આવશ્યક માહિતી, અવતરણો, આંકડાઓ તમને 'જ્ઞાનગંગોત્રી' (જેના તીસ ગ્રંથો છે) 'જ્ઞાનકોશ' કે અંગ્રેજી

'એન્સાક્લોપીડિયા'માંથી મળી રહે. એ ઉપરાંત પુસ્તકાલયમાં એ વિષયના ખાસ ગ્રંથો હોય તેનો પણ ઉપયોગ કરી શકાય.

પ્રૌઢશિક્ષણ, લોકશાહી અને અક્ષરજ્ઞાન, લોકશિક્ષણ અને વર્તમાનપત્રો, લોકશાહીમાં ચૂંટણી, પક્ષવિહીન લોકશાહી, પ્રમુખશાહી રાજ્યવ્યવસ્થા, પંચવર્ષીય યોજના, યુવાનો અને ટી.વી., બે પેઢી વચ્ચેના સંબંધો, સમૂહમાધ્યમો, લોકસાહિત્ય, પર્યાવરણ અને વૃક્ષો, ઈલેક્ટ્રોનિક્સ યુગનું આગમન, વિજ્ઞાન અને ધર્મ, કાળાં નાણાંની સમસ્યા, ચલચિત્રોની યુવાનો પર અસર, કેળવણી અને સમાજ સુધારણા વગેરે જેવા અનેક વિષયો આ પ્રકારના નિબંધોમાં સ્થાન પામે.

આ પ્રકારનો નિબંધ પરીક્ષામાં લખતાં પહેલાં બે વાર વિચાર કરવો, કારણ કે એ વિશેની ચોક્કસ પ્રમાણભૂત માહિતી, આંકડાઓ અને અવતરણો તમને યાદ હોય તો જ કામનું. તમારી પાસે પુસ્તકો અને અન્ય સામગ્રી હાજર હોય તેવે વખતે આવા નિબંધો તાલીમ માટે અવશ્ય લખવા જોઈએ, ઉદાહરણ તરીકે તમારે 'પંચવર્ષીય યોજના' વિશે નિબંધ લખવો છે-એમાં તમારે ઓછામાં ઓછી આટલી માહિતી સમાવવી પડે : (૧) શા માટે એ પાંચ વરસની યોજના કરાઈ ? કયા દેશમાં એવી યોજનાઓ થઈ હતી ? આપણે શા ફેરફારો કર્યા ? (૨) ભારતમાં પહેલી પંચવર્ષીય યોજના ઘડનારા અને કઈ સાલમાં અમલ કરનારા કોણ કોણ મહાનુભાવો હતા ? (૩) પહેલી પંચવર્ષીય યોજનામાં કઈ કઈ બાબતોને વધુ મહત્ત્વ અપાયું ? એ કેટલાક કરોડની હતી ? કેટલું કામ થયું ? (૪) બીજી પંચવર્ષીય યોજના કેટલા કરોડની ? કેટલું કામ થયું ? (૫) ત્રીજી, ચોથી, પાંચમીમાં અને નવમીમાં એ જ રીતે કેટલું કામ થયું ? (૬) આમ યોજનાબદ્ધ કામ ન થયું હોય તો શું પરિણામ આવત ? (૭) ભવિષ્યમાં કઈ રીતે વધુ અસરકારક અને પરિણામલક્ષી યોજના બની શકે તે માટેનાં જુદાં જુદાં વિદ્વાનોનાં મંતવ્યો.

તમે જોઈ શક્યાં હશો કે યાદ રાખવી પડે એવી ચોક્કસ માહિતીઓ, આંકડાઓ અને અવતરણો તમારે એમાં સમાવવાં જ પડવાનાં.

આ બધી માહિતી, આંકડાઓ, અવતરણોને અનુરૂપ ગણાય તેવી ભાષાસામગ્રીની હવે યાદી કરીએ અને ઉપરના મુદ્દાઓના નિરૂપણમાં એનો તો ઉપયોગ કરીએ જ.

શબ્દો : યોજનાબદ્ધ, અભિલાષા, ઘડવૈયા, વિકાસ, પ્રગતિ, સ્વાધીન, કામધેનુ, અનુકરણ, વિદ્યુત, આયોજન, સિંચાઈ, કારખાનાં, ઉદ્યોગીકરણ, હરિયાળીક્રાંતિ, શૈક્ષણિક પ્રયોગો, સાક્ષાત્કાર, મૃગજળ, પ્રણાલિકા, અવરોધ, આતંક, જતનપૂર્વક, દરિદ્રનારાયણ, સમાનતા, પેટિયું, અહેસાન, નિષ્ણાત, નિર્લિપ્ત, ગૌરવપૂર્વક, દરમિયાન, ડેમ, કારખાનાં, ફર્ટિલાઈઝર, બાયોગેસ, ગેસપ્લાન્ટ, અદ્યતન.

સમાસો : અર્ધ એવા નગ્ન, ભૂલે અને ચૂકે, નામ અને નિશાન, નભમાં વિહાર અથવા આકાશમાં વિહરવું તે, સર્વમાં વ્યાપનાર, સુંદર છે રેખા જેની તે, ટીકા કરનાર, જેનું મૂલ્ય નથી તેવું. નીતિ અને રીતિ, યંત્રનો યુગ, બધી સત્તા હાથમાં રાખનાર.

રૂઢિપ્રયોગો : મંડી પડવું, માથે હાથ દેવો, એળે જવું, માંડી વાળવું, પેટમાં પાપ હોવું, અવાજ ઉઠાવવો, લીલી સૂકી જોવી, ઊડતાં પંખી પાડવાં, પાસા પોબારા પડવા, ભિખારીના હાથમાં હાંલ્લું રહેવું, લોઢાના ચણા ચાવવા, પાછી પાની ન કરવી.

કહેવતો : લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે મોં ધોવા જવું, હાજર સો હથિયાર, કાંકરે કાંકરે પાળ બંધાય.

### ૯.૧૧.૧ યુવાનો અને ટી.વી.

હવે આજ રીતે **'યુવાનો અને ટી.વી.'** વિશે નિબંધ લખો. એ નિબંધમાં નીચેના મુદ્દાઓનો સમાવેશ કરો: (૧) ટી.વી.ની શરૂઆત, તેનો સિદ્ધાંત અને પ્રચાર (૨) એનાથી શિક્ષણનો પ્રચાર (૩) મનોરંજનનું સાધન (૪) યુવાનો મૂકપ્રેક્ષકો બની જાય એ ભયસ્થાન. એમની કાર્યશીલતા ઓછી થઈ જાય. મનોરંજનને જ મહત્ત્વ આપે, સમયનો વ્યય કરે એ બધાં જોખમો. (૫) એના સમતોલ ઉપયોગ માટેની સૂચનાઓ.

આ નિબંધમાં નીચેની ભાષાસામગ્રી ઉપયોગમાં લો.

શબ્દો : માઈક્રોવેવ, ઉપગ્રહ, અંતરીક્ષ ઉપયોગ કેન્દ્ર, ટ્રાન્સમીશન ટાવર, સ્ટુડિયો, ટી.વી. કાર્યક્રમો,

સિરિયલો, શૈક્ષણિક કાર્યક્રમો, ડિરેક્ટર, નિર્માતા, ઉદ્દઘોષક, જીવંત પ્રસાર, ક્વિઝટાઈમ, સન્ડેક્વિઝ, સમાજસુધારણા, જાગૃતિ, વિશિષ્ટતા, પ્રતિબિંબ, એન્ટેના, ક્ષ-કિરણો, આંખનો રેટીનો, ઈમ્પોર્ટેડ, રિમોટકંટ્રોલ.

સમાસ : ઘરમાં ચાલી શકે એવા ઉદ્યોગો, પોતાનામાં વિશ્વાસ અથવા શ્રદ્ધા, પોતે લઘુ કે હલકા છે તેવી ગ્રંથિ, નખથી શીખા સુધીનું પૂરેપૂરું, મુશ્કેલીથી મેળવી શકાય તેવું, ઘણો વિરોધ કે પોકાર કરવા છતાં ન સાંભળે તેવી વાત કે રુદન, પોતાની જાતને છેતરનાર.

રૂઢિપ્રયોગો : ગાડી પાટા પર ચડાવી, દિલ લાગી જવું, ફાળો આપવો, કસ કાઢવો, ઘેલું લાગવું, ગતાગમ પડવી, મીટ માંડવી, પાડ માનવો, અડ્ડો જમાવવો, આંધણ કરવું, ઘર કરી જવું, ઘોળીને પી જવું.

કહેવત : પથ્થર પર પાણી, ધોળું એટલું દૂધ નહીં, સુથારનું ચિત્ત બાવળિયે.

## ૯.૧૨ આત્મકથા

આત્મકથા પૂછવામાં આવે તેમાં બહુ સામાન્ય માનવીની અથવા નાચીજ ગણાતી વસ્તુ કે પદાર્થની આત્મકથા હોય છે. ગોટલીની આત્મકથાની જેમ, બોરના ઠળિયાની આત્મકથા, ફાટેલા પહેરણ, ચાદર, સાડી, ધોતીની આત્મકથા, તૂટેલાં ચંપલની આત્મકથા, તૂટેલા હાર્મોનિયમ કે કોઈ વાદ્યની આત્મકથા, ખંડિયેર કિલ્લાની, મહેલની કે બંગલાની આત્મકથા, પડતર ખેતરની આત્મકથા, ખરેલા પીંછાની કે બિસમાર હાલતમાં પડેલી કે અકસ્માતથી નકામી થઈ ગયેલી હોડી, મોટર, ટ્રક, બસ, વિમાન, ટ્રેક્ટર, ગાડું, સ્કૂટર, સાઈકલની, બંધ પડી ગયેલી ઘડિયાળની, સ્ટીલ તૂટેલી પેનની, તેડ પડેલાં માટલાંની કે શાહીના ખડિયાની, અતિશય જૂના થઈ ગયેલાં રેડીઓ, ટી.વી.; પંખો, ઈલેક્ટ્રિક ઈસ્ત્રીની, નકામી થઈ ગયેલી થાળી, વાટકી, પેણી, તપેલી કે નકામા થયેલા કુકરની, ભાંગેલી ખુરશી, ટેબલ, સોફા, ખાટલાની, પસ્તીમાં વેચાયેલાં છાપાં, સામાયિક, ચોપડીની, બિસમાર બગીચાની, ઠુંઠું થઈ ગયેલા વૃક્ષની, બિસમાર રસ્તાની, રેલવે કે બસ સ્ટેશનની, જાહેરાતના પાટિયાની, પાનના ગલ્લા કે કાપડની દુકાનની, ઘરેણાંની પેટીની, એમ ગમે તે કોઈ પદાર્થની આત્મકથા પૂછી શકાય. આવા નિબંધોમાં કલ્પનાની સાથે તે તે પદાર્થ વિશેની માહિતી પણ આવશ્યક ગણાય. આ પ્રકારના નિબંધોમાં નીચેના મુદ્દાઓનો સમાવેશ કરવાનો રહે. આખો નિબંધ પ્રથમ પુરુષ એકવચનમાં એટલે 'હું' ની રીતે લખવાનો રહે.

(૧) હું કઈ રીતે અસ્તિત્વમાં આવ્યો અથવા આવી.(૨) કંઈ રીતે કોના કોના હાથમાં પહોંચ્યો અથવા પહોંચી ? ત્યાં ત્યાં શા શા અનુભવો થયા, શું શું વીતી. કઈ રીતે ઉપયોગ થયો. આ મુદ્દા પર ત્રણથી ચાર પરિચ્છેદ એટલે કે ત્રીસથી ચાલીસ લીટીઓ લખી શકાય. (૩) કઈ રીતે ખંડિત થયો અથવા થઈ ને નિરૂપયોગી થયો. (૪) અત્યારની સ્થિતિ (૫) કંઈક તત્ત્વચિંતનાત્મક અંત.

આ પાંચ મુદ્દાઓ ઉપરાંત નિબંધની પ્રસ્તાવનામાં પોતાના જેવા નાચીજ, અપરિચિતતાના એકાંતમાં પડેલા પદાર્થ તરફ લખનારની કઈ રીતે નજર ગઈ વગેરે વિગતો ચાર-પાંચ લીટીમાં લખી શકાય.

એવી જ કોઈ જીવંત પંખી, પ્રાણી કે માણસની આત્મકથા પણ લખી શકાય. ઘવાયેલા કબૂતર કે પોપટથી માંડી પાંજરાપોળની ગાય અને રસ્તા પરના મોચી સુધીની આત્મકથા પૂછી શકાય. આમાં પોતાના જન્મથી માંડીને પોતે નિરૂપયોગી બને ત્યાં સુધીની વાત આવી શકે પણ 'પછી મારું મૃત્યુ થયું' જેવી કલ્પના કરવા જેવી નહીં. અલબત્ત, મરી ગયેલો, મૃત્યુ પામ્યા પછી પણ પોતાના વિશે કવિતા લખે પણ સામાન્ય માણસ મરી ગયા પછી આત્મકથા ન લખે.

પહેલો પુરુષ એકવચન એટલે કે 'હું' રૂપે વાત કરવાની હોવાથી આત્મકથા લખવાનું પ્રમાણમાં સરળ છે.

અહીં ઉદાહરણરૂપે ખેતરની આત્મકથા જોઈએ. ભાષાસામગ્રી તમારી જાતે તૈયાર કરો.



### ૯.૧૨.૧ ખેતરની આત્મકથા

એક સલૂણી સાંજે (સવાર હોય તો ખુશનુમા સવારે એમ વિશેષણ વાપરી શકાય.) અમે ચાર પાંચ મિત્રો ગામ બહાર ફરવા નીકળ્યા. ફરતાં ફરતાં ઘણે દૂર નીકળી ગયા તેથી અમે થાક્યા હતા. રસ્તાની બાજુમાં એક મોટો પથ્થર હતો તેના ઉપર થાક ખાવા બેઠા. અમે અલકમલકની વાતો કરતા હતા ત્યાં અચાનક જાણે હવામાંથી અવાજ આવ્યો, 'રામ રામ જુવાન દોસ્તો'. અમે ચમક્યા. મગનને તો પરસેવો વળી ગયેલો. અમે એકબીજાના મોં સામે આશ્ચર્યથી જોતા હતા ત્યાં ફરીથી અવાજ આવ્યો, 'ચમકવાની જરૂર નથી. હું નથી ભૂત કે નથી પ્રેત, નથી વનદેવતા કે નથી પરી. હું તો છું તમારી સામે ચત્તાપાટ પડેલું પડતર ખેતર'. અમારી નવાઈનો પાર ન રહ્યો. સાચું મનાય જ શી રીતે ? અમારામાં ટીખળી કાસમ બોલ્યો, 'તો ભાઈ ખેતર, તારે અમને કંઈ કહેવું છે ?'

એક મોટા અને લાંબા ખોંખારાનો અવાજ આવ્યો ને પછી પેલા અવાજે બોલવાનું શરૂ કર્યું, 'વરસો થયાં. મારા ગળામાં એવી તો ધૂળ ભરાઈ ગઈ છે કે વાત નહી. પંદરવીસ વરસ પહેલાં તો ખેડ થતી ને માટી ઊંચી-નીચી, આડી-અવળી, ઉપર-તળે થતી પણ હવે તો -

'હવે તો શું ? એ અટક્યું એટલે અમે પૂછયું. 'હવે તો તમારા જેવા જુવાનીઆ ભણી ગણીને શહેરમાં સાહેબ થવા ચાલ્યા જાય છે. ભણે ગણે એનો વાંધો નહીં પણ બાપદાદાનાં માદરે વતન, બાપદાદાના ધંધા, બાપદાદાનાં ઘર-ખોરડાં, જમીન ઢોર બધાંને આ મારી જેમ રઝળતાં મૂકીને હાલતાં થાય છે.' એનો અવાજ ભીનો થઈ ગયો હતો.

'શું દિવસો હતા. મારાં છોકરાં, આ ધરતીનાં ને આ માટીનાં છોરાં બપોરે કે સાંજે થાકે ત્યારે મારા જ ખોળાનું ઓશીકું કરીને આંબા કે લીમડાની છાયામાં મારે ખોળે નિરાંતે લંબાવતા. મારા જ એક ખૂણામાં નાનકડું ઝૂંપડું બાંધીને ઢોરઢાંખર ને કુટુંબકબીલા સાથે કલ્લોલ કરતાં.

'મને તો કંઈ યાદ નથી કે મારો જન્મ ક્યારે થયો. પણ સૂરજદાદાએ ધરતીમાને આકાશમાં રમતી મૂકી ને યુગો પછી મારી છાતી પર જંગલો ઊગી નીકળેલાં. યુગો સુધી એ જંગલોમાં પતંગિયાં ને પંખીઓ, જંતુઓ અને પ્રાણીઓ ભટક્યાં કરતાં રમ્યા કરતાં. દવ લાગતા ને ઓલવાતા. એક દિવસ તમારા જ જેવા પણ સાવ ઉઘાડા ડિલે આવેલા કેટલાક માણસોએ જંગલો કાપી નાખ્યાં. તીણા પથરાઓથી મારી છાતી ચીરી નાખી.

'એ ચીરાયેલી છાતીમાં કોઈ પંખીઓના એંઠાદાણા ને એમની હગાર પડી. મેં જતનથી એ સાચવ્યાં ને પછીના વરસાદમાં મારા હૈયામાંથી લીલોછમ મોલ ઝૂલવા લાગ્યો. એ મોલ જોઈ પેલા માણસો નાચી ઊઠ્યા.'

'પછી તો દરવરસે વરસાદ આવે તે પહેલાં કોઈને કોઈ રીતે મારી છાતી ચીરીને એમાં દાણાં ઓરવાનું માનવજાત શીખી ગઈ. પહેલાં તીણા પથરાનાં હથિયારોથી, પછી કોદાળીથી, પછી જાતજાતનાં સાધનોથી,પછી હળ બળદની મદદથી ને છેલ્લે ટ્રેક્ટરથી મારા આખા શરીરને ઉપરતળે કરી નાખવાની રીત માણસે શોધી કાઢી. પહેલાં તો મને બહુ વસમું લાગતું પણ પછી એ બહુ ગમવા માંડ્યુ. એ રીતે ઉપરતળે થઉં તો જ મેઘરાજાના અમીરસને અંતરમાં ઉતારી એ અમૃતબિંદુઓનું મોતીના દાણા જેવા અનાજના દાણામાં રૂપાંતર કરી મારાં સંતાનોને ચરણે ધરી શકું. વરસો સુધી એ ક્રમ ચાલ્યો. કેટલીકવાર તો કેવાં કેવાં ફળોથી લચી પડતાં વૃક્ષોને પણ મેં મારે ખોળે ઉછેર્યાં ને કેટલીકવાર આમ વરસો સુધી પડતર પડ્યા રહેવાનું પણ મારે નસીબે આવ્યું.

'પણ આમ લાંબો સમય પડતર પડી રહેવાનું બહુ વસમું છે હોં ભાઈ ! તમે બધા જુવાનીઆ શેરમાં શો હવાદ ભાળી ગ્યા છો એ જ સમજાતું નથી. થોડા તો અહીં રહો. ભણોગણો પણ એ ભણતરનો ઉપયોગ કરીને અમારા હૃદયમાંથી વધુને વધુ કસદાર મોતીના દાણા પકવવાના કીમિયા શોધો. અમને વધુને વધુ હર્યાં-ભર્યાં બનાવીને તમારા જીવનને પણ વધુ હર્યું ભર્યું બનાવો.

'પણ હશે ભાઈ, આ તો જીવન છે. ઘડીક તડકો ને ઘડીક છાંયડો. ક્યારેક જીવન પેલા કોસની જેમ છલોછલ ભરેલું હોય ને ક્યારેક સાવ ખાલીખમ હોય ને એનો વસવસો શો ? આ તો તમે ઘડીક પોરો ખાવા બેઠા એટલે તમારી સાથે થોડી વાતો કરી. લ્યો ત્યારે આવજો, રામરામ.' અને એ અવાજ હવામાં

ઓગળી ગયો. ભારે નવાઈ સાથે અમે ગામમાં ગયા ને બધાને વાત કરી. પણ કોઈ માનવા તૈયાર નથી આ ખેતરની વાત. પણ અમને ખાતરી છે કે તમે તો એને સાચી માનશો જ'.

---------

ઉપરની સંવાદની રીતે પણ આવો નિબંધ લખી શકાય અથવા સીધું જ 'હું' થી શરૂ કરી શકાય. તમે નોંધ્યું હશે કે કલ્પનાની સાથે સાથે જરૂરી માહિતી અને વિગતોનું નિરૂપણ પણ કરવામાં આવ્યું છે. ખેતર હોવાને કારણે થોડાક તળપદા શબ્દોનો પણ ઉપયોગ કર્યો છે. નવા મુદ્દાની સાથે નવો પરિચ્છેદ શરૂ થાય પણ એ ઉપરાંત નવા ઉપમુદ્દાઓ પણ નવા પરિચ્છેદમાં લખાય. વળી આત્મકથા હોવાથી દરેક પરિચ્છેદની શરૂઆત અવતરણ ચિહ્નથી થાય પણ હજુ ખેતરનું બોલવાનું ચાલુ હોવાથી દરેક પરિચ્છેદના અંતે અવતરણ પૂરું થવાનું ચિહ્ન મૂકવામાં આવે નહીં. જ્યાં ખેતર બોલવાનું પૂરું કરે ત્યાં જ એ ચિહ્ન મુકાય.

આ તો કોઈ જડ પદાર્થની આત્મકથાનું ઉદાહરણ થયું. પણ કોઈ જીવંત પશુ-પંખી અથવા કોઈ માણસની આત્મકથા પણ લખી શકાય. અહીં 'એક ફેરિયાની આત્મકથા'નું ઉદાહરણ લઈએ.

### ૯.૧૨.૨ ફેરિયાની આત્મકથા

એકવાર અમે બધાં ભાઈ-બહેનો એક નાનકડા ગામડાના પ્રવાસે જઈ રહ્યાં હતાં. કોઈ મેઈલ ટ્રેન તો ત્યાં ઊભી રહે નહીં તેથી લોકલટ્રેનમાં મુસાફરી કરતાં હતાં. ટ્રેન ઉપડવાની તૈયારીમાં હતી ત્યાં એક મેલાં-ઘેલાં કપડાં પહેરેલો, વધેલી દાઢીવાળો, કરચલીઓવાળા ચહેરાવાળો, કાળો સરખો, માથે ટોપી પહેરેલો, પગમાં ફાટેલા જોડા પહેરેલો, પરસેવે નીતરતો એક માણસ અમારા ડબામાં ચડ્યો. ખભા પરના થેલાને એણે નીચે મૂક્યો અને હાથમાંથી પેટીને તેણે સાચવીને પાટિયા ઉપર ચડાવી.

પેટી જોવા જેવી હતી. લાકડાની પટીઓ વચ્ચે પારદર્શક કાચ મઢીને તેનું ઢાંકણ બનાવ્યું હતું. પેટી લાકડાની હતી. પેટીમાં બંગડીઓ, માળાઓ, મણકાઓ, ચૂનીઓ, બુટ્ટીઓ, બોપટ્ટીઓ, પાઉડરના ડબા જે ખૂબ વ્યવસ્થિત રીતે ગોઠવેલાં હતાં તે કાચમાંથી દેખાતું હતું.

પેટીને પાટિયા પર ચડાવી પરસેવો લૂછતો એ બારણા પાસે નીચે જ બેસી ગયો. અમે જે પાટિયા પર બેઠાં હતાં તેની સામેના પાટિયા પર જગ્યા હતી તેથી મારા પપ્પાએ તેને બોલાવ્યો, 'અરે ચાચા, અહીં જગ્યા છે આવોને' 'નહી સા'બ અહીં જ ઠીક છે. અમને ગરીબોને તો જમીન પર ધૂળમાં બેસવાનું મળે છે તે પણ મોટા ભાગ્યની વાત છે.'

પપ્પાએ ઘણો આગ્રહ કર્યો એટલે એ અમારી સામેના પાટિયા પર બેઠો. થોડીવાર પછી અમારા આગ્રહને કારણે તેણે પોતાની વાત શરૂ કરી.

'મારી દાસ્તાન બહુ મજેદાર નથી. મારા અબ્બાજાન પણ ફેરીનો ધંધો કરતા. હું પણ ફેરીનો ધંધો કરું છું. એક ગામથી બીજે ગામ, એક મહોલ્લેથી બીજે મહોલ્લે, એક શેરીથી બીજી શેરી ફરું છું'

'તમે સતત ફરવાનુ કામ કરો છો તેથી ફેરિયા કહેવાવ ?' મારી મોટી બહેને પૂછયું.

'એ તો ખબર નથી, પણ ફેરીનો ધંધો કરું છું તેથી ફેરિયા તરીકે ઓળખાતો હઈશ કદાચ.' કહી તેણે પોતાની વાત આગળ ચલાવી.

'નાનો હતો ત્યારથી અબ્બાની સાથે ફેરી કરવા નીકળું છું. અબ્બા પેટી ઊંચકે અને હું થેલો. અબ્બા ખુદાને પ્યારા થયા પછી હું એકલો નીકળું છે.'

'કેમ તમારો દીકરો તમારી સાથે નથી આવતો ?' મેં કહ્યું. 'મારે દીકરો નથી, એક દીકરી છે. અમીના. તે તેની મા સાથે ઘરકામ કરે અને બાકીના સમયમાં બંગડીઓ, માળાઓ વગેરે બનાવે. હું સવારે ઘેરથી નીકળું ત્યારે આ થેલો ઉપાડીને મને સ્ટેશન સુધી મૂકી જાય અને સાંજે હું ઘેર પહોંચું ત્યારે સ્ટેશને સામે લેવા આવે.'

'સવારે ગાડીમાં બેસીને બીજે ગામ જવા નીકળું ત્યારથી જ મારો ધંધો શરૂ થઈ જાય. ગામમાં તો રસ્તા પરથી કે શેરીઓમાંથી પસાર થતાં હું બૂમો પાડતો હોઉં કે, 'લાલ-પીળી બંગડીઓ, લીલી-ભૂરી બંગડીઓ, હેમામાલિનીએ પહેરેલી બંગડીઓ, રેખાએ પહેરેલી બંગડીઓ, બંગડીઓ રે બંગડીઓ' ને ચારે બાજુથી

નાની-મોટી છોકરીઓ, વહુવારુઓ અને પ્રૌઢાઓ બંગડીઓ ખરીદવા દોડી આવે. 'એય ચાચા, આ બાજુ !' 'એ બંગડીવાળા આ બાજુ' એવી બૂમોથી ચારેબાજુ બધાં બોલાવે. ક્યારેક ટ્રેનમાં ઘણી છોકરીઓ અને સ્ત્રીઓને જોઉં તો ટ્રેનમાં પણ બૂમો પાડતો પાડતો નીકળું. પણ ટ્રેનમાં તો ક્યારેક એમ-નેમ પણ ઘરાક નીકળી આવે.' એણે વાત જમાવી.

મને યાદ આવ્યું કે અમારી શેરીમાં પણ આવા ફેરિયાઓ જાત જાતના ઘાંટા પાડીને રોજ ઘૂમતા હોય છે. 'પાઈપ ફિટિંગ' બરાડતા પ્લમ્બરો, 'ઈસ્ટવ રિપેરિંગ' ની બૂમો પાડતા ફેરિયાઓ, 'ઘાસ... લે..ટ' ના બરાડા પાડતા ભૈયાઓ, 'ચાંલ્લાંના પેકેટ રૂપિયાનાં બે' એમ લહેકાથી કહેતા અને લટકાથી ચાલતા જુવાનિયાઓ, 'ડબાનાં ઢાકણાં કરાવવાનાં છે? ડોલ સંધાવવી છે ?' ના રાગડા તાણતા સાઈકલ સવારો, બોર, જાંબુ, રાયણ, ફાલસાં વેચતાં ટોપલાવાળાઓ, 'સોફા રિપેરિંગ, મૂડા રિપેરિંગ, ખુરશી રિપેરિંગ'ની માળા જપતા ફેરિયાઓ, 'પસ્તી-પેપર, ભંગારની બૂમો પાડતા પસ્તીવાળાઓ, 'પ્યાલાબૈણી' ની તીણી ચીસો પાડતી પ્યાલાબરણીવાળીઓ, 'બટાટા, રીંગણાં, દૂધી, કારેલાં, લીલી ભાજી'ની બૂમોથી શેરીઓ ગજવતા શાકવાળાઓ અને શાકવાળીઓ, પીપૂડાં કે વાંસળી વગાડી ફૂગ્ગા ને રમકડાં વેચનારાઓ ને કશુંય બોલ્યા વિના સાઈકલ પર લટકાવેલાં ધનુષ્યની ચામડાની દોરીનો ટંકાર કરીને મધુર સંગીત સંભળાવતાં પીંજારાઓ-ફેરિયાઓનું એક નાનકડું સરઘસ મારી નજર સામેથી પસાર થઈ ગયું. બધાના વેશ જુદા, બધાની ધંધો કરવાની રીત જુદી.

હું આ બધું વિચારતો 'તો ત્યાં તો ચાચાએ પોતાના થેલામાંથી જાત જાતની બંગડીઓ કાઢીને મારી નાનીબહેનના હાથમાં સરકાવવા માંડી હતી. તેનું જોઈને મોટીબહેને અને મમ્મીએ પણ થોડી બંગડીઓ ને એક એક જોડ બુટ્ટીઓ ખરીદી. પપ્પાએ ચૌદ રૂપિયા ચૂકવ્યા તે ગણતાં ગણતાં તે બોલ્યો, 'ખુદાની મહેરબાની છે સા'બ. બહેનો અને દીકરીઓ સાથે વેપાર કરવામાં માથાકૂટ ઘણી. એમને જેટલી બંગડીઓ જુવે એટલી પસંદ પડે. જેટલી માળાઓ જુએ એટલી પહેરવાનું મન થાય. પૈસાની બાબતમાં પણ રકઝકતો થવાની જ. પણ હવે તો મને ફાવી ગયું છે. દરેક જણને એમ કહેવાનું કે આ તો તમારે માટે જ સાચવીને હું લાવ્યો છું. આ તો તદ્દન નવી ડિઝાઈન છે. આ રંગ તો તમારા હાથ ઉપર એવો શોભે છે કે વાત નહીં- ને પૈસા તો તદ્દન વાજબી, તમે તો બહેન ગણાવ. તમારી પાસે કંઈ વધારે લેવાય ? રોજ પાંચ-દસ કિલોમીટર ચાલવાનું થતું હશે ને સાંજે તો થાકીને લોથ થઈ જવાય. બપોરે રોટલો તો ઘરનો ખાઉં પણ પાણી તો જાતજાતને ઘેર પીવું પડે. લ્યો, ત્યારે ખુદા હાફિઝ, મારું તો સ્ટેશન આવી ગયું.' કહી એ તેનો સામાન લઈ ઊતરી ગયો.

પપ્પાને મમ્મી કહેતી હતી તે શબ્દો સંભળાયા, 'ખરેખર, ચાચાએ તો બુટ્ટીઓ સસ્તામાં આપી. બજારમાં આટલાના વીસ રૂપિયા થાય.' ને એને ખભે થેલો ને હાથમાં પેટી લઈ ગામના રસ્તે જતો જોઈ મને કવિશ્રી બાલમુકુંદની પંક્તિઓ યાદ આવી ગઈ.

"થીર મુકામમાં જંપ વળે ના, વાટને ઘાટના જીવ આ પ્યાસી."

આ રીતે ખેતર જેવા જડ પદાર્થની કે ફેરિયા જેવા માણસની આત્મકથા લખી શકાય. પદાર્થની આત્મકથાના મુખ્યમુદ્દાઓ આપણે આગળ જોયા એમ પંખી, પશુ કે માણસની આત્મકથામાં : (૧) પોતે કઈ રીતે આ સ્થિતિમાં આવ્યો કે આવ્યું તેનો ઇતિહાસ (૨) પોતાની રોજિંદી જિંદગી અને (૩) પોતાની સાથે જેને કામ પાડવાનું આવે છે તે અન્ય પંખી, પશુ કે માણસો સાથેના સંબંધો અને વ્યવહાર એ ત્રણ મુખ્ય મુદ્દાઓ આવે. વ્યક્તિ અનુસાર તમે ભાષા અને શબ્દો વાપરી શકો. ઉપર ફેરિયો મુસલમાન છે તેથી ફારસી-અરબીના ગુજરાતીમાં વપરાતા શબ્દો વધારે વાપર્યા છે. ભૈયો હોય તો હિન્દીના શબ્દો આવે અને પ્યાલાબરણીવાળા કે શાકવાળી હોય તો વાઘરી બોલીના શબ્દો વધારે વાપરી શકાય. હવે તમે જાતે બીજા પાંચથી સાત 'આત્મકથા' વિષયક નિબંધ લખો. પહેલાં મુદ્દા લખો. ભાષાસામગ્રી તૈયાર કરો અને પછી એના ઉપયોગથી નિબંધો લખો.

### ૯.૧૨.૩ ભૂકંપગ્રસ્ત ખંડેર ઘરની આત્મકથા

મને બરોબર યાદ છે દોઢસો વર્ષ પહેલાંનો વાસ્તુપૂજનનો દિવસ. એને જ મારો સત્તાવાર જન્મ દિવસ

ગણવામાં આવે છે. સવારથી જ માણસોની આવનજાવન શરૂ થઈ ગઈ હતી. મારા બધા ઓરડાઓ ખાલી હતા. એક નાનકડી ઘોડાગાડીમાં થોડો સામાન સાથે એક ઉંમરલાયક સજ્જન, એમનાં પત્ની અને પાંચ સંતાનો સાંકડમાંકડ આવી પહોંચેલાં. આગલે દિવસે જ રંગરોગાનથી તૈયાર થયેલું છતાં કોઈ તાળું મારવામાં આવ્યું ન હતું. ઓટલા ઉપર તેમને સત્કારવા છ મહિનાથી ખડે પગે સેવા કરતા પગીદાદા તૈયાર હતા. સૌથી પહેલા પેલા ઉંમરલાયક સજ્જન ઘોડાગાડીમાંથી ઉતર્યા. એમને તો મેં લગભગ રોજ જ જોયા હતા. તેમનાં પત્ની પણ ક્યારેક ક્યારેક આવી ગયેલાં એટલે પરિચિત હતાં. સંતાનો નાનાં હતાં. પણ લાગ્યુ કે સૌથી મોટો બારેક વરસનો કિશોર ખરે જ મસ્તીખોર હશે.

ધામધૂમથી વાસ્તુપૂજન ઉજવાયું. બ્રાહ્મણોએ મંત્રોચ્ચાર કર્યા. મારા અગ્નિ ખૂણાના એક ઓરડાનો અગ્નિખૂણાનો એક પથ્થર ઉખાડી તેમાં વાસ્તુદેવતાને ઉતારવામાં આવ્યા. તેમને મારા હૃદયમાં જડીને મેં ધબકવાનું શરૂ કર્યું. બ્રહ્મભોજન થયું. મિત્રો સ્નેહીજનોએ મારાં વખાણ કર્યાં અને મિજબાની યોજાઈ. રાતે કુટુંબીજનોએ દીવો કર્યો. એ મારા હૃદયમાં પ્રગટેલો પહેલો દીવો.

દોઢસો વર્ષ તો આંખ મિચતાંમાં પૂરાં થઈ ગયાં. છ પેઢી જોઈ નાખી. પહેલી પેઢીનાં કુટુંબીજનો મારી ઘણી કાળજી રાખતાં. સ્વચ્છતાપ્રિય અને શિસ્તપ્રિય કુટુંબ હતું. પતિ-પત્નીનો ગાઢ પ્રેમ, બાળકોનો સંસ્કારી ઉછેર, ભણવામાં એમની હોંશિયારી, એ બધાનો હું સાક્ષી છું. હા, મોટો છોકરો મસ્તીખોર હતો. ધબધબ દાદરો ચડતો, ઉતરતીવેળા બે-બે પગથિયાં સાથે ઉતરતો પણ જુવાનીના જોરમાં એ બધું મારે મન કંઈ વિસાતમાં નહોતું. એ કમાવા શહેરમાં ગયો, ત્રણેય બહેનો પરણી ગઈ ને સૌથી નાનાના કુંટુંબે મારો આશ્રય લીધો.

ત્રીજી પેઢી જરા વિચિત્ર હતી. તેઓ ત્રણ ભાઈ અને ત્રણ બેનો. મારા ભાગલા કરવાની વાત થયેલી અને એને માટે ઝઘડા પણ થયેલા. વહુઓ કંકાસિયણ અને છોકરાં સંસ્કારી. આખરે મને માત્ર પાંચ હજાર રૂપિયામાં વેચી દેવામાં આવ્યું.

મારા નવા માલિક સંગીતના ભારે શોખીન હતા. પોતે સંગીત જાણતા. મારા ઓરડામાંથી દર રાતે સંગીતની મહેફિલના સંવાદી સૂરો વહેતા. ગામ આખાના સંગીત શોખીનો મહેફિલમાં ભેગા થતા. ક્યારેક તો બહારગામથી કોઈ મોટા ગવૈયા કે બજવૈયા આવતા તો તેમનો ઉતારો પણ મારા જ કોઈ ઓરડામાં રહેતો. એ વીસ વરસ ક્યાં ગયાં એની તો મને જરાકે ખબર ના પડી.

એમનો દીકરો પણ સંગીત ઘણું સારું શીખેલો પણ એને ફિલ્મ લાઈનનો ચસ્કો લાગ્યો એટલે મારે દરવાજે તાળું મારી આખા કુટુંબ સાથે એ મુંબઈ ચાલ્યો ગયો. બે-પાંચ વરસે આવે ત્યારે કિચૂડાક કરતાં મારા બારણાંઓ ખૂલતાં, સાફસૂફી થતી અને કોઈ લગ્નપ્રસંગ માટે આવ્યા હોય તો રંગરોગાન પણ થતાં. છતાં એ બાર બાર વરસો મેં એકલાએ મારી જાતભાતની યાદો સાથે તનહાઈમાં જ વીતાવ્યાં.

મારા ભૂતકાળમાંથી સંગીતના જાતજાતના રાગોને વાગોળી વાગોળીને મેં એ દિવસો કાઢ્યા છે. ગામમાં તો લોકવાયકા એવી પણ વહેતી થયેલી કે રાતે મારા ઓરડાઓમાં સંગીતની સૂરાવાહીઓ વહે છે.

પછી ભારત-પાકિસ્તાનના ભાગલા પડ્યા અને મારા ખરાબ દિવસો શરૂ થયા. સંગીતકારના દીકરાએ મને માત્ર બાર હજાર રૂપિયામાં વેચી દીધું. લોકો કહેતા કે એક જમાનામાં ગામનું નાક ગણાતી આ ત્રણ મજલાવાળી, પંદર ઓરડાવાળી, સુંદર કોતરણીવાળા ગોખ અને છજા ધરાવતી આ હવેલી બહુ સસ્તામાં વેચાઈ. હવેલી ખરીદનાર એક અઠંગ રાજકારણી હતા. તેમણે બીજા પંદર-વીસ હજારનો ખર્ચો કરીને મને નવોઢાની જેમ શણગારી. મારા ઓરડે-ઓરડે આરસ પહાણ જડવામાં આવ્યા. મારી અંદરની દીવાલો ઉપર જયપુરથી મંગાવેલા ગુલાબી પથ્થરો જડવામાં આવ્યા. છજા અને ગોખની કોતરણીવાળી કમાનો અને થાંભલાઓ ઉપર પરદેશથી આયાત કરવામાં આવેલા રંગો ચળકાટ કરવા લાગ્યા. કેટલાક આખાને આખા ઓરડાઓને બાથરૂમમાં ફેરવી નાખવામાં આવ્યા. એમાં સ્નાન માટેનાં સુંદર ટબ અને ફુવારાઓની વ્યવસ્થા થઈ. શરૂમાં તો મને પણ આવા શણગાર સજવા મળ્યા એનું ગૌરવ થયું અને હરખ થયો. થોડા સમયમાં એ હરખ વરાળ થઈને ઊડી ગયો.

મારા માલિકને મોટા નેતા થવાની મહેચ્છા હતી. એમને ત્યાં ખટપટિયા, લોભિયા, લાંચિયા, દુષ્ટ

માણસોની રોજ આવનજાવન રહેતી. તેમની ખટપટો સાંભળી સાંભળીને મારું તો હૃદય બેસી જતું હતું. કોઈને ક્યાં ગોઠવવો, કોઈને કઈ રીતે પછાડવો, કોઈનો કઈ રીતે કેવો ઉપયોગ કરવો, આવી બધી ખટપટો ત્યાં રાતને દિવસ ચાલતી. લાંચિયા અને ભ્રષ્ટ માણસોની ત્યાં લાઈનો લાગતી. કોઈ લાઇસન્સ મેળવવા, કોઈ બદલી કરાવવા, કોઈ બઢતી મેળવવા,એમ જાતજાતનાં કામો લઈને લોકો નેતાજી પાસે આવતાં. એમણે અઢળક પૈસો ભેગો કર્યો હતો, એમાંથી થોડાક પૈસા પ્રજાનાં કામમાં વાપરીને, થોડા પૈસા જ્ઞાતિજનોમાં વેરીને અને મોટાભાગના પૈસા પોતાનો પ્રચાર કરવામાં વાપરીને તેમણે ઘણી પ્રતિષ્ઠા મેળવી હતી. એ સરકારમાં ધાર્યું કામ કરાવી શકતા કારણ કે અમલદારોને એમણે ફોડ્યા હતા. એ પ્રતિષ્ઠાને આધારે એ ધારાસભ્ય થયા અને પછી પ્રધાનપદું પણ મેળવ્યું.

પ્રધાન થયા પછી તો એશ આરામી જિંદગીનો દોર શરૂ થયો. આખા રાજમાં દારૂબંધી પરંતુ તેમનાં ઘરમાં દારૂની રેલંછેલ ચાલતી. તેમનાં બધાં સંતાનો પાણીની જેમ પૈસો વાપરતાં. પોતાનું ધાર્યું જ કરતાં. સિનેમાની નટીઓ તેમની મહેમાન બનતી. રાત-દિવસ જે પાપ-લીલાઓ ચાલતી તે જોયા વિના મારી પાસે બીજો કોઈ રસ્તો ન હતો. મને આંખો બંધ કરવાનું વરદાન ન હતું. મારા કાન ઉપર આંગળીઓ મૂકવા માટે ઈશ્વરે મને હાથ પણ આપ્યા ન હતા. હું એ પાપાચારનો સાક્ષી થવાને બદલે ક્યાંક ચાલ્યો જાઉં એવું મન ઘણીવાર થતું પરંતુ મને પગ કે પાંખો ન હતી.

લાગે છે કે એ પાપાચાર અને ભ્રષ્ટાચારના મૂંગા સાક્ષી થવાની સજા ઈશ્વરે ભૂકંપ મોકલીને કરી. મેં શાસ્ત્રો તો વાંચ્યાં નથી. પણ સાંભળ્યું છે કે જ્યારે પાપનો ભાર પૃથ્વી સહન કરી શકતી નથી ત્યારે તે પણ કંપી ઊઠે છે. એ કંપ જ કદાચ ભૂકંપ થયો. મારા બધા થાંભલા બેસી ગયા. પાછળની આખી દીવાલ તૂટી ગઈ. છજા-ગોખ ભોંયભેગા થઈ ગયા. ત્રીજો માળ બીજાની પીઠ ઉપર અને બીજો પહેલા ઉપર બેસી ગયો. હું ખંડેર બની ગયું અને ભગ્નશરીરે જ નહીં ભગ્ન હૃદયે, તમારી સામે છે.

### ૯.૧૨.૪ સૈનિકની આત્મકથા

'જનની જન્મભૂમિશ્ચ સ્વર્ગાદપિ ગરિયસિ' - એવું સંસ્કૃતમાં કહેવાયું છે. જનની એટલે મા અને જન્મભૂમિ એટલે સ્વદેશ-માભોમ સ્વર્ગ કરતાં પણ વધારે ગરિમાવાળાં - મહિમાવાળાં અથવા મહત્ત્વનાં છે. નાનપણથી અનેક દેશભક્તોનાં ચરિત્રો વાંચવાનાં મળ્યાં હતાં. સમજાયું હતું કે માતૃભૂમિ પર ન્યોછાવર થઈ જવું એના જેવું મોટું જીવન ધ્યેય બીજું કોઈ હોઈ શકે નહીં.

સ્વદેશભક્તિના આ સંસ્કારોએ જ મને લશ્કરમાં જોડાવાની પ્રેરણા પૂરી પાડી હતી. સદ્ભાગ્યે મને શાળામાં સ્કાઉટની તાલીમ અને કોલેજમાં એન.સી.સી.ની તાલીમ મેળવવાની તક મળી હતી. મને છવ્વીસમી જાન્યુઆરીની લાલકિલ્લાની ધ્વન-સલામીની પરેડમાં જોડાવાની પણ એક તક મળી હતી. એક વરસે હું અમારી કોલેજમાં બેસ્ટ-કેડેટ તરીકે પણ પસંદગી પામ્યો હતો. આ બધાને કારણે એન્જિનિયરિંગની સ્નાતક પદવી પરીક્ષામાં હું પ્રથમ વર્ગ મેળવવા ભાગ્યશાળી થયો હતો છતાં લશ્કરમાં જોડાવાનું પસંદ કર્યું.

એન્જિનિયરિંગની લશ્કરી પાંખને ઘણું મહત્ત્વ આપવામાં આવે છે. વાહનોનું સ્મારકામ, તેમની દેખરેખ ઉપરાંત બીજી અનેક મહત્ત્વની કામગીરી આ પાંખના જવાનોએ કરવાની હોય છે. મારી સ્કાઉટ અને એન.સી.સી.ની તાલીમને કારણે લશ્કરમાં જોડાવાનું મારે માટે સરળ બની ગયું.

લશ્કરમાં જોડાતાં જ મને સમજાયું કે ત્યાંની તાલીમ સખત પરિશ્રમ માગી લે છે. જાણે કે એક યોગીએ જે સાધના કરવાની હોય તેવી સાધના ત્યાં કરવાની હતી. સવારના વહેલા ઊઠીને રાત્રે સૂઈએ ત્યાં સુધીની એક એક મિનિટનો હિસાબ રાખવાનો હતો. તાલીમ દરમિયાન રોજ પાંચ કિલોમિટરની પરેડ તો ખરી જ પણ એ ઉપરાંત શરીરને કસવા માટેની અને ચિત્તાની જેમ હમેશાં તૈયાર રાખવાની જાતજાતની કસરતો કરવાની રહેતી. અમારા ઈન્સ્ટ્રક્ટરો અને ઓફિસરો પણ શિસ્તના ખૂબ આગ્રહી. સદ્ભાગ્યે આખી તાલીમ દરમિયાન મને કોઈ દિવસ કોઈ નબળી કામગીરી માટે સજા થઈ નહોતી અને મારા બધા ઉપરી અધિકારીઓ મારી કામગીરીથી ખુશ હતા.

મારે સરહદો ઉપર ત્રણવાર કામગીરી બજાવવાની આવી. એમાંય લડાખની સરહદ ઉપર જે કામગીરી

બજાવી તે ત્રણ વરસનો ગાળો હું ક્યારેય ભૂલી શકું તેમ નથી. હિમાલયનાં ઊંચાં ઊંચાં શિખરોની પેલે પાર ચીનની સરહદ અને ઠરી જવાય એવી ઠંડીમાં બરફની વચ્ચે અમે લોકો. અમારી ટુકડીના સૌથી ઉપરી અધિકારી કવિજીવ હતા. એમણે શીખવ્યું કે જિંદગીમાં જે કંઇ કામગીરી કરવાની આવે તેને ઈશ્વરની કૃપા સમજીને, ઈશ્વરની પૂજા કરતા હોઈએ તે રીતે કરવી જોઈએ. જો ઇશ્વરની કૃપા ન હોય તો આવી પ્રાકૃતિક સૌન્દર્યથી ભરી ભરી જગ્યાએ આપણને આવવાની તક જ કેવી રીતે મળે ? અમે જ્યાં કામગીરી કરતા હતા ત્યાં કોઈ નાગરિકને પ્રવેશવાની છૂટ નહોતી. સામાન્ય રીતે આવી સરસ પ્રાકૃતિક જગ્યાએ પણ સંરક્ષણની તનાવભરી કામગીરી કરવાની હોય ત્યારે માણસના મનમાં અજંપો રહે પરંતુ અમારા અધિકારીની વાતથી અમે સૌ સમજ્યાં કે આખરે તો બધું ઈશ્વરની ઇચ્છાને આધારે ચાલે છે. આપણે સાવચેત રહેવું. જવાબદારીપૂર્વક સાવધાન રહેવું. બાકી ચિંતાનો બધો ભાર તો ઈશ્વર ઉપર જ છોડી દેવો. ત્યાં જે પ્રાકૃતિક સૌન્દર્યનો અનુભવ કર્યો તેને કારણે ઈશ્વર જ ઈશ્વર જાણે બધે દેખાય તેવો અનુભવ થતો. અનેક જોખમોમાંથી જ્યારે અમે બચી જતા ત્યારે એ ઈશ્વરનો વળી વધુ અનુભવ થતો.

બીજી કામગીરી મારે કચ્છની સરહદ ઉપર બજાવવાની ગતી. ત્યાંની ભોળી પ્રજા અને તેમનો સ્વદેશપ્રેમ કાયમ યાદ રહી જશે. એ લોકો અમને લશ્કરી જવાનોને ભગવાન માનીને પ્રેમ કરતા. કચ્છના અખાત ખારાપાટ અને બે દેશો વચ્ચેની કાંટાળી વાડ એ અમારાં કાયમનાં સાથી હતા છતાં ત્યાં જે સાથી જવાનો હતા એમની જવાંમર્દી ઉપરાંત દિલેરીને કારણે એ વરસો પણ ખૂબ યાદ રહી ગયાં છે.

સરહદ પરની ત્રીજી કામગીરી મારે માટે દુઃસ્વપ્ન જેવી બની રહી. કારગીલમાં અમે કામગીરી બજાવતા હતા તે દરમિયાન પાકિસ્તાનના અટકચાળાને કારણે યુદ્ધ ફાટી નીકળ્યું. આપણા સૈન્યની તૈયારીમાં કોઈ કચાશ ન હતી પણ વિપરિત સંજોગોમાં ત્યાં લડવાનું હતું. એ યુદ્ધ દરમિયાન આપણા ઘણા જવાનો શહીદ થયા અને ઘણા ઘવાયા. એક દિવસ કેટલાંક વાહનોની મરામત માટે મારે છેક આગળની હરોળ સુધી જવાની ફરજ પડી. સ્થિતિ જ એવી કટોકટીપૂર્ણ હતી કે વાહનોને ચાલુ લડાઈએ જ રિપેર કરી કામ ચલાવવું પડે. અમે બહાદૂરીપૂર્વક આખી ટુકડી રૂપે ત્યાં પહોંચી ગયા હતા. અમને કોઇને મોતની બીક તો હતી જ નહીં પણ તોપમારાની વચ્ચે કામ કરવાનું ઘણું અગવડભર્યું હતું. એક દિવસ દુર્ભાગ્યે તોપનો એક ગોળો અમારી સાવ નજીક પડ્યો અને અમે ત્રણ જવાનો ઘવાયા. તરત જ અમને લશ્કરી હોસ્પિટલમાં દાખલ કરવા માટે હેલિકોપ્ટરની મદદથી શ્રીનગર લઈ જવામાં આવ્યા. સમયસરની સારવારને કારણે અમે ત્રણે જણા જીવતા તો બચ્યા પરંતુ મેં મારો એક હાથ ગુમાવ્યો હતો. ઈશ્વરની જ કૃપા કે મારો જમણો હાથ બચી ગયો હતો નહીં તો આ આત્મકથા હું કેવી રીતે લખી શક્યો હોત ? અત્યારે તો દોસ્તો, મારી સૈનિક તરીકેની કામગીરીની બધી યાદને હું પુસ્તક રૂપે લખી રહ્યો છું. ક્યારેક સમય મળે તો જરૂરથી વાંચજો. ‘અબ તુમ્હારે હવાલે, વતન સાથીઓ’ કારણ કે અમે તો હવે વૃદ્ધત્વના અસ્તાચળે પહોંચ્યા છીએ. તમારે કાં સરહદને મોરચે કે કાં તો દેશમાં સમાજની વચ્ચે સત્ય અને નીતિના મોરચે ઝઝૂમવાનું છે. આગે બઢતા રહેજો. હિંમતે મર્દા તો મદદે ખુદા. જયહિંદ !

## ૯.૧૩ પ્રકૃતિ વિષયક નિબંધ

વર્ણનની વધુ ફાવટ હોય તો પ્રકૃતિ વિષયક નિબંધ પસંદ કરવો. કલ્પનાશક્તિનો અને વર્ણનને જીવંત તથા રસભર્યું બનાવવા અલંકારનો ઉપયોગ કરીને નિબંધ અસરકારક બનાવી શકાય.

પ્રકૃતિ વિષયક કોઈપણ નિબંધમાં અન્ય દશ્યોનાં વર્ણનની સાથે આકાશ અને વૃક્ષોનું વર્ણન કરતા બે પરિચ્છેદો આવી શકે. વિષયને અનુરૂપ આકાશ અને વૃક્ષોનું વર્ણન કરવું જોઈએ.

પ્રકૃતિ વિષયક નિબંધ કોઈ ઉત્સવ કે પર્વની સાથે સાંકળીને પણ લખી શકાય. ‘આવ્યા આવ્યા નવરાત્રિના દિન જો’, ‘ફાગણ મહિનો ફરી ફરીને આવ્યો રે’, ‘ઉત્તરાયણનું પર્વ’, ‘કાન ખેલે હોળી’, ‘નાતાલનો ઉત્સવ’, ‘પર્યુષણનું પર્વ’, ‘ગણપતિબાપા મોરિયા’, જેવા વિષયોમાં પ્રકૃતિની સાથે ધાર્મિક ઉત્સવનું વર્ણન પણ કરવાનું રહે. આવા નિબંધોમાં ધર્મને લગતા શબ્દો અને વાક્ય પ્રયોગો અવશ્ય વાપરવા જોઈએ.

પણ સામાન્ય રીતે માત્ર પ્રકૃતિ વિષયક નિબંધ હોય તો પસંદ કરવો જેથી ધાર્મિક પરિભાષા અને અન્ય વિગતોના ગૂંચવાડામાં પડવાનું આવે નહિ. પ્રકૃતિ વિષયક નિબંધ કોઈ કાવ્યપંક્તિ આપીને અથવા સીધો વિષય આપીને પૂછી શકાય, 'સાગર કિનારે ચંદ્રોદય', 'ચાંદની રાતે નૌકાવિહાર', 'પર્વતારોહણના શિબિરમાં', 'હિમાલયના પ્રવાસે', 'આથમતી સાંજે ગામડામાં', 'વહેલી સવારે' ઉદ્યાનમાં', 'વર્ષાનું તાંડવ', 'વસંતની એક સવારે', 'દુકાળના ભેરવીઆ ખપ્પરમાં, 'ઉજ્જડ વગડામાં બળબળતી બપોરે', 'શિયાળાની અંધારી મધરાત' - આવા તો અનેક વિષયો વિશે નિબંધ લખી શકાય.

આપણે નમૂનારૂપે 'સાગર કિનારે ચંદ્રોદય', 'દુકાળના ભેરવીઆ ખપ્પરમાં' નિબંધ જોઈએ.

### ૯.૧૩.૧ સાગર કિનારે ચંદ્રોદય

એક વૈશાખી પૂનમે અમારે માંડવી જવાનું થયું. ખૂબ વિશાળ રેતીના પટ અને ખુલ્લા દરિયા માટે આ શહેર જાણીતું છે. તેથી સાંજ પડતાં જ અમે દરિયાકિનારે પહોંચી ગયાં.

શહેરની સડક છોડીને અમે રેતીના વિશાળ પટ ઉપર આગળ વધતાં હતાં. સામે અફાટ દરિયો એનાં ફીણવાળાં મોજાં લઈને અમારું સ્વાગત કરવા આગળ ધસી આવતો હતો. જાણે ફીણની સફેદ માળાઓ લઈને અમારા સ્વાગત માટે થનગનતો હોય તેવો લાગતો હતો. રેતીમાં પડતાં પગલાં જાણે કીડી-મકોડાની હારની હાર હોય તેવાં દેખાતાં હતાં. સાંજ ઢળી ચૂકી હતી. સાગરનાં ઘાટાં લીલાં ને કંઈક કાળાં મોજાં સૂરજદાદાનાં પગ પખાળવા મથતાં હતાં. આકાશમાં લાલ-પીળા-જામલી રંગની રંગોળી પૂરાઈ હતી. કોઈ કોઈ છૂટી છવાઈ નાની નાની વાદળીઓ બકરીના બચ્ચાંની જેમ આમતેમ સરકતી હતી.

હજુ જમીન ઉપરથી દરિયા તરફ વાતો મંદમંદ સમીર પારિજાત અને ચંપાની મીઠી આછી સુવાસ સાથે વાતો હતો. દરિયાકિનારે પહોંચી, ભીની ભીની રેતીમાં બેસી જમીન તરફ દૂર દૂર દેખાતાં વૃક્ષો જોયાં. લીમડાંનાં ઘેઘૂર વૃક્ષોની સાથે લાલ ફૂલોનાં છોગાં ઝૂલાવતાં ગુલમોર દેખાતાં હતાં. એ વૃક્ષોમાં બાંધેલા પોતાના માળામાં રાતવાસો કરવા પંખીઓ પાછાં ફરી રહ્યાં હતાં. એમનો કર્ણમધુર કલરવ કાને પડતો હતો.

સાંજ ઢળી ચૂકી હતી. સૂરજદાદાએ સામે પશ્ચિમાકાશમાં સાગરમાં ડૂબકી મારી; આકાશમાંથી રંગોના વિવિધ સાથિયાઓ અદૃશ્ય થવા માંડ્યા. પૂર્વાકાશમાં હવે વૃક્ષોનાં ઝૂંડમાં પંખીઓ જંપી ગયાં હતાં. અંધકાર જેવો કાળો રંગ ધારણ કરેલાં વૃક્ષો એકમેકમાં ભળી જતાં હતાં. થોડીવારે એ વૃક્ષોની પાછળથી આછો ઉજાસ પ્રગટવા માંડ્યો. શાંત શીતળ ચંદ્રમાની સવારી આવી રહી છે એની વધામણી એ ઉજાસ આપતો હતો. ધીમે ધીમે ઉજાસ વધવા માંડ્યો અને પ્રકાશમાં પલટાવા માંડ્યો. ઝાડનાં ઝૂંડની ડાળીઓની પાછળથી ચંદ્ર ડોકિયાં કરવા માંડ્યો. કાળા રંગનાં વૃક્ષોની કિનાર ચાંદીના રંગે રંગાઈ ગઈ.

ચંદ્રમાના સ્વાગત માટે અધીર સાગર ગરજવા માંડ્યો. મોટાં અને મોટાં મોજાંઓના હાથમાં ફીણના સફેદ પીળા ગલગોટાના હાર લઈને એ કિનારા તરફ ધસતો હતો. એ અમારા સ્વાગત માટે નહીં પરંતુ ચંદ્રમાના સ્વાગત માટે અધીર થઈ રહ્યો છે તે જોઈ અમે કિનારાથી ઘણે દૂર જમીન તરફના એક મંદિરના ઓટલે સલામતી શોધીને બેસી ગયાં.

હવે પૂર્વાકાશમાં વૃક્ષોની ટોચ ઉપર ચંદ્ર દેખાતો હતો. આખું વાતાવરણ શાંત અને શીતળ બની ગયું હતું. ચંદ્રકિરણો પોતાની કોમળ આંગળીઓથી આખી પૃથ્વીને શ્વેતરંગથી લીંપી રહ્યાં હતાં. જાણે આકાશમાંથી અમૃતધારા વરસતી હોય અને એને ઝીલી લેવા ઉત્સુક આખી પૃથ્વી પોતાનો ખોળો ફેલાવીને બેસી ગઈ હોય તેવો ભવ્ય દેખાવ થઈ રહ્યો હતો.

એ અમૃતકિરણોના સ્પર્શ માત્રથી મત્ત બની ગયેલો સાગર પોતાનામાં સમાઈ શકતો ન હતો. ગાંડોતૂર બનીને એ ચંદ્રમાને ભેટવા ધસતો હતો અને પોતાનાં મોજાંરૂપી હાથ ઊંચે ને ઊંચે ઉછાળતો હતો. હમણાં જાણેકે ચંદ્રમાને એ ભેટી પડશે. હમણાં જાણે કે આ સમગ્ર પૃથ્વીને પોતાનામાં સમાવીને એ ચંદ્રમા સુધી પહોંચી જશે એમ લાગતું હતું. અમે જે મંદિરનાં ઓટલે બેઠાં હતાં ત્યાં સુધી સાગરનાં મોજાં આવી ચડ્યાં હતાં. જાણે કે શિવશંભુના મંદિરનાં ચરણો પખાળવાની તેને તક મળી ગઈ.

આવા દિવ્ય અને ભવ્ય દૃશ્યને જોયા વિના જંપી ગયાનો પસ્તાવો કરતાં કેટલાંક પંખીઓ ઊંઘમાંથી ઝબકી જાગતાં હતાં. તેઓમાંથી કેટલાંક તો વળી ચાંદનીના રસમાં ન્હાવાના લોભે આકાશમાં એકાદ ચક્કર મારી આવવા પાંખ પણ પસારતાં હતાં. તેમાંનાં કેટલાંક ગીતના ટહૂકાથી આકાશને ભરી દેતાં હતાં.

આખી પૃથ્વી શાંત બનીને ધોધમાર વરસતાં ચંદ્રકિરણોને ઝીલી રહી હતી. ગામનાં મકાનોનાં છાપરાં પર ચંદ્રકિરણો વરસતાં હતાં. ગામનાં મકાનો, મંદિરો, દૂર દૂર દેખાતા મસ્જિદના મિનારા અને રાજાનો મહેલ બધું ચાંદનીમાં એકાકાર થઈ ગયું હતું. ચારેબાજુ ચાંદનીની રૂપેરી ચાદર બિછાઈ ગઈ હતી.

એકાએક દૂરથી સોનાની થાળીમાં લોઢાની મેખ જેવું એક કદરૂપું દૃશ્ય નજરે પડ્યું. બે-બે, ત્રણ-ત્રણ માળની કેટલીક સ્ટીમરો દૂર બંદર ઉપર લાંગરી હતી તે કાળા બિહામણા રાક્ષસ જેવા ગંદા ધુમાડા ઓકતી હતી. નર્યા જંતુઓ જેવાં કેટલાંક માણસો એ સ્ટીમરોની આજુબાજુ ખદબદતાં હતાં, દોડાદોડી કરતા હતા. માલ ચડતો હતો અને ઊતરતો હતો.

એ કુત્સિત દૃશ્ય જોઈને ઉબકા આવે એ પહેલાં અમે ત્યાંથી દૃષ્ટિ ખસેડી લીધી અને સમગ્ર પૃથ્વીની સાથે રેલાતી ચાંદનીની રૂપેરી ચાદર લપેટી અમે આનંદ સમાધિમાં લીન થઈ ગયાં.

### ૯.૧૩.૨ દુકાળના ખપ્પરમાં

પુરાણા સમયથી આકાશી ખેતી ઉપર આધાર રાખતા ભારતમાં દર ચાર-છ વરસે દુકાળ તો આવે જ છે. એ ક્યારેક અતિવૃષ્ટિને કારણે લીલો દુકાળ હોય કે ક્યારેક અનાવૃષ્ટિને કારણે સૂકો દુકાળ. બંને દુકાળ જાનમાલની ભયંકર તારાજી કરીને જાય છે. બંને સરખા ભયંકર છે. અતિવૃષ્ટિને કારણે ચારેબાજુ પાણી ભરાઈ જાય,નદીઓ અને બંધો છલકાઈ જાય, ક્યારેક બંધો તૂટી પડે, ગામડાંનાં ગામડાં ને શહેરોનાં શહેરો તણાઈ જાય. વવાયેલા ખેતરો ઉપર વિનાશક રેતીના થર પથરાઈ જાય ને પાછળ ગંદકી, રોગચાળો અને અછત મૂકીને લીલો દુકાળ વિદાય લે. એનો અનુભવ કરવા જેવો નથી. તો સામે પક્ષે સૂકા દુકાળની યાતનાઓ પણ કંઈ ઓછી નથી. અહીં એક સૂકા દુકાળની વાત છે.

એ વખતે મારી ઉંમર હશે માંડ-છ વરસની. એક તો ચોમાસું વહેલું બેસી ગયેલું. લોકોની ખેડ હજુ અધૂરી હતી ને વરસાદ વરસવો શરૂ થયો. દોડાદોડી કરીને લોકોએ ઘરમાંથી કોઠીઓ ખાલી કરીને ખેતરો વાવી દીધાં. પહેલો મહિનો તો વરસાદ સારો થયો. ઢોરોને માટે ઘાસચારો ઊગી નીકળ્યો. પીવાનાં પાણીની પણ મોકળાશ થઈ. તળાવો અને કૂવા થોડા ઘણા ભરાઈ ગયા. મોસમનો લગભગ ત્રીજાભાગનો વરસાદ થઈ ગયો ને એકાએક મેઘરાજા રિસાયા.

રોજ સવાર પડે ને આકાશમાં વાદળ ઘેરાયલાં હોય ને સાંજ પડતાં પહેલાં વિખરાઈ જાય. આકાશમાંથી પાણીનું એક ટીપું પડે નહીં. રાતે આકાશ કોરું ધાકોર હોય અને તારાથી છવાયેલા આકાશમાં કોઈ ભૂલી પડેલી વાદળી પણ ડોકાય નહીં. ઘરડેરા માણસો નિસાસા નાખતા ને બબડતા, 'દિવસે દિવસે વાદળ ને રાતે રાતે તારા, આ તો ભઈ છપ્પનિયાના ચાળા.'

એવું એવું લગભગ મહિનો ચાલ્યું. શરૂઆતના વરસાદમાં જે લોકોએ બાજરો વાવેલો એમનો બાજરો તૈયાર થઈ જવા આવેલો પણ જેમણે બીજાં અનાજ કે રોકડિયા પાક નાખેલા એમના મોલ સૂકાઈ ગયા. અધૂરામાં પૂરું દિવસે તડકો ન પડે એટલે હદ વિનાની જીવાત થઈ ગયેલી. તૈયાર થયેલી બાજરીનો મોંમાં આવેલો કોળિયો પણ જીવાત ખાઈ ગઈ. લોકોએ કંટાળીને બાજરીનાં ઊભાં ખેતર ઢોરોને ખવડાવી દીધાં.

મહિના પછી તો વાદળો દેખાતાં પણ બંધ થઈ ગયાં. ક્યારેક કોઈ વાદળ આવીને એકાદ ઝાપટું નાખી જતું હતું તેથી ઘાસચારાની રાહત હતી પણ ધીમે ધીમે તો એય બંધ થઈ ગયું. દૂર દૂર ક્ષિતિજ પર વાદળ દેખાય ને ગામ લોકો ભેગાં થઈ જાય. કોઈ મોંઘેરા મહેમાનની વાટ જોતાં હોય એમ ઉત્સુક થઈને રોજ મેઘરાજાની વાટ જુએ. પણ વાદળ આથમણી બાજુથી આગળ ખસે જ નહીં ને થોડીવારે અદૃશ્ય થઈ જાય એટલે નિસાસો નાખીને લોકો માથે હાથ દઈને બેસી પડે.

એ વરસે દિવાળીના દિવસોમાં ય લોકોને ઘેર હોળી હતી. નવરાતરનો ઉત્સવ ઊજવવાનો કોઈને ઉત્સાહ ન હતો. શરદપૂનમને દિવસે ન મેળો ભરાયો કે દશેરાના દિવસે ના રાવણદહનનું સરઘસ નીકળ્યું. લોકોના મનમાં ફડક પેસી ગઈ હતી. લોકોનાં મોં પર ચિંતા અને ગમગીની બેસી ગઈ હતી. બધાંના મનમાં એક જ ચિંતા હતી કે અત્યારે આવી સ્થિતિ છે તો ઉનાળામાં શું ય થશે?

એ વરસે શિયાળામાં ચીભડાં ને પોંક ખાવા ખેતરે જવાનો અવસર સાંપડ્યો જ નહીં. વગડામાં ઊભેલાં લીલાંછમ ઝાડ પાનખર પહેલાં જ ઠૂંઠાં બની ગયાં કારણ કે એનાં લીલાં પાંદડાંના ચારાથી ગામનાં ઢોર જીવતાં હતાં. શિયાળામાં થોડાં જામફળ અને બોર વેચાયાં તો ખરાં પણ અમારા કોઈના મોં સુધી પહોંચ્યાં જ નહીં કારણ કે, અતિશય મોંઘા હતાં. એ વરસે કોઈને ત્યાં ઊંધિયાંનાં માટલાં બફાયાં નહીં, ગામમાં લગ્નો લેવાયાં નહીં ને જમણવારો થયા નહીં.

શિયાળો પૂરો થતાં પહેલાં તો ગામના તળાવમાં એકલો કાદવ જ ગંધાતો હતો. ગામમાં જે ચાર-પાંચ કૂવા હતા એમાં પાણી પણ સૂકાઈ ગયાં હતાં. દૂર દૂર ખેતરોમાં જે બે-ત્રણ કોસ ચાલતા હતા ત્યાં પાણી માટે મોટી મોટી લાઈનો લાગતી હતી. સવાર પડે અને ગામમાંથી ઘડા, બેડાં ને માટલાંની હારની હાર એ ખેતરો તરફ દોડતી થઈ હતી અને બે ત્રણ કલાક પછી લગભગ નવ-દસ વાગે પરસેવાથી પલળી ગયેલાં, હાંફતાં, થાકેલાં સ્ત્રીઓ અને પુરુષો અડધો ઘડો કે પા માટલું પાણી માથે મૂકીને અથવા કેડે ચડાવીને પાછા ફરતાં. બબ્બે મહિના સુધી ન્હાવાનું તો કોઈએ નામ જ લીધું ન હતું.

ઉનાળો આવતાં આવતાં તો લોકોની આંખે પાણી આવ્યાં. રોજ ગાડાં ભરીને ગામમાં અનાજ ઠલવાતું. સરકારે રેશનની દુકાનો પરથી બધાં કુટુંબોને જરૂર પૂરતું અનાજ તો પૂરું પાડ્યું પણ પાણિયારે ખાલી માટલામાં પાણી જ ન મળે ત્યાં. બે ત્રણ દિવસે એકવાર પચાસ કિલોમીટર દૂરથી ટેન્કર ભરીને પાણી આવતું. ગામમાં ટેન્કર આવે એટલે ઘડા ને માટલાંની કતાર લાગી જાય. અડધું પાણી તો લોકોની તકરાર અને અધીરાઈને કારણે જ ઢોળાઈ જતું.

પણ એય લાંબુ ચાલ્યું નહીં. ઢોરોના ઘાસચારાનો પ્રશ્ન વિકટ હતો. પણ એમને પીવાનાં પાણીનો પ્રશ્ન બહુ જ વિકટ હતો. ફાગણ મહિનો પૂરો થતાં થતાંમાં તો ગામ લોકોએ કમને હિજરત કરવાનો નિર્ણય કર્યો. શહેરમાં તો જવાય એમ ન હતું. ત્યાંની વસ્તી માટે જ માપસર પાણી અપાતું હતું ત્યાં અમારો સમાવેશ ક્યાં થાય ! એટલે આખરે ચારસો કિલોમીટર દૂર નર્મદા કિનારે જ પડાવ નાખવાનું નક્કી થયું.

એક વહેલી સવારે ગાડામાં ભરાય એટલી ઘરવખરી ભરીને અમને છોકરાઓને પણ ગાડામાં ચડાવ્યાં. ઘરને તાળું મારતાં મારતાં મારા ઘરડા દાદા છૂટે મોંએ રોઈ પડ્યા. આગળ આંખો લૂછતાં લૂછતાં મારા કાકાઓ, બાપાજી,કાકીઓ અને મા ચાલતાં હતાં. વચ્ચે ગાડામાં અમે આઠ-દસ છોકરાં ઘરવખરી પર બેઠાં હતાં અને પાછળ હાથમાં લાકડી સાથે દાદા અમારી બે ગાયો અને બે બકરીઓ સાથે ચાલતાં હતાં. આખું ગામ ખાલી હતું. જાણે મોટી સ્મશાનયાત્રા નીકળી હોય તેવી ખામોશી, ગમગીની અને ઉદાસી સાથે બધાં ચાલતાં હતાં. બધાં પાછું વળી વળીને દૂર દૂર રહી જતાં ગામને જોઈ લેતાં હતાં.

પછીને વરસે ચોમાસું સારું આવ્યું. અમે બધાં પાછાં અમારા ગામમાં આવ્યાં પણ નર્મદા કિનારે રહ્યાં એ દરમિયાન અમારી બે બકરીઓ, એક ગાય અને સૌથી વધુ તો અમારા શીતળ છાયા સમા દાદાજી અમે ગુમાવ્યા હતાં.

### ૯.૧૩.૩ માનવી અને કુદરત

ગુજરાતના સુપ્રસિદ્ધ કવિશ્રી ઉમાશંકરે ગાયું છે,

"અપારે જગ વિસ્તારે નથી એક જ માનવી

***પશુ છે, પક્ષી છે, પુષ્પો, વનોની છે વનસ્પતિ."***

પથ્થરયુગથી શરૂ કરીને માણસે પોતાની સગવડ, પ્રગતિ અને વિકાસ માટે કુદરતનો ઉપયોગ કર્યો છે. જંગલો, જમીન, નદી, તળાવ, સમુદ્ર, પહાડો એ બધાંની મદદથી તેણે તેના ખોરાક, રહેઠાણ વગેરેના

પ્રશ્નો હલ કરવા ઉપરાંત સલામતી, પ્રગતિ અને વિકાસના પથ ઉપરની આગેકૂચ જારી રાખી છે. અરે, એ કૂચમાં તેણે પશુ-પક્ષીઓનો પણ ઉપયોગ કર્યો છે.

માણસ પોતાના સ્વાર્થ માટે કુદરતનો અને પશુ-પક્ષીઓનો ઉપયોગ અમુક હદ સુધી કરે તેને કદાચ વાજબી ઠરાવી શકાય. પણ જ્યારે એ પ્રકૃતિતત્ત્વોનું અને પશુ-પક્ષીઓનું શોષણ પણ પોતાના સ્વાર્થ માટે કરે ત્યારે કહેવું પડે કે માનવને પોતાના અસલી સ્વાર્થની સમજ જ નથી. કુદરતીતત્ત્વોનો બેમર્યાદ-બેફામ ઉપયોગ કુદરતની સહજ સમતુલાને ખોરવી નાખે છે અને પ્રદૂષણ, રોગ અને વિનાશનો રસ્તો તૈયાર થાય છે.

આ વિચારથી પ્રેરાઈને જ કદાચ આપણા બંધારણના ઘડવૈયાઓએ બંધારણમાં પર્યાવરણ-સુરક્ષા માટેની તજવીજ કરેલી છે. તેની એક કલમમાં કહેવાયું છે, "ભારતના દરેક નાગરિકની જંગલો, તળાવો, નદીઓ, વન્યપ્રાણીઓ સહિતના કુદરતી પર્યાવરણને રક્ષવાની અને વધારે સારું કરવાની ફરજ છે તથા પશુ-પંખીઓ માટે જીવદયા રાખવાની ફરજ છે." આ જ કલમમાં આગળ વધીને કુદરતી-સંપત્તિના વિવેકપૂર્વકના ઉપયોગ અને અસરકારક સંરક્ષણની વાત કરવામાં આવી છે.

આપણા ધર્મોએ-શાસ્ત્રોએ પણ કુદરત સાથેના આપણા સુમેળભર્યા સહઅસ્તિત્વ વિશે અનેક જગ્યાએ ભારપૂર્વક જણાવ્યું છે. વનસ્પતિને, જળને, પર્વતને, જમીનને જ નહીં પણ સાપ જેવાં ઉપયોગી જીવ-જંતુને આપણા ધર્મોએ દેવોનું સ્થાન આપ્યું છે. સૂર્યદેવ, વાયુદેવ, જળદેવ એ રીતે એમની પૂજા કરવાની પરંપરા છે. આ બધાં ઉપરથી સ્પષ્ટ છે કે આપણા પૂર્વજો પણ માનવઅસ્તિત્વ માટે કુદરતની કેટલી બધી મહત્ત્વની ભૂમિકા છે તે વિશે પૂરેપૂરા જાગૃત હતા.

કુદરતને દેવ માનીને પૂજનારા આપણે જ સ્વાર્થમાં અને પ્રગતિની દોટમાં એવા આંધળા બની ગયા કે કુદરતિની સંપત્તિની ચારે બાજુ લૂંટ ચાલવા માંડી. જંગલોનો તો વિનાશ થયો જ અને ખેતી તથા રહેઠાણ માટે ખુલ્લી જમીન મેળવવા વૃક્ષો અને વનસ્પતિનું નિકંદન નીકળ્યું. જેને જળદેવતા કહી પૂજા કરતાં એ પાણીના બેફામ વપરાશ દ્વારા પાણીની કટોકટી સુધી પહોંચી ગયા. જેને વાયુદેવ ગણીને પૂજતા એ વાયુમંડળને અનેક ઉદ્યોગો સ્થાપવાની લ્હાયમાં અતિશય પ્રદૂષિત કરી મૂક્યું. આ બગાડ એટલે સુધી થયો કે પ્રદૂષણને કારણે પીવાનાં પાણીની સમસ્યા સર્જાવા માંડી અને ખેતીને પારાવાર નુકસાન થવા માંડ્યું. જમીનમાં ક્ષારીકરણની સમસ્યાઓ સર્જાઈ અને હજારો હેક્ટર જમીન બિનઉપજાઉ બની ગઈ. વાયુના પ્રદૂષણની હદ એટલે સુધી વધી કે માણસને પોતાને શ્વાસ લેવાની સમસ્યા ઊભી થઈ. દમ, બ્રોન્કાઈટિસ વગેરે અનેક રોગોએ માનવજાતને ઘેરી લીધી.

માણસે જાણી જોઈને પોતાના પગ ઉપર કુહાડો માર્યો, પોતાના જ અસ્તિત્વ સામે જોખમ ઊભું થાય એટલી હદે કુદરતી સમતુલા ખોરવી તેનો માણસજાતને મોડેમોડે અહેસાસ થયો છે. ૧૯૮૦માં 'વિશ્વસંરક્ષણ વ્યૂહરચના' (world consevation strategy) ગોઠવવામાં આવી. ભાવિ પેઢી માટે પર્યાવરણ-સંરક્ષણ અને ખેતી-ઉદ્યોગો વગેરેનો વિકાસ સમાંતર રીતે ચાલે તેની યોજના બનાવવામાં આવી. પર્યાવરણનું સંરક્ષણ અને માણસનો ભૌતિક વિકાસ પરસ્પર વિરોધી બની ગયાં હતાં તેને બદલે એ બંને પરસ્પરનાં પૂરક અને સહાયક બની રહે એવી વ્યૂહરચના ઘડવામાં આવી. માણસ કુદરતી-સંપત્તિનો ભોક્તા મટીને ભક્ષક બની ગયો છે તે વાત સમજાતાં કેટલાંક સાવચેતીનાં પગલાં સૂચવાયાં. એ પગલાંનો મુખ્ય સૂર 'કુદરત સાથેની સંવાદિતા અથવા કુદરત અને માનવનો મેળ' એ છે. કુદરતીસંપત્તિને ઉકરડામાં ફેરવી નાખનારા બધા ઉદ્યોગો તરફ લાલ આંખ કરવામાં આવી. ખાસ કરીને ભારતમાં તો ગરીબી અને વસતિ-વધારો એ બેને કારણે જ કુદરતી-સંપત્તિનું નિકંદન નીકળે છે તે તરફ ખાસ ધ્યાન આપવામાં આવ્યું.

કુદરતી-સંપત્તિનો વિવેકપૂર્વકનો ઉપયોગ કઈ રીતે થઈ શકે તે માટેનાં કેટલાંક સૂચનો કરવામાં આવ્યાં. દા.ત. માણસને પ્રગતિ અને વિકાસ માટે વીજળી તો જોઈએ. અત્યારે વીજળી મેળવવા માટે કોલસાનો, ખનીજતેલનો, પાણીના પ્રવાહનો અને અણુવિભાજનનો વગેરે જાણીતા રસ્તાઓ છે. કોલસામાંથી વીજળી મેળવવા જતાં વાયુ-પ્રદૂષણ અને રખ્યાના ઢગલાની સમસ્યાઓ વધે છે. એને બદલે સૌર-ઊર્જા

(એટલે કે સૂર્યના પ્રકાશમાંથી વીજળી મેળવવી) અને પવનચક્કીઓની મદદથી વધુને વધુ વીજળી મેળવવાના પ્રયત્નો આરંભાયા. પાણીના બચાવ માટે તેને વારંવાર ચોખ્ખું કરીને ફરી ફરીને વાપરવા માટેની રીતો શોધાઈ. ઉદ્યોગો અને વાહનોને કારણે થતાં વાયુપ્રદૂષણને રોકવા વિજ્ઞાને યંત્રોમાં ફેરફારો શોધી કાઢ્યા. 'કુદરતી-સંપત્તિનો ઓછામાં ઓછો વપરાશ' એવી ઊંધી દિશામાં જવાને બદલે એ સંપત્તિનો ઓછામાં ઓછું નુકસાન થાય એ રીતે વધુમાં વધુ વપરાશની રીતો શોધાવા માંડી. જેટલું વાપરીએ એ કરતાં બે-ત્રણ ગણું કુદરતી સંપત્તિમાં ઉમેરાય એ રીતે વાપરીએ એ માટેની તરકીબો અમલમાં આવી. જમીનને વધુમાં વધુ સેન્દ્રિય ખાતરના ઉપયોગથી વધુને વધુ ફળદ્રુપ બનાવવા માટેના ઉપાયો અજમાવાયા. સમગ્ર ટેક્નોલોજીની દિશા પર્યાવરણ-સંવાદ અને પર્યાવરણ સંરક્ષણ તરફની થવા માંડી.

આ જાગૃતિ માનવજાતના ભવિષ્ય માટે અત્યંત જરૂરી છે. આ જાગૃતિ વધારે ફેલાય અને તે પ્રમાણે માણસ અને કુદરતનો તાલમેળ વધુને વધુ સધાય તો જ માનવજાતનું ભાવિ ઊજળું છે. નર્મદના શબ્દોમાં કહીએ તો હવે 'દિસે અરુણું-પ્રભાત'

નોંધ : આ જ નિબંધની સામગ્રીને 'પર્યાવરણ સંરક્ષણ', 'યંત્રોની વિનાશક દોડ', 'પ્રદૂષણની સમસ્યાઓ', 'વિકસતા દેશોમાં વિકાસની આડઅસર, 'વૈકલ્પિક કુદરતી સંપત્તિ', 'કુદરતી સંપત્તિના વિકલ્પો' વગેરે જેવા નિબંધોમાં થોડા ફેરફાર સાથે વાપરી શકાય.

### ૯.૧૩.૪ ચોમાસાની ઋતુમાં

આમ તો છ ઋતુ ગણાઈ છે - વસંત, ગ્રીષ્મ, વર્ષા, શરદ, હેમંત અને શિશિર પરંતુ આપણે સામાન્ય રીતે ત્રણ ઋતુનો અનુભવ કરીએ છીએ. શિયાળો, ઉનાળો અને ચોમાસું. સામાન્યરીતે અષાઢ, શ્રાવણ, ભાદરવો અને આસો એ ચાર ભારતીય મહિનાઓ ચોમાસાના - ચાર માસમાં પડતા વરસાદના ગણાય છે. ચોમાસું શબ્દનો અર્થ ચો એટલે ચાર અને માસું એટલે માસ (મહિનાઓ)નો સમૂહ. ભારત કૃષિપ્રધાન દેશ હોવાને કારણે વરસમાં ખરેખરા ઉપયોગી અને તેથી મહત્ત્વના ચાર માસ તો ચોમાસાના જ તેથી તે ચાર માસના સમૂહને ચોમાસું નામ આપ્યું બાકી તો ઠંડી કે ગરમીની ઋતુના ચાર માસને પણ ચોમાસું નામ આપી શકાય.

ભારતની પ્રજા મુખ્યત્વે શાકાહારી હતી. આર્યો વગેરે બહારથી આવ્યા. તેઓ માંસાહાર કરતા પણ ભારતમાં આવી એ લોકો પણ મોટેભાગે શાકાહારી થઇ ગયા. શાકાહારી પ્રજાને ખોરાક માટે અનાજ ઉપર જ વધારે આધાર રાખવો પડે. ભારતની આબોહવા અને જમીન પણ એવી કે અહીં ફળ, શાક, અનાજ ઘણાં થાય. નદી કિનારાના પ્રદેશો પણ ઘણા તેથી શરૂમાં તો પ્રજા નદીકિનારે રહેતી એટલે જોઈએ ત્યારે પાણી મળે અને ખેતી બારેમાસ થતી. પણ પ્રજા વધતી ગઈ અને જંગલો કાપી મેદાનો વધતાં ગયાં, ખેતરો વધતાં ગયાં તેમ તેમ ભારતની ખેતી આકાશી ખેતી થઈ ગઈ. આકાશી ખેતી એટલે આકાશ ઉપર આધાર રાખનારી ખેતી. વરસાદ પડે અને વાવેલાં અનાજ ઊગી નીકળે. આ કારણે વરસાદની ઋતુનું સૌથી વધુ મહત્ત્વ ભારતીય સંસ્કૃતિમાં જોવા મળે છે.

ભારતીય સંસ્કૃતિમાં ચોમાસાની ઋતુનું સૌથી વધુ મહત્ત્વ છે એનો પુરાવો એના ધર્મમાંથી મળે છે. મોટાભાગના તહેવારો-ઉત્સવો આ ઋતુમાં આવે છે. વરસાદનો દેવ ઈન્દ્ર સૌથી મોટો દેવ ગણાય છે. સંસ્કૃત સાહિત્યમાં જ નહીં પરંતુ બધી ભારતીય ભાષાઓમાં સૌથી વધુ કવિતા વસંત ઉપર નહીં, વર્ષા ઉપર લખાઈ છે. વસંતને ઋતુરાજ કહ્યો છે તો વર્ષાને રાણી કહી છે. સૌ જાણે છે કે રાજાનું જે કંઈ મહત્ત્વ હોય છે તે રાણીને કારણે હોય છે. સંસ્કૃતના મહાકવિ કાલિદાસે વર્ષા અને મેઘને કેન્દ્રમાં રાખીને 'મેઘદૂત' નામનું લાંબુ સુંદર કાવ્ય લખ્યું છે.

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં કહ્યું છે કે યજ્ઞથી વરસાદ આવે છે. વરસાદથી અન્ન પાકે છે અને અન્નથી આપણે જીવીએ છીએ. 'અન્ને નભતો સઘળો સંસાર' આ જ કારણે વૈશાખ-જેઠના આકરા તાપને સહન કરીને પોતાના ખેતરો ખેડીને એમાં ખાતર વગેરે નાખીને જગતનો તાત વરસાદની-ચોમાસાની વાટ જોતો પોતાના ઘરના આંગણામાં બેઠો હોય છે. અષાઢ આવતાં જ મોરલાની સાથે જ એનું મન પણ મહેંકી ઊઠે છે. દૂર-દૂરથી દેખાતાં, પાણી ભરીને આવતાં કાળાં ગાઢ વાદળો તેના અન્નદાતા હોય એવો આનંદ એને

વ્યાપી જાય છે. પહેલો સારો વરસાદ થતાં જ એ ઢીંચણસમાણા પાણીમાં અથવા પગ ખૂંપી જાય એવા ગારામાં હળ લઈને વાવણી માટે નીકળી પડે છે. વરસાદ જ એની કોરીધાકોર ઉજ્જડ ધરતીને અને તેના હૈયાને પણ નવપલ્લવિત કરી દે છે, હરીભરી કરી દે છે. શ્રાવણ આવતાં ખેતરોમાં ઝૂમી ઉઠેલા મોલને જોઈને એનું હૈયું ઝૂમી ઊઠે છે અને ઉત્સવોનો દોર શરૂ થાય છે. નાગપાંચમ, રાંધણછઠ, શીતળાસાતમ, જન્માષ્ટમી, દુર્ગાનોમ, રક્ષાબંધન એમ સળંગ તહેવારોને એ ઉત્સાહપૂર્વક ઉજવે છે. પાક તૈયાર થતાં એ નાચી ઊઠે છે અને આ બધું પૂર્વજોના પુણ્યરૂપે મળ્યું છે. તેમ માની પૂરા ભાદરવાના પંદર દિવસ તેમનું તર્પણ કરી તેમને મિષ્ટાન્ન જમાડે છે. એના હૃદયના નૃત્યને એના પગના ઠેકાનો તાલ મળે છે. નવરાત્રિના નવ દિવસો એ મા અન્નપૂર્ણાની, મા આદ્યશક્તિની પૂજા નિમિત્તે પોતાના આનંદને ઢોલ અને તાસાંના તાલ સાથે ઝૂમી-ઝૂમીને વ્યક્ત કર્યા વિના રહી શકતો નથી. દશેરાને દિવસે આસુરી વૃત્તિના રાવણનું દહન કરીને માણસાઈના વિજયને ઉજવે છે. પાક ખળામાંથી ઘેર આવતાં શરદપૂનમનો ઉત્સવ આખી રાત શીતળ પવિત્ર ચાંદનીમાં ઉજવે છે. દીવાઓના પર્વની તો વાત જ શી ? ભાઈબીજ સુધીના ઉત્સવને નવા વરસના સ્વાગતરૂપે એ વધાવે છે.

આટલા બધા આનંદોત્સવની સામે કેટલીક ભૌતિક અગવડો ચોમાસાને કારણે એણે ભોગવવી પડે છે. કાદવ-કીચડ તો ખરાં જ પણ મચ્છર, ચાંચડ, જીવજંતુઓ વગેરેનો ઉપદ્રવ, અનેક રોગોનું આગમન અને સૌથી વધુ તો દુકાળ અથવા ભારે વાવાઝોડા અને પૂરની કુદરતી આફતોનો સામનો તેને આ ઋતુમાં જ કરવો પડે છે. પણ માણસને ઈશ્વરે બુદ્ધિ અને હાથ આપ્યા છે. એનો સરસ ઉપયોગ કરીને આ બધી સગવડોનો તે સામનો કરતાં શીખી ગયો છે. પાકા રસ્તાઓ બાંધીને અને ચોમાસાના પાણીનો યોગ્ય નિકાલ કરીને કાદવ-કીચડમાંથી એ બચે છે. મચ્છરદાની તો જૂની વાત ગણાય પણ જાત જાતની દવાઓથી એ ઝેરી જીવજંતુઓને દૂર રાખે છે. નદીઓ ઉપર બંધો બાંધીને સિંચાઈ યોજનાઓ કરીને દુકાળ અને પૂરના ભયને એ ટાળવા પ્રયત્નશીલ છે. તો વાવાઝોડા જેવી આફતો આવવાની સચોટ આગાહીઓ કરી શકાય તેવાં યંત્રો બનાવી એ આફતોથી બચવાના ઉપાયો પણ તેણે શોધી કાઢ્યા છે.

એક જમાનામાં ચોમાસાને કેટલાક કરત (ખરાબ ઋતુ) કહેતા અને શિયાળા જેવી ઋતુ થઈ નથી એમ શિયાળાની દુહાઈ દેતા હતા, પરંતુ ભૂતકાળમાં જોઈએ તો પણ અને આજે જોઈએ તો પણ વર્ષાઋતુ જ - ચોમાસું જ માણસને અતિઉપયોગી અને અતિઆનંદ આપનાર છે. કદાચ નાનાલાલ જેવા કવિએ એટલે જ ગાયું હશે. 'ઝીણા ઝરમર વરસે મેહ કે ભીંજે મારી ચુંદલડી'

### ૯.૧૩.૫ વિજ્ઞાનથી વિકાસ કે વિનાશ ?

આ જગત અને જીવસૃષ્ટિની ઉત્પત્તિ અને અસ્તિત્વ વિશે અભ્યાસ કરવાનું કામ તત્ત્વજ્ઞાન કરે છે. તો આ જગત અને જીવસૃષ્ટિ વધુને વધુ વિકાસ કઈ રીતે કરે ? વધુ અને વધુ સુખ-સગવડો કઈ રીતે મેળવે તેની વિચારણા અને અભ્યાસ કરવાનું કામ વિજ્ઞાન કરે છે.

આ જગત કોઈ વ્યવસ્થા પ્રમાણે ચાલે છે. એ વ્યવસ્થા કઈ છે ? એ વ્યવસ્થાનો પોતાના લાભમાં વધુમાં વધુ ઉપયોગ કઈ રીતે કરી શકાય ? એવી બધી બાબતોનો અભ્યાસ વિજ્ઞાન કરે છે. નિયમિત વ્યવસ્થાના ભાગરૂપે ઋતુચક્ર ચાલે છે, વનસ્પતિ-જીવજંતુઓ-પશુ-પંખીઓ અને માનવ જીવનનું જન્મ-મરણનું ચક્ર ચાલે છે. તો એ કઈ રીતે ચાલે છે. વગેરેના અભ્યાસમાંથી વિજ્ઞાન આગળ વધ્યું છે. વરસાદ કઈ રીતે પડે છે ? અનાજ કઈ રીતે ઊગે છે ? વૃક્ષો કઈ રીતે ફળ આપે છે ? દરિયામાં ભરતી-ઓટ કઈ રીતે આવે છે ? અગ્નિ કઈ રીતે પ્રગટે છે ? આવા આવા સામાન્ય લાગતા પ્રશ્નોના ઉત્તરો શોધતાં વધુને વધુ અનાજ કઈ રીતે ઊગી શકે ? કૃત્રિમ વરસાદ કઈ રીતે વરસાવી શકાય ? પંખીની જેમ મોટા મકાન જેવું વિમાન કઈ રીતે આકાશમાં ઊડી શકે ? ઉનાળામાં પણ શિયાળા જેવું ઠંડું ઘર રાખવું હોય તો વિજળી કઈ રીતે ઉપયોગમાં આવે ? એવી એવી સગવડોની શોધ સુધી વિજ્ઞાન પહોંચ્યું છે.

છેલ્લા સો વર્ષમાં વિજ્ઞાને માનવ-વિકાસનાં અનેક સોપાનો સર કર્યાં છે. પહેલા જેવી દુકાળની સમસ્યા રહી નથી. નદીઓ ઉપર બંધો બાંધીને પાણીની સમસ્યાઓનો લગભગ કાયમી અંત આવી ગયો છે. રણોને આગળ વધતાં અટકાવીને માણસે વિજ્ઞાનની મદદથી ફળદ્રુપ જમીનને વધુને વધુ ફળદ્રુપ કઈ રીતે કરી શકાય તેની શોધ કરી છે. સૌથી વધુ તો અનેક અસાધ્ય રોગો ઉપર વિજય મેળવીને માણસની

સરેરાશ જીવનયાત્રાને પહેલા કરતાં ઘણી લાંબી બનાવી છે.

આ બધું તેણે કઈ રીતે કર્યું? દાખલા તરીકે આજથી પચાસ વર્ષ પહેલાં બાળમરણનું પ્રમાણ ઘણું મોટું હતું. નાનપણમાં જ બાળક, ઓરી, ઉંટાટિયું, ડિપ્થેરિયા જેવા કોઈને કોઈ ચેપી રોગનો શિકાર બનીને બાલ્યાવસ્થામાં જ મરણને શરણ થતું અથવા કાયમમાટે અપંગ થઈ જતું. આજે સ્થિતિ બદલાઈ છે. વિજ્ઞાને આ બધા ચેપી રોગો સામે રસી શોધી કાઢી છે. અને ભારત જેવા વિકાસશીલ દેશમાં પણ રાષ્ટ્રીય રસીકરણ ઝુંબેશ દ્વારા આ બધા રોગો લગભગ નામશેષ થઈ ગયા છે. જો કે આજે પણ ભારતમાં દરેક મિનિટે એક માણસ ક્ષયને કારણે મૃત્યુ પામે છે. પણ દસેક વર્ષમાં એની સંખ્યા નહિંવત થઈ જવાની ધારણા છે. માણસનું હૃદય, કીડની અને ઘૂંટણના સાંધા જ નહીં પરંતુ તેનું લિવર બદલવાની શોધ પણ આ વિજ્ઞાને કરી છે. ભારતનો દરદી ભારતમાં બેઠાં બેઠા અમેરિકાના ડોક્ટરની સારવાર લઈ શકે છે.

વિજ્ઞાન આકાશને આંબી શક્યુ છે. ચંદ્ર ઉપર તેનું યાન પહોંચ્યુંએ વાત તો હવે જૂની ગણાય. ચંદ્ર ઉપર તો હવે લોકો પ્લોટો પણ ખરીદવા માંડ્યા છે. ત્યાં ક્યાં ખનિજ છે, કઈ સમૃદ્ધિ છે, તેનો અભ્યાસ થઈ રહ્યો છે. મંગળ ઉપર પણ સવારી પહોંચી છે. આખી પૃથ્વી એક નાનકડા ગામ જેવી થઈ ગઈ છે. દુનિયાના ગમે તે ખૂણેથી ગમે તે ખૂણા સુધી સીધી વાતચીત થઈ શકે છે. એક સ્થળેથી બીજે સ્થળે વધુમાં વધુ તીસ-ચાલીસ કલાકમાં પહોંચી શકાય છે. લોકો ઘરમાં બેઠા બેઠા ગમે તે ચીજ-વસ્તુ પસંદ કરીને વાજબી અથવા હરિફાઈના ભાવે ખરીદી શકે છે. ઈ-કોમર્સની જેમ ઈ-ગવર્નન્સ શરૂ થતાં નાના ગામડાના લોકો પોતાના પ્રશ્નોના ઉકેલ ગાંધીનગરમાં બેઠેલા પ્રધાનની સાથે વાત-ચીત કરીને લાવી શકે છે. કમ્પ્યુટરને કારણે માહિતીની આપ-લે હવે સાવ સરળ થઈ ગઈ છે.

હવે લોકોને ત્રીજે-ચોથે માળ જવા માટે પાંત્રીસ-ચાલીસ પગથિયાંના દાદરા ચડવા પડતા નથી. લીફ્ટ તૈયાર હોય છે. હવે રિઝર્વેશનમાટે લોકોને રેલ્વે પ્લેટફોર્મ ઉપર ટિકિટ-બારીની સામે લાઈન લગાવવી પડતી નથી. ઓસ્ટ્રેલિયા અને અમેરિકાનાં તાજાં ફળ ભારતનાં ગામડાંમાં વેચાતાં મળે છે અને ભારતના ગામડામાં ઊગેલાં ફૂલો અને કેરીઓ આખી દુનિયાના બજારોમાં વેચાય છે.

વિજ્ઞાને જેટલી સગવડો ઊભી કરી છે. એટલું પ્રદૂષણ વધ્યું છે. વીજળી ઉત્પાદન માટે કોલસાનો ઉપયોગ કર્યો તો તેની રાખના દરિયાનું શું કરવું એ સમસ્યા આખી દુનિયાને સતાવે છે. વાહનવ્યવહાર માટે ડિઝલ અને પેટ્રોલનો ઉપયોગ કર્યો તો તેના ધુમાડાને કારણે શહેરોમાં રહેતા લોકોને શ્વાસના અનેક રોગો થયા છે. કારખાનાંઓ ઢગલાબંધ ઉત્પાદન કરે છે. પરંતુ તેનાં યંત્રોના ચાલવાને કારણે જે અવાજ થાય છે તે અનેક લોકોના કાનની બહેરાશનું કારણ બને છે. મીલોમાં ઢગલાબંધ કાપડ વણાવા માંડ્યું પણ ત્યાંનું કાયમ ભેજવાળું હવામાન અને રૂની પૂમને કારણે અનેક લોકો નિવૃત્ત થયા પહેલાં જ દમ અને ક્ષયના દરદી બનીને મૃત્યુ પામે છે. પ્લાસ્ટિક ઉદ્યોગે અનેક ચીજ-વસ્તુઓનો ખડકલો કરી દીધો અને બજારમાં કંઈપણ ખરીદવા જવું હોય તો થેલી લીધા વિના જ જઈ શકાય છે. પરંતુ એ પ્લાસ્ટિક-વેસ્ટને કારણે જે કચરો થયો છે તે લાખો લોકોની જિંદગી માટે ખતરો બની ગયો છે. એવું અણુ-કચરાનું પણ થયું છે. અણું-વિભાજનથી વિજળી વગેરેનું ઉત્પાદન અનેકગણું સસ્તું થઈ શક્યું છે. પરંતુ ચર્નોબિલ જેવી મોટી દુર્ઘટનાઓ થઈ શકે છે. ભારતમાં થયેલી ભોપાલગેસ દુર્ઘટના પણ વિજ્ઞાનનો વિનાશક અને મહાસંહારક ચહેરો બતાવી ગઈ હતી.

આ તો વિજ્ઞાનને કારણે સહજરૂપે, તેની આડઅસરરૂપે જોવા મળતી વિનાશકતાની વાત થઈ પરંતુ વિજ્ઞાનના દુરૂપયોગને કારણે જે મહાવિનાશકતા બીજા વિશ્વયુદ્ધમાં અને હમણાં થોડા વરસ પહેલાં ઈરાકના યુદ્ધમાં જોવા મળી છે તેનો ઇતિહાસ તાજો છે. માણસની સ્વાર્થવૃત્તિનો , લોભવૃત્તિનો અને અહંવૃત્તિનો જોટો જડે એમ નથી. પોતાના સ્વાર્થમાટે શાસકોએ વિજ્ઞાનની મદદ લઈને અનેક શસ્ત્રો બનાવ્યા છે જે મહાસંહાર કરી શકે છે. માણસે વિજ્ઞાનની મદદથી ધનુષ્યથી લઈ બંદૂક, તોપ, બોમ્બ અને અણુબોમ્બ-હાઈડ્રોજન બોમ્બ સુધીનાં શસ્ત્રો વિકસાવ્યાં. એની હિંસાખોરી એટલેથી અટકી નહીં. એણે જોયું કે એક અણુબોમ્બ તો નાગાસાકી કે હીરોશીમાં જેવા એકએક શહેરનો જ માત્ર નાશ કરી શકે છે. પણ આખી પ્રજાનો-આખા દેશનો નાશ કરી શકે તેવાં જીવાણુશસ્ત્રો વિકસાવવાની હોડમાં તે ઉતર્યો છે. એને ખબર છે કે જે ખાડો ખોદે છે તે જ એમાં પડે છે. અને એ પણ ખબર છે કે 'વેરથી ન શમે વેર, પ્રેમથી

જ શમી શકે' છતાં એનું યુદ્ધખોર માનસ વિજ્ઞાનની મદદથી નવાં ને નવાં શસ્ત્રો વિકસાવતું જ જાય છે. એ નવાં નવાં શસ્ત્રો શોધે છે એટલે તેના શત્રુઓ પણ નવાં નવાં શસ્ત્રો શોધે છે. ક્યારેક તો એવું બને છે કે તેણે જ શોધેલાં શસ્ત્રોથી તેનો જ પોતાનો નાશ થાય છે. માણસની વિનાશકવૃત્તિ ભસ્માસૂર બનીને તેનો જ સંહાર કરે છે. તેની જાણ હોવા છતાં તે ઈતિહાસમાંથી કશો બોધપાઠ લઈ શકતા નથી.

ટૂંકમાં એટલું જ કહી શકાય કે વિજ્ઞાન પોતે વિકાસને રસ્તે લઈ જતું નથી કે વિનાશની ખાઈમાં માનવજાતને ધકેલતું નથી. વિજ્ઞાન તો આખરે વિજ્ઞાન છે. તેનો ઉપયોગ કરનારના હાથમાં છે કે તેનો ઈરાદો કેવો છે ? એ દૈવીસંપત્તિ ધરાવનારો સત્ત્વગુણી માનવ બનીને વિજ્ઞાનનો માનવ વિકાસમાં ઉપયોગ કરી શકે છે તો એ જ માણસ અસુરી સંપત્તિ ધરાવનાર રાજસી અને તામસી માનવ બનીને વિજ્ઞાનના ઉપયોગથી પોતાનો અને આખા વિશ્વનો વિનાશ નોતરી શકે છે.

## ૯.૧૪ તમારી પ્રગતિ ચકાસો

**નીચેના વિષે નિબંધ લખો.**

૧. માનવતા એજ મહાધર્મ
૨. શિક્ષકનું કર્તવ્ય
૩. રાજકારણ અને કોમવાદ
૪. વૈશ્વિકીકરણ
૫. શહેરીકરણ
૬. સુનામીની સફર
૭. પ્લેગના રોગનું તાંડવ
૮. મ્યુ. કોર્પોરેશનની ચૂંટણી
૯. બાળકો અને વિડીયો ગેમ
૧૦. ટી.વી. - મનોરંજન કે મનોમંથન ?
૧૧. ફાટેલા છાપાની આત્મકથા
૧૨. નિવૃત્ત નેતાની આત્મકથા
૧૩. નિવૃત્ત અમલદારની આત્મકથા
૧૪. પૂનમની રાતે નૌકાવિહાર
૧૫. પાનખર અને વસંત

# પરિશિષ્ટ

૧. સમાનાર્થી અને અંશતઃ સમાનાર્થી શબ્દો :

(આમાં મોટાભાગના શિષ્ટ અને કેટલાક તળપદા શબ્દો છે.)

માતા - જનની, બા, મા, મમ્મી, માત

પત્ની - ભાર્યા, બૈરી, વહુ, અર્ધાંગિની ધણિયાણી

જુસ્સો - જોશ, જોમ, બળ ઊભરો, તાકાત

વ્યોમ - આકાશ, ગગન, આભલું, આસમાન

નયન - આંખ, ચક્ષુ, નેત્ર, નેણ

વિશ્રામગૃહ - મુસાફરખાનું, પથિકાશ્રમ, ધર્મશાળા, સરાય

શિલા - પથ્થર, પાષાણ, પાણો, પથરો

મનુષ્ય - માનવી, માણસ, મનખા, અવતાર, મનખો, મનુજ

મોહ - અજ્ઞાન, મૂર્છા, ભ્રમ, આસક્તિ

આશા - અપેક્ષા, ઉમેદ, અભિલાષા

કજિયો - ઝઘડો, કંકાસ, તકરાર, ટંટો

અવાજ - શોર, ઘોંઘાટ, ધ્વનિ, સાદ

સુવાસ - ફોરમ, મહેક, સુગંધ, સૌરભ

પિતા - બાપ, પપ્પા, બાપા, જનક

પૃથ્વી - ધરતી, વસુધા, વસુંધરા

જૂનું - પુરાણું, પ્રાચીન, જીર્ણ, જર્જરિત

સ્વામી - પતિ, કંથ, ધણી

વિશ્વ - જગત, સંસાર, દુનિયા

હોશિયાર - નિપુણ, કુશળ, પ્રવીણ

માટી - ધૂળ, માટોડી, મટોડી

દિવસ - દી, દહાડો, દિન

પાસે - પડખે, નજીક, બાજુમાં

દેવું - લહેણું, કરજ, ઋણ

રોગ - દર્દ, વ્યાધિ, મરજ

ડરપોક - બીકણ, કાયર, ભીરુ

ચાલવું - જવું, ખસવું, ગતિ કરવી

અચાનક - એકાએક, ઓચિંતું, સફાળું

બાહુ - હસ્ત, હાથ, ભુજા

દોસ્ત - મિત્ર, ભાઈબંધ, ભેરુ

માર્ગ - રસ્તો, પથ, રાહ

રજની - રાત્રિ, નિશા, રાત

મુસાફર - વટેમાર્ગુ, પથિક, રાહી

મૃત્યુ - મરણ, મોત, અવસાન

હોડી - નૌકા, નાવ, હોડકું

નારી - સ્ત્રી, નાર, મહિલા, બાનુ

ચિંતન - મનન, અભ્યાસ, અનુશીલન

દેવલોક - અમરલોક, સ્વર્ગ, ઈન્દ્રપુરી

અવતાર - ઈશ્વર, દેવ, ઈશ

વિપુલ - પુષ્કળ, ઘણું, વધારે

પ્રણાલિકા - પરંપરા, રૂઢિ, રિવાજ

સમાનત્વ - સમાનતા, સરખાપણું, ઊંચનીચના ભેદનો અભાવ

કુદરતી - પ્રાકૃતિક, સહજ, સ્વાભાવિક

આલેખવું - દોરવું,ચીતરવું, લખવું

નુકસાન - ખોટ, ગેરલાભ, ઘટ, હાનિ

સૂચવવું - જણાવવું, બતાવવું, દેખાડવું.

કાળજી - ચીવટ, તકેદારી, સાવચેતી

ધન - સંપત્તિ, દ્રવ્ય, દોલત.

કામદાર - મજૂર, શ્રમજીવી, શ્રમિક

ધમાલ - તોફાન, ધાંધલ, ધમાચકડી

ફાંફડો - દેખાવડો, રૂપાળો, લહેરી

કેળવાવું - ટેવાવું, ઉછેરાવું, પલોટાવું

સિનેમા - ટોકીઝ, ફિલ્મ, બોલપટ

મૂલ - વળતર, કિંમત, બદલો

ભ્રાતૃત્વ - મિત્રતા, ભાઈચારો, બંધુત્વ

અન્ન - અનાજ, ખોરાક

નિર્ભય - નીડર, બહાદુર

અનોખું -વિલક્ષણ, અપૂર્વ

પત્ર - ચિઠ્ઠી, કાગળ

આજીવન - આમરણાંત

કર્મ - કરમ, કામ

વિમુખ - વિરુદ્ધ, પ્રતિકૂળ

લાકડી - લાઠી, ડાંગ, સોટી
અભિમાન - ગર્વ, અહં, અહંકાર
આનંદ - ઉલ્લાસ, હર્ષ, હરખ
ઢોર - જાનવર, પશુ, પ્રાણી
રક્ત - શોણિત, લોહી, ખૂન, રુધિર
જુહાર - પ્રણામ, નમસ્કાર, સલામ
વેગ - ગતિ, ચાલ, ઝડપ
સૂર્ય - ભાસ્કર, રવિ, દિવાકર
વન - જંગલ, અરણ્ય, રાન
પક્ષી - પંખી, પંખીડું, પંખેરું
ડુંગર - પર્વત, ટેકરી
દીકરો - પુત્ર, બેટો
સાગર - દરિયો, સમુદ્ર
અગ્નિ - આગ, અંગારા
દીન - ગરીબ, રંક
સરોવર - તળાવ, જળાશય
ઊંડા - ગહન, ગૂઢ
પાન - પર્ણ, પાંદડું
તેજ - તેજસ, પ્રકાશ
ઇચ્છા - મનીષા, મહેચ્છા, ઉમેદ, કોડ
ભાષા - ગિરા, (વાણી)
હાથી - ગજ, હસ્તી
સોનું - સુવર્ણ, કંચન
પાથેય - ભાથું, ભાતું
હોલવવું - બુઝવવું, ઠારવું
કઠિન - મુશ્કેલ, અઘરું
ઘાંટો - બૂમ, સાદ
સ્થાન - જગ્યા, ઠેકાણું
ઉર - હૃદય, દિલ, હૈયું
ચીર - વસ્ત્ર, કપડાં
ચંદ્ર - ચાંદો, શશી
વાયુ - પવન, સમીર, અનિલ
દીવો - દીપક, દીપ
ઝીલવું - પકડવું, ઝડપવું
મરીઝ - દરદી, રોગી
ઔષધ - દવા, ઓસડ
તણખલું - તરણું, તૃણ
સીમ - ભાગોળ, સીમાડો
અવતાર - જનમ, જન્મારો
રજા - પરવાનગી, સંમતિ
ભરપાઈ - ચૂકતે, સંપૂર્ણ પતાવટ
વેદના - પીડા, દુઃખ
ટળવળવું - વલખાં, તરફડિયાં
ટોચ - શિખર, મથાળું
સરોવર - તળાવ, જળાશય
ભણવું - અભ્યાસ કરવો, શીખવું
અફસોસ - પસ્તાવો, દિલગીરી
સાડલો - સાડી, સાલ્લો
ભૂલવું - વિસરી જવું, ચૂકવું
સંભારવું - યાદ કરવું, સ્મરવું
વાપરવું - ખર્ચવું, ભોગવવું
હોટેલ - લોજ, વીશી
બળવું - દાઝવું, સળગવું
હસવું - સ્મિત, મુસ્કરાવું
જીવન - જિંદગી, આયુષ્ય, આયખું
ફૂલ - કુસુમ, પુષ્પ
ધ્યેય - નિશાન, લક્ષ્ય
ક્ષણ - ઘડી, પળ
ગમવું - ગોઠવું, પસંદ પડવું
ઝુલ્ફ - જટિયાં, લટ
શ્વેત - સફેદ, ધોળું
પરોઢ - પ્રભાત, સવાર
ભાગ - અંશ, હિસ્સો
પ્રજા - જનતા, લોકો
ક્રોધ - રોષ, ગુસ્સો
શુદ્ધ - ચોખ્ખું, સ્વચ્છ
કાવ્ય - કવિતા, પદબંધ
પંક્તિ - લીટી, હાર
શિર - મસ્તક, માથું
તિમિર - અંધકાર, અંધારું
પુસ્તક - કિતાબ, ચોપડી
શરીર - કાયા, તન
દુશ્મન - શત્રુ, વેરી
નિકટ - પાસે, નજીક
અશ્વ - ઘોડો, તુરંગ
ખાવું - જમવું, ભોજન કરવું

કિનારો - કાંઠો, તટ
આસપાસ - ચોપાસ, આજુબાજુ
શરમ - લજ્જા, શેહ
ઝાંપો - દરવાજો, દ્વાર, કમાડ, ડેલી
પ્રતિષ્ઠા - આબરુ, શાખ
માંડવો - મંડપ, ચંદરવો
મગજ - ભેજું, ચિત્ત
બાગ - ઉદ્યાન, બગીચો
વર્તમાનપત્ર - દૈનિકપત્ર, સમાચારપત્ર
ઢોંગ - દંભ, આડંબર
શીલ - ચારિત્ર્ય, શિયળ
વિવેક - નમ્રતા, વિનય
નસીબ - ભાગ્ય, કિસ્મત
વાચાળ - બોલકણો, બોલકો
ઓળખીતા - પરિચિત, જાણીતા
પાણી - જલ, નીર
કરુણા - દયા, અનુકંપા
શિશુ - બાળક, છોકરું
વ્યર્થ - નકામું, નિરર્થક
આગળ - મોખરે, પહેલાં
ચિતારો - ચિત્રકાર
શિયાળો - શિતકાલ
ઘડો - ઘટક
વાડી - વાટિકા
કાન - કર્ણ
સાકર - શર્કરા
વાત - વાર્તા
સાંજ - સંધ્યા
વીજ - વિદ્યુત
ઉન્નત - ઊંચા
શૈશવ - બાળપણ
દરમિયાનગીરી - દખલ
ખોવું - ગુમાવવું
મેઘ - વરસાદ
ટપકવું - ચૂવું
આભાસ - ભ્રમ
ચાલવું - જવું
રચવું - બનાવવું
ગિરિમાળા - પર્વતમાળા
વૃક્ષ - ઝાડ
પંખો - વીંજણો
ભ્રમર - ભમરો, મધુકર
વાદળ - મેઘ
શારદા - સરસ્વતી
સિંહ - વનરાજ
શેતાન - બદમાશ
કુંવારો - અવિવાહિત
પરાજય - હાર
મહેમાન - પરોણો
મોં - મુખ, ડાચું
ખીર - ક્ષીર
ઓચ્છવ - ઉત્સવ
હાથ - હસ્ત
મસ્તક - માથું, ભોડું
સાથિયો - સ્વસ્તિક
આજ - અદ્ય
શિયાળ - શૃગાલ
સૈયર - સહિયર, સહચરી, સખી, બહેનપણી
ખંજર - કટાર
અર્વાચીન - આધુનિક
સવાલ - પ્રશ્ન
મોલ - પાક
ઝેર - વિષ
રડવું - રોવું
બળવાન - તાકાતવાન
સદૈવ - હંમેશાં
લાંબું - દીર્ઘ
સ્વજન - આપ્તજન
ક્ષય - ટી.બી.
ખીલવું - વિકસવું
ઉત્તમ - શ્રેષ્ઠ
કોડભરી - ઉમંગભરી
નિંદ્રા - ઊંઘ, નીંદ, નીંદર
દેખવું - જોવું
ધૈર્ય - ધીરજ
ભીંત - દીવાલ, કરો

વંટોળ - વાવાઝોડું
પર્વત - ડુંગર
સુખી - સંતોષી
પ્રસરવું - ફેલાવું
પાઘડી - ફેંટો, માથાબંધણું
છોડવું - ત્યજવું, મૂકી દેવું
ચોંટાડવું - લગાડવું
વિયોગ - વિરહ
વખાણ - પ્રશંસા
મીઠું (મીઠાશ) - ગળ્યું (ગળપણ)
નિશ્ચય - નિર્ણય
માંદું - બીમાર
દાખલ - પ્રવેશ
સ્વતંત્રતા - આઝાદી
પ્રવાહ - વહેણ
શેરી - પોળ
ટાઢ - ઠંડી
હેડ - જેલ, કેદ
ફોલ્લા - ઝળેળા, ઝરેખા
સ્નેહ - પ્રેમ, પ્રીત, નેહ, મહોબત
ડોબું - ભેંસ
પ્રભાત - સવાર, પરોઢ, ભળકડું, ભળભાંખળું, મળસ્કું
જરાક - લગીર, થોડું
ચોપાસ - ચારેબાજુ, ચારેકોર,
સ્વપ્ન - શમણું
ભોમ - ધરતી, ભૂમિ, જમીન
મોઝાર - વચ્ચે
ઓસાણ - ઓળખાણ, પહેચાન

**૨. વિરુદ્ધાર્થી શબ્દો :**

આદર - અનાદર
આસ્તિક - નાસ્તિક
અમીર - ગરીબ
આરંભ - અંત
આબાદી - બરબાદી
આકાશ - પાતાળ
ઓળખીતા - વણ ઓળખીતા
બાંધવું - છોડવું

લોઢું - લોખંડ
કાળું - શ્યામ
લગ્ન - પરણવું
ચપળ - ચંચળ
પ્રાંત - પ્રદેશ
શેષ - બાકી
ડખોળવું - ડહોળવું
તલવાર - ખડ્ગ
ધીંગું - મજબૂત, બળવાન
ઝડપથી - જલદીથી, હડફ દઈને
દાઝવું - ધગી જવું, ઈર્ષ્યા કરવી
ગુસ્સે થવું - ધગી જવું, ક્રોધ કરવો
ઝાટકે દેવું - કાપી નાખવું , વાઢી નાખવું
વરંડા - ઓસરી
લોટો - કળશ્યો
વ્યસ્ત - કાર્યરત, કામઢાં, કર્મઠ, કામડાં
ચમકે - ચળકે, તબકે
નગારું - નોબત, ઢોલ, ઢોલક
ભાતીગળ - વિવિધરંગી
ભેંકાર - સૂનકાર
રાવ - ફરિયાદ
ધીંગાણું - મારામારી, લડાઈ, યુદ્ધ
માલી પા - અંદર
પોયરો - છોકરો, સોરો, છોરો
હેંડતો થા - હાલતો થા, ચાલતો થા વયો જા
અટાણે - અત્યારે, હમણાં
ઓરો આવ - નજીક આવ, પાસે આવ
ઓલી કોર - પેલી બાજુ

અમૃત - ઝેર
અભિમાની - નિરાભિમાની
અનુભવી - બિનઅનુભવી
આગળ - પાછળ
અનુકૂળતા - પ્રતિકૂળતા
આદિ - અંત
અતિવૃષ્ટિ - અનાવૃષ્ટિ
માન્ય - અમાન્ય

બુરાઈ - ભલાઈ
સાંપ્રદાયિક - બિનસાંપ્રદાયિક
વૈયક્તિક - સામૂહિક
સંતોષ - અસંતોષ
સફળ - નિષ્ફળ
જૂનું - નવું
ખીલવું - કરમાવું
વિવેક - અવિવેક
વિયોગ - સંયોગ
તંદુરસ્ત - નાદુરસ્ત
સ્વતંત્રતા - પરતંત્રતા
શહેરી - ગ્રામ્ય
જન્મ - મૃત્યુ
ઘન - પ્રવાહી
પરિચિત - અપરિચિત
તૃપ્ત - અતૃપ્ત
હાજર - ગેરહાજર
સાધારણ - અસાધારણ
વખાણ - નિંદા
પરણવું - રાંડવું
પ્રામાણિક - અપ્રામાણિક
મીઠી - કડવી
વ્યવસ્થા - અવ્યવસ્થા
જ્ઞાત - અજ્ઞાત
સંસ્કૃત - અસંસ્કૃત
સ્વાધીનતા - પરાધીનતા
રક્ષણ - ભક્ષણ
સબળ - નિર્બળ
સ્વાવલંબી - પરાવલંબી
હિંસા - અહિંસા
ઉપકાર - અપકાર
ભદ્ર - અભદ્ર
સફળ - નિષ્ફળ
વાચાળ - મૂંગું
તાલીમી - બિનતાલીમી
ઉત્તમ - અધમ
ઉગ્ર - શાંત
સંવાદ - વિસંવાદ

સુપુત્ર - કુપુત્ર
કુંવારી - વિવાહિતા
સંભવ - અસંભવ
સ્વીકાર - અસ્વીકાર
પ્રાચીન - અર્વાચીન
સુડોળ - બેડોળ
મંગળ - અમંગળ
સ્વર્ગ - નર્ક
સ્વસ્થતા - અસ્વસ્થતા
ડરપોક - બહાદુર
વિરાટ - વામન
શુકનિયાળ - અપશુકનિયાળ
જાણીતા - અજાણ્યા
સંવાદી - વિસંવાદી
સંયમી - અસંયમી
પ્રત્યક્ષ - અપ્રત્યક્ષ, પરોક્ષ

જાહેર-ખાનગી
રોકડ - ઉધાર
સવાર - સાંજ
સરકારી - બિનસરકારી
સહકાર - અસહકાર
માન્ય - અમાન્ય
સજ્જન - દુર્જન
સાક્ષર - નિરક્ષર
સ્વજન - પરજન
ઉદય - અસ્ત
વ્યકિત - સમષ્ટિ
ગણના - અવગણના
નીતિ - અનીતિ
નિંદા - સ્તુતિ
રૂપાળું - કદરૂપું
ચડિયાતું - ઊતરતું
દેશી - વિદેશી
સમજ - ગેરસમજ
યોગ્ય - અયોગ્ય
ગુણ - અવગુણ
નાથ - અનાથ

संतुष्ट - असंतुष्ट
કાલ્પનિક - વાસ્તવિક
દ્વૈત - અદ્વૈત
જવાબદાર - બેજવાબદાર
નિયંત્રિત - અનિયંત્રિત
હાજર - ગેરહાજર
રચનાત્મક - ખંડનાત્મક
પરોક્ષ - પ્રત્યક્ષ
શિસ્ત - ગેરશિસ્ત
સાપેક્ષ - નિરપેક્ષ
ખાનગી - જાહેર
પ્રવૃત્તિ - નિવૃત્તિ
લૌકિક - અલૌકિક
હિંસા - અહિંસા

ઉચિત - અનુચિત
કાયદેસર - ગેરકાયદેસર
સ્મૃતિ - વિસ્મૃતિ
નરમ - ગરમ
શિથિલ - અશિથિલ
અઘરું - સહેલું
જ્ઞાન - અજ્ઞાન
લાભ - ગેરલાભ
ઉપદ્રવી - નિરુપદ્રવી
આશીર્વાદ - શાપ
સંયુક્ત - વિભક્ત
સકામ - નિષ્કામ
ફાયદો - ગેરફાયદો-નુકસાન

**૩. શબ્દસમૂહો માટે વપરાતા પારિભાષિક અથવા સામાસિક શબ્દો :**

| | |
|---|---|
| કહી શકાય નહીં તેવું | -અકથ્ય |
| પહેલાં કદી ન બન્યું હોય તેવું | -અભૂતપૂર્વ |
| વનનો હરિયાળો પ્રદેશ | -વનસ્થલી |
| પ્રણયીજનોની નજરોનું મિલન | -તારામૈત્રક |
| સમુદ્રમાં ઊઠતું ઝંઝાવાતી તોફાન | -હરિકેન |
| દહીં વલોવવાની ક્રિયા | -દધિમંથન |
| પોતાની જાતની છેતરપિંડી | -આત્મવંચના |
| બે પ્રાણીઓ વચ્ચેનું યુદ્ધ | -દ્વંદ્વયુદ્ધ |
| સાચવી રાખવા સોંપેલી વસ્તુ | -અનામત - થાપણ |
| સહન ન કરી શકાય તેવું | -અસહ્ય |
| વણ તૂટેલા ચોખા | -અક્ષત |
| તાકીદની સખત ઉઘરાણી | -તકાજો |
| પ્રણામ કરવાની વિધિ | -પાયલાગણ |
| અર્થ વગરનું | -નિરર્થક |
| જેનો કોઈ શત્રુ નથી તે | -અજાતશત્રુ |
| ખાસ માનીતો મુખ્ય શિષ્ય | -પટ્ટશિષ્ય |
| જરાવારમાં નાશ પામે તેવું | -ક્ષણભંગુર |
| ઊંચે જવાની ક્રિયા | -ઉર્ધ્વગમન |
| આકાશ અને પૃથ્વી મળતાં દેખાય તે | -ક્ષિતિજ |
| બાળકથી માંડીને વૃદ્ધ સુધી | -આબાલવૃદ્ધ |
| એકની એક વાત વારંવાર કરવી | -પિષ્ટપેષણ |
| જેમાંથી વસ્તુ ખૂટે નહીં તેવું પાત્ર | -અક્ષયપાત્ર |
| અસ્ખલિત વહેતી વાણી | -વાગ્ધારા |

પોતાની જાત પર આધારત -આત્મનિર્ભર
જીવ પર આવી ગયેલું -મરણિયું
જન્મ અને મરણમાંથી છુટકારો -મોક્ષ
પોતાની ઇચ્છા પ્રમાણે આચરણ કરનાર -સ્વૈરવિહારી
ત્રણ કાળનો સમૂહ -કાલત્રય
લાભ કરી આપે તેવું -ગુણકારી
આંખના ખૂણામાંથી જોવાની મોહક રીત -કટાક્ષ
શરીરને ત્રણ સ્થળે વળાંક આપીને ઊભા રહેવાની રીત -ત્રિભંગ
ઇચ્છા અનુસાર બધું આપનાર વૃક્ષ -કલ્પવૃક્ષ
યજ્ઞમાં હોમ કરતાં બાકી રહેલો પ્રસાદીરૂપ પદાર્થ -હુતશેષ
શબને ઓઢાડવાનું લૂગડું -કફન
વનમાં ઋષિમુનિઓનું નિવાસસ્થાન -આશ્રમ
ત્રણ કલાકનો સમયગાળો -પ્રહર
ખેતરમાં ભાથું લઈને જનારી ખેડૂત સ્ત્રી -ભથવારી
ઉપકાર પર અપકાર કરનાર -કૃતઘ્ની
સરકાર તરફથી ખેડૂતને ધીરવામાં આવતાં નાણાં -તગાવી
મીઠું પકવવાની ક્યારી કે જમીન -અગર
સમજ્યા વગર ખોટી આસ્થા હોવી તે -અંધશ્રદ્ધા
જેમાં નિરંતર શંકાઓ જ રહેલી છે તે -સંશયાત્મા
ધીરધારનો ધંધો કરનાર -શરાફ
એક જ સમયમાં સાથે થઈ જનાર -સમકાલીન
કોઈપણ પક્ષમાં ન ભળેલું -તટસ્થ,અપક્ષ
એક કરતાં બીજા પક્ષની વધુ મતોની સંખ્યા -બહુમતી
જેનો કોઈ છેડો કે અંત નથી તેવું -અનંત
મટકું માર્યા વગર -અનિમેષ
ધાર્મિકક્રિયાને અંતે બ્રાહ્મણને અપાતું દાન -દક્ષિણા
રૂઢિને ચુસ્તપણે વળગી રહેનાર -રૂઢિચુસ્ત
કોઈપણ સંપ્રદાયોના ભેદભાવ વિનાનું -બિનસાંપ્રદાયિક
લાંબા સમય સુધી યાદ રહે તેવું -ચિરસ્મરણીય
કોઈ વ્યકિતને શરણે આવવું તે -શરણાગતિ
એકલા એકલા પોતાની સાથે વાત કરવી -સ્વગત
મહાન વ્યક્તિનો જન્મદિવસ -જયંતી
પગથી માંડીને માથા સુધી -નખશિખ
પોતાની મેળે સેવા કરવા તૈયાર થયેલો -સ્વયંસેવક
પથ્થર વગેરેમાં કોતરીને કલાત્મક કાર્ય કરવું તે -શિલ્પકામ
લેખકે ધારણ કરેલું બીજું નામ -તખલ્લુસ
ઇચ્છા પ્રમાણે આપનાર ગાય -કામધેનુ
ખૂબ સંકુચિત દૃષ્ટિવાળું -કૂપમંડૂક



8

| | |
|---|---|
| પતિએ ત્યજી દીધેલી સ્ત્રી | -ત્યક્તા |
| તિથિ નક્કી કર્યા વગર આવનાર | -અતિથિ |
| પોતાના હાથે લખાયેલું પોતાનું જીવનવૃત્તાંત | -આત્મકથા |
| પોતે પોતાનાં વખાણ કરવાં તે | -આત્મશ્લાઘા |
| જેનો નાશ થતો નથી તેવું | -અવિનાશી |
| કોઈની સાથે સરખાવી ન શકાય તેવું | -અનુપમ |
| જેનો પતિ પરગામ ગયો હોય તેવી સ્ત્રી | -પ્રોષિતભર્તુકા |
| કરેલા ઉપકારને જાણે તે | -કૃતજ્ઞ |
| છૂપી વાતો મેળવનાર | -ગુપ્તચર |
| દરરોજ છપાતું વર્તમાનપત્ર | -દૈનિક |
| આંખ આગળ ખડું થઈ જાય તેવું | -તાદૃશ |
| જેનું નામ લેવું પવિત્ર છે તે | -પુણ્યશ્લોક |
| જરૂર પૂરતું ખાવું તે | -મિતાહારી |
| યંત્ર વગર હાથથી ચાલતો ઉદ્યોગ | -હસ્ત-ઉદ્યોગ |
| પૃથ્વી પર ન હોય તેવું | -અલૌકિક |
| ચારબાજુથી વિજય મેળવનાર | -દિગ્વિજયી |
| જૂનાં બાંધકામોનું સમારકામ | -જીર્ણોદ્ધાર |
| દૂરની વસ્તુઓ જોવાનું યંત્ર | -દૂરબીન |
| કોઈપણ કામના વગરનું | -નિષ્કામ |
| મોટી ઉંમરનાને આપેલું શિક્ષણ | -પ્રૌઢશિક્ષણ |
| એક વસ્તુ આપી બીજી વસ્તુ લેવી તે | -વિનિમય |
| જેમાં કન્યા જાતે વરે છે તે | -સ્વયંવર |
| એક જ વર્ગમાં સાથે ભણનાર. | -સહાધ્યાયી |
| દર વર્ષે અપાતી રકમ | -સાલિયાણું |
| સ્ત્રીઓ પ્રત્યેની માનવૃત્તિ | -સ્ત્રી દાક્ષિણ્ય |
| મળેલી તકનો સ્વાર્થ માટે લાભ લેનાર | -તકસાધુ |

### ૪. રૂઢિપ્રયોગો :

| | |
|---|---|
| ઈડરિયો ગઢ જીતવો | -મહાન પરાક્રમ કરવું |
| ઊઠાં ભણાવવાં | -આડુંઅવળું સમજાવવું |
| આંધળે બહેરું કુટાવું | -ગોટાળામાં અથડાવું |
| અવાજ ઉઠાવવો | -વિરોધ કરવો |
| આંખ ભરવી | -રડવું |
| આકાશ-પાતાળ એક કરવાં | -શક્ય તેટલા ઉપાયો કરી છૂટવા |
| આઘાપાછી કરવી | -ચાડીચૂગલી કરવી અથવા ગોલમાલ કરવો |
| આંખ લાલ કરવી | -ગુસ્સો કરવો |
| કાન ભંભેરવા | -ખોટું કહી ઉશ્કેરવું |
| કાન સરવા કરવા | -ધ્યાનથી સાંભળવું |

| | |
|---|---|
| કાળાં ધોળાં કરવાં | -સ્વાર્થ ખાતર ખોટાં કામ કરવા |
| ખાઈ પરવારી ઊઠવું | -સંસારના સુખોપભોગ કરીને પરવારવું |
| ચશમપોશી કરવી | -ઘાલમેલ કરવી |
| જિગર ચિરાવું | -હ્યદયમાં વેદના થવી |
| તાગડધિન્ના કરવી | -મોજમજા કરવી |
| પાઘડીમાં નવું પીછું ઉમેરવું | -પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવી |
| પેટ ન આપવું | -રહસ્યને છૂપાવવું |
| ફેરવી તોળવું | -બોલીને ફરી જવું |
| ભેજાનું દહીં થઈ જવું | -સખત માનસિક શ્રમથી મગજ થાકી જવું |
| ભોપાળું નીકળવું | -ઢોંગ પકડાઈ જવો |
| મોંમાં આંગળાં નાખવાં | -આશ્ચર્ય પામવું. |
| લીલી-સૂકી જોવી | -ચડતી-પડતીનો અનુભવ કરવો |
| વાતમાં મોણ ઘાલવું | -વાત વધારી ને કહેવી |
| ખાઈ પીને મંડવું | -ખંતપૂર્વક લાગી જવું |
| ઉચાળા ભરવા | -ઘરબાર ખાલી કરી ચાલ્યા જવું |
| સડક થઈ જવું | -સ્તબ્ધ થઈ જવું |
| ઊડતાં પંખી પાડવાં | -અશક્ય કાર્ય કરી બતાવવું |
| ઊગતા સૂર્યને પૂજવો | -ચડતીવાળા પક્ષની ખુશામત કરવી |
| ઊંધું વેતરવું | -ભૂલ કરી બેસવી |
| કપાળે હાથ દેવો | -હતાશ થઈને બેસી જવું |
| કક્કો ખરો કરવો | -પોતાની વાત પરાણે કબૂલ કરાવવી |
| કડવો ઘૂંટડો ગળી જવો | - અપમાન સહન કરી લેવું |
| કાગનો વાઘ કરવો | -નાની વાતને મોટું રૂપ આપવું |
| કુહાડીનો હાથો બનવું | -પોતાના પક્ષને નુકસાન કરી સામા પક્ષને મદદગાર થવું |
| કૂખ લજાવવી | -આબરૂ ગુમાવવી, મા-બાપનું નામ બગાડવું |
| કોણીએ ગોળ લગાડવો | -પોતાનું કામ સાધવા અશક્ય લાલચ આપવી |
| કોઠે પડવું | -ટેવાઈ જવું |
| ખબર લેવી | -ખૂબ ઠપકો આપવો |
| ખાટું મોળું થઈ જવું | -નુકસાન થવું |
| ખાતર પર દિવેલ જેવું થવું | -નુકસાનમાં વધુ નુકસાન થવું |
| ગલ્લાં-તલ્લાં કરવાં | -સીધી રીતે ઉત્તર ન આપવો |
| ગળું કાપવું | -દગો કરવો,વિશ્વાસઘાત કરવો |
| ગાલે તમાચો મારી મોં લાલ રાખવું | -સુખી હોવાનો ખોટો દાવો કરવો |
| ગંગા નાહ્યા | -સફળતા મળી |
| ઘર ઘાલવું | -અડ્ડો જમાવવો |
| ઘાસ કાપવું | -નકામી મહેનત કરવી |
| ઘાટ ઘડવો | -બદલો લેવાની યુક્તિ કરવી |

| | |
|---|---|
| ઘોળીને પી જવું | -ગણકારવું નહીં |
| ચડ્યે ઘોડે આવવું | -બહુ ઉતાવળ કરવી |
| છક્કા છૂટી જવા | -ગભરાઈ જવું |
| છાણાં થાપવાં | -ખૂબ બદનામ કરવું. |
| છેડે ગાંઠ વાળવી | -યાદ રાખવું |
| છેલ્લે પાટલે બેસવું | -તદ્દન હલકું કામ કરવું |
| જીવ ખાવો | -કંટાળો આપવો |
| જમણીને ડાબી આંખ જેટલો ફરક રાખવો | -પક્ષપાત કરવો |
| જીવમાં જીવ આવવો | -નિરાંત વળવી |
| ટાઢાપાણીએ ખસ જવી | -વગર મહેનતે મુશ્કેલી દૂર થવી |
| ઠંડે પાણીએ નાહી નાખવું | -આશા છોડી દેવી |
| ડંકો વાગવો | -આબરૂ વધવી |
| તલપાપડ રહેવું | -ખૂબ આતુર રહેવું |
| થૂંક ઉડાડવું | -નિંદા કરવી |
| થાળે પડવું | -વ્યવસ્થિત થવું |
| દહીં દૂધમાં પગ રાખવો | -બંને પક્ષમાં રહેવું |
| દાઢીમાં હાથ ઘાલવો | -ગરજપૂર્વક મદદ માગવી |
| દાવ જોઈને સોગઠી મારવી | -લાગ જોઈને કામ કરવું |
| દાટ વાળવો | -ભારે ખુવારી કરવી |
| દાણો ચાંપી જોવો | -પ્રયત્ન કરી જોવો |
| દાળ ન ગળવી | -ફાવવું નહિ |
| દૂધમાંથી પોરા કાઢવા | -સારી વસ્તુમાં અવગુણ શોધવા |
| નાક કપાવું | -આબરૂ જવી |
| પાણીમાંથી પોરા કાઢવા | -નાના દોષ શોધી કાઢવા |
| પાછી પાની કરવી | -પાછા હઠવું |
| પાણી મૂકવું | -પ્રતિજ્ઞા લેવી |
| પાસા અવળા પડવા | -મુરાદ બર ન આવવી |
| પેટનું પાણી ન હલવું | -સ્વસ્થતાનો ભંગ ન થવો |
| પાનું પડવું | -સંબંધ બંધાવવો |
| બળતામાં ઘી હોમવું | -ગુસ્સે થયેલાને વધુ ઉશ્કેરવો |
| બારમો ચંદ્ર હોવો | -દુશ્મનાવટ હોવી |
| ભિખારીના હાથમાં હાંલ્લું જ રહેવું | -ગરીબના ગરીબ રહેવું |
| ભરમ ભાંગવો | -રહસ્ય ખુલ્લું કરવું |
| ભાંગરો વટાઈ જવો | -અનાયાસે છૂપી વાત પ્રગટ થઈ જવી |
| ભીનું સંકેલવું | -કોઈપણ તપાસને આગળ વધતી અટકાવીને સમાપ્ત કરવી |
| મોટું મહાભારત થવું | -નાની વાતને બહુ મોટું સ્વરૂપ આપવું. |
| મોતના હાથા થવું | -ખંડનાત્મક પ્રવૃત્તિઓમાં સાથ આપવો |

| | |
|---|---|
| મોતિયા મરી જવા | -તદ્દન નિરાશ થઈ જવું. |
| રજનું ગજ કરવુ | -વધારીને વાત કરવી |
| રાઈ ભરાવી | -ઘણો મિજાજ હોવો |
| રાતાપીળા થવું | -ગુસ્સે થવું |
| રેવડી દાણાદાણ કરવી | -ખૂબ બેઆબરૂ કરવું |
| લાકડે માંકડું વળગાડવું | -વિરુદ્ધ સ્વભાવના બે જણને જોડી દેવા |
| લોઢાના ચણા ચાવવા | -મુશ્કેલ કામ કરવું |
| લોહીનું પાણી કરવું | -સખત મહેનત કરવી |
| લાકડાં પ્રમાણે છોડાં પાડવાં | -અનુકૂળતા પ્રમાણે વર્તવું |
| વરાળ કાઢવી | -મનનો રોષ ઠાલવવો |
| વગર ખાંપણે જવું | -મરણોત્તર ક્રિયાઓ પણ ન થાય એવી ગરીબાઈમાં મરવું |
| વજ્રપાત થવો | -અણધારી આફત આવવી |
| વાડ ચીભડાં ગળે | -રક્ષક જ ભક્ષક બને |
| વિવાહની વરસી થવી | -શુભ થતાં અશુભ થઈ જવું |
| શેરને માથે સવા શેર થવું | -કોઈ કશાથી ચડિયાતું હોવું |
| સાત ગળણે ગાળવું | -ખૂબ ચોકસાઈ કરવી |
| હથેળીમાં ચાંદ દેખાડવો | -છેતરવું |
| હવાઈ કિલ્લા બાંધવા | -પાર ન પડે તેવી ઇચ્છાઓ કરવી |
| હાથ હેઠા પડવા | -હતાશા સાંપડવી |
| હાથ ખંખેરવા | -આશા છોડવી |
| હોળીનું નાળિયેર બનવું | -ખરાબ કામમાં સાધન બનવું |
| હોળી સળગાવવી | -ઝઘડા કરાવવા |
| હોઠ કરડવા | -ગુસ્સો વ્યક્ત કરવો |
| હોશકોશ ઊડી જવા | -ભય કે આફતથી સાનસૂધ જતી રહેવી |
| હાથ લગાવવો | -ચોરી કરવી |
| અગિયારા ગણવા | -નાસી જવું |
| આકાશ પાતાળ એક કરવા | -પુષ્કળ પરિશ્રમ કરવો |
| આંખ ઉઘાડવી | -સાચી પરિસ્થિતિનું ભાન થવું |
| કડવો ઘૂંટડો ગળી જવો | -અપમાન સહી લેવું |
| કૂવો હવાડો કરવો | -કમોતે મરવું |
| ખાડામાં ઊતરવું | -નુકસાન ભોગવવું |
| હાંલ્લા કુસ્તી કરે | -ગરીબાઈમાં જીવવું |
| ચાલતી ગાડીમાં બેસી જવું | -જેમાં લાભ દેખાય તેમાં ભળવું |
| માથે છાણાં થાપવાં | -ગણકારવું નહીં |
| ડાગળી ચસકી જવી | -મગજ પરનો કાબૂ ગુમાવવો |
| બે બાજુ ઢોલકી વગાડવી | -બંને પક્ષ સાચવવા પ્રયત્ન કરવો |
| થૂંકેલું ગળી જવું | -બોલીને ફરી જવું |

| | |
|---|---|
| ધૂળ પર લીંપણ | -પ્રયત્નો નિષ્ફળ નિવડવા |
| પેટે પાટા બાંધવા | -ખૂબ મુશ્કેલી સહન કરવી |
| બાફી મારવું | -કામ બગાડી મૂકવું |
| મોઢું ચઢાવવું | -અણગમો, નફરત બતાવવી |
| રોદણાં રડવાં | -પોતાના દુઃખની વાતો કહેતા ફરવું |
| વાળ પણ વાંકો ન થવો | -સહેજપણ ઈજા ન થવી |
| હાથનો ચોખ્ખો | -પ્રામાણિક હોવું |
| અંજાઈ જવું | -પ્રભાવિત થવું. |
| આડા ઊતરવું | -વિઘ્નરૂપ બનવું |
| આંખ આડા કાન કરવા | -ધ્યાન ન આપવું, જાણ્યું ન જાણ્યું કરવું |
| આંખ ફાટી જવી | -આશ્ચર્યચકિત બનવું |
| આંખમાં ધૂળ નાખવી | -છેતરવું |
| આંખ મીંચીને ચાલવું | -વિચાર્યા સિવાય વર્તવું |
| આંતરડી કકળવી | -દિલમાં અસહ્ય વેદના થવી |
| ઊભા મેલીને જવું | -પતિને છોડીને નાતરે જવું |
| ઊંડો કાંટો રહી જવો | -મનમાં ઊંડું દુઃખ રહેવું |
| એક પંથ દો કાજ | -એક સાથે બે કામ પાર પાડવાં |
| કક્કો ખરો કરવો | -પોતાની વાત જ સાચી છે તેવો આગ્રહ રાખવો |
| કમર બેવડી વળી જવી | -અતિશય આતુરતાપૂર્વક પ્રતીક્ષા કરવી |
| કાનબુટ્ટી પકડવી | -પોતાની ભૂલ કબૂલ કરવી |
| કાંડાં કાપી આપવાં | -લેખિત સ્વીકાર કરી લેવો |
| કોઠે પડવું | -માફક આવવું, ફાવી જવું |
| ખબર લઈ નાખવી | -ધમકાવવું |
| ખોળો પાથરવો | -કરગરવું, કાકલૂદી કરવી |
| ગળે પડવું | -સામી વ્યક્તિ પર આરોપ મૂકવો |
| ઘર માંડવું | -લગ્ન કરવાં |
| ઘસીને ના પાડવી | -સ્પષ્ટ ના કહેવી |
| ચિત્ત ચોરાવું | -હૃદય આકર્ષવું |
| છઠ્ઠીનું ધાવણ યાદ કરાવવું | -મરણતોલ માર મારવો |
| છાતી બેસી જવી | -હિંમત ગુમાવવી |
| જીવ ઊંચો હોવો | -ચિંતા થવી |
| જીવ કળીએ કળીએ કપાવવો | -અતિશય દુઃખ થવું |
| જીવતર પર થીંગડું દેવું | -જીવનને કલંકિત કરવું |
| જીવ બળી જવો | -દુઃખી દુઃખી થઈ જવું |
| ઠંડે પાણીએ નાહીં નાંખવું | -આશા છોડી દેવી |
| ઠોકર ખાવી | -ભાન આવે તેવી મુશ્કેલી અનુભવવી |
| તરણું લેવરાવવું | -હાર કબૂલ કરાવવી |
| દાઝયા પર ડામ દેવો | -દુઃખીને વધારે દુઃખી કરવું |

| | |
|---|---|
| દુઃખે પેટને કૂટે માથું | -મુશ્કેલીની વાત સીધે સીધી નહીં કહી શકવાથી બહાનાં બતાવવાં |
| ધુરા ધારવી | -જવાબદારી સ્વીકારવી |
| ધૂળધાણી થઈ જવું | -નકામું જવું,ફોગટ જવું |
| પગ તળે રેલો આવવો | -પોતાને નુકસાન થવું |
| પગ ન ઉપડવા | -હિંમત ન ચાલવી |
| પાકા ઘડે કાંઠા ચઢાવવાં | -મોટી ઉંમરે સુધારવા મથવું |
| પાછા ફરીને જોવું | -વિચાર કરીને આગળ વધવું |
| પાણી ચઢાવવું | -પ્રોત્સાહિત કરવું |
| પેટે પથરો પડવો | -કપૂત પાકવો |
| ફૂલ્યા ફરવું | -અભિમાન કરવું |
| બળતામાં ઘી હોમવું | -ક્રોધ વધારવો |
| બાજી કથળવી | -ધારણા અવળી પડવી |
| ભણ્યાં પણ ગણ્યાં નહીં | - જ્ઞાન મેળવ્યું પણ વ્યાવહારિક ડહાપણ ન આવ્યું |
| ભાંગ્યું ભાંગ્યું તોય ભરૂચ | - પડતીમાં હોવા છતાંય આબરૂ જાળવવાની શક્તિ ધરાવવી |
| મન વાળવું | - અનિચ્છાએ સંતોષ માનવો |
| મીઠું મરચું ભભરાવવું | - વધારી વધારીને વાત કરવી |
| મૂછનો દોરો ફૂટવો | - યુવાનીમાં પ્રવેશવું |
| મૂછે તાવ દેવો | - બહાદુરી બતાવવી |
| મેથીપાક જમાડવો | - માર મારવો |
| લાખે લેખાં | - લાખ રૂપિયાની કિંમતે હિસાબ ચૂકવવો |
| લીલી સૂકી જોવી | - સુખ દુઃખ વેઠવાં |
| લોહીનું પાણી કરવું | - ખૂબ પરિશ્રમ કરવો |
| વળતાં પાણી થવાં | - મંદી શરૂ થવી |
| શેર શેર લોહી ચઢવું | - ખૂબ આનંદ થવો |
| શ્રાવણ ભાદરવો વરસાવો | - ચોધાર આંસુ વહેવાં |
| સવાશેર સૂંઠ ખાવી | - તાકત હોવી |
| સંઘ કાશીએ પહોંચવો | - કામ પાર પાડવું |
| સાતે વહાણ ડૂબી જવાં | - ખૂબ મોટું નુકસાન થવું |
| હાથ ધોઈ નાખવા | - આશા છોડી દેવી |
| મન બંધાવવું | - આસક્ત હોવું |
| તોલે ન આવવું | - અજોડ હોવું |
| દોરાધાગા કરવા | - જંતરમંતર કે કામણટૂમણ કરવા |
| પાણી પાણી કરવું | - ખૂબ પ્રસન્ન કરવું |
| પાણી પહેલાં પાળ બાંધવી | - સંકટકાળ આવવાનો હોય તે પહેલાં ઉપાય વિચારવો |

| | |
|---|---|
| લાખ ટકાની આબરૂ હોવી | - ખૂબ પ્રતિષ્ઠા હોવી |
| નજર કરવી | - દૃષ્ટિ સ્થિર થવી |
| હાથ મિલાવવા | - દોસ્તી કરવી |
| હૃદયમાં ખટકો હોવો | - દુઃખ થવું |
| ડોળા ફાડી જોવું | - નવાઈ સાથે જોવું |
| તારામૈત્રક રચવું | આંખે આંખ મેળવવી |
| શેહમાં દબાવું | - પ્રભાવ કે ધાકને લીધે શાંત થવું |
| તાજુબીમાં તરબોળ કરવું | - આશ્ચર્યચકિત કરવું |
| મન ઊઠી જવું | - રુચિ ન રહેવી |
| તિલાંજલિ આપવી | - ત્યાગ કરવો |
| દેવ થઈ જવું | - મૃત્યુ પામવું |
| ઘર કરી બેસવું | - કાયમી થઈ જવું |
| પેટમાં ટાઢો શેરડો પડવો | - પેટમાં ધ્રાસકો પડવો |
| ગાડું અડકવું | - કામ થંભી જવું |
| હાથ ઝાલવો | - મદદ કરવી |
| આંખ મીંચી જવી | - મૃત્યુ પામવું |
| લેવાઈ જવું | - દૂબળા-પાતળા થઈ જવું |
| મનમાં અંકોડા મેળવવા | - માનસિક ગણતરી કરવી |
| કડી હાથ લાગવી | - મૂળ કારણ મળવું |
| મગજમાં ઊતરવું | - સમજવું |
| જીવ પર આવી જવું | - મરણિયાં થવું |
| મીટ માંડવી | - એકીટશે જોવું |
| પાડ માનવો | - આભાર માનવો |
| ટોટો પીસી નાખવો | - ગળાનો હૈડિયો દબાવી ટૂંપો દેવો |
| આંખે અંધારાં આવવાં | - તમ્મર આવવાથી ન દેખાવું |
| ગ્રહદશા અવળી હોવી | - કમનસીબી હોવી |
| અડ્ડો જમાવવો | - બેઠક સ્થાપવી |
| આંધણ કરવું | - પાણીની જેમ ખર્ચી નાખવું |
| ઘડીના છઠ્ઠા ભાગમાં | - તત્કાળ, તરત જ |
| જખ મારવી | - વાંકા વળીને ઠેકાણે આવવું |
| પડખું સેવવું | - નિકટનો સહવાસ રાખવો |
| ગતાગમ હોવી | - સમજણ હોવી |
| ખોળો ભરવો | - સીમંત કરવું (પહેલીવાર સંતાનપ્રાપ્તિ થવાની હોય ત્યારે થતો ધાર્મિક સંસ્કાર, |
| મન તલસવું | - અત્યંત આતુર હોવું |
| અછોવાનાં કરવાં | - લાડ લડાવવાં, આગતા-સ્વાગતા કરવી |
| મગજ બહેર મારી જવું | - મગજ શૂન્યવત, જડ થઈ જવું |
| મનમાં કૂંડાળા જાગવાં | - નવા નવા વિચારો આવવા |

| | |
|---|---|
| પલીતો ચાંપવો | - ઉશ્કેરવું |
| રૂંવાડુંય ન ફરકવું | - જરાય અસર ન થવી |
| મોટો વાઘ મારવો | - બહુ મોટું જોખમી કામ પાર પાડવું |
| એળે જવું | - નકામું જવું |
| માગું પાછું ઠેલવું | - પ્રસ્તાવ નકારી કાઢવો |
| કસ કાઢવો | - માપ કે પ્રમાણ કાઢવું |
| ધાડ પાડવી | - હુમલો કરવો |
| બારનું બારમું કરી નાખવું | - એક કરવા જતાં કાંઈક બીજું જ કરી નાખવું |
| ઝાંપેથી પાછા વળવું | - કશું સિદ્ધ કર્યા વિના પાછા આવવું |
| પાછી પાની કરવી | - પીછેહઠ કરવી |
| પીઠ ફેરવવી | - પીછેહઠ કરવી |
| શેર લોહી ચડવું | - સંતોષ કે આનંદ થવો |
| માથું ન ઝૂકાવવું | - હાર ન માનવી |
| જીવનયાત્રા પૂરી કરવી | - મૃત્યુ પામવું |
| હાંસી ઉડાવવી | - મજાક કે મશ્કરી કરવી |
| નાકનું ટેરવું ચડાવવું | - નફરત બતાવવી |
| ગાડી પાટા ઉપર ચડવી | - ઠીક ઠીક સારી સ્થિતિમાં આવી જવું |
| પહેલા ખોળાનો | - પ્રથમ પુત્ર |
| કોઠે પડી જવું | - ખાસ અસર ન થવી |
| ધમપછાડા કરવા | - અધીરાઈ સાથે તોફાન કરવું |
| પગવાળીને બેસવું | - નિરાંતે બેસવું |
| જીવનલીલા સંકેલાવી | - અવસાન થવું |
| ઉચાળા ભરવા | - ઘરબાર ખાલી કરીને નીકળી જવું |
| પેટિયું કાઢવું | - પેટ પૂરતું યા ગુજરાન થાય એટલું કમાવું |
| હાથ હોવો | - સામેલગીરી હોવી |
| આંખમાં કણાની જેમ ખૂંચવું | - વિઘ્નરૂપ લાગવું |
| કાગારોળ મચાવવી | - ટીકાત્મક બૂમાબૂમ કરવી |
| પ્રાણ પાથરવો | - પોતાની જિંદગીને કુરબાન કરવી |
| ઢાળી દેવા | - ખતમ કરી દેવું |
| ઝડતી લેવી | - બારીક તપાસ કરવી |
| કેડો મૂકવો | - પીછો છોડવો |
| વીજળીવેગે પ્રસરવું | - અત્યંત ઝડપથી ફેલાવું |
| મન ચણચણવું | - મનમાં સંતાપ થવો |
| છળી મરવું | - ડરી મરવું |
| ફેરો ખાવો | - જઈ આવવું, આંટો ખાવો |
| માથું ધરવું | - માથું નમાવવું |
| વાતને વળ ચડવો | - વાતમાં વધુને વધુ રસપ્રદ તત્ત્વો ઉમેરાવા |
| છોભીલા પડવું | - શરમિંદું થવું |



19

| | |
|---|---|
| દમ નીકળી જવો | - ખૂબ શ્રમ પડવો |
| આંખો ચાર થવી | - ગુસ્સે થવું |
| આંખ ચોળીને રહેવું | - થાકીને જંપવું |
| કાન ઘરેણે મૂકવા | - જેમ ભરમાવે તેમ ભરમાવું |
| નાકે દમ આવવો | - બહુ હેરાન... પરેશાન થવું |
| જીભના કૂચા વાળવા | - કહી કહીને થાકવું |
| માથું હાથમાં રાખવું | - મોત માટે તૈયાર રહેવું |
| માથે મારવું | - વળગાડવું |
| માથું મારવું | - કામમાં વચ્ચે આવવું |
| હાથ દેખાડવો | - તાકાત બતાવવી |
| પગ ટાળવા | - અવરજવર બંધ કરવી |
| ગળામાં ટાંટિયા નાખવા | - અવળું ચોટવું |
| દાંતે તરણું લેવું | - લાચારી બતાવવી |
| ઘર પૂછતાં આવવું | - ગરજે મદદ માટે આવવું |
| ઓરિયો વીતવો | - સારો પ્રસંગ સફળ રીતે પૂરો થવો |
| કાદવ ઉડાડવો | - ખરાબ ટીકા કરવી |
| કોઠું આપવું | - દિલની વાત જાણવા દેવી |
| છાપરે ચઢવું | - ફુલાઈ જવું |
| ડાગળી ચસકવી | - ગાંડા થઈ જવું |
| ઢોલકી બજાવવી | - હા જી હા કરવી |
| તણાઈ મરવું | - શક્તિ ઉપરવટ જઈ કામ કરવું |
| દાઢીમાં હાથ ઘાલવો | - ગરજપૂર્વક મદદ માગવી |
| દેડકાની પાંચશેરી | - અશક્ય વસ્તુ |
| દોરી તૂટવી | - આવરદા ખતમ થવી |
| ધજા બાંધવી | - કીર્તિ ફેલાવી |
| ધાડ મારવી | - ભારે સાહસ ખેડવું |
| ધુમાડાના બાચકા ભરવા | - ફોગટ મહેનત કરવી |
| પારો ઊતરવો | - ગુસ્સો શાંત થવો |
| પુષ્પાંજલિ આપવી | - માર મારવો |
| બાકરી બાંધવી | - દુશ્મનાવટ કરવી |
| ભાંગરો વાટવો | - છૂપી વાત કહી દેવી |
| રગ પકડવી | - મૂળ વાત પકડવી |
| રામ રમી જવા | - પ્રાણ ચાલ્યા જવા |
| રીંગણી ઉપર હીમ પડવું | - દુઃખ ઉપર દુઃખ આવવું |
| રેવડી દાણાદાણા કરવી | - ખૂબજ બેઆબરુ કરવી |
| લોચા વાળવા | - બોલતાં થોથરાવું, કામમાં ગરબડ કરવી |
| વખારે નાખવું | - ધ્યાન ન આપવું |
| વરાળ કાઢવી | - મનનો રોષ ઠાલવવો |

| | |
|---|---|
| શિંગડાં મારવાં | - સામા થવું |
| સાત ગળણે ગાળવું | - પૂરી તપાસ કરવી, ખૂબ ચોકસાઈ કરવી |
| સોના પર ઢોળ ચડાવવો | - સારી વસ્તુને ખરાબ દેખાડવી |
| ડાટ વાળવો | - ભારે નુકસાન કરવું |
| હૈયાનો હરખ ટાળવો | - ઉદાસ કરી નાખવું |
| લેખું ન હોવું | - ગણતરી ન હોવી |
| હૃદયમાં વાગવું | - આઘાત થવો |
| તેડું કરવું | - આમંત્રણ આપવું |
| એક કોડી પણ ન હોવી | - અત્યંત ગરીબ હોવું |
| મોકાણ માંડવી | - મરણ પાછળ શોક કરવા ભેગાં થવું, પતી ગયેલી વાત ફરી ઉખેળવી |
| હાથ તાળી દેવી | - સફાઈથી છટકી જવું, છેતરી જવું |
| હાથ હેઠા મૂકવા | - નિરાશ થઈ જવું, નિરુપાય થવું |
| ફૂલ નહીં તો ફૂલની પાંખડી | - નજીવી ભેટ |
| હૃદય ભરાઈ આવવું | - દુઃખ કે લાગણીથી રડું રડું થઈ જવું |
| જીવ નાખવો | - મન વળગાડવું |
| હૃદય ભાંગી જવું | - નિરાશ થઈ જવું |
| મરણતોલ થવું | - મરવા જેવા થઈ જવું |
| દિવસ ફરવો | - ભાગ્ય ફરવું, દિવસ બદલાવો |
| ઠેકાણે પડવું | - નોકરી-ધંધે વળગવું, યોગ્ય સ્થાને ગોઠવાવું |
| દેવાળું કાઢવું | - નાદારી જાહેર કરવી |
| સારાં વાના થવાં | - બધું હેમખેમ પાર ઊતરવું |
| મંતરી જવું | - છેતરી જવું |
| એકડેએકથી શરૂ કરવું | - એકદમ પહેલેથી પ્રારંભ કરવો |
| સફેદ હાથી બાંધવા | - ગજા ઉપરાંતના ખર્ચમાં ઊતરી પડાય એવું કરવું |
| ઘર ભરવાં | - પોતાના ઘરને સમૃદ્ધ બનાવવું |
| ઉમેદ બર આવવી | - ઇચ્છા પૂર્ણ થવી |
| એકના બે ન થવું | - મક્કમ રહેવું |
| લહાવો લેવો | - આનંદ માણવો |
| પિત્તો જવો | - ગુસ્સે થઈ જવું |
| ઓછું આવવું | - દુઃખ થવું |
| મંતરવું | - બગાડી નાખવું |
| પાછા પડવું | - પરાસ્ત થવું / હારી જવું |
| પાણી ફેરવવું | - નકામું કરવું, વ્યર્થ બનાવવું |
| જીભ ઉપડવી | - છૂટથી બોલવું |
| કળી જવું | - સમજી લેવું |
| હૃદયમાં હોળી સળગવી | - અંતરમાં બળાપો થવો |

| | |
|---|---|
| નમતું આપવું | - પોતાનો આગ્રહ જતો કરવો, ગમ ખાવી |
| મનમાં વસી જવું | - ગમી જવું |
| બેચાર દિવસનો મહેમાન | - મરવાની તૈયારીમાં હોવું |
| પ્રાણ હણાવા | - નિસ્તેજ થઈ જવું |
| મરી ફીટવું | - પોતાનું સઘળું જોર વાપરવું |
| માથે લેવું | - કામ કરવાની જવાબદારી સ્વીકારવી |
| માંડી વાળવું | - પતાવટ કરવી, જતું કરવું |
| કાળ ચડવો | - ગુસ્સો આવવો |
| નજર લાગવી | - સારી કે નરસી નજરની અસર થવી |
| આંખનો તાર પરોવવો | - એકબીજાને એક દૃષ્ટિએ જોવું |
| હાથ વાળીને બેસી રહેવું | - કામકાજ વગર રહેવું |
| નસીબે હાથ દઈને બેસવું | - કેવળ ભાગ્યને ભરોસે રહેવું |
| કાન સરવા કરવા | - ધ્યાનથી સાંભળવું |
| હૈયું ભરાઈ આવવું | - ગળગળા થઈ જવું |
| પીઠ કરવી | - વિમુખ થવું |
| આંખો એક થવી | - એકબીજાને જોવું |
| જિંદગીની ઘાણીએ ફરવું | - જીવનમાં અનેક આફતો સંકટોથી પીડાવું |
| વાત ખેંચવી | - વધુ ચર્ચાઓ દલીલો કરી વાતને લંબાવવી |
| મોં બંધ કરાવવું | - બોલતું બંધ કરવું |
| ઠેકાણે આવી જવું | - અનુકૂળ થઈ રહેવું |
| કપાળે ચોંટવું | - ભાગ્યજોગે માથે આવી પડવું |
| જોખમ લટકવું | - સદા સંકટ આવે તેવી સ્થિતિમાં હોવું |
| હાથ આવી જવું | - મળી જવું, પ્રાપ્ત થવું |
| બેડો પાર થઈ જવો | - સફળતા પ્રાપ્ત કરવી, કાર્ય સિદ્ધ થવું |
| મોતની તલવાર લટકવી | - ફાંસીની સજાનો ભય હોવો |
| હોમાઈ જવું | - સમર્પણ થઈ જવું |
| ગાંડાં કાઢવાં | - ગાંડાની માફક વર્તવું |
| પ્રાણ પાથરવા | - પોતાની જિંદગીને કુરબાન કરવી |
| પાંદડે પાણી પાવું | - ઘણું દુઃખ આપવું / રિબાવવું |
| મેળ ખાવો | - એકરસ થવું, મળતે મળતું આવવું |
| કાનના ઢાક ઊઘડવા | - સાચી સ્થિતિ સમજાવી |
| પાને પડવું | - સંબંધ થવો, જીવનમાં સાથે રહેવાનું થવું |
| અરધા થઈ જવું | - શરીર કે શક્તિમાં ખૂબ ઊતરી જવું |
| પાતાળમાંથીય પકડી પાડવું | - ગુપ્તમાં ગુપ્ત સ્થાનમાંથી પણ શોધી કાઢવું |
| પાણી ચડાવવું | - ઉશ્કેરવું, શૂરાતન ચડાવવું |
| ખાઈ પરવારવું | - સંસારના સુખોપભોગ કેરી લેવા |
| પગ ઉપાડવા | - જવા માંડવું |
| કાન બહાર જડાઈ જવા | - બીજી બાબતમાં ધ્યાન હોવું |

| | |
|---|---|
| સો મણ તેલે અંધારું હોવું | - સાધનસામગ્રી હોવા છતાં તેનો કોઈ ઉપયોગ ન કરવો |
| પરસેવો પાડવો | - ખૂબ મહેનત કરવી |
| હાથ ધોઈને પાછળ પડવું | - બરાબર પીછો પકડવો, ખંતપૂર્વક મંડ્યા રહેવું |
| બાપ માર્યા વેર હોવાં | - કટ્ટર દુશ્મનાવટ હોવી |
| નન્નો પકડી રાખવો | - ના જ કહ્યા કરવું |
| હૈયું ભાંગી નાખવું | - અત્યંત ઉદાસ કરી દેવું |
| ભુક્કા ઉડાડી દેવાં | - છિન્નભિન્ન કે ખતમ કરી નાખવું |
| આંખોમાં કૂવા પડવા | - અંધ થઈ જવું |
| આંખો કરવી | - ગમવું, પસંદ પડવું |
| મન મોકળું મૂકવું | - ઉદાર થવું |
| ધૂળ કરીને ખાવું | - ખરાબ કરીને ખાવું |
| પડ્યો બોલ ઝીલવો | - બધું કહેલું સ્વીકારવું |
| હથેળીમાં થુકાવવું | - અનહદ લાડ કરવા |
| આંખમાં આવવું | - ની તરફ નજર ખેંચાય તેમ થવું |
| કંઠ મોકળો મળવો | - બોલવાની છૂટ હોવી |
| બાથ ભીડવી | - સામનો કરવો |
| ગળે ઊતરવું | - સમજાવવું, સ્પષ્ટ થવું |
| મન મૂકીને વરસવું | - મુશળધાર વરસાદ પડવો, ખૂબ પ્રેમ આપવો |
| કયાસ કાઢવો | - કિંમતની આંકણી કરવી, અંદાજ બાંધવો |
| કાને પડવું | - સાંભળવું |
| ચીતરી ચડવી | - સૂગ થવી, કંપારી આવવી |
| જીભ સંભાળીને બોલવું | - બરાબર વિચારીને બોલવું |
| પાટલીઓ બદલવી | - એક પક્ષમાંથી બીજા પક્ષમાં ભળવું |
| દમડી ન છૂટવી | - અત્યંત કંજૂસ હોવું |
| રફુચક્કર થઈ જવું | - ભાગી જવું |
| દીવો લઈને કૂવામાં પડવું | - જાણી જોઈને મુશ્કેલીમાં મુકાવું |
| કંકુપગલાં થવાં | - આગમનથી ઘરને સુખી કરવું |
| મોં કાળું કરવું | - કીર્તિને લાંછન લગાડવું |

**૫. કહેવતો**

(આ કહેવતોનો ઉપયોગ નિબંધ, પત્રલેખન, અને પરિચ્છેદ-લેખનમાં કરી શકાય.)

| | |
|---|---|
| - જળ વહી ગયે શી શોચના | - યોગ્ય સમય વીત્યા પછી સમજ આવે તેનાથી કોઈ લાભ થતો નથી. |
| - પથ્થર ઉપર પાણી | - કોઈ જ અસર ન થવી. |
| - કાગડો દહીંથરું લઈ ગયો | - અયોગ્ય પાત્રને સુંદર વસ્તુ પ્રાપ્ત થાય. |
| - આંધળાની પાસે આરસી શા કામની | - અણસમજુ આગળ જ્ઞાનની મોટી મોટી વાતો કરવામાં આવે તો તેનો કોઈ અર્થ નથી. |

- રામ રાખે તેને કોઈ ન ચાખે - જેને ઈશ્વરનું રક્ષણ હોય તેને કદી કોઈ કશું કરી શકતું નથી.
- મન હોય તો માળવે જવાય - ઇચ્છા હોય તેવું થાય.
- અધૂરો ઘડો છલકાય - ઓછા જ્ઞાનવાળો વધુ ડોળ કરે.
- જાગતો બમણું ઘોરે - દંભી માણસ પોતાને સાચો ઠરાવવા દેખાવ કરે.
- ઢમઢોલ માંહે પોલ - કેવળ દેખાવની મોટાઈ
- પોથીમાંનાં રીંગણાં - પારકાને ઉપદેશ આપવો પણ પોતે તે પ્રમાણે અનુસરવું નહિ.
- મોરનાં ઈંડાંને ચીતરવાં ન પડે - સારી વસ્તુનાં વખાણ ન હોય
- માથે પડી તે વિશ્વદેવા - માથે લીધેલી જવાબદારી ઈશ્વરે સોંપેલી માની બરાબર બજાવવી.
- કાંકરે કાંકરે પાળ બંધાય - થોડું થોડું કરતાં મોટું કામ પાર પડે.
- તેલ જુઓ તેલની ધાર જુઓ - સમય અને સંજોગો પ્રમાણે ચાલો.
- લાગ્યું તો તીર નહિ તો તુક્કો - સફળ થઈએ તો ઠીક, નહીંતર કંઈ ગુમાવવાનું તો નથી જ.
- છીંડે ચડ્યો તે ચોર - ગુનો કરતાં પકડાય તે ચોર ને બચી જાય તે શાહુકાર.
- છાશમાં માખણ જાય ને બાઈ ફુવડ ગણાય - નુકસાન ખમવું અને મૂર્ખ કહેવાવું.
- કમજોર ગુસ્સા બહોત - શક્તિ ઓછી હોય પણ ગુસ્સો ઘણો.
- કહેણી તેવી રહેણી - જેવી વાણી તેવું જ વર્તન હોવું
- શીરા સારું શ્રાવક થવું - હીન આશય માટે કોઈ ઉમદા પ્રવૃત્તિમાં જોડાવું
- આપ સમાન બળ નહીં મેઘ સમાન જળ નહીં - કામ જાતે જ કરવાથી સફળતા મળે.
- ઓ દિન કહાંકે મિયાં કે પાંવમેં જૂતી ? - કમનસીબ માણસના ભાગ્યમાં સારી ચીજ હોતી નથી.
- આગ લાગે ત્યારે કૂવો ખોદવો - સંકટ આવે ત્યારે જ જાગવું.
- આપ મુઆ વિના સ્વર્ગે ન જવાય - કામ જાતે જ કરવાથી સિદ્ધ થવાય.
- ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન - અક્કલ વિનાના માણસો વચ્ચે ઓછી અક્કલવાળાની પણ કિંમત થાય.
- એક પંથ દો કાજ - એક જ સાધનથી અનેક કાર્ય થવાં.
- ઓળખીતો સિપાઈ હેડમાં પૂરે - ઓળખીતો માણસ વધુ હેરાન કરે.
- કાગનું બેસવું ડાળનું પડવું - આકસ્મિક પરિણામ આવવું.
- ખાળે ડૂચા અને દરવાજા મોકળા - નાની નાની બાબતોમાં કંજૂસાઈ કરવી મોટું નુકસાન થતું હોય તે તરફ ધ્યાન ન આપવું.
- ગરજ સરી એટલે વૈદ વેરી - સ્વાર્થ પૂરો થતાં સંબંધ છૂટે.
- ગ્રહણ વખતે સાપ કાઢવો - ખરા સમયે મુશ્કેલી ઊભી કરવી.
- ઘરકી મુરગી દાલ બરાબર - ઘરની વસ્તુની કોઈ કદર કરતું નથી.
- ઘેર ઘેર માટીના ચૂલા - કોઈ ઘર તકરાર વગરનું ન હોય.

- ચોર કોટવાળને દંડે - પોતે ગુનેગાર હોય છતાં સામા પર ગુનાનો આક્ષેપ કરે છે.
- છાશ લેવા જવું દોણી સંતાડવી - કામ કરવું હોય તો શરમ ન રાખવી.
- જાગ્યા ત્યારથી સવાર - જ્યારથી ભૂલનું ભાન થાય, ત્યારથી સુધારવાનો પ્રયાસ કરવો જોઈએ.
- ડુંગરા દૂરથી રળિયામણા - પૂરો પરિચય ન હોય ત્યાં સુધી બધાં માણસો સારાં લાગે.
- તરત દાન અને મહાપુણ્ય - સારા કામમાં ઢીલ કરવી.
- તેજીને ટકોરો અને ગધેડાને ડફણાં - બુદ્ધિશાળી માણસ સાનમાં જ સમજી જાય, મૂર્ખને જ સમજાવવા લમણાંઝીંક કરવી પડે.
- દુ:ખનું ઓસડ દહાડા - સમય વીત્યે દુ:ખ ભુલાઈ જાય છે.
- દૂધનો દાઝ્યો છાશ ફૂંકીને પીએ - એકવાર બરાબર અનુભવ થયા પછી માણસ બહુ ચેતીને ચાલે છે.
- દોરડી બળે પણ વળ ન મૂકે - ગમે તેટલાં સંકટ આવે છતાં માણસની ટેવ ન જાય.
- ધોળું એટલું દૂધ નહિ - બહારથી સારું લાગે તે બધું સારું હોતું નથી.
- નવરો બેઠો નખ્ખોદ વાળે - કામ વગરનો માણસ પારકી પંચાત ને ખટખટ કરીને મુશ્કેલી ઊભી કરે છે.
- ભેંસ આગળ ભાગવત શા કામનું - અણસમજુ લોકોને શિખામણ દેવી નકામી.
- ભેંસ ભાગોળે છાશ છાગોળે - કાંઈ ઠેકાણું હોય નહિ ને ખૂબ ધમાલ મચાવવી.
- મીઠાં ઝાડનાં મૂળ ન ખોદાય - કોઈની ભલમનસાઈનો ગેરલાભ ન લેવાય.
- રાત થોડીને વેશ ઝાઝા - સમય ઓછો ને કામ વધારે.
- લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે મોં ધોવા જવું - આવેલી તક ગુમાવવી.
- લાલો લાભ વગર ન લોટે - લાભ થાય તો જ કાર્ય કરવા તૈયાર થવું.
- સાપ મરે નહિ ને લાકડી ભાંગે નહિ - કોઈને ગેરલાભ થાય નહિ ને કામ સિદ્ધ થાય.
- સૂતો સાપ જગાડવો - નાહકનું જોખમ વહોરવું.
- હાજર સો હથિયાર - જે સમયે જે વસ્તુ હાજર હોય તે જ કામમાં આવે.
- હાટડી નાની ને હરકત ઘણી - જવાબદારી ઓછી છતાં સતત કામમાં રહેવું.
- હાથીના દાંત ચાવવાના જુદા ને દેખાડવાનાં જુદા - કહેવું કંઈને કરવું કંઈ.
- વાઝણી પ્રસૂતાની પીડા શું જાણે ? - જેણે દુ:ખ ન અનુભવ્યુ હોય તે દુ:ખ સમજી શકે નહિ.
- પારકી મા જ કાન વીંધે - પરાયાં પાસે જ બાળક સુધરે/કેળવણી મેળવે.
- દુ:ખમાં અધિક માસ - દુ:ખમાં વધારે દુ:ખ આવવું.
- વાવે તેવું લણે - જેવાં કાર્ય કર્યાં હોય તેવું ફળ પામે.
- જેવી કરણી તેવી પાર ઊતરણી - જેવાં કાર્ય કર્યાં હોય તેવું ફળ પામે.
- સુથારનું ચિત્ત બાવળીએ - જેવો જેનો વ્યવસાય તેવા વિચારો.
- અકર્મીનો પડિયો કાણો - અભાગિયાને એક પછી એક મુશ્કેલી જ આવે.
- અણી ચૂક્યો સો વર્ષ જીવે - એક વાર ઊગરી જનારની જીવાદોરી લંબાય.

- અન્ન એવો ઓડકાર - જેવા સંસ્કાર હોય તેવા જ આચારવિચાર હોય.
- આપ ભલા તો જગ ભલા - બીજાઓ સાથે આપણો વ્યવહાર સૌજન્યપૂર્ણ હોય તો બીજાઓ પણ આપણી સાથે એમ જ વર્તે.
- ઊલમાંથી ચૂલમાં પડવું - મુશ્કેલી દૂર કરવા જતાં વધારે મુશ્કેલીમાં મુકાવું.
- ઊજળું તેટલું દૂધ નહીં, પીળું તેટલું સોનું નહીં - બાહ્ય દેખાવ પરથી વસ્તુનું મૂલ્ય આંકવામાં ભૂલ થવા સંભવ છે.
- ઊજળે લૂગડે ડાઘ લાગે - સારા માણસનો નાનો સરખો દોષ પણ દેખાઈ આવે.
- એકડા વગના મીંડાં - મુખ્ય વ્યક્તિ કે વસ્તુના અભાવે અન્યની હાજરી નિરર્થક.
- એરણની ચોરી અને સોયનું દાન - મોટું પાપ કરી તેમાંથી છૂટવા નજીવું દાન કરવું.
- કડવું ઓસડ મા જ પાય - કડવી તથા ગુણકારી શિખામણ સ્નેહીઓ જ આપે.
- કમાઉ દીકરો કુટુંબને વહાલો - જે વ્યક્તિ ઉદ્યમ કરી ધન મેળવે તે સૌને પ્રિય થઈ પડે.
- કૂતરાંનો સંઘ કાશીએ ન જાય - સુમેળના અભાવે કામ સિદ્ધ ન થાય.
- કાળા કાળા મંકોડાને રાતી રાતી ઝિમેલો - તદ્દન નિરક્ષર હોવું
- ખાખરાની ખિસકોલી સાકરનો સ્વાદ શું જાણે ? - અનુભવ ન થાય ત્યાં સુધી કોઈ વસ્તુનો મહિમા સમજી શકાય નહિ.
- ખોદે ઉંદર અને ભોગવે ભોરિંગ - કામ અમુક વ્યક્તિ કરે પણ તેનું ફળ બીજા ભોગવે.
- ગરીબની વહુ સહુની ભાભી - ગરીબ અને કચડાયેલા હોય તેમના પર સહુ હક જમાવે.
- ઘાણીનો બળદ ઠેરનો ઠેર - મહેનત કરવા છતાં પ્રગતિ કે વિકાસ ન થવો.
- ચડ જા બેટા શૂળીએ - સ્નેહભાવ બતાવી વિકટ પરિસ્થિતિમાં મુકાવું.
- ચીભડાના ચોરને ફાંસીની સજા - નજીવા ગુના માટે ભારે સજા.
- જર, જમીન ને જોરુ એ ત્રણ કજિયાનાં છોરું - નાણું, જમીન અને સ્ત્રીને લીધે કજિયા થાય છે.
- જા બિલ્લી કુત્તેકો માર - જાતે કામ નહીં કરતાં એકબીજાને અને બીજો ત્રીજાંને સોંપ્યા કરે.
- જીવતો નર ભદ્રા પામે - જીવતા માણસનું ગમે ત્યારે પણ કલ્યાણ થાય.
- ઝાઝી સુયાણીઓ વેતર વંઠે - ઘણા માણસો ભેગા થાય ત્યારે કામ બગડે.
- ડાહી સાસરે ન જાય અને ઘેલીને શિખામણ આપે - પોતે કામ ન કરે, પરંતુ બીજાને કામ કરવાની સલાહ આપે.
- તરત દાન અને મહાપુણ્ય - સારા કામમાં વિલંબ ન કરવો.
- દગો કોઈનો સગો નહિ - દગો કરનાર જાતે પણ મુશ્કેલીમાં મુકાય છે.
- ધરમની ગાયના દાંત શા જોવા ? - જે વસ્તુ વગર મહેનતે મળે તે ગમે તેવી હોય તો સ્વીકારવી.

- નેવાનાં પાણી મોભે ન ચઢે - અશક્ય કામ સિદ્ધ ન થઈ શકે.
- પોદળો પડે તોય ધૂળ લીધા વિના ન રહે - ગમે તેવી પરિસ્થિતિમાં પણ લાભ શોધવો.
- બળિયાના બે ભાગ - શક્તિશાળી હોય તેને વધુ લાભ મળે.
- બાર ભૈયાને તેર ચોકા - જૂથ નાનું હોય પણ મતભેદ ઘણા હોય.
- ભાવતું હતું ને વૈદે કહ્યું - જે ઇચ્છયું હોય તે આવી મળવું.
- ભૂવો ધૂણે તોય નાળિયેર ઘર ભણી નાખે - ગમે તેવા સંજોગોમાં સ્વજનોનું હિત જોવું.
- મન ચંગા તો કથરોટમાં ગંગા - જેનું અંતર શુદ્ધ હોય તેને તીર્થયાત્રા કરવાની જરૂર નથી.
- મફતનું ખાવું ને મસ્જિદમાં સૂવું - ચિંતા વગરનું જીવન જીવવું.
- મિયાંની દાઢી બળે ને બીબીને તાપણું થાય - એકને દુઃખ પડે ને બીજો રાજી થાય.
- રાત થોડીને વેશ ઝાઝા - સમય ઓછો ને કામ ઘણાં.
- વખત આવ્યે ધૂળનો પણ ખપ પડે - સાવ નકામી જણાતી વસ્તુ પણ સમય આવે કામની.
- વસુ વિના નર પશુ - ધન વગરના માણસની કિંમત કોડીની હોય છે.
- શિર સલામત તો પઘડિયાં બહોત - કોઈપણ રીતે માનવી બચી જાય તો સાધન સંપત્તિ ઘણી મળી આવે.
- સવામણ તેલે અંધારું - સાધનો હોવા છતાં કશી વ્યવસ્થા ન હોવી.
- સસ્તું ભાડું અને સિદ્ધપુરની યાત્રા - મર્યાદિત સાધનોથી સુંદર કામ કરવું.
- સૂંઠને ગાંગડે ગાંધી ન થવાય - અલ્પ પ્રયત્નથી મોટી સિદ્ધિ પ્રાપ્ત ન થાય.
- હૈયું બાળવા કરતાં હાથ બાળવા સારા - કોઈની પાસે કામ કરાવી પસ્તાવું એના કરતાં જાતે કરી લેવું વધું સારું.

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

●

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar, Opp. ShriBalaji Temple
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**